Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મુંબઈ : ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म ❀

पुस्तक-संख्या २०ग/८

पंजिका-संख्या २९०३२

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२० ग/४
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लेखक द्वारा कांगड़ी गुरुकुल की
ग्रंथशाला के लिए सप्रेम भेंट

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારસ

[વાર્તા-સંગ્રહ]

લેખક
ઉમેશ કવિ

CHECKED 1973
Initial

अलब्धं चैव लिप्सेत लब्धं रक्षेत्प्रयत्नतः ।
रक्षितं वृद्धये च्चैव वृद्धं पात्रेषु निःक्षिपेत् ॥
[મનુસ્મૃતિ ૭-૯૯]

પામવું, સોંપતાં જાવું
રક્ષા ને વૃદ્ધિ સાધતાં.

વિ. સંવત ૨૦૦૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
ઉમેશ કવિ
કૃષ્ણનગર : ભાવનગર

પ્રથમ સંસ્કરણ

સર્વ સ્વત્વ લેખક હસ્તક

મૂલ્ય ૨ રૂપિયા

: મુદ્રક :
શાંતિલાલ છોટાલાલ પારેખ
શ્રી સરસ્વતી છાપખાનું
દાણાપીઠ : : : ભાવનગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રોક્ષણુ

ગુણુકર્મ સ્વભાવે જો નિયંત્રી જાય આ યુગે
સમાજી રચના સાથે નવી રાજવ્યવસ્થિતિ
કે વિભૂતિગણુના આજે કરે કો વ્યાસ શા વળી
સ્કંદ શા સૈન્યસ્વામી ને વિદેહી લોકસંગ્રહી
અલ્પાંશે વર્ણુવે, આવે ચૂંટાઈ નિર્વિવાદ એ.
અથવા આજની આવી વેરવીખેર દુર્દશે
સારું જે કંઈ રક્ષાઈ – પ્રવર્તી રહ્યું રાષ્ટ્રમાં
તે તણા સુત્રધારોની જાણુ જો થાય લોકને
કો' ભાવિ રાષ્ટ્રને પાયે પુરાયા અદીઠા રહીઃ
સંચાયું રહી સંસ્કારે – પુરાણું ને અભિનવું
ગરવું ગુણુભીનું ને સ્નેહવંતું સજાગતું
સૌજન્યે આર્ત ઔદાર્યે સ્માર્ત સૌમ્ય મહુમૂલું
શૌર્યે સામ્ય શુચિશીળું, સમિત્પાણી ગુરુજને
ક્ષમી રક્ષી દમી દાની મોવડી સત્સમાગમે
મૂંગું છાનું સ્વસત્કર્મે પીડે ભીડે સહાયદા
યથાવદ્યું અનુવર્તંતું સાચું ટેકી અનુભવી
કવિ કોવિદ કોડીલું મુગ્ધ નિષ્ઠ મૃદુ પ્રિય
શાંત નિસ્પૃહ નિર્ભેદી – જીવનાદર્શથી મથી
તો એમાં અલ્પ એનો યે ફાળો સાંપડશે નક્કી.

દર્શને સંનિધે સોહે આર્યની વજ્ર ચેતના
દિગંતે વ્યાપ્ત પાંખાળો પ્રાણ સ્વાધીન સ્વાયતી

'ભારત' એ 'બલવંતા 'ને પ્રોક્ષું એવુંજ પ્રાપ્ત કૈં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

☆

વારસ	પાન	૧ થી	૪૫	લખી	સં.	૧૯૮૯
કુળાયલ	,,	૪૬ ,,	૫૬	,,	,,	૧૯૯૭
ભગત	,,	૫૭ ,,	૬૪	,,	,,	૧૯૯૧
પ્રેમયોગિની	,,	૬૫ ,,	૭૨	,,	,,	૧૯૯૬
અંતરપટ	,,	૭૩ ,,	૮૩	,,	,,	૧૯૯૩
સુકન્યા	,,	૮૪ ,,	૧૦૬	,,	,,	૧૯૮૯
સરવૈયું	,,	૧૦૭ ,,	૧૧૮	,,	,,	૧૯૯૪
એક મુલાકાત	,,	૧૧૯ ,,	૧૩૧	,,	,,	૧૯૯૬
ગીતા	,,	૧૩૨ ,,	૧૬૪	,,	,,	૧૯૮૮
દત્તક	,,	૧૬૫ ,,	૧૮૨	,,	,,	૧૯૯૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્ય-વાર્તા

સાઠ વર્ષો પહેલાં પાટાગાડી આવી ત્યારે કાઠિયાવાડ-ગુજરાતમાં લોકો તેની માનતા માનતાં. નાળિયેર ચડાવતાં. આવું ઘોર અજ્ઞાન જ્યાં આંટો લઈ ગયું હતું ત્યાં આજે રેડિયોની ચાવી ગોઠવી, મુંબઈ મથકને ચાંદામામાને સમારંભ મેળવતું ગુજરાતી બાળકે પાવરધું બની બેઠું જેવાય છે.

જ્ઞાન-વિજ્ઞાનની વેદ-સ્ફુંઢી બોધ-વાર્તા જ્યાં તેવી અજ્ઞાંધ જનતાને સુણાવવા ને જીવનમાં ધારવાનું ઉપદેશવા માટે ગેલિલીઓ જેમ મહર્ષિ દયાનંદ ઉપર પીટ પડે છે. ઝેર દેવાય છે. ત્યાં આજે હરિજનના પુરો-હિતપણે લગ્નના મંગળફેરા ફરાતા થયા છે. એ ચોકખી પ્રગતિની મજલ છે. તેથી ભલે અજ્ઞાનતા સદંતર ઓસરી ગઈ નથી તે જેમ હકીકતની સીમા-ખાલી છે.

લોકજીવન સામાન્યપણે જયારે જ્ઞાન-વિજ્ઞાનની જ્યોતે જગમગી ઊઠે છે ત્યારે કે હડહડતા અવિદ્યાંધકારે અટવાયું રહે છે ત્યારવેળાં તે શ્રેષ્ઠ કે નિકૃષ્ટ જ હતું કે હોય એ ભલે આરોપી ન શકાય તેવું છે; તોપણ: દુ:ખદૈન્યને-વહેમકુસંપને અજ્ઞાન સાથે તથા સુખવૈભવ-સમ-જણસંપને જ્ઞાન સાથેને સંબંધ તો ઉઘાડો છે જ.

એ જ્ઞાન-વિજ્ઞાન-કલા ફેલાવતાં રેલાવતાં બક્ષવાં રક્ષતાં વાહક-તત્ત્વને સામાન્યતઃ 'સાહિત્ય' તરીકે ઓળખાવાય છે. એવું એટલું તે ક્ષેત્રીય તેમજ વ્યાપક છે.

આ દેશ કદાચ દુનિયાભરને પૂરું પાડી શકે તેટલું પેદા કરી શકે તેવી કુદરતી સંપત્તિ ધરાવે છે છતાં અત્યારે વિદેશી શાસનને પરિતાપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇને સમસમી રહીએ છીએ કે આપણે ત્યાં બહારના દેશોથી મીઠું આયાત થાય છે. સંસ્કૃતિપુરાણ આ દેશના આપણા સાહિત્યને માટે પણ આમ જ કહી શકાય. શાસિત તરીકે આપણે ખપજોગું મીઠું ય પેદા ન કરી શકીએ, તેવું સાહિત્યે.

જ્યારે સત્તા-રાજકારણ સાહિત્યને ગૂંગળાવી મારે છે. તેની પ્રગતિ રૂંધી શકે છે, તેને બાળી કે ડૂબાડી દે છે, સાંપ્રદાયિક. અનુચિત કે અસંગત ગણી અનુપયોગી ઠરાવે છે. અવળે રસ્તે ચડાવી દે છે ત્યારે એ ન છૂટકાનું થયું કે સર્વપ્રથમ આપણે રાજકીય ક્ષેત્રે સ્વતંત્ર થવું રહ્યું, તેમ વહેલું તથા સરલતાથી થઈ શકે તેમાં મદદરૂપ નીવડે એ જાતનું સાહિત્ય રચવું રહ્યું. ને તે ક્ષેત્રે સફળ થવા ધરમૂળથી સમારવું, સમાલવું રહ્યું, સામાજિક તથા ધાર્મિક સાહિત્યવિકારો પરિશુદ્ધવા રહ્યા. સંગ્રહસ્થાનો ને પુસ્તકાલયોમાં ઠાંસ્યું પડ્યુ ન રહે પણ લોકજીવનને સંસ્કારતું ટક્યું આવે તેવું બનાવવું રહ્યું.

પુનરુત્થાન પામતા, જાગ્રત બનતા, સુષુપ્તિ ખંખેરતા, કાપુરુષતા ને ભૂતદાસત્વના ભરડા ઊખેળતા ભરતખંડમાં ગુર્જરજીવનને પોતાના ભવ્ય ભૂતકાળ વાટે તથા માટે ઢ ઢોળી ઉઠાડનારાઓ તેના સાહિત્યને સાંપડી ગયાં છે.

દૂરંદેશ અંગ્રેજોની કુનેહ, વિલાસી ફ્રેંચોનો લોકશાસનભાવ, મહત્ત્વાકાંક્ષી શૂરા જર્મનોનું રણપટુત્વ, વૈભવી સહૃદય અમેરિકનોની વ્યાપારચાતુરી, શ્રમજીવી સામ્યભાવી રશિયનોનાં સાહસ-સહિષ્ણુતા, ઉદાસી હિંદુઓની અધ્યાત્મનિષ્ટા ને મતઘેલા મુસ્લીમોનો આગ્રહ ભેગું થઇને, સમન્વિત બનીને જે એકીકરણ થાય તેવું એક કાળે હતું તેમ આજે પાછું થવા ગુજરાત ગતિમાન છે. હેમચંદ્રસૂરી શા ગાંધી, વિમળમંત્રી શા વલ્લભભાઈ. મુંઝાલ શા મુનશી, ડામર શા દેસાઇઓ-મહેતાઓ ધરાવતું ગુજરાત બડભાગી છે. છતાં વનરાજ ચાવડાથી કિસનસિંહ ચાવડા સુધીનો અસરગી ગુર્જર ઇતિહાસ, પૃથ્વીરાજ ચૌહાણથી સરદાર પૃથ્વીસિંહ સુધીની સમગ્ર કે મધ્યવર્તી દેશસ્થિતિથી પરાપૂર્વ જેમ સંકળાયલો રહ્યા કર્યો છે.

તે ગુજરાતને સીમાડો છે તેનું ભાન કરાવી રહે છે, એ સારું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. પ્રાચીન ગુર્જર રાષ્ટ્રને માલવ ચેદી-લાટ-કર્ણાટક કે બંગ-કલિંગ હતાં ને અર્વાચિન ગુજરાતને સિંધ-અજમેર મેરવાડા દિલ્હી-રજપૂતાના, મધ્યપ્રાંત કે કોંકણ-મહારાષ્ટ્રના પડોસીઓ કે પિત્રાઇઓ છે તેની યાદી સમો એ સીમાડો ગુર્જરોને ભૌગોલિક કૂપમંડુકતામાં રાચતાં બચાવી રહે છે.

તેવું જ પોતાની સંસ્કૃતોત્પન્ન ભાષા-લિપિથી સરખાવી જોવા-જાણવા સમગ્ર ભારતીય, એશીયાઇ ને યુરોપીય તથા અલ્પાંશે આફ્રિકન ભાષા-લિપિઓનું. વિશ્વવ્યાપી પરિચય-સંપર્ક જેથી સુગમ-સરલ બન્યો છે ને આજના પોતાના ઘડતરમાં જેના અનુનયે વ્યાપારી પ્રવાસી (Emigrated) અને દેશસ્થ વર્તમાન ગુર્જરજીવન તેમજ સાહિત્યે વાઙ્મી-વૈભવ સંસ્કાર્યો છે.

એવો જ સાંસ્કૃતિક ધરોઓ ઘરઆંગણાનાં પ્રભાસ, દ્વારિકા, આબુ, પાલીતાણા, સિદ્ધપુર, જૂનાગઢ, વડતાલ કે ટંકારા પોરબંદર સમાં તીર્થ-સ્થાનોથી જળવાતો જોયો છે. એ બધું ગુર્જરપ્રદેશે આવતા દી'ના એંધાણ કે ચિંધામણ સમું છે.

ઓખા, બેડી. રોઝી, કંડલા કે ભાવનગર, પોરબંદર, ધોળેરાનાં ખાળાનાં નામો તેના આયાત નિકાસે જર્મન જાપાન ઇટાલી ઇંગ્લેન્ડ અમેરિકાના વ્યાપારીઓને ચોપડે તથા ખલાસીઓને હૈડે ચડી ચૂક્યાં છે.

રાષ્ટ્રનિર્માણનાં નવવિધાનમાં પોતાનો ફાળો ગુજરાતને માટે જેવો તેવો નહિ હોય! પશ્ચિમકાંઠાની ખડી ચોકી માટે પોતાને આંગણે અવશેષ તરીકે જળવાઇ રહેલા માછી-ખારવા-કોળીઓમાંથી તેને નાવિકો તૈયાર કરવાના રહેશે. મજબૂત હવાઈદળ-પાયદળ કે શોભાનું થઈ પડેલું હયદળ તેના રાજપૂતો ને 'કાંઠિયા વરણ' થી ઓળખાતા લડાયકવર્ગ-માંથી રચવું રહેશે. એના શાહ સોદાગરોએ શસ્ત્રસાધનો માટે અબજોના અવેજ ઊભા કરવા પડશે. વિમાનો ટેંકો તોપોનાં અદ્યતન આયુધો ને દારૂગોળાનાં કારખાનાં, ચોકિયાત જહાજો યુદ્ધનૌકાઓ ને ડૂબકકિસ્તી-ઓના વાડા, શિસ્ત ને તાલીમશોભ્યા સૈનિક સિપાહીઓની બેરેઓ ને તબેલાઓના હણહણાટે ધમધમતાં ધણધણી રહેતાં, ઊભરાઈ ઊઠતાં ગુજ-રાતની રાષ્ટ્રીય કામગીરી તેની શકિતની કસોટી સમી નીવડી રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હા, વિજ્ઞાનદ્વંદ્વમાં ઘોર પાશવી વિનાશક અસ્ત્રશસ્ત્રો ધરાવતાં યુરોપ-અમેરિકાની સત્તાલાલસી ધનાકાંક્ષાઓની હડફેટે આવતાં બચવાની રક્ષકનીતિ આ દેશને તેવું બધું ધરાવતાં થવા તરફ વાળશે તો. એવું ઉપજાવતાં સ્થાપતાં રોકી શકે એકમાત્ર ગાંધીજીની અહિંસા. પણ શસ્ત્ર-તાલીમની જરૂરતો ને વાતો પર ભાર મૂકતા તેના પ્રાંતમંત્રીઓના અનુભવઉદ્ગારો ને રાજકારણી કોમીરમખાણે પીડાતી પ્રજાને રક્ષણરૂપ થવા હજી અહિંસા વ્યવહારૂ થઈ શકી નથી તે સ્થિતિ યાદ કરતાં, વહેલાં સંભવવા સરજાયેલાં ત્રીજાં વિશ્વયુદ્ધ પછી તો તેને કદાચ થોડા સૈકા-ઓનોયે અનુકૂળ વાતાવરણ સાંપડી રહે. પણ તે પહેલાં તો ડોળા ઘૂર-કાવતી ઘરઆંગણાની પાકીસ્તાનખોરીને પહોંચી વળવું સર્વપ્રથમનું હશે.

એ ડર તો નકામો જ છે. જો થોડાં આંતરવિગ્રહી નુકસાન માટે તૈયારી કે પહોંચ હોય. તો ભલે થોડો વખત શરૂ પૂરતાં હિંદી શહેરો સ્પેનના પાટનગર મેડ્રિકને રોળતા તેના રાષ્ટ્રીયો તથા ફલેન્જીસ્ટોનાં ઘર-ઘર ને શેરી-શેરીનાં ઘમસાણની યાદી કે આવૃત્તિ થઈ પડે. હિંદે પાકીસ્તાની બૂમરાણો કે ધમકી તૈયારીઓ જ નહિ પણ નખશીખ અવતારે પાંચ પાંચ વારૂકાં દેખ્યાં ભાળ્યાં છે.

સમગ્ર દેશ પરની મુગલ કે અંગ્રેજ હકૂમત કરતાં ય શું એ વધારે છે? હિંદમાં વસતાં છતાં મતફેરીને લીધે અલગ પડી જતાં કે નોખું વસી રહેવા માગતાં રહેલાં એવાં પ્રત્યાઘાતી બળોને હિંદે ભારે કુનેહથી ડામ્યાં છે. પ્રેમભાવે પાછાં સમાવ્યાં છે.

જર્મન ઓર્ડર નીચેનું એકચક્રી યુરોપ એ નાઝીઓને બીન-યુરોપી આક્રમક તત્ત્વોથી પોતાના બચાવ તથા ટકાવ માટે મહત્ત્વનું લાગેલું. તો ટોરી બ્રિટનને સદાના બાલ્કન વરજોળા ને ખટપટે ફૂટાવું ને પોલો ઝેકો કે ફ્રેન્ચો સ્પેન પોર્ટુગીઝોની મૈત્રિવાળું. ને જો એકચક્રી હોય તો ઘરબેઠાં મારે તેવું માની એથી બચવા અમેરિકાને પોતપોતા-ની રાષ્ટ્રીયતા જાળવતા લોકશાસનથી ચાલતું એવું. હિંદમાં બાલ્કનની કાયમી ખટપટ ઊભી કરી પોતાનું માધ્યમ-વર્ચસ્વ કેટલું આવશ્યક છે તે બતાવવા હિંદ ખાલી કરતા લાગતા અંગ્રેજો તેમની તે માટેની દર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાંસ્તોમાં એવી કોઈ ગુંજાશ મેળવી શક્યા છે કે કેમ તે અ બ ને ક જૂથ-રચનામાં જળવાતું પડેલું ભાવિ લોકપ્રતિનિધિ સભા જોશે.

તેવું સમગ્ર હિંદીકરણ-ભારતનું એકચક્રી રાજબંધારણ આજે દેશને ને વિશ્વને કેટલું જરૂરનું છે તે રાજસ્થાની વારસદારી તથા પાકીસ્તાનખોરીને પંપાળતાં જૂથીકરણ દ્વારા વિછિન્ન થઈ પડવાની સંભાવનામાં અંતરાયિત થતું બંધારણ સભાને અનુભવવું રહેશે. વ્યાપારી સંબંધ જાળવી રાખવાના બદલામાં ખાલી કરી જવા તત્પરતા દાખવતા અંગ્રેજ-આધિપત્યની એ ગડકાબારી છે. જવા માટે કે આવવા માટે એ તો જેવી અનુકૂળતા પણ એ ભયસ્થાને નીવારી શકાશે જો ખાલી કરી ગયેલા અંગ્રેજો તરતમાં અવગતિયા બની બેસે તેવી અનુકૂળતા પામી જાય નહિ કે તેના ધર્મવટાળ્યાઓને પાછા જલદી અપનાવી લેવાય નહિ. કે હિંદ એશિયાઈનું વહેલું નેતૃત્વ પામે નહિ.

જર્મની તથા રશિયાને સામસામે ખપી જતાં કરવાની ત્રિદેશ અંગ્રેજ નીતિ સફળ થઇ હતી. રશિયા અને અમેરિકાની સ્પર્ધામાંથી હિંદ તો જ બચાવી લઈ શકાય જો એ નીતિનું સફળ પુનરાવર્તન થાય. હિંદ-બ્રિટન પ્રેમમાં ત્રેખડ ટાળવાની, એને પ્રેમત્રિકોણ બનતો અટકાવવાની એ રાજદ્વારી વાર્તા છે.

તો અંગ્રેજોથી ખાલી થયેલાં, મુસ્લીમ સહકારથી સફળ બનેલાં હિંદમાં લોકશાસનની રાજ-પ્રણાલિએ કેન્દ્રે સમગ્ર ભારતીઓનું પ્રતિનિધિત્વ હશે. પણ એ ક્યારે ઢીલું બની બેસે, નામનું બનાવી દેવાય, વણસી પડે, ક્યારે વળી ભાષાલિપિની મર્યાદામાં સંસ્કારેલા* પ્રાંતો વચલું ઉપરિયામણ ફ્રમવી બેસે, ક્યારે પાછા પડોસ-પડોસના કજીયાદાવા કંકાસી ઊઠે ને વિદેશી આક્રમણો ખાળતા સીમાડાના પ્રાંતો તરીકે પોતાને વિશેષ અધિકારો તથા સંપતિ બંટાવાં જોઈએ ને તેવા મૂળભૂત અધિકારોના અભાવે તે તે પ્રાંતો પાંગળા બની બેસે કે લોંઠકા

(* કર્ણાટભાષી પ્રજાપરિષદને આશ્વાસતાં સરદાર વલ્લભભાઇએ કોંગ્રેસની ભાવિ નીતિ તરીકે જાહેર કરી વચનરૂપે કહેલું સાધ્ય બને તો)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ પડે, મધ્યનું વર્ચસ્વ કે નિયમન અમાન્ય કરે એ વિકલ્પો ય આગામી લોકપ્રતિનિધિ સભાના ગર્ભમાં સમાઈ રહ્યા છે.

આને ઈશ્વરીસંકેત ગણવા જેવું છે. કારણકે તેની કૃપા ન હોત તો આ દેશમાં મુસલમાનો હલ્લો લાવ્યા ન હોત. માલમિલકતો લૂંટી આતંક બેસાડયો ન હોત. મૂર્તિઓ ભાંગી મંદિરો તોડયાં ન હોત. જ્ઞાન ગ્રંથો બાળ્યાં ડૂબાડયાં ન હોત.

ચીલા–ટેવાઇ એકધારી હિંદુજીવન ઘરેડને એવો આઘાત પહોંચાડયા વગર, ટપાર્યા ટકોર્યા વગર તેમની ઊંઘ ન ઊડત. તેમને પોતાપણાનું સાચું ભાન ન થાત. ધર્મને નામે પળાતા કેટલાક વિધિ–નિષેધોની આચાર–જડતા તેમજ મૂર્ખતાનું નાડું ન છૂટત. આંતરિક રાજકારણીય વિદ્વેષ કુસંપે, લાભાલાભોની સ્વાર્થી ગણતરીમાં લાકડાં લડાવતા દાવપેચોમા ડૂબી ગયેલી કે ફાટીને ધૂંવાડાઇ ગયેલી પ્રાંતિક 'અસ્મિતા'નો બડેકાટ હેઠો ન બેસત: એવં મુસલમાનોના ખોરાક પોષાક ભાષાલિપિ રશ્મરિવાજ ને ધર્મમાન્યતા સાથે સરખાવી પોતામાંહેનું કયું કેટલું સારું માઠું છે તે ચકાસવાનો મોકો ન સાંપડત. હિંદુધર્મના ઠેકેદારો ઇજારદારોની સાન ઠેકાણે ન આવત.

એટલે એ ઈશ્વરી કૃપા જ હતી. ને એટલે જ તો વતન કરીને મુસલમાનો અહીં ઠરી ઠામ થઈ શકયા. કેમકે તેમનામાં ખૂટતું તેમને અહીંથી સાંપડયું હતું. દૂરનાં ભવિષ્ય લાધનારું હતું. અરબસ્તાનની બહાર ચોમેર પ્રસરેલુ ને હિંદે આકર્ષેલું તત્ત્વ તેમને માટે પણ તેટલું જ જરૂરનું હતું. તેઓ હિંદી બાદશાહી ગુમાવી બેઠા તેના વચગાળાનો સમય અખિલ ભારતને એકચક્રી રાખી રહેવાનો વીત્યો હતો પણ થોડા જડસુ સ્થાપિતહિતોપભોગી હિંદુઓનો ચેપ તેમને પણ ચોંટયો–વિજેતાનો મદ ઉતારનારાં ધીમાં, ટાઢાં ભૂલાવો ખવરાવનારાં ફરેબી સામનાખોર તત્ત્વો કારગત નીવડયાં ને ખરું તો ન્યાયનીતિ તથા સમવેદનાની ખેવના કરતા પ્રતાપ, શિવાજી ને ગોવિંદસિંહોમાં જાગેલા ભારત સંસ્કારે એમની બાદશાહીને ચૂંથી નાખી. કદાચ આવતા અંગ્રેજોમાં કબજો કરીને બેઠેલાં મુસ્લીમભારણનું વાળણ–નિવારણ જોઈ લાંકડે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાકડું ભાંગવાની પેરવી કરી બેઠેલા અમીચંદો અંગ્રેજોના આવાગમન-ની ઈશ્વરીનીયતિનું નિમિત્ત થઈ પડ્યા.

ભારતને અંગ્રેજો ભેટરૂપે સાંપડ્યા હતા. પોતાનુ બધું ચડિયાતું માની લેવા ટેવાયેલાઓ માટે એમનું વ્યાપાર નિમિત્તે આવવુ ને પછી રાજકર્તા બની બેસવું એ તે વેળાની હાસ્યાસ્પદ હિંદી રાજકારણની વાંઝણી ને વંચક સ્થિતિનો કેવો ક્રૂર પુરાવો છે? ને છતાં મુસ્લીમ-બાદશાહીની આડ તથા ઓથમાં રહી, હિંદી રાજકીય દોર પોતાના લાભ-માં રાખવાનું, પોતાનું પોત પ્રકાશતાં રહેતાં ખટપટી તત્વોને પૂરો બોધ-પાઠ મળવો બાકી હતો. નહિતર વેપારીમાંથી રાજા થઈ પડવું આ દેશ-માં અંગ્રેજો માટે સહેલુ નહોતું. પણ અંગ્રેજો સાથે હુન્નર ઉદ્યોગો ને શોધખોળો હતાં તે ખપનાં હતાં. સ્ફૂર્તિ ઉત્સાહ ને ચેતના હતાં, જિજ્ઞાસા ધારણા ને સાધનાવાળી અંગ્રેજ જીવનલીલાએ રમકડાની ગરજ સારી, રંગલાની ગરજ સારી ને રાહબરીની પણ.

જીવનકલાનુ ભલે તામસી-રાજસી મિશ્રણ પણ આવકારદાયી તત્વ અંગ્રેજોમાં જીવનસંગ્રામભાવ પ્રેરી રહ્યું હતું. એવી મર્દ, એવી સાહસી દૂરદૂરથી અજાણ્યાંઓની વચ્ચે આવી શકેલી પ્રજાનો સંપર્ક જરૂરનો હતો. દરિયો ઓળંગવામાં ધરમ ખોઈ બેસતા હિંદુઓ માટે દરિયો ઓળંગી આવનારાઓનો ધર્મભાવ જાણવાની એ ભગવાન મોકલી ભેટ હતી. તેવું બબ્બે વાર ખૂનખાર યુદ્ધમાં પરિણમેલી-પોતાના પડોસીઓ-માં સ્પર્ધા જગવતી, તેમની સ્વાર્થી શોષકભક્ષક રાક્ષસી રાષ્ટ્રનીતિ તથા જીવનરીતિની શિક્ષા તથા એના સુધારાની ચેષ્ટા માટેની પ્રેરણા આપવાને, તેમને ઉન્નતિ તરફ વાળવાને, અંગ્રેજો માટે-હિંદઆગમન દૈવ્ય-દોરવ્યુંહતું.

અલબત, તેમણે મંદિર મૂર્તિઓ ન ભાંગ્યાં. જ્ઞાનગ્રંથો ન બાળ્યા ડૂબાડ્યા. શીલસોહાગ કે માલમિલકત ન રોળ્યાં લૂટયાં. તેમણે આ પુરાણસંસ્કૃત આર્યાવર્તની સાચી ઓળખ આદરી. આ દેશની જીવનનિષ્ઠ આધ્યાત્મિકતા સમજવા પ્રયાસ આદર્યો. અકબર અને દારાશિકોહોને રહી રહીને આકર્ષેલો. આર્યોનો પરંપરાગત રાષ્ટ્રભાવ, તેમણે ધર્મના રૂઢ જડ બની ગયેલા પિંજરે હણાયેલો જોયો. ઇતિહાસને પાને સંઘ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાયેલી-ધર્મમય બની જીવનમાં વણાઈ ગયેલી-હિંદુઓની શ્રેષ્ઠ માનવતાની ભાવનાથી તેઓ ભડક્યા. દાઝ્યા. આભા બન્યા. એ ચશ્માં અંગ્રેજોને જ લાધનારાં હતાં. મુસ્લીમોને નહિ. કેમકે તેઓમાં વિજેતાનો તોર હતો ને અંગ્રેજોમાં વેપારી દશાની યાદ હતી. શીખવાની વૃત્તિ વિજેતાઓમાં હોતી નથી. મેક્ષમુલરોથી ફ્રેનર બ્રોકવે સુધીના તેના સાહિત્યસ્વામીઓ તેનાં દષ્ટાંતો છે. બ્રિટીશ મ્યુઝિયમો તેનાં ઉપાદાનો છે.

છતાં એ જાણકારી ને એ ઓળખનો તે પ્રજાએ અધીન દેશની નબળી નાડ પીછાણવાના ઉદ્દેશે જ પરિચય સાધેલો. તેવો ઉપયોગે કર્યો. તે એમને ભારે પડયો. આજે સમાજવાદી અંગ્રેજોમાં પોતાની પ્રજાને યુદ્ધ તરફ ઘસડતી સામ્રાજ્યખોર રાષ્ટ્રનીતિની સૂઝ પેઠી છે× એટલી કે લાસ્કીઓના ઉદ્ગારો ને મંત્રીત્રિપૂટીના સમાધાન પ્રયાસો તેમની જ પૂર્વકરણીના વાળણ લેખે થતા પ્રમાણિક ઉપાય સમા છે. છતાં સામ્રાજ્ય ભાવી જ છે. ચૂસીને કે આંચકીને નહિ પણ સંપીને ખાવાની વાત છે.

અણુ-શસ્ત્રે અટકાવી દીધાં લાગતાં બીજાં વિશ્વસંહારી માનવયુદ્ધનાં તારતમ્ય, પ્રેમ ને સેવાભરી અહિંસક જીવનભાવનાની ગાંધી-દીધી રાજનીતિનો લાભ, તેઓ ત્યારે પ્રત્યક્ષ જોશે ને અપનાવશે, જ્યારે રહ્યો સહ્યો ગર્વ ત્રીજા વિશ્વયુદ્ધે ગાળી દીધો હશે ત્યારે સમજશે. પારાવાર નુકસાન કરીને, સલામત રહી ખાલી કરી જવા માગતા અંગ્રેજ માનસની વણિકબુદ્ધિને ત્યારે કદાચ ભારતીય મહાભારત યુદ્ધની માનુષિતા મૂલવવી સરલ થઇ પડશે. ઘડીક લઘુમતિના રક્ષણને બહાને તો છેલ્લે બહુમતિના વિકાસરક્ષાધિકારને નામે આ દેશમાં પોતાનું રખેવાળી મધ્યસ્થપણું વર્ણવતી તેમની ઉપસ્થિતિ જે મોટાઈ ઉંચાઈ અનુભવતી રાચે છે તે છળ તથા દંભવચનામાંથી તેમને ઉગારશે.

યુદ્ધ જો અનિવાર્ય થઇ પડે, લડતા બન્ને પક્ષોને પોતાનો જ પક્ષ ન્યાયનો લાગે, ત્રીજા મધ્યસ્થની કોઈમાં ત્રેવડ ન રહે ત્યાં યુદ્ધ જ નીવેડો છે, સમજીને કે હારીને પણ યુદ્ધમાં પરિણમાવતાં કારણે શમવું

× હિંદને હવે વધુ વખત બ્રિટનનું કેદખાનું રાખી રહેવાની ભૂલ અમે નહિ લંબાવીએ. (લાસ્કી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ રહ્યું. છતાં જો યુદ્ધ જ છેલ્લો ઉપાય હોય તો તેની આંચથી બચાવી લેવા જેવું જે કાંઈ જરૂરનું છે તેનો વિચાર, લડતાં પહેલાં નક્કી કરી લેવો રહ્યો. હેગ કમિશનના નિયમોને પણ ક્યારેક શિથિલ કરી મૂકીને લડાયેલાં ગત બેઉ યુદ્ધોના તેમના અમાનુષિ, પાશવી પ્રકારની તોલે; બાળકો, સ્ત્રીઓ, વૃદ્ધો, આનરો, વિદ્યાર્થીઓ કૃષિવિદ્યા હુન્નરધામો ને વસ્તીસ્થાનોને અળગાં રાખી લડાયેલું મહાભારત યુદ્ધ કેટલું ચડિયાતું હશે તે તેઓ ત્રીજા યુદ્ધ પછી જાતે તેવું રચીને જ જાણશે.

એક ઠેકાણે-મેદાન ઉપર એકઠા થઈ-લડી લેવાયેલા મહાભારતના યુદ્ધસ્થાનને પણ ધર્મક્ષેત્રથી ઓળખાવાય છે. એ ભાવ નાગાસિકી કે હીરોશીમાને તેઓ લાગુ પાડી શકશે? શરણ ન સ્વીકારતાં હથિયાર વગરનાને, ભાગતાંને ન મારનારા, મુક્ત કરનારા યુદ્ધનિયમો તેઓ સ્વીકારી શકશે? રાત્રે દુશ્મનદળોમાં પણ અશસ્ત્ર રહી, હરીફરી શકાય તેવી સંભાવના, હતી તેઓની મોરચાબંધીમાં? એવી ઉદાર યુદ્ધ-નીતિનો મુસ્લીમવિજેતાઓએ ઓછો લાભ લીધો નથી! ઘસાઈભૂંસાઈ ગયા ત્યાં સુધી રાજપૂતોએ એ ઘાતક થઈ પડતી નીતિ પકડી રાખી. યુગલક્ષી શિવાજીમહારાજને એ ચીલો બદલવા જેવો લાગ્યો. સુભાષેને પણ એ સમજાયું. એવી માનુષી યુદ્ધનીતિથી તેમની પાશવી ઘોર રાક્ષસી-નીતિવાળા યુદ્ધપ્રકાર સાથે સરખાવવા કામ લાગે તેમ રશિયામાં મહાભારતગ્રંથનું પ્રકાશન બરાબર ભરયુદ્ધે થયું હતું. નફ્ફટકે આજ લગી હેગનિયમોમાં પળતી તેમની યુદ્ધખોરીને બણુસિદ્ધીએ કેટલી સ્વૈર ને અમાનુષી બનાવી મૂકી તે તો બબ્બે શહેરોમાં ધબકતાં લાખો માનવ-જીવનોનાં એકસામટા વણ ચેતવ્યા પ્રાણહરણે નક્કી કરી આપ્યું છે.

એ બધું એક દેશને જીવનની જરૂરતો હાજતો માટે બીજા દેશો પર આધાર રાખવો પડે તેવી સ્થિતિમાંથી જન્મતું કે તેવી સ્થિતિનું પરિણામ છે. ઈંડાં, દૂધ, માખણ શાકભાજી માટે ઈંગ્લેંડને જો ડેન્માર્ક ઉપર આધાર રાખવો પડે, તેલ માટે રૂમાનિયા કે ઈરાન, રૂ ચામડા કે રબર માટે આફ્રિકા ચીન મલાયા, અને તેમના તૈયાર તથા કાચા માલની બજાર માટે હિન્દુસ્થાન સાથેનો સંપર્ક-સંબંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધવો જરૂરી થઈ પડે તો તે તે દેશો સાથે કાં સારાસારી કે વર્ચસ્વ ધરાવી બેસવાનું ન છૂટકાનું થઈ પડે.

એટલે રાષ્ટ્રજીવનની તેવી સર્વવિધ જરૂરતો કાં તો પોતાને ત્યાં જ જર્મનીની જેમ ઉપજાવી લેવી રહી કે તે વગર રોડવતાં થવું. નહિ તો યુદ્ધોમાં પરિણમતી, વિજયી યુદ્ધ વગર ન જોગવાતી-જળવાતી એવી સ્વાર્થલીલાઓને ભળતે નામે ઓળખાવતાં રહેવું. જર્મનો જપાનીઓની સ્પર્ધા અટકાવવા લડવું રહ્યું રશિયા અમેરિકાની વધતી જતી લાગવગના રૂપની સ્પર્ધા અટકાવવા ઝૂઝવું રહ્યું.

હિન્દને બીજા દેશો પર આધાર રાખવો ન પડે તેટલી કુદરતી સંપત્તિ વરી છે એટલે જ તેની સ્વસ્વાયત્ત નીતિ કદી ય આક્રમક બની નથી છતાં આકર્ષક મટી નથી. આગળનાં આર્યસામ્રાજ્યો વિશ્વવ્યાપી બન્યાં છેઃ સહાયક ને ઉદ્ધારકના સંબંધે, પિતા, ગુરુ ને મિત્રભાવના આત્મીય સૌહાર્દે.

એવા આવા દેશોની આ મનોદશાઓ, આ જીવન આદર્શો આ યુદ્ધખોરીઓ ને આ વિદેશનીતિઓ તેનાં તેવાં એવાં 'સાહિત્ય'નો સરવાળો છે. ફળ છે, પરિપાક છે. ટોજો પાછળ ચાગુચીઓ, હિટલરો પાછળ શેઝેનબર્ગો, ચર્ચિલો પાછળ કિપલિંગો, સિકંદરો પાછળ એરિસ્ટોટલ, નેપોલિયનના સૈન્ય વચ્ચેના ગધેડા તથા સાહિત્યકારો માફક લાગેલા જ હોય છે. ને સાહિત્યકારોની પાછળ સંસ્કૃતિની ભૂતાવળ. ને માનવતાની કરૂણાસિંધુ ક્રાંતિની ઇશ્વરી રક્ષા તેની પાછળ.

વિદેશી રાષ્ટ્રોનાં સાહિત્યની સર્વશ્રેષ્ઠ વસ્તુઓ પોતાના સાહિત્યમાં ઢૂંઢવા, પૂરવાની વૃત્તિનું એ ઉગમસ્થાન છે. પણ પોતાના સાહિત્ય અવેડાઓ છલકાવી ઊભરાવી મૂકવા મથતા તેના સાહિત્યકારોને જ્યારે કૂવાથી દૂર ઊભા તેમ ઝંખતા જોઇએ છીએ ત્યારે ગરગડીઓ સહિત, કોસ દોરડાં સાથે, આખું ય મંડાણ કૂવામાં પડી ગયાની સ્થિતિ, કે પગથિયાં અવાવરુ ને લીધે લીસાં બની ગયાનું, તેમ જ પાણી ઝેરી બનાવી દેવાયાનું પગરણ સૂઝતું નથી. આવો મિથ્યાચાર સાહિત્યે સેવતા વિદ્વદ્જનો અલબત્ત છેલ્લે છેલ્લે તેવી દોડમાં પાછળ પડી ગયા છે કે અધેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનાં ટાયડાંઓ તારવી ગયા છે. છતાં મેદાની ચોગઠું ને નિયામકો તેમનાં જ ટકયાં આવે છે.

એટલે દેશકાળ વસ્તુ પરિસ્થિતિ, જે વ્યષ્ઠિ–સમષ્ટિ જીવનની પ્રેરણા તથા તેનાં કારણભૂત બળાબળોની જનની હોય છે તે જોખમાવતા જીવનઅંશોથી ' સાહિત્ય 'ને ખરડવું એ જાણતાં અજાણતાં થતો રહેતો ' સાહિત્યદ્રોહ ' જ છે. એવા સાહિત્યકારો સાંખી લેતા દેશોની અવગતિ ઇતિહાસનોંધી છે. ઘર આંગણાના અનુભવની છે.

જનતાનું અજ્ઞાન દૈન્ય હરી જડતાને ઠેકાણે ચેતના–જાગ્રતિ, ભીતિને બદલે નિર્ભિકતા જન્માવી સાચું જ્ઞાનશીલમય જીવવામાં જો સાહિત્ય સહાયભૂત ન થાય તો તે સાહિત્યે દ્વિધા, દંભ ને વંચના જ સર્જ્યાં હોય છે. તેને પાપે છતી સાચી જીવનકલાની સાધનમયતા કે અનુકૂલતા યે પણ દેશનું તેવું બધું લૂંટાતાં બળતાં કે આંચકાઈ જતાં અટકાવી શકાતું નથી. એવી વિડંબનાનો ભારતનો પરિચય જરૂર કરતાં વિશેષ છે. એની લાંછનાનું પ્રાયશ્ચિત જ હવે બાકી રહે છે. પરતંત્ર દેશની શિક્ષણનીતિ સમી, ગુરુકુલોના અભ્યાસક્રમમાંથી કાલિદાસનાં શાંકુતલો રદ કરવાની આજ્ઞા પાઠવતા દયાનંદો ને કોસ હાંકતા ખેડુને પણ પ્રાણપ્રિય બની રહે તેવું સાહિત્ય રચવાની શીખ દેતા અમદાવાદના સંમેલન–પ્રમુખ ગાંધીજીનો આદેશ : પેલી બળતરા ઝંખનાનો જ જોક હતો. પતિત ને પદદલિત દેશોના પુનરુદ્ધારકો, ચોખલિયા સાહિત્યકારોને અસહ્ય થઈ પડે છે.

મહાકાવ્ય કે મહાકથાની ઝંખના કરતા કોઈ વિદ્વાનો પોતાની પ્રજાનું કે સરવાળે પંડનું મહાત્મ્ય અનુભવતા હશે–મહત્ત્વ આંકતા હશે–રાચતા હશે. ને આદર્શલક્ષી સિદ્ધાંત કે ધ્યેયધારી સાહિત્યને કલાની કસણીએ ઊતરતી કક્ષાનું પોપટ–રટણ કરતા માનતા મનાવતા હશે. કે બહુ તો ઈતિહાસવિભાગી કે સાંપ્રદાયિક ઠરાવતા હશે, રાજદ્વારી ગણી આભડછેટ પાળતા હશે. પણ એવાં વિદેશી સાહિત્યકારોના વિધાનો પોતાના કરી લેનારાઓ તેવાં સમૃદ્ધ રાષ્ટ્રોની ભર્યા પેટ ઓડકારાતી સાહિત્યતૃપ્તિની ઉગમ ગતિ ભૂલી જાય છે. ને કલા તરીકે જ્ઞાનબોધની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેરણા કે ઉઘાડા ઉપદેશથી બચાવીને રચેલું પોતાનું સાહિત્ય પોતા પૂરતું જ હોય છે કે પોતાના વિકાસની નોંધની જ માત્ર ગરજ સારે છે કે સરવાળે જગજ્જીવનના વિશ્વભાગી માનવઅંશી ભાવોથી ભળી જતુ અવલોકી જ શકતા નથી.

પ્રસિદ્ધ કેળવણીકાર હોપ્સે એવી મતલબનું લખ્યું છે કે:

'હું જે કંઇ વાંચું વિચારું કે સાંભળું છું-એમ તે પ્રકારભેદે તે ઓળખાવાતું હોય-તેમાં માણસજાતને કંઇ ને કંઈ આગળ પાછળની સૂચના શિખામણ, ખ્યાલ, વિચાર અને જ્ઞાનરૂપે જળવાતા અનુભવ-બોધની જ પ્રેરણા-અસર પામું છું' એ ખરું છે.

ભારતને તો એ સહજ છે. વેદો તેનું ચિરંતન દષ્ટાંત છે. માણસ સૃષ્ટિનાં અન્ય જીવપ્રાણીઓથી વિશેષ, બુદ્ધિને અંગે છે. ત વાતની સમજણ પણ તેને બુદ્ધિને લીધે જ છે. અનંત બ્રહ્માંડની અગોચર અગમ્યતાનુ ભાન પણ તેને બુદ્ધિ જ કરાવી રહે છે. એટલે ત પંડે જાણી, અન્યને જણાવતાં રહી, એક સમજણ ઊભી કરીને જ જીવી શકે. મહર્ષિ દયાનંદ ભારતને એ જ માત્ર સંદેશો આપ્યો, એક જ યાદ ત જી કરાવી આપી-વેદની. જાણવાની. સાચુ જાણી ને તેવું જીવવાની.

અમેરિકાએ હમણાં થોડાં વર્ષો પહેલાં વેદો જેવું પગલું ભર્યું છે. ભાવિ દેશજનોને દોરવણી મળે તે હેતુ લક્ષીને કોઈ આસમાની-સુલતાની જલપ્રલય, ધરતીકંપ કે સર્વભક્ષી અનિયંત્રિત આગથી નામશેષ બનતાં માનવ વસતીસ્થાનો સમાં નગરોના ખોદકામ કરતા આજના ભુસ્તર તેમજ ભૂગર્ભશાસ્ત્રીઓને કોઇ જમાનામાં એ સાંપડે તો તે વેળાનો પ્રમાણભૂત ઇતિહાસ અજવાળી રહે તેવી ગણતરીવાળું અમેરિકનોનું એ પગલું, સંઘજીવી-જ્ઞાનજીવી માનવીઓ માટે ખૂબ જ સૂચક છે. એક મજબૂત-અતૂટ જબ્બર કાચની હવાબંધ નળીમાં માનવ સંસ્કૃતિની વર્તમાન-સિદ્ધીઓ સમી ચીજો વસ્તુઓ ભરી સંગ્રહી તેઓએ તેને ઊંડી દાટી છે. બાઇબલથી માંડી દુનિયાના છેલ્લામાં છેલ્લા ઇતિહાસો તથા સર્વદર્શન સંગ્રહો સુધીનાં શ્રેષ્ઠ પુસ્તકોથી માંડી, સામુહિક જીવનને ઉપયોગનું જે કંઇ અંગ્રેજી ભાષાલિપિએ સાધ્યું-સંગ્રહ્યું છે તે બધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખ્યત્વે તેમાં મૂક્યુ છે. વિજ્ઞાનની ઢૂંઢ તલાશે સાધ્ય થયેલી કેટલીય નાનીમોટી કળા-કારીગરીઓની જીવન ઉપયોગી ચીજવસ્તુઓ તેના નાના કદના નમૂનાઓ બનાવી તેમાં રાખી છે. ગ્રામોફોન, રેડિયો, મોટર, વિમાન, ટ્રેન, ટેલિફોન બધું કેમ વાપરવું, કેમ બનાવવું તેની સમજણ સાથે તે બધાનું એક સૂચિપત્ર તે ભેળુ મૂક્યું છે-તેવી તેની એક નકલ પ્રધાન-કચેરીની તાળાકૂંચી મારી ભૂગર્ભી તિજોરીઓમાં તેની કૂંચી સાથે સાચવી છે. દુકાળ માટે કામ લાગે તેવી અનાજની ખાણોથી માંડી આવી સાચવણી કરવા મથતું માનવપ્રાણી કોનું માર્યું, શેનું પ્રેરાયું આ બધું કરે છે? કુકર્મવિપાકે બુદ્ધિ હરાઇ જતાં, અર્ધ જંગલી કે ઢોર સમું જીવન ગાળતી કેટલીય પ્રજાઓ આ જમાને પ્રકાશમાં આવી છે. મનુષ્ય-ભક્ષીથી માંડી જળચરભક્ષીની. આફ્રિકા, ઓસ્ટ્રેલિયા ને પ્રશાંત દ્વિપોમાં પથરાયેલી, ગ્રીનલેંડ ને એસ્કિમો સખી હિમધરતી ખેડતી. સમગ્ર માનવ-પ્રજાના સુખશાંતિ સંતોષ ને સંપ જોગવી 'જીવન' ભાવનાને વેદોમાં સંઘરી રાખવાનું આર્યોનું પણ એવું. વેદો પણ દૂરંદેશ આર્યોનો એક એવો જ અખતરો છે. એની કૂચી અખંડ નૈષ્ઠિક બ્રહ્મચર્ય-જન્મી મેધામાં છે-શરીર મન તથા આત્માની પુણ્યમાર્ગી વિકાસમાં છે. દયાનંદો એમાંથી ઘડાયા છે, વેદ જ્ઞાન પ્રકાશની કૂંચી તેવાઓને જ લાધે છે. આજે હવે તો વેદો પોતાનો જ્ઞાનપ્રકાશ ફેલાવતા ચાલ્યા છે. દુનિયાના શ્રેષ્ઠ જ્ઞાન વાચ્છુઓ તેનો મર્મ ઉકેલવા મથ્યા કરે છે. સંસારને-માનવતાને જે કાંઇ કાયમી જરૂરતનું છે તે બધું તેના પ્રાથમિકરૂપે વેદોએ નિર્માણ્યું-નિરૂપ્યું છે. વેદનો માત્ર એક મંત્ર અમે તેવા વિદ્વાનને મહિનાઓનો મનન-વ્યાસંગ પૂરો પાડે છે. ગીતા અને થોડી ઉપનિષદ વાતોથી અંજાઇ જતા બુદ્ધિમાનો જે આર્યાવર્તી જ્ઞાન-નિષ્ઠામાં ધન્યતા ને ગૌરવ અનુભવે છે તે વેદ સાર્વ્યું છે. છતાં લુપ્ત વેદકાળનું છે. સંસારનું ચિરંતન માનવસાહિત્ય વેદો છે. જે જીવનજ્ઞાન પ્રેરે છે. સ્થળકાળના ભેદ વગરનું-સાર્વભૌમ ત્રિકાલાબાધિત અને શાશ્વત. એ જીવન યજ્ઞ વડે જિવાય છે. એવા એક સારરૂપ જ્ઞાનયજ્ઞ શું 'સાહિત્ય' વિશ્વની માનવતાને સદા સર્વદા નિર્ભેદપણે પ્રભુ પરમાત્માની પ્રેરણા રૂપે મુમુક્ષુતા જન્માવતું રહ્યું છે. એ માત્ર આર્યોની જ મતા નથી, પણ 'આર્ય' ભાવનો ઉત્તરાધિકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ઋગવેદ ભાષ્ય માટે વેદપાઠી ઋષી દયાનંદને જર્મનીમા છપાયેલી પ્રત મેળવવી પડે એ તેનો પુરાવો છે.

: ૨ :

દેશ પરનું મુસ્લીમ ચક્રવર્તીપણું શિથિલ થયું ને અંગ્રેજો આવ્યા તે વેળા ભારતે સંક્રાંતિકાળ હતો. વેદ તથા તેના અંગઉપાંગોમાંથી તેના કુબડારૂપે ટકયે આવતાં અનેક પંથમતોનાં ધાર્મિક શિક્ષણ-સંસ્કારો તેની વિકૃત તથા ઘાતક ગતિએ વહેતા રહેલા. તેને પુનઃ સંસ્કારી યુગલક્ષી બનાવી સંસ્કારનારાં આર્યસમાજી સાહિત્યનું, ઉપનિષદ-વાર્તા પડછેના બ્રહ્મો તથા પ્રાર્થના સમાજનું, કર્નલ આલકોટ ને મેડમ બ્લેવેટસ્કી સમા આર્યસમાજ પર જાસૂસનું વિદેશી રાજના પ્યાદા સમું. થિઓસોફીનું વટાળિયા ખ્રિસ્તી પાદરીઓ ને તેનાં પસ્તી-સોંઘાં ફરફરિયામાં પથરાતુ જ્ઞાનવર્ષણ ઝીલી દલપત નર્મદથી ઉપડેલું એ સાહિત્ય-વહેણ આજે સાગરમુખા ઘેરા સૂરઘોષીલા નદના પ્રવાહે ગૂજરાતે વહેતું પખાળતું વહી રહ્યું છે.

'દાંડિયા'થી 'ગૂજરાતી'ના ચંદ્રકાન્તવાળા ઇચ્છારામ ને તેમના સાથીઓની ધાર્મિક તથા ઐતિહાસિક ને કથા-સાહિત્યની પ્રતિષ્ઠા; 'સુદર્શન'ના અભેદમાર્ગપ્રવાસી મણિલાલનો 'ગુલાબસિંહ', તથા 'સરસ્વતીચંદ્ર'ના ગોવર્ધનરામથી માંડીને મુનશી-દેસાઈ-ધૂમકેતુઓની વાર્તા સરવાણીઓ, કાંત કલાપીને ને નરસિંહરાવના કાવ્ય-વહેળા, ન્હાનાલાલ ને ઠાકોરના કાંઠા છલ્યા વોંકળા, નૃસિંહાચાર્ય ને નાથશર્મા ધ્રૂવ, ઝવેરી, નવલરામ-રમણભાઇ-રમણભાઈ-કીલાભાઇ-કાઠિયાવાડીના ગદ્ય વહેણો. મૂળજી વાઘજી ભાઈઓ, રણછોડભાઈ, નથુરામના નાટ્ય તરણીઓ 'બુદ્ધિપ્રકાશ', 'વસંત' 'ગૂજરાત'નાં માસિક ઝરણાંઓ, ફાર્બસ ને વર્નાક્યુલર મંડળીઓના સંશોધન ઝરાઓ, સસ્તું સાહિત્ય, ગૂજરાત વિદ્યાપીઠ, નવજીવન, દક્ષિણામૂર્તિ, સૌરાષ્ટ્રશ્રેણીની નહેરો, વડોદરા ભાવનગર જામનગર વાંસદા ગોંડળ રાજ્યોના કૂપઉલેચોએ ગુર્જર વાડી સિંચ્યા કીધી છે. લીલી રાખી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાતી ગ્રંથસ્થ વાઙ્મયે શરદ-પ્રવેશે તેની આ પૂર્વપીઠિકાનો પૂરો લાભ ઉઠાવ્યો. દલિતો તથા સ્ત્રીઓનાં અધિકાર પ્રતિષ્ઠા, દયાનંદ જગાડ્યાં, ગાંધી સન્માન્યાં, શરદ ગાયાં ગૂજરાતે પોતાનું સાચું સ્થાન ધરાવતા થઈ શક્યાં છે.

ગૂજરાતના ઉત્થાનમાં ઉત્કર્ષમાં તેની જ્ઞાનનિષ્ઠાનું ભાજન થઇ પડનારાં બિન-ગૂજરાતી તત્ત્વોમાંનું બંગસાહિત્યે છે. રવિબાબુ ને શરદ-ચંદ્ર બેઉ ભારતીય સંસ્કૃતિના પુનરૂદ્ધારકો સમા ગૂજરાતને વણસ્પર્શ્યા કેમ રહે !

એક મુસ્લીમ મિત્રને 'કોમી એકતા'ના પ્રશ્ન સંબંધી વાતચીતને ટૂંકાવતાં કહેલું 'વર્તમાન ભારતની મહાસભાકીય પ્રવૃત્તિઓને હિન્દુ-ચળવળ માની વહેમાવ તે પહેલાં હિન્દુધર્મ, જાતિ કે સંસ્કૃતિનું વણ-ઢાંક્યું રૂપ જોવું હોય તો શરદબાબુ વાંચજો. સમભાવ, સહિષ્ણુતા, ધૈર્ય ઔદાર્ય શૌર્ય ક્ષમા ત્યાગ તપ સેવા ને છેવટ ઈશ્વરપ્રાપ્તિના બહુવિધ ખંડોવાળાં મોટાં હિન્દુ મહાલયની શોભાવૃદ્ધિનું કામ તો આધુનિક ગાંધીવાદી રાષ્ટ્રવાદ સુધીનાં સહુ કરતાં રહ્યાં છે. પણ પાયાની મરામતનું કામ-રક્ષાનું કર્તવ્ય ઉઘાડે છોગ તેમ કરતા આર્ય સમાજથી યે વધુ, કોઇ ભાળે નહિ તેમ શરદબાબુને કરતા જોશો.

વાચકનું અજ્ઞાન હટાવવા માટે નહિ, એના જીવનના ધરાર માર્ગ-દર્શક થવા માટે નહિ પણ જીવનમાં બનતા સારામાઠા બનાવોને જોવાનાં ચશ્માં દઇ, સમભાવની અટારી ઉપર લઇ જઇ, વિશ્વની-માનવતાની ગહનતા તથા રમણીયતાનું પોતે જે આસ્વાદન કર્યું છે, તેમાં સાથી દાવે લઇ જનારા શરદચંદ્ર સામ્યપ્રેમી હતા. એ અટારી ઉપર જવા માટે પગથિયાં ચડવામાં તૂટતી શક્તિ વગરનાઓને ખબરે ન પડે તેમ ટેકો દઇને, કોઇનો હાથ પકડીને, કોઈને આંગળી ચીંધીને, કોઈને ઓળખાવીને એમણે પોતે જ્યાં ઊભા હતા, જે જોતા હતા-પોતે જે જાણ્યું માણ્યું-અનુભવ્યું તેની સચ્ચાઈ બતાવવાનું સાચે જ પુણ્યકર્મ કરી લીધું છે એમણે જીવનની વાસ્તવિકતાનું બહુમૂલ્ય જ્ઞાન, વાંચતાં આવડવાના એક માત્ર અધિકાર જોઈ આપ્યે રાખ્યું છે. તે વાચકને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની વિદ્વદ્‌-પ્રતિભાથી આંજી નાખીને નહિ, વાચકની વિવેકબુદ્ધિ કુંઠિત કરી નાખીને નહિ-વાચકને તટસ્થ તોલક બનાવતાં જઇ-પોતાનાં પાત્રો સોંપી દેવાની કલા એટલે શરદબાબુ. અલબત, તેઓ વાચક કનેથી થોડી શ્રદ્ધા-સંસ્કારિતાની અપેક્ષા રાખી લે છે. એકલી બુદ્ધિને જવાબ દેતું-તર્કને પહોંચી વળતું જ તેઓએ લખ્યુ એવું નહિ પરંતુ હૃદયને સ્પર્શતું-લક્ષતું જરૂર જ.

પ્રેમને જુદે જુદે સ્વરૂપે, વ્યક્તિના હૃદયધબકારાથી માંડીને તારાગણોના ઝબકારા સુધીના આકારમાં એમણે ઓળખાવ્યો છે. ગાંધીજી કહે છે કે હિન્દુધર્મ અગર જો આ સ્પર્શાસ્પર્શ્યના પાપને ધોવાનું કામ વહેલું નહિ પતાવે તો તે રસાતાળ જશે. એ કેવું ને કેટલું સાચું છે તે શરદબાબુએ બતાવ્યું છે. પણ સાથે ગાંધીજીની બીકધમકી પણ ભગાડી દીધી છે. કહીને કે પાંમળાઇ અને વેવલાઈ, દગલબાજી ને જુલ્મ શાશ્વત નથી પ્રેમના પ્રબળ વહેણમાં, સત્યના વ્યાપક પ્રકાશપૂરમાં એ બધું યથાકાળે વિરોધી તથા સહકારી તત્ત્વોનાં ઘર્ષણો શમાવતું આપોઆપ ધોવાતું તણાતું અદશ્ય થઇ જશે.

એટલે જ્યાં પ્રેમ છે ત્યાં ઉત્સાહ-આનંદ, શાંતિ-સંતોષ ને મુક્તિ છે. જ્યાં અપ્રેમ છે ત્યાં ઈર્ષ્યા-અસૂયા, કામ-ક્રોધાદિ તામસી તત્ત્વોથી ઊભરાતાં હિંસા અસત્ય ને મિથ્યા છે.

જીવનને શું જરૂરતું છે ? હયાતીને શું ખપતું છે ? શાથી માનવજીવન જીવન બની રહે છે ? જીવનમાં અવાસ્તવિકતા, અનિયમિતતા, કલેશ દુઃખ દૈન્યાદિની વિકૃતિ પ્રવેશે પોષાય છે, તેનું ધ્યાન કરતાં તેમણે હંમેશાં ત્યાં અપ્રેમ જ કારણભૂત ગણ્યો છે. પણ એ અપ્રેમ આવ્યો કયાંથી ? બસ આનાં કારણો બતાવી એમણે સત્યની ઘોષણા કર્યે રાખી છે. એ કારણો કંઇ ગુહ્ય નથી. એક વાકયમાં સમાવી દઉં: 'કૃત્રિમ થઈ પડેલી વિકૃત રહેણીઓના જાળામાં બધાઈ જકડાઈ ગયેલું છતાં સંસ્કૃત ગણાવાતું જીવનધોરણ.'

આપ ઘડયું એ ધોરણ-નાડું પકડી રાખીને એ રીતે જીવવા જતાં ઘર્ષણ જન્મ્યું છે. ખૂન, ચોરી, જુગાર, છીનાળી, અપહરણ, લૂંટ, ત્રાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે યુદ્ધ કપટ દોંગાઇ લુચ્ચાઈ મનમેલાઇ દંભનાં એ ધોરણમાં પળવાનાં ફળ આવ્યાં–મળ્યાં છે.

જન્મેલાએ જીવવું રહ્યું. મોત આવે ત્યાં સુધી કે જન્મ મરણની વિધી–સર્જી લીલા અટકાવી દેતી મુક્તિ પમાય ત્યાં સુધી. ને જીવવા માટે જરૂરતો જાગવવી રહી. અન્ન, વસ્ત્ર ને આવાસની ત્રિવિધ આવશ્યકતા પ્રથમ લઇએ. ઇન્દ્રિયધર્મો કે અગમ્યજ્ઞાતૃત્વના બીજા આવેગો બાજુએ છોડીએ પણ પેલી ત્રણ પ્રાથમિક જરૂરતો પામવા કે ટકાવવામાં જ જીવનનું સાચુ હીર બળી જાય છે. બધાંને સુલભતાથી તેવું સાંપડી રહે તે સહુ સમજે છે, એટલે તે માટેના સમાજનિયમો ઘડાતા કે અનુસરાતા કે બદલાતા રહે છે ને તેનું અનુપાલન સહુનો ધર્મ ઠરે છે.

અપ્રેમ ત્યાં આવવાનો જ્યાં ધર્મભાવ નથી. અને ધર્મ તેલ–નાળિયેરની બાધાઓની બીકાળ કે લાલચુ સુખ–લોલુપતા નહિ પણ ખાંડાની ધાર જેવી અપરિગ્રહવૃત્તિવાળો, ત્યાગ સહનશીલતા, ધૈર્યઔદાર્ય અને દાનભાવ. પ્રેમીનાં એ બધાં લક્ષણો છે. પ્રેમીને એ બધું સહજ છે. પોતાનાઓમાં ઓતપ્રોત થઈ જવું પ્રેમીની ગતિ છે. પોતાના ભોગે પોતનાં-ઓનાં પાલનપોષણ કે રક્ષણની રીઝ એ પ્રેમીની વ્યાખ્યા છે.

ભીરુ કે શંકિત નહિ પણ નિર્ભય અને નિઃશંક. પ્રેમીને અપ્રેમની લ્હાયમાંથી પસાર થવું યે પડે. બહુધા વિશુદ્ધ અને નિર્મળ થવામાં પ્રેમીની સદ્‌ગતિ છે એટલે એ કસોટી અનિવાર્ય બની રહે છે. ઊંકારો કર્યા સિવાય, વાંધો જોયા કે લીધા વગર, આગળ પાછળનાં મોળાં કે માલવાળાં ઓસાણ લાવ્યા સિવાય, પ્રેમને વશીભૂત થવાની જેનામાં લગીરે તૈયારી છે, તેવાંને માટે જીવન ગંધાતું ખાબોચિયું નહિ પણ ધસમસતી પ્રચંડ પ્રમત્તવેગી નદી, ઉત્તુંગ શિખર કે અફાટ સાગર જેવું છે.

દાળભાતિયાં, એકધારાં સીધાં સાદાં યંત્રવત્ કે રહસ્યમય લીલી-સૂકી આસમાનીસુલતાની જેવાં, અરે બારમું ને વાર્ષિક વાસ પામતાં ઢોલવાઇ જતાં જીવનથી માંડી, બ્રહ્મરાક્ષસ કે ભૂત–જીનાતની અવગત અધોગતિમાં સબડતી નારકીયતાથી શરૂ થઈને, સાયંપ્રભાત આરતીઓથી ઉજમાળું રહેતું–બૂટની વાધરી બાંધી દેવાથી માંડી માથાની ટોપી સુદ્ધાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકો દેવાતા સૂંવાળાઓ અને વનવગડે જન્મ પામી સાત-સાગરને પાર ઠૂકતા નરશાર્દૂલો ભરેલી દુનિયાની માનવતા સાચે જ બહુરૂપી છે.

દુ:ખ દૈન્ય અગવડ લાંછના વેઠીને માથે હાથ મૂકી બેસી રહેનારાઓ અને એવી બધી ખીંગી કાંટાવાડ્યોને કૂદી જીવનને રમત કરી મૂકનારા અલબેલા નરપુંગવોના પગલે, પ્રાણવંત દીસતી વિવિધતાનું પ્રાણવાન ને ઓજસભર્યું દર્શન કરાવતા શબ્દો: જીવનને રૂંધતાં, આવરી લેતાં, ભરખી જતાં, બળી જતાં, ચૂર્ણવિચૂર્ણ બનાવી મૂકતાં-વિરોધી ને ઘાતક અનિષ્ટોનાં માયાવી મિથ્યા કે ચળ આક્રમણો વચ્ચે, અંતરના અવાજ પાછળ પાછળ પરવરતા માનવ જ્યોતિ-ચન્દ્રકાન્ત મણિ શા, સ્ફટિક પ્રકાશ રેલાવતા, અંધારેઆવર્યા આભમાં ઉજ્વળ ચંદ્રિકા શા ઇશ્વરી ભેટ સમા છે.

ધ્યાન દઈને હોંકારો આપતું-ગ્રાહક શ્રોતા મળ્યે માણસ પોતાનાં રૂચિ ટેવો કે અનુભવો-માન્યતાઓ કહી લેવાનું ઉત્તરદાયિત્વ બજાવ્યાનું સુખ જતું ન કરી શકે. એ જ વારસો ને તેની લેણદેણ છે.

લેખકો એ વૃત્તિમાંથી ઉપજે છે. સાહિત્ય એની નીચોડ નીપજ છે.

: ૩ :

ગૂજરાતે શરદ વાયરા ફરૂકયા તે પહેલાં આ વારતાઓ લખાયેલી છે. લેખન કલાના પ્રયાસ પ્રયોગ સમી. પોતાની પચ્ચીશીના મુગ્ધ મનોયોગ દરમિયાનનો મોટાભાગની વાર્તાઓ પરિપાક છે. તે વિવિધ પ્રકાર, શૈલિ ને રૂપો પકડતાં ખેડાઇ રહેતાં ગૂજરાતી વાર્તાસાહિત્યની મજલ દાખવી-નોંધી રહેશે. તેટલું ઔચિત્ય તેના પ્રાકટયની સાર્થકતા લેખે બસ છે.

ઇસ્વી ૧૯૩૨-૩૪ ના અરસાના વરસોમાં એ લખાયેલ. તે વેળાના અર્ધસાપ્તહિકને અત્યારનાં કરાચીના દૈનિક ‘હિતેચ્છુ, પત્રમાં આમાંની મોટી ત્રણ વાર્તાઓ ‘ગીતા’ ‘સુકન્યા’ (‘છાયા’ ને નામે) તથા ‘વારસ’ પ્રકટ થયેલી. તેવી પુસ્તકરૂપે છપાઇ તૈયાર કરેલી, પરંતુ મુદ્રણ દોષાદિ સામે જોતાં તે પ્રકાશન રદ કરેલું. એ પછી જાતી છેક આજે એ ગ્રંથાકાર પામે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતા—વાર્તા માંહેનું કે કોઇ બીજું 'વનિતા વિશ્રામ' ત્યારે કે આજ સુધી લેખકે દેખ્યું ભાળ્યું નથી. એટલે એમાં ભાંગરો બાફ્યા વટાયાનું ચલાવી લેવું રહ્યું. એવી સંસ્થાઓ કે તેના ચાલકોના વહિવટ માટે પણ કશો પરિચયાનુભવ કે પૂર્વગ્રહ ધરાવવાનું બન્યું નથી. તે એકરીતે યોગ્ય જ થયું છે. પ્રસંગ કે પાત્રો કે સ્થળકાળ વાતાવરણાદિ બધું, વાર્તાના એકમાત્ર હેતુને વિકસાવવા-ઝેબ આપવા સ્વયંસ્ફૂરણાથી યોજાતું ગયેલું એટલું જ. 'ગીતા' માં શારીરિક ભોગમાં પરિણમતા લપસી-સરી પડતા-સ્થૂલ રૂપ ધરતા, માનુષી બનતા 'પ્રેમ' પ્રેમીઓની સ્થિતિ તથા ચર્ચાવાળો ભાગ વાંચતાં એ સહેજે કળાશે.

વારસ—રાજસ્થાની અંતરંગ ખટપટોનો, રાજસ્થાની સંસ્થાઓનો, રાજાઓની ખર્ચાળ બેલગામ સ્વૈર શિથિલ કે કરકસરી તથા પુણ્યગામી પ્રજાનિષ્ઠ નીતિરીતિઓનો થોડો એવો પરિચય ખરો. પણ વાર્તા લખી ત્યારવેળા બહુ ઓછો. મુગ્ધમાનભાવ ને દ્રષ્ટિ વિશેષે કરીને. પિતાની તેમ જ પોતાની પણ રાજસ્થાની ઉપજિવિકાને લીધે આછો પણ સચોટ કે અંગત ગણાય તેટલો. છતાં વાર્તામાંની કે અન્ય કોઇ રાજકુમાર કોલેજ લેખકે હજુસુધી ભાળી દેખી નથી. પણ તેવી એક કોલેજના જૂના યશસ્વી વિદ્યાર્થીના 'વારસ' વાંચી ગયા કેડેના ઉદ્ગારો પછી કબૂલવું રહ્યું કે વાર્તા-આરોપી છુટછાટોને એવી રીતનો અવકાશ એમના વખતમાં અસંભવ હતો. હા, અમુક કાળમાં કે અત્યારસુધીમાં એવું ન જ બન્યાનું તો એઓ પણ કહી ન શકે. છતાં વાર્તામાં એ બધું માનવપ્રકૃતિસ્વભાવનાં અમુક વળણ લઢણ કે નિરૂપણ સંબંધોને ઝેબ દેવા પસંદ થઈ પડેલું તે જેમનું તેમ રાખ્યું છે.

એમાં કોઇ ખાસ રાજ્ય, રાજવિ કે રાજમાતા લક્ષ્યાં નથી તેમ પણ નથી. લક્ષીને આ વાર્તા લખી છે તેમ પણ નથી. વાર્તાને છેવાડે માતા-પુત્રની વાતચીતમાં એ સ્ફૂટ થશે. રાજસંસ્થાની સૌન્દર્યની રૂપરેખા છણતી સાંકળ પણ વાર્તાપ્રવાહને પાતળો કે ચૂતો કરતી લેખકની નજરમાં છે છતાં એટલી વિચારધારા માતાપુત્રની આખરી પ્રશ્નોત્તરીને બળવત્તર બનાવી રહે છે માની રહેવા દીધી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુકન્યા 'છાયા'ને નામે પ્રકટ થયેલી આ વાર્તાનાં શિર્ષક તથા નાયક-નાયિકાનાં પ્રકાશ-છાયા નામો બદલી નાખવાની વૃત્તિ રોકી શકાઇ નથી. એ નામે એક વાર્તાપુસ્તક, એક ચિત્રપટ પણ પ્રકટયાં-ઉપજ્યાં છે. છાયા-આલોનાં શરદ-નામો વાંચ્યા પછી ત્યારનું નાવિન્ય ન ટકયું માની ફેરવી તોડ્યું છે.

લખવા પહેલાં પિતાનું અપ્રકટ હિન્દી 'બ્રહ્મચર્ય'નું રૂપાંતર તથા સૌરાષ્ટ્ર શ્રેણીની 'કાનમાં કહું !' પુસ્તિકા વાંચ્યાનું લેખકને સ્મરણ છે. એથી બહુ તો વાર્તિકરૂપે આવું વસ્તુ કે નાયક રસદૃષ્ટિએ નહિ તો યુગદૃષ્ટિએ હિતાવહ ખરાં એ નક્કી કરવામાં મદદ કીધી હશે.

આ જમાનાના યુવાનોને-યુગલોને બ્રહ્મચર્યના આદર્શના ચમત્કારી નિયમનના મહત્વશીલ અનુપાલનનો એક ચિતાર આપવાના પ્રયત્નરૂપે વાર્તા લખી છે. નીરોગી સંતાનોત્પત્તિનો ભાવ ભલે આ યુગના સંતતિ-નિયમનનાં કૃત્રિમ સાધનો ઉપયોગતાં ને પ્રાચીન નિયોગનિયમન ઉવેખ-નારાંઓ ન આવકારી શકે પણ ભોગ અર્થે નહિ તો કામતૃપ્તિ અર્થે ને સ્વરક્ષાર્થે શારીરિક સંપત્તિનું મૂલ્ય કે આકર્ષણ સમજવા-પ્રાપ્ત કરવાનું કેટલું જરૂરનું છે તેનો ખ્યાલ આપવાની એમાં નેમ ખરી. પ્રેમીઓનો પ્રેમપારો શૂન્ય પર પહોંચાડતી એ ખામી સમગ્ર જીવનને આવરતી નજીવી નથી. સંસારમાં જે કંઈ અનાચાર અનીતિ પ્રવર્તે છે. કેટલાંય દામ્પત્ય વિફલ રહેતાં, નિરસ વહેતાં, વિલાસ-પ્રધાન બનતાં કે કોઈ વ્યભિચારીનું 'ખાતું' બનતાં જોવા-સાંભળવા મળે છે; એમાં એનાં ઉગમસ્થાન તપાસીએ તો આવું આવું નીકળી પડવાના સંભવની 'સેક્ષ'-લૈંગિક-સાહિત્યઅભ્યાસીઓનો સૂર આમાં મળી રહેશે. અલબત્ત બ્રહ્મ-ચર્યનું પાલન શુદ્ધ ધર્મપરાયણ, રાષ્ટ્રભાવી વાતાવરણ, ઉચ્ચ આદર્શ ને તદનુષંગી અનુપાલન, ચોકખાં, ખપજોગાં આહારવિહાર, પૌષ્ટિક ખોરાક, બીનઉશ્કેર પોષાક ને સંયમશૂરી સંગતિ-આત્મરતિ આદિ માગી લે છે. એ એટલું જ સાચું છે.

એકંદર બાળલગ્ન, મુક્ત પ્રેમાચાર, આત્મ કે ભ્રૂણહત્યાના પ્રશ્નો 'ગીતા' માં છે. લૈંગિક કુછંદો, સ્વયંવર ભાવ 'સુકન્યા' માં, ગાદીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વંશદાવા ને કૃત્રિમ સંતાન-સ્થાપના તથા હક ભોગવટા 'વારસ' માં. પ્રેમ-અજ્ઞાનમય સાધનહીન કલાપ્રેમ ને લોકપડઘો, કલાની શુદ્ધિ ખરડતાં સ્વૈરતત્વો 'કળાયલ'માં. ઊંચ-નીચના ઘમંડી સમાજ વ્યવહારો-જન્મી અસ્પર્શ્યતા ને સમાજશિથિલ ઉદાસિનતા 'ભગત' માં. એકપત્ની કે પતિત્વ અને દુમેળસ્વભાવી-લગ્નઅસફળતા તથા પતિવ્રત સંસ્કારનો આર્યલગ્નાદર્શ 'પ્રેમયોગિની'માં. વિદ્યોપાસન ને વિરોધી સાંસારિક વાતાવરણ ડોળાયું-'છાત્રમાનસ' 'સરવૈયા'માં. પરધર્મી વટાળખાઉ કે ખર્ચાળ જીવન ધોરણની દેખાદેખી જન્માવતું શીલઢીલું વેશ્યાચારી સ્ત્રી-માનસ 'એક-મુલાકાત'માં. પડદેલાજ-પાંગળું બંધિયાર સ્ત્રી-જીવન 'અંતરપટ'માં. ભીખ તથા અણુહક્કનાં બાળજન્મ પ્રમાણનું નીવારણ 'દત્તક'માં. મુખ્યત્વે 'લગ્ન'માંથી પરિણમતા-ઊઠતા પ્રશ્નો આ સંગ્રહમાં વાર્તિક રૂપે વણાયા છે.

'કળાયલ' તેમજ 'ભગત' પોતાના ગામ સાણોદરની બે પેઢી જૂની વિશિષ્ટ ઘટનાઓ કર્ણોપકર્ણ સંકળાતી આવતી ગોહેલ શ્રી. ગંભીરસિંહ ઉદયસિંહજીથી તેમજ 'પ્રેમયોગિની' મહુવાવાળા શેઠશ્રી રમણિકલાલ વલ્લભદાસથી સાંભળેલી. તેમને તથા આમાંની વાર્તાઓને 'પ્રસ્થાન', 'કુમાર', 'સ્ત્રી-બોધ', 'કહાની' વગેરે માસિકો તથા 'હિતેચ્છુ' પત્રમાં સ્થાન આપવા માટે તે તે તંત્રવાહકોને ધન્યવાદ.

ભાવનગર રાજ્યની ગ્રંથોત્તેજક નિધિમાંથી 'વારસ'ને પણ અર્થ-સહાય સાંપડી છે. નિયોજક સામતિ સહિત એ જ્ઞાનપરમના પુણ્યભાગી રાજવિશ્રીનો હું પાડ માનું છું.

ગુરુપૂર્ણિમા '૦૨
ભાવનગર

ઉમેશ કવિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તર-દાયિત્વ

એક ચરિત-ગ્રંથ લખવા તૈયાર થવા ઘણા મહા-પુરૂષોની જીવનીઓ વાંચવાનું બન્યું. એ મહાનુભાવોના જીવનના માનસનિરૂપણે-અભ્યાસે મ્હને તો લાગ્યું કે તેઓ સર્વસામાન્ય માનવો જેવા માનુષી જ હતા, છે, હોઈ શકે.

હા, તેમની વિશેષતામાં અવશ્ય એટલું જોયું કે તેઓ નિર્મળ શુદ્ધ બુદ્ધિ અને વિરલ કર્તવ્યનિષ્ઠાનો "સમન્વય" હતા. તેમનું દર્શન વિશાળ હતું. તેમનું અવલોકન સૂક્ષ્મ હતું. તેમણે જીવનને સાર્વત્રિક બાજૂએથી નિરખી નિરૂપી લીધું હતું. પછી તો એમના લક્ષ્ય પાછળ, ક્યેય નજીક પહોંચવાનો વ્યવહાર સાધતા મ્હેં તેમને જોયા. ખંતથી, અખૂટ ધીરજથી, સહનશીલતા ઉદારતા ને ક્ષમતાભર્યા પ્રેમથી. તેમને ભૂલ્યા વગર પોતાને નિશાને પહોંચવા ઝુઝતા જોયા. હા. તેઓ મ્હને કુદરતની વધુમાં વધુ નિકટ પહોંચેલા માનવો લાગ્યા છે. તેમણે કુદરત પર વિજય મેળવ્યો છે એવાં વિધાનો કરનારાઓનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું અનુસરણ નહિ કરું પણ કુદરત સાથે તાદાત્મ્ય સાધતા, તાલ લેતા મેં તેમને જરૂર જોયા છે.

તેમની વ્યવસ્થા શક્તિ મને આંઝી રહે છે, તેમની યોજનાઓમાં મને રસ પડ્યો છે. ઇપ્સિતપ્રાપ્તિ માટે લક્ષ્યભંગ થયા વગર હિંમત હાર્યા વગર, નિરાશ થયા વગરનાં એમનાં કર્તવ્ય કાર્યમાં રચ્યા પચ્યા રહેતા છતા એથી પર બની શકતા એઓ મને ગીતાના નિષ્કામયોગીઓ સમા લાગ્યા છે.

જીવનલક્ષ્યને સમગ્રપણે ઓળખી લીધા કેડે તેઓ તેના તબક્કા પાડે છે. દરેક સ્વતંત્ર તબક્કો તેઓ ભારે કુનહેથી વટાવે છે. તેમના તપ ત્યાગ ધૈર્ય ત્યારે કર્તવ્ય કુશળતાને રૂપે વરતાં રહે છે.

તેઓ પ્રથમ વર્ષને જૂવે છે. પછી ઉત્તરાયણ ને દક્ષિણાયન તરીકે. પછી છયે ઋતુઓ તરીકે. પછી અંધારિયાં અજવાળિયાં તરીકે. પછી અમુક તિથીઓ લેખે. પછી દિવસ ને તેના કલાકો તરીકે. પછી મિનિટો ને પળો તરીકે. દર ઘડીપળની સ્વતંત્રતા ને આખાં વર્ષનો તેનો હિસાબ અને તેવાં અમુક વર્ષોનાં જીવનની, અખૂટ કાળમાંની પોતાને સાંપડેલી બક્ષીસનું મૂલ્ય તેઓ કદી ભૂલતા નથી. લોપતા નથી. એટલી થોડી અઝલમાં પોતાનું સફરી નાવ તેઓ હંકારે છે. સઢ ખોલે છે. સુકાન સંભાળે છે. નાના નાનાં બંદરો નાંગરતું ને મોટી મુસાફરીનો ખ્યાલ યાદ કરતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ જરૂર મહાન હોય છે. સર્વ સામાન્યોથી વ્યક્તિ તરીકે ભલેને તેઓ જૂદા તરી આવતા. પણ ભૂલી ન જાય તેવી એ છેવટ તો 'વ્યક્તિ' જ હોય છે. માનુષી વ્યક્તિ, હા. માનવતાનું રહસ્ય અને મહતા બન્નેને તેઓ પ્રભુતા જેમ પીછાની જાય છે.

ઓરડાની બારી વાટે, ને કુવામાંથી ગોળામાં આવતાં પ્રકાશ પવન ને પાણી સમા તેઓ આપણામાંની મહાનતાને સ્પર્શે છે. આપણી સુષુપ્તિ ઉડાડી મૂકે છે. આપણને ઈષ્ટ માર્ગદર્શન દેતા તેઓ પાવનકારી પુણ્યમય બનાવી રહે છે.

આપણા માટે તેમને એવું એવું કરવાનું કારણ જાણવા ય મેં પ્રયાસ કર્યો. શા માટે તેઓ આપણી ફિકર કરે છે? શા માટે તેઓ આપણો એક પૈસો રૂપિયામાં વાળે છે?

કારણ કે તેઓ આપણામાંથી બન્યા હોય છે. આપણા હોય છે.

તેઓ મહાન હોય છે. પ્રીતિથી, મુક્તિથી, પ્રેમ કરીને પ્રેમ આપીને જ તેઓ મુક્ત થઈ જાય છે.

(પ્રકટ થનાર 'સ્વામીજી'માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારસ

એક ગુણદર્શન

...પરિણામે વાર્તાના સ્વરૂપે ઉપ-
જાવેલાં તેના સાહિત્યમાં સાચો
રચનાર, સમાજના દર્દનો ચિકિ-
ત્સક અને ભિષક તેનામાં
વસેલો છે એ વિદ્વાન વાચકને
સરલતાથી દેખાઈ આવે તેમ છે...

હરિલાલ ઠાકર
તંત્રી,
'હિતેચ્છુ' (દૈનિક-પત્ર) કરાચી

•

[પચ્ચીસીનાં સંસ્મરણો-
માંથી તા. ૨૧-૧-'૩૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારસ

'બા, મા બાપા!' કહેતાં વડારણે એ ઓરડામાં પ્રવેશ કર્યો.

શાંત પાણીમાં કાંકરી પડ્યા જેવું થયું.

'બાપા'એ એ તરફ નજર લંબાવી. ઓવારણાં લઈ ચૂકેલા વડારણના હાથ પાછા સરખા ગોઠવાતા હતા. અને આંખ બાપાનું પૃચ્છાભર્યું મુખ ટીકી નીચી ઢળતી હતી.

'બામાસાહેબ આપને યાદ કરે છે.'

'હં.'

મૂંગી ઊભેલી વડારણને બીજું કાંઈ કહેવાનું ન હોય તો તેને ચાલ્યા જવાનું એ 'હં'માં વજન હતું.

વડારણ તો હમણાં હમણાંનું એક આશ્ચર્ય ચોળતી હતી. અચંબાને ઉચ્ચારવાની એની બિચારીની શી ગુંજાશ. એના બાપા એકાએક મિતભાષી અને એકાંતવાસી બની બેઠા હતા. એ એને સમજાતું ન હતું. એમના જેવા હામ, દામ અને ઠામવાળા રાજા-માણસને એમ અબોલ અને એકલવાયાં થઈ રહેવાનું હોતું નથી એવી તેની માન્યતા હતી.

જીભ કે ઓળખાણ-પિછાણ ન હોય તો હજુ બળ્યું, કે બીજાં અજાણ્યાં કે અરજદાર પાસે હજુકે ઠીક. પોતે તો એમનું માણસ હતી. આમ એને મન ગરુડ પગે ચાલતો હતો. સિંહ ઉપવાસ કરતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એનું સ્વમાન જોખમાતું હતું. મહારાણી સાહેબાની માનેતી દાસીની સો દીકરાની ખોટની એ પોતે એકપૂરી દીકરી હતી. રાજના કારભારીથી યે એનો પડ્યો બોલ ઉથામાય નહિ. આમ એનું વિશ્વાસના અખંડ પાત્ર જેવું આત્મીયપણું છેદાતું હતું. મોંઢું પડતું હતું. બામાસાહેબ અને બાપા વચ્ચે—મા–દિકરા વચ્ચે—યંત્રવત્ ટપાલી થઈ પડ્યામાં એનો ઉત્સાહ હણાતો હતો.

દીવાનખંડનાં મોટાં ખુલ્લાં રહેતાં દ્વારની વચ્ચેનાં એની મેળે બંધ થઈ જાય તેવાં અર્ધ ઉપદ્વારને ધીરેથી સંકેલાવા દેતાં વડારણે ફરી પાછું વાળી જોઈ લીધું.

બીજું તે શું જુવે! એના 'બાપા'નું મોઢું. મોઢાં જોઈ એને અટકળ બાંધવાની ટેવ હતી અથવા મુખનિરીક્ષણકળા એણે સાધી હતી એવું નહિ પણ એવો સ્વભાવ પડ્યો એટલે શું થાય.

આગળ તો પોતે પાછી વળે ન વળે કે તરત જ 'બાપા' એમના કામકાજમાં પરોવાઈ જતા. છાપું–ચોપડી વાચવામાં કે કંઈક ચીતરવામાં. પણ આજે આ શું?

બાપા એને નીરખતા હતા. એમનું અવલોકન આગળ જેવું ઉપરછલ્લું ન હતું. તેમાં આજે કંઈ સવિસ્મય જિજ્ઞાસા હતી.

બાપાની સાથે ઊછરેલી છતાં એને થોડો સંકોચ થયો. આછેરી ધ્રૂજ વછૂટી. પોતે બહુ નાની હતી ત્યારે તો એમને પોતાના ભાઈ માનતી એવો—ગઈકાલનો પોતાનાં ખોટાં રિસામણાંથી રીજવવા માંડતો, પોતાથી ઘડી યે અળગો ન પડતો આજે બિવરાવતો શે બની ગયો હશે! એવું કંઈ વિમાસતી વડારણને બાપાએ બોલાવી:

'મુક્તા!'

અરે આ એમના મોઢામાં પોતાનું નામે કેવું નવું નવું લાગે છે! બાપા અભ્યાસ કરવા થોડા મહિના બહારગામ પધાર્યા એટલા ગાળામાં તો એ કેવા પલટાઈ ગયા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપાની તહેનાતમાં પાછી આવી લાગતાં સુધીની એની એ વિચાર તથા ભાષાશ્રેણી હતી.

પોતાનું નામ તો મોતી હતું. પણ બામાસાહેબ એને કદીક કદીક લાડથી 'મુક્તા' કહી બોલાવતાં. બાપાએ તો એ જ નામ પસંદ કરી લીધું હતું. ને એથી તો પોતે બધાને માટે મોતી મટી મુક્તા થઈ બેઠી હતી.

બાપા જાણે એને માથેથી પગ સુધી જોઈ વળ્યા હોય તેમ એની આંખને લાગ્યું. એવું શું કામ? સમજવા પોતેય પોતાને જોઈ લીધી.

શરબતી મલમલની આછા જાંબુડિયા રંગની ઓઢણી, નીચેનાં કપડાં દેખાય તેમ પણ અંગને ચોંટતી લપેટાઈ હતી. નીચે રાજ-દરજીને પોતાની આવડતનું સીવતાં અને પહેરનારને પહેરતાં અભિમાન થાય તેવો બદનને તસતસતો લાલ અતલસમાં જરી ભરેલો કબજો. એની નીચે લીલી અતલસનો કમખો અને વાયલનો રૂપાની ઘૂઘરીવાળો ઘાઘરો. એ એનું વસ્ત્રવિધાન હતું. જે બામા-સાહેબે તેમનાં જૂનાં વસ્ત્રોમાંથી પોતાના માપનું કરાવી આપ્યું હતું. ખંતથી ઊલટથી પહેરેલું એ બધું એને યાદ આવ્યું. બીજું હૈયે ચડ્યું તે પોતાનું રૂપ. નિરાધાર મૃદુ નહિ પણ સુદૃઢ સુકુમાર.

પગની પાનીથી કેડ સુધી, કેડથી ડોક સુધી અને ડોકથી માથા સુધી—એમ ત્રેવડી નજરે જોતાં નજર ઘૂમરીઓ ખાઈ જાય તેવું. પણ તેથી શું! એ કંઈ નવું નથી જ. હં. પોતે હવે બાલિકા ન હતી. મુગ્ધત્વમાં પ્રવેશ્યા પછી બાપાનો વધતો જતો સંકોચ એને યાદ આવ્યો. ટપાલી મટી ગયેલી રસમુગ્ધ મુક્તાએ જરા નજીક આવી સામું જોયું તો નીચી નજરે બાપા બોલ્યા:

'તમારે કાંઈ કહેવું હતું?'

'ના જી બાપા!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કાંઈ કહેવું કારવવું હોય તો અચકાશો નહિ, બહેન!'

'જી હો!' આગળ શું બોલવું એ એને સૂઝયું નહિ. શરમ એને ઘેરી વળી. એ ઠેકાણે બીજું કોઈ હાજર હોય તો બાપાની આમન્યા ન સચવાઈ લાગે તેમ, રજા લીધા સિવાય—ઓઠડાં લીધા વગર સ્નેહ-છલકતી એ ત્યાંથી નાસી ગઈ.

બાપા જોઈ રહ્યા. એની નાસી જતી દેહકળા એમની આંખમાં પ્રતિબિંબિત થઈ રહી. એમને યાદ આવ્યું કે બામાસાહેબે એને પોતાની દીકરી કરી હતી. પોતાનાં વસ્ત્ર-દાગીના પહેરવાની છૂટ આપતાં. એને એઠું ભોજન ન અપાતું. ભણવાની ફરજ પડતી. તુરત મોતી જે માટે આવી હતી તેનું—બામાસાહેબે પોતાને યાદ કર્યાનું—સ્મરણ થઈ આવ્યું.

બારીમાંથી નદીના પુલ પર જડવત્ ચોંટેલી નજરને સ્મૃતિએ ખેંચી લીધી. એ ઊભા થયા. સામે પિતાનું તૈલચિત્ર ટાંગેલું હતું. સિંહાસનના સિંહમુખ ઉપર એક હાથ રાખી બીજા વતી અર્ધ-ઢળતી રેશમી ઉપરણાથી બાંધેલી તરવાર ધારણ કરેલા બાપુની એ પ્રતિકૃતિમાંની મુખાકૃતિમાં હળવે હળવે ફેરફાર થતો જતો હોય એવું એને લાગ્યું. એણે આશ્ચર્યમૂઢ બની એમાં ય મોતીને નિહાળી.

: ૨ :

'આ પોપટનું પાંજરું અહીંથી ખસેડીને પડસાળમાં ટાંગીએ તો?'

'ભલેને રહ્યો, ભાઈ!'

'તો આપની ઇચ્છા. પણ કેટલો કલબલાટ કરે છે. સખે નિરાંત વાળીને બેસતો જ નથી!'

'હોય ભાઈ. એ તો પંખીરાજા. એને માંદા માણુસની માવજતનું ભાન હોય તો શું જોઈએ! ને આપણું પઢાવ્યું જ બોલે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અને આજ કાંઈ વધુ બોલબોલ કરતો લાગ્યો !'

'હા ભાઈ. એને આ ગમગીન વાતાવરણ રુચતું લાગતું નથી. કે પછી અગાઉ જેમ તમે એની સંભાળ લેતા નથી એટલે...'

'હં. હવે લાવો જોઉં.' એણે હાથ લંબાવ્યો. અને માંદી માતાએ બગલમાંથી થર્મોમીટર કાઢી સામું જોયા વગર એના હાથમાં મૂક્યું.

દીકરો પાસેની ખુરશીમાં બેઠો થર્મોમીટરમાંની ગરમીની ગતિના આંકડા તપાસતો હતો. માતા દીકરાના હૃદયપ્રેમની પારા-શીશીનાં માપ જોતી હતી. એ ખંડમાં એ વખતે ત્રીજું કોઈ ન હતું.

'તાવ તો ઊતરી ગયો છે. સાધારણ કાયમ જેવી ગરમી છે. ફિકર જેવું તો નથી જ !'

'ફિકર તો કેવી હવે ભાઈ. માંદગી તો શરીરનો ધર્મ છે તે આવે ને હવે છૂટું તો ય ઘરડું પાન છું.' દીકરાને માટે માતા-ની ફિલસૂફી નવી ન હતી. એને બોલવાપણું ન હતું. 'માંદી નથી પડી એવું થોડું છે પણ આ વખતે તો હવે વાલોજી...'

'બાપાસાહેબ !' બહાર ઊભાં મોતી બોલી.

'અંદર આવને બેટા !' બામાસાહેબે કહ્યું. મોતી અંદર આવી બોલી:

'પ્રવીણસિંહજીભાઈ તાજમ કહેવરાવે છે. તબિયતના ખબર પૂછ્યા છે !'

'કોણ કોણ છે ?' પડી જતા મોઢાને સાચવવા કરતાં બાપાએ પૂછ્યું.

'પોતે એકલા જ છે !'

'તે નીચે માણસોને કહેવરાવોને કે એમને...'

'મોટરમાં જ બેસી રહ્યા છે. શિકારે નીકળ્યા લાગે છે. એમને આગ્રહ તો કર્યો પણ...' સુધીરને ઊભાં થતાં જોઈ મોતી અટકી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પ્રવીણ તો તમારી સાથે છે ને?' માતાએ પૂછ્યું.

'મારાથી આગળ છે!' પુત્રે જવાબ વાળ્યો.

'તમે જાવ. એમને વખત હોય તો રોકવા મારા તરફથી તાણ કરજો!'

'હાજી. અને હું તરત પાછો આવું છું!'

'ના. કાંઈ ઉતાવળ ન કરશો. ફુરસદ હોય ત્યારે અથવા બહુ થશે તો હું બોલાવીશ. બાકી વાંચવાનું ચાલુ રાખશો અને ચિંતા ન કરશો.'

'જી.' ધીરે પગલે શાંત ચિત્તે નમ્રતાભર્યું નમન કરી બે પગલાં પાછાં ભરી પુત્રે ઓરડો છોડ્યો.

માતાને તો દીકરામાં હમણાં હમણાંનો કાંઈક ફેરફાર સાલતો હતો. અતડાઈ જેવું થઈ પડેલું દીકરાનું વલણ ખૂંચતું હતું. દીકરાનું એવું અકળ મૌન આશ્ચર્ય ઉપજાવતું હતું. હા. આશ્ચર્યમાં હતી માત્ર જિજ્ઞાસા. માતાનું હૃદય કુશંકાથી સદૈવ વેગળું રહ્યું છે. અંતરમાં ઊઠતી બૌદ્ધિક-તાર્કિક કુશંકાઓને વશવર્તી રહી માતાઓ વર્તે તો વિના સંતતિનિયમને દુનિયા ઉજ્જડ થઈ જાય.

આડે પડખે પડેલી માતાનું દર્દ વધ્યું હતું એમ તો નહિ પણ રજાઈમાં મોઢું છુપાવી એમણે આંખમાં આવવા મથતાં આંસુ લૂછી નાખ્યાં. કારણકે માતાપુત્રના મિલન પૂરતી ત્યાંથી ખસી ગયેલી પરિચારિકાઓ પુત્રના જવા સાથે ધસારાબંધ અંદર આવી પહોંચી હતી. જ્યાંત્યાં જેમતેમ ગોઠવાઈ ગઈ હતી. પણ પૂછ્યા વગર એમને શું બોલવું! સુજ્ઞને તે શું આશ્વાસન દેવું!

ગૃહચાલકો-ગૃહનેતાઓની મુશ્કેલીઓ ગૃહાશ્રિતોથી ઉકેલાઈ હોત તો ધરધણીથી માંડીને રાષ્ટ્રમુખત્યારોની ચિંતાને કારણ ન મળત કે પછી ધરના નાશથી માંડીને દેશની દુર્દશા પરાધીનતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા કરુણ ફેજ એ ગૃહનેતા કે રાષ્ટ્રપિતાની કોઈ નજેવી ભૂલે થવા પામ્યા તે ન થાત.

'છોડીયું ! તમે તમારે તમારું કામકાજ કરતી પરવારો. અને મોતી ! તું મારી પાસે રહે એટલે બસ !'

હુકમ કરનાર કદીક તો પોકળ હુકમો આપી દે છે. બધી જ આજ્ઞાઓ કડક હોય છે એવું કાંઈ નથી. કોઈકિ આદેશોને આધીન થતાં દયાનું કાર્ય કર્યાનો સંતોષ છૂટે છે. ફરમાવનારાંઓની આથી બીજી વિષમ સ્થિતિ શી હોઈ શકે !

: ૩ :

અર્ધવાસ્યા બારણા પાસેથી એક ઓળો પસાર થઈ ગયો. અંદર બેઠેલાઓની આંખો ચકોર રહેવી જરૂરી હતી.

'હા સાવ ભગત છે.'

'ચોકખું બોચિયું છે !'

'સ્વામીનારાયણ.' ધીમેથી બહાર ન સંભળાય તેવા દબાયેલા સ્વરે વાગ્બાણો છોડી, અંદરના પાછા પોતાને કામે વળગ્યા. એમનું એ કામ અતીવ મહત્ત્વનું હતું. સનાતન આદિ અનાદિનું પરમ કર્તવ્ય હતું.

'માધુ ! સોડા લાવ સોડા. થોડા જલદ છે !'

'ના માધુ ! દેતો નહિ. તો પછી પાણી જ પીઓને !'

'ના ભઈસાબ. હળવે હળવે ટેવ પડેને. તમે બધા રહ્યા અખાડિયન. હું તો હજુ નવો નિશાળિયો છું.'

'હા...હા, બનાવો, અમે ગીગલા ખરાને !'

'માથે આ કચુંબર–ભજિયાં ખાતા જાવ એટલે નહિ કળાય. લો !' ચવાણાનો મૂઠો ભરી એ માંહેના એકે નવા નિશાળિયાના હોઠ પર્યંત લઈ જઈ મુખ ખૂલતાં અંદર ઠાલવ્યો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તમેય શું ભાઈસાબ, મોઢું તે કંઈ યજ્ઞકુંડ છે!

'હશે, ભૂલ થઈ!'

'ભાવ છે ને! ભાવમાં મોઢાની સંકડાશ-પગતાશ નથી જોવાતી!'

આ સંભાષણ વધુ રસાળ, સવેગ અને પ્રેરક બનત પણ પાછાં પેલાં અળખામણાં પગલાંનો ઘસારો સંભળાયો. સહુ સ્વસ્થ બની ગયા.

'માધુ! આ બધું ઉઠાવી જા. ઈ બામને ને અક્કલને આડવેર છે. ડબ દેતાં ડોકું ઘાલશે, ક્યાંક નાહક ચાડી ખાશે તો બધી મઝા માથે પડશે!'

'હા, ખરું ખરું. માધુ! ઉપાડ જલદી ઉપા...ડ!'

માધુએ ટેબલ સાફ કર્યું ન કર્યું ત્યાં પગલાં નજીક સંભળાતાં અટક્યાં અને—

કડકડતી તસતસતી સફેદ સુરવાલ તથા હીરાના બુતાનની ચમકમાં હવાની લહેરે ફરફરતાં પહેરણભર ૧૭-૧૮ વર્ષનો ફૂટડો નવયુવક અંદરના વાલસટના ઝાંખા પ્રકાશમાં દ્વાર વચ્ચે ઊભો રહ્યો અને બોલ્યો:

'હું આવું કે દાદાસાહેબ!'

બધા ઊભા થયા. સાચું ખોટું મને-કમને નમ્યા. યજમાન બોલ્યા:

'પધારો પધારો બાપાસાહેબ!'

એણે અંદર પ્રવેશતાં મધુરું સ્મિત કર્યું. ગણી શકાય તેવી શુભ્ર દંતાવલિ વિલસી ઊઠી. ઉપસેલા ગાલમાં આછા ખાડા પડ્યા અને સમાઈ ગયા. હસતી આંખોની નિર્મળતા પાથરતા એ કિશોરે ખાલી ખુરશી પર મૂંગાં રહ્યાં આસન લીધું.

'હવે તો ફાવે છે ને બાપાસાહેબ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જી હા. શરૂમાં થોડું ઉડઉડ લાગતું. હવે ગોઠે છે. કંટાળું છું ત્યારે આમ નીકળી પડું છું.' એ બોલતો બંધ પડ્યો. વાતાવરણમાં મૌન છવાયું. કોઈને બોલવું નહિ હોય, સૂઝતું કે ફાવતું. પણ બધા એકબીજા સામે મૂંગી આંખે જોતા હતા.

'જઈશું ને પ્રવીણભાઈ! વખત થવા આવ્યો છે.' મંડળી માંહેના એકને સાંભરી આવ્યું.

'હા હા. એ તો બિલકુલ ભૂલી જવાયું. ચાલો ચાલો, આપ સહુ કપડાં પહેરીને પધારો! ત્યાં હું પણ તૈયાર થઈ જાઉં.' પ્રવીણભાઈ ઉપનામ દાદાસાહેબ અર્થાત યજમાન પલંગ ઉપરથી ઠેકડો મારી ઊભા થયા.

સુધીર પણ ઊભો થયો. જવા કરતાં પૃચ્છાભરી આંખે એણે પ્રવીણ તરફ ટીકયું. એને ખુલાસો મળી ગયો:

'હાજી. જરા નાટકનું નક્કી કર્યું છે. રજા મળી છે એટલે લાભ લઈ લેવો છે. નાહક સાહેબનો ઉપકાર સંઘરવો!'

બાકીના તિતિક્ષા–ઉપેક્ષાભર્યા ભાવે હજુ ઊભા જ હતા. એ માંહેના એકે ઉમેર્યું:

'આપને તો વાંચવા આડે ફુરસદ ન મળે એટલે નકામો આગ્રહ કરવા જેવું, ખરું ને?'

સુધીર એ કુમારને જવાબ વાળે એ પહેલાં એક બીજા કુમારે ટાપસી પૂરી:

'હા, નકામી સોનાની જાળ પાણીમાં નાખી દેવા જેવું!'

'હું સાચે જ દિલગીર છું કે મારે હજી વાંચવાનું છે. મને ય આપ સહુની જેમ આનંદ મેળવવાનો લોભ તો થાય છે. એકલાં ગમતું ન હતું એટલે વરંડામાં એક ચકરાવો લગાવી આવ્યો. આપ સુખેથી પધારો. નાટકમાં હજી હું પૂરું સમજી પણ શકતો નથી!'

'બરાબર, સમજ વગર રસ ક્યાંથી ઊપજે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અને વળી આપને અત્યારમાં સમજણે ક્યાંથી પડે.'

'સાચું છે!'

'ખરું!' 'વ્યાજબી!' ઉતાવળનું કામ હોવા છતાં હજુ સુધી ઊભા રહેલાઓ ટોણા મારતા હતા.

'એમ નહિ! એમનું કહેવું બરાબર છે. કોઈ પણ વસ્તુ સમજી-વિચારીને જોવા-જાણવાની ટેવ સુંદર છે. એટલે તો મેં એમને ગણ્યા નથી. હવે આપ સહુ તૈયાર થઈ રહો, પાછું મોડું થશે!' પ્રવીણે પોતાનો પક્ષ કર્યો એથી સુધીરને કરાર વળ્યા જેવું થયું.

પેલા સહુ પોતપોતાના ખંડમાં ચાલ્યા ગયા. કંઈ અકલ્પ્ય ગમગીની અનુભવતાં સુધીરે જવા માંડ્યું. એને બાવડેથી ભાવ-પૂર્વક રોકી સામું જોઈ રહ્યાં પ્રવીણે કહ્યું:

'આપને તે એટલી શી ઉતાવળ છે? આપને નાટકમાં નથી પધારવું એ તો ચોક્કસ છે. હું તૈયાર થાઉં ત્યાં સુધી તો રોકાવ, સાથે જ નીકળીએ!'

સુધીર આજ્ઞાધારક બની ઊભો રહ્યો.

'અરે માધુ!' પ્રવીણસિંહે નોકરને બૂમ પાડી.

'જી!' અંદરના ખંડમાં રહ્યો માધુ ઊચર્યો.

'બુતાન નાખ્યાં?'

'હા જી.'

'કયો સાફો કાઢ્યો? બાંધણી કે લેરિયું?'

'મોટડો.'

સુધીર પલંગ ઉપર બેઠાં એક પુસ્તક જોવામાં પરોવાઈ ગયો હતો. દરમિયાન પ્રવીણ આડશ-લાકડાની ચીપોથી લાલ કપડાં વડે મઢેલી ઘોડી-આડે રહી સુરવાલ-ખમીસ બદલી બહાર આવ્યો; અને માધુએ ઊભા રહી, એણે ઠૂંઠા જેમ અકડાવીને ઊંચા કરેલા હાથમાં ભેરવી અંગરખું પહેરાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તો શું આપે કદી નાટક જોયું નથી એમ, સુધીરભાઈ ?' ઓરડામાં સુધીરનો મૌન સ્વભાવ પથરાતો હતો. એથી મૂંઝાતો હોય તેમ પ્રવીણે સાફો વીંટાળતાં પૂછ્યું.

'હા જી. મારાં માસાહેબ એથી વિરુદ્ધ છે!'

'કેમ?'

'અમુક બાબતો અમુક જ અવસ્થામાં સમજાય એવું એમનું કહેવું છે. એક બે વખત મેં નાટક જોવા પરવાનગી માગી હતી પણ એઓશ્રીએ મને હું ન સમજું કહી તેવી બાબતોથી દૂર રહેવા સમજાવી અટકાવ્યો હતો.'

'પણ એવું કંઈ જોયા–જાણ્યા વગર આપે એ કેમ સ્વીકારી લીધું?'

'એઓશ્રીના અનુભવમાં શંકા લઈ જવા જેટલો હું મને સમજુ નથી માનતો. તેમ એવી કેટલીયે બાબતોમાં એઓશ્રીની માન્યતા સાચી પડતી જોઈ છે!'

'હં. બરાબર.' અરીસામાં મોઢું તથા સાફાનો મેળ સાંધતાં બચેલા ધ્યાનમાં સમાયેલો રસ લેતાં અને પોતાની એવી અવધાન-શક્તિનો ખ્યાલ આવતાં આછું હસી લઈ એથી આરસીમાં ઝબકી ઊઠેલી પોતાની ખૂબસૂરતી પર ફિદા થતાં પ્રવીણે કહ્યું. અને પછી સાફો બાંધવાથી જ પીઢ, ગંભીર અને ખૂબ અનુભવી થઈ જવાયાં લાગતાં ખુરશી પર બેઠક લેતાં કંઈ અરજ સાંભળતા હોય તેવી અદાથી ડોકું હલાવી વદ્યા:

'જઈશું ને!' અને ઊભા થયા.

'અરે માધુ! પાણીનો ચંબુ ટુવાલ ન ભૂલતો!' ઓરડા બહાર નીકળતાં પ્રવીણે યાદ કરાવ્યું.

'જી. દાદા. હું એ ગાડી ભેળાં ય કરી આવ્યો!'

'નહિ પણ સુધીરભાઈ! આપને બહુ સુંદર ઉછેર મળ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એની ના નહિ પડાય.' એમ કહી સુધીરનો એક હાથ પકડી બીજા વતી એનો વાંસો થાબડ્યો.

એ વયમાં મોટા, આકારમાં ઊંચા, પ્રભાવશીલ અને બોલવે માયાળુ તથા ચતુર પ્રવીણસિંહની શેહમાં અંજાતાં એથી કંઈ સંકોચ અનુભવતો સુધીર એની સાથે બહાર નીકળ્યો.

'એટલી આપની મારા તરફની ભલી લાગણી માટે હું આપનો પાડ માનું છું!' વાંસો થાબડી ખભે ટેકલા પ્રવીણના હાથના ભારથી અકળાતાં અણગમો ઢાંકતાં સુધીરે પોતાના ઉછેર-ની કદર માટે આભારપ્રદર્શન કરી લીધું.

'અરે ગાંડા થયા સુધીરભાઈ! ઊલટું આપ તો અમારા પૂજ્ય છો. ઉમરમાં નાના હો તેથી શું થયુ! આવું સારું લગાડતાં આપ ક્યારે શીખ્યા વળી? નાની ઉમરમાં આપે બહુ સારી ઉસ્તાદી હાથ કરી છે હો!' વહાલ કરતાં પ્રવીણે સુધીરને ઉમ-ળકાભેર ગાલે ટાપલી મારી લીધી. એથી વિક્ષુબ્ધ થઈ નારાજ દેખાતો સુધીર વિષાદભર્યો પ્રવીણની એવી છૂટ પ્રત્યે મનોમન નાપસંદગી દર્શાવતો એની સામું જોઈ રહ્યો. એટલે તો અસ્વસ્થ બની જઈ પ્રવીણ ખીસામાંથી સોનાનું સિગરેટ-કેસ કાઢી રમાડતો કંઈક વમળી રહ્યો.

'ઍન્ડ હીયર ઇઝ યોર રૂમ. ગૂડનાઈટ સુધીરભાઈ!' કહેતાંકને પ્રવીણભાઈ ઝડપથી ચાલ્યા ગયા.

વાંચી વાંચીને કંટાળેલા સુધીરને પોતાના ખંડમાં તરત ભરાઈ જવાનું ન ગમ્યું. છતાં એણે બારણું ખોલી, લાંબી ફલાંગો મારી, બન્ને વચ્ચે અંતર ઉપજાવી ચૂકેલા પ્રવીણને રામરામ કરી ઓરડામાં પ્રવેશ કર્યો.

પુરુષાર્થની ભૂમિકા જેવાં જીવન-ઘડતરની પૂર્વતૈયારી થાં વિદ્યોપાર્જન માટે પરાણે છૂટા પડાયેલા આ કિશોરને ઘરની યાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસ્વસ્થ કરી મૂકતી હતી. એટલે અંદર આવીને એ ચોપડી ઉઘાડે ત્યાં જ બારણા ઉપર ટકોરા થયા. ત્યાં બેઠાં જ એણે પૂછ્યું:

'કોણ ? પધારો !'

બારણું ખૂલ્યું. આવનાર એના પ્રિન્સિપાલ હતા. પ્રવેશતાં આખું ડોકું નમાવી એમણે નમન કર્યું. એમનું આમ અચાનક આવાગમન એ દરેકને માટે રહસ્ય તથા વિસ્મય હતું. ઊભાં થઈ એ હાથ જોડી સુધીરે એમને નમસ્કાર કર્યા. બેઠક લેતાં એ બોલ્યાઃ

'આપને કંટાળો તો આવતો નથી ને ?'

'ના જી.'

'મઝામાં રહેજો. અભ્યાસમાં ચિત્ત પરોવી ચીવટથી વાંચજો. ન સમજાય તેવું ખાસ કરીને આપના ટ્યૂટરને પૂછી પાકું કર્યા કરજો.'

'જી.'

'બીજું કાંઈ જોઈતું–કારવતું મેળવતાં અચકાશો નહિ ! જોકે આપને કંઈ અગવડ ન થાય તેવી બનતી સઘળી સંભાળ હું રાખતો રહું છું છતાં આપની પસંદગી જાણી હું ઊલટો વધુ ખુશી થઈશ !'

'જી, ભલે !'

'એકલું લાગે ત્યારે કંઈ ને કંઈ આપની ભાષાનાં ધાર્મિક પુસ્તકો મેળવી વાંચવાની મારી ભલામણ છે. સાચું જીવન ઘડતા-માં એનો મોટો ફાળો છે. ફુરસદના સમયમાં જેની તેની સાથે આથડવા–ભમવા–રખડવા કરતાં એ ઉત્તમ છે જ !'

'જી.'

'હું આપને અનુલક્ષીને તો નથી જ બોલતો. મને કહેવા દો કે મારા અમલમાં મેં આપના જેવા છાત્રો બહુ ઓછા મેળવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. મારી એ માન્યતા માટે મારાં મગરૂખી અને વિશ્વાસ ટકી રહે તેવું હું આપની પાસેથી માગી લઉં છું!'

'જી.'

'આપ ખોટું ન લગાડશો. હું આપને કશો ઠપકો આપતો નથી! દોષ વગર ઠપકાને અવકાશ જ નથી. આપની ભાવિ જવાબદારીનું આપની જેમ મને પણ સતત સ્મરણ રહ્યા કરવું જરૂરનું છે, એટલે આપને એ દિશામાં દોરવાની ફરજ અદા કરી એથી આપને હરહમેશ જાગ્રત રાખવા જોઈએ; હું એ પાળી રહ્યો છું!'

'જી!' અર્ધમીંચેલી ગ્રાહકભાવ નીતરતી આંખે સુધીર સાંભળી રહ્યો. સમજી અંતરમાં ભરી રહ્યો.

'અચ્છા. હું આપને સુખરૂપ ચાહું છું.' કહેતાં પ્રધાનાધ્યાપક કેડથી ઉપરના શરીરભાગને આછું વાળી માનભરી અદબ કરી ચાલ્યા ગયા. સુધીર એ અંગ્રેજની વાતમાંથી મુદ્દો તારવતો ઊભો રહ્યો. એનું અંતર આજે કંઈ વધુ સ્વભાનમાં ઘેરાઈ પડ્યું.

'દાજી! આપણે વરંડામાં ખુરશી રાખીએ તો!' મનના નવા તરંગને વશ થતાં વિચાર–ચકરાવામાં રહ્યાં સુધીરે કહ્યું.

'જી, બાપા!' એ સલાહપૃચ્છા ન હતી પણ આજ્ઞા હતી. હજૂરી ખુરશી ગોઠવવામાં પડ્યો.

'આજે ખૂબ વાંચ્યું છે. થોડું બાકી છે તે સવારે માસ્તર પાસે સમજી લેવાશે. મુસાહેબ સવારે આવે ત્યારે ટપાલ લખી રાખી છે તે મોકલી આપવાનું સંભારજો. ને પાએક કલાક પછી મને થોડું પાણી આપજો.' ખુરશી ઉપર શરીર લંબાવતાં એણે ભૂરજની ઘડિયાળ તરફ જોઈ કહ્યું.

રાત્રિ અંધારી હતી. અનાજ વગરની ખાલી વિરાટ ચાળણી જેવા આકાશમાં એણે નજર સાંધી. રમોખમો દાણો ચળાઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકળી પડે તેમ કોઈ તારો ખરી પડતો હતો. નિર્જન વિશાળ ચોગાનમાં પવનની સ્વૈરલીલા વિહરતી હતી. એ રાજકુમાર કૉલેજની રૅસિડન્સીનો વિભાગ હતો. એનાં આલીશાન મકાનોના પત્થરો જેવી રાત્રિ છાનું, મૂંગું, ધીરું રડતી લાગતી હતી. જાણે એનાથી મોકળે મને રડી યે શે શકાય? એ વત્સલાના ખોળામાં સંસાર-સંતાપી માનવો માંડ જંપ્યાં હતાં.

'બાપા, પાણી.' પા કલાક વીતી ગયો હતો. અગિયાર ટકોરા પાડી ઘડિયાળ મૂંગું થઈ ગયું હતું. માગેલ વખતે પાણી હાજર કરી હજૂરી પૂછતો હતો.

પણ સુધીર ઘસઘસાટ ઊંઘતો હતો.

એણે પોતે ઊંઘતો હોય તો જગાડીને પાણી આપવાનું કહ્યું ન હતું. કંઈ યે નિર્ણય વગરનો હજૂરી, હાથમાં પાણીના પ્યાલા ઉપર ઢાંકેલો રૂમાલ રમાડતો ઊભો જ હતો.

: ૪ :

'હં ચાલ બોલી જા જોઉં? તું છે પાછો! 'હું ભૂલી ગયો' કહી છૂટી જા, એ નહિ ચાલે!' પ્રવીણભાઈ પલંગ ઉપર પડ્યા હતા. આંખો લગભગ મીંચી રાખીને બોલતા હતા. આંખ-માં ઊભરાતાં પાણી રૂમાલ વતી લૂછ્યે જતા હતા. આળસ મરડ્યે જતા હતા. આટલું એક સામટું થતું હતું તે ઓછું પડતું હોય તેમ ઘડી ઘડી છાતી પર રાખેલા પોસ્ટકાર્ડ સાઈઝના કોઈ ફોટાઓ એટલા પૂરતી આંખો ખોલી નીરખ્યે જતા હતા. માધુને કંઈ પાઠ આપતા હોય તેવી અદાથી બેઠા થઈ જઈ પગ હલાવતાં હલાવતાં એમણે કહ્યું.

'હવે તે ભુલાય દાદા! અમે ય અન્ન ખાઈએ છીએ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માધુ શિક્ષકને સીધો ઉત્તર આપવાને બદલે એ પ્રશ્નને અવાસ્તવિક તથા અનાવશ્યક ગણી કાઢી આંખ આડા કાન કર્યે જતો હતો.

'તે ઈ કોણુ ના પાડે છે, પણુ...પણુ ખબર તો પડે કે તને કેવુંક યાદ રહ્યું. સમજ્યો ? ભસી નાખ, ઓકી નાખ, ચાલ જોઉં.'

'આપણે ઉતારે લાવવાની. બીજું શું !'

'મૂર્ખો. હું નહોતો કહેતો કે તારું ભેજું જ ગેપ છે ! આજે રાતે, બાર વાગે અને વાદળાં વીખરાય જાય ત્યારે, સમજ્યો ?'

'જી હો.'

'તો પછી ઊભો શું છે ?' અત્યારથી તૈયારી કરવા માંડીશ ત્યારે બધાં સાલપાંખ ભેગાં થશે ને ! ને પાછો દારૂના ઘેનમાં જો કંઈ લવારો કર્યો છે તો તું છો ને હું છું તે યાદ રાખજે.'

'તો આપણે ઈ નથી કરવું, પછી ! આપ કોઈ બીજાને ભળાવો. મારું આ રાજીનામું. મુદ્દલ વિશ્વાસ નહિ ત્યાં તે મન ક્યાંથી કોળે, આપણે ખસી મારગ દઈએ છીએ !' માધુ વટક્યો.

'ઓહોહોહો કાંઈ મિજાજ ! દયો રાખો, માન ખાતા ટળો હવે.'

'અને આપ તો કંઈયે ભૂલતા નહિ હો ખરું ?' તરત મનાઈ જઈ માધુએ મોજમાં આવી જઈ યાદ આપી.

'શું ? હા, હા. લે આ પચાસ રાખ. વધુ જોઈએ તો માગજે...પછી.'

'પચાસમાં તો ઇ શેની હા ભણે દાદા ! ઈ કાંઈ થોડી કોળી-વાઘરી છે !'

'તંઈ લે આ બીજા પચાસ ને કર કાળું. હવે માગતો નહિ. આપણી ચકલી નાહી રહી છે. હવે તો આવતે મહિને જોગ ખાય ને કાં માસ્તરને કહેવું પડે, ત્યાં સુધી કડકાઈ ભોગવવી પડશે.'

'આટલેથી તો એની ઇકોતેર પેઢીને નીચે ઉતારું ! ત્યારે હું જાઉં છું દાદા !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા, જાવ ટળો!' અને પ્રવીણભાઈ ફોટાના દર્શન-સ્મરણમાં પાછા ગેતરી પડ્યા.

માધુ બહાર નીકળ્યો. રિવાજ મુજબ બારણું બંધ કરી એકાંત સ્થાપી. બહાર ઉત્સુક કામદાર ટહેલતા હતા. તે માધુ સાથે થોડે દૂર ચાલી અટક્યા. પૂછ્યું: 'કાં શું કર્યું ?'

'સો આપ્યા.'

'ઈ તો ભલેને જેટલા આપ્યા હોય તેટલા, પણ નક્કી ક્યારે કર્યું ?' માધુએ લંબાવેલી નોટો હાથવગી કરતાં કામદાર બોલ્યા.

'પણ ભોપાળું ખુલ્લું ન પડે હોં, નીકર મારા તો બાર વાગી ગયા સમજજો !' માધુ હળવેથી બોલ્યો.

'તું તારે એય ને નિરાંત રાખ્ય. જો જરાક વધારે પાડે ને ઓલીને વાણિયા–બ્રામણ જેવાં કંઈક અરઘે એવાં લૂગડાં પહેરીને આવવાનું કહેજે. લે તારી મહેનતના.'

'બસ વીશ જ ?'

'લે ને પચાસ રાખ્ય. પૈસાને કોણ રોવે છે. એનાથી જો તારી ભૂખ ભાંગતી હોય તો!'

'જી.' પૈસા ખીસામાં પધરાવતાં માધુ ઊપડ્યો.

'હા, મૂકય વે'તાં!' કહી કામદાર છૂટા પડ્યા. માધુએ ગામ-ની દિશા પકડી.

થોડીક ક્ષણો થોભી બારણાં પાસે ઊભા રહ્યા, થોડો વિચાર કરી સ્વસ્થ થઈ કામદારે બારણું ખોલ્યું. ખંડમાં પ્રવેશતાં ખેસ સરખો ગોઠવી બે હાથને સ્થિર લાંબા કરી, શરીરને એ હાથ સુધી વાળી માથું નમાવ્યું.

બારણાના ખખડાટે કુમાર ધ્યાનમુક્ત થઈ, જઈ ફોટાઓ ઓશીકા હેઠળ સેરવી દઈ સાવધ હતા.

'કોણ? આવો, કામદાર!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ખમા દાદા સાહેબ!' દાદાનું લક્ષ ખેંચાય ત્યાં સુધી તેવી જ પૂર્વવત્ સ્થિતિમાં ખડા રાખેલા શરીરને પછી ઢીલું—stand at ease કર્યું.

'આ 'રામાયણ' આવી ગઈ છે. કંઈ બહાર પધારવું છે?' બહાર જવાના પહેરેલ કપડે જ કુમાર ઢોલિયે આળોટતા હતા. તે ખ્યાલમાં લેતાં કામદારે પૃચ્છા કરી લીધી. તથા રામાયણ રૂમાલ-મુક્ત કરવા માંડ્યું.

'હા, આજે થોડું બહાર જવાની રજા મેળવી છે. કઈ છે? તુલસીકૃત કે વાલ્મિકિ?'

'તુલસીકૃત, દાદા!'

'સારું. બાપુ ક્યારના કહ્યા કરે છે કે તું રામાયણ વાંચી જજે. એમાં તે શું છે વળી, બે દીમાં ખેંચી કાઢશું!'

'પણ દાદા, જો મન ચોંટ્યું તો તો ઈ મીઠો મહેરામણ છે, હોં! અમૃતના ધરવ ન હોય પછી. એકે હઝારાં છે!' રામાયણ છૂટું કરી હાથમાં મૂકતાં કામદારે એ ગ્રંથનુ સમાલોચન પણ કરી નાખ્યું.

'હં. ઠીક છે. લ્યો, ત્યાં બુકકેઈસ પર મૂકો!' થોડું પૂઠું, બાંધણી, ઉપર ઉપરથી પુસ્તકના ઘાટઘૂટ—રૂપરંગ જોઈ પાછું સોંપતાં કુમાર કંટાળતા લાગતા બેઠા થયા.

'કેમ માધુ દેખાણો નહિ દાદા? ઈયે રખડુ થવા માંડ્યો કે શું!'

'એમ તે રખડુ ક્યાંથી થાતા'તા! મેં કામે મોકલ્યો છે. હં. બીજું કાંઈ કામકાજ તો નથી ને?'

'નાજી, બસ કૃપા.'

'ત્યારે એના બઝાર જ ટકી રહ્યા છે. આવજો કામદાર!'

'ત્યારે ખમા દાદા સાહેબ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બારણું બંધ થયું. એટલે એમણે પાછું પલંગમાં પડતું મૂક્યું. ઓવાળામાં આંગળાં ભેરવતાં કપાળ દાબતાં એક બગાસું ખાઈ લીધું.

'હું આવું કે પ્રવીણભાઈ?'

'ઓહોહો, સુધીરભાઈ પધારો ને!'

'કેમ એકલા જ? આજે ક્યાંઈ બહાર પધારવું લાગે છે?'

'નારે ભાઈ! આ તો રાત્રે નાટકમાંથી આવ્યા પછી કપડાં જ કોણે કાઢયાં છે. દાતણ અને ચાનાસ્તો પણ ખાટલે પડ્યાં કરી લીધાં છે. આખો દિવસ બગાડી મૂકશે. સુસ્તી ચડી ગઈ છે.'

'ઉજાગરાને અંગે એમ હશે. આપ થોડું નાહી લો એટલે સ્ફૂર્તિ આવી જશે. અને હું જઉં છું!'

'કાં કાં? શી ઉતાવળ છે? બેઠા છો, આજ તો રજા છે પાછી!'

'અહીંથી પસાર થયો ત્યારે આપને મળતાં જવાનું મન થઈ આવ્યું એટલે આવ્યો!'

'તે બેસોને! માધુ બહાર ગયો છે પણ બધી તૈયારી કરતો ગયો છે. એટલે હું હમણાં ખોળિયું ખોળી લઉં પછી તુરત નવરો. ત્યોને આ રામાયણ મંગાવી છે તે જરા ગમે તો જુવો ત્યાં હું આ આવ્યો!'

'ભલે બેઠો છું. આપ પધારો.'

પ્રવીણ અંદરના ભાગમાં ચાલ્યો ગયો. સુધીરે રામાયણમાં મન પરોવ્યું. બારણું ખુલ્લું જ હતું. સુધીરે પોતાના હજૂરીને આવતો ભાળ્યો.

'કેમ દાજી! હું અહીં છું.'

'હાજી બાપા! ટપાલ આવી ગઈ છે!' પોતે અહીં છે એ દાજીને નથી ગમ્યું તેમ સુધીરને એના બોલવા પરથી લાગ્યું.

'હા હું હમણાં જ આવું છું. તમે તમારે જાવ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભલે અન્નદાતા!'

સુધીરને એ સંબોધન ખૂંચ્યું. દાજી જવલ્લે જ એ 'અન્નદાતા' બોલતા. એ ઉમરમાં પીઢ હતા. સ્વભાવે સાચા હતા. જૂનું માણસ હતા. સુધીરના હજૂરી તરીકે એ ધર્મપરાયણ, શાંત, ઓછાબોલા માણસને નીમવાનું ડહાપણ સુધીરનાં માતાનું હતું.

એ ક્ષત્રાણીને પતિનો બહુ વહેલો વિયોગ સાંપડ્યો હતો. યૌવનના આંગણામાં પ્રવેશતાં જ કાળે એનું પતિરત્ન ઝૂંટવી લીધું હતું. એટલી ઈશ્વરની દયા હતી કે પતિના બાળ-પ્રતીક શો સુધીર બક્ષી એમની જીવનવાડી સુકાતી બચાવી હતી.

રાજા સાહેબના મૃત્યુ પછી એજન્સીએ બાઈને વહીવટ સોંપ્યો હતો. અને એમની મદદમાં એક ગોરો તથા બે દેશી સલાહકારો નીમી એક રાજસભા યોજી હતી. ઍડમિનિસ્ટ્રેશન દરમિયાન બાઈએ રાજકાજના ઘણા મહત્ત્વના અનુભવો મેળવ્યા હતા. કુમારની શિક્ષણ-વ્યવસ્થા પણ પોતે જ કરી હતી, જે બીજા બે સલાહકારોએ સરકાર પાસે મંજૂર કરાવી ભાવિ રાજાને નાદાન અવસ્થાના વિલાયત-ગમનમાંથી ઉગાર્યો હતો. તેવું જ તેની તહેનાતમાં મસમોટું કમઠાણ રાખી તેને અભ્યાસનાં પુસ્તકો જેટલા નોકર-પરિચારક વર્ગ વચ્ચે ન મૂકતાં એમણે એક માસ્તર, મુસાહેબ અને આ દાજીને સોંપ્યા હતા. જેઓ દાસની નિર્જીવતાને બદલે આત્મીયનું સૌહાર્દ ધરાવતા હતા.

દાજીના જવા પછી તો સુધીરને અણગમો થઈ આવ્યો. રામાયણ બાજુમાં મૂકી એણે ઊંચેનીચે ચોમેર જોવા માંડ્યું.

કબાટ ઉઘાડો હતો. અંદરના સહુથી નીચેના ખાનામાં દારૂનો શીશો તથા કાચના પ્યાલા પડ્યા હતા; સુધીરે આશ્ચર્ય પામતાં એ જોયું. એને વધુ અચંબો તો પોતે કોણીએ ટેકવવા ઓશીકું લીધું તેની નીચેથી નીકળી પડેલા પોસ્ટકાર્ડ જેવડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફોટાઓથી થયો. એકએ ફોટાઓ ઉથલાવી એણે આંખ ફેરવી લીધી અને આછેરું કંપતા આસપાસ જોઈ લઈ એ પાછા જેવા જેમ હતા તેમ ગોઠવી દીધા અને એકદમ બેઠો થઈ જઈ બોલી પડચો: 'પ્રવીણભાઈ, હું જઉં છું! વળી ફરી આવીશ.'

'અરે...અરે...પણ મેં નાહી યે લીધું. હવે શેઢે આવીને શું શિરામણ કરવા માંડયું?' પ્રવીણ વાળ ઓળતો બહાર આવ્યો. ખભે ટુવાલ પડ્યો હતો. ધોતિયું લૂંગી માફક વીંટાળ્યું હતું. એમાં એનું પડછંદ, ધાટીલું, તંદુરસ્ત અને મનોહર બદન દીપતું હતું. ઓગણીસ–વીશ વર્ષનો એનો દેહ કાંતિમાન હતો. એણે પોતાના ખુલ્લા દેહનું સ્વાસ્થ્ય જોતા સુધીરનો વાંસો થાબડી કહ્યું: 'થોડી કસરત કરતા રહો, બાપુ!'

'દંડ–બેઠક કરું છું. તેલ માલિશનું ય રાખું છું. એટલું બસ થઈ પડે છે!'

'હા, આપનું શરીરે કંઈ ખડખડપાંચમ નથી. ન જાડા ન પાતળા, ન નીચા ન ઊંચા, ન ગોરા ન કાળા; શરીર તો તંદુરસ્ત ગણાય. પછી બીજું શું જોઈએ, ખરું? વજનમાં કેટલા છો?'

'એકસો અઢારની આસપાસ હોઈશ. ચાર મહિના પહેલાં જોખાયો હતો. હરઘડી જોખાવા દેવાની બાસાહેબ છૂટ આપતાં નથી. એમની માન્યતાઓ બધી જૂની છે!'

'જોખાવામાં શી અડચણ?'

'અડચણ કંઈ નહિ એટલું જ કે જોખાયા પછી દાનપુણ્ય કરવું જોઈએ. જે કાંઈ પહેર્યું–ઓઢયું હોય તે તો આપી જ દેવું જોઈએ!'

'હા. એ તુલાદાનની ભાવના છે, ઠીક ભલા, દાન તો કાંટે જોખાઈએ તો જ કરવું પડે ને! લો હું આપને ઊંચકી જોઉં, હું એકસોવીશ ઊંચકી શકું છું; એથી વધુ ભાર હું ઉઠાવી શકતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી.' કહી સુધીરને આ ગમતું હતું કે નહિ તેની પરવા કર્યા સિવાય પ્રવીણે એને ઊંચકયો, ઘડીક અદ્ધર ઝીલી રાખી નીચે મૂકયો. ભરાઈ ગયેલા શ્વાસે નીચે ઉતારતાં પડખામાં દબાવતાં એક બચી ભરી લેતાં એ બોલ્યો: 'ગમે તેમ પણ આપ બહુ વહાલા લાગો છો. એટલું સારું કે આપ સ્ત્રી નથી નહિતર કોક અર્જુન હરણ કરી જાત!' હસી પડી સુધીરનાં વખાણ કરતો પ્રવીણ એને નીરખી રહ્યો.

રેશમી–સુંવાળા ચળકતા ઓળ્યા વગર સુઘડ રીતે સમારેલા લાગતા અને સારા યે ચહેરાના સૌન્દર્યને સપ્રમાણ ઝેબ દેતા વાળ, મોટું વિશાળ ભાલ, વાંકાં આછાં ભવાં, ભવાંની કોર સુધી તણાતી મોટી શાંત છતાં રસાળ આંખો, ધનુષ્યાકાર મોંફાડ, મોઢાને કંઈ ગંભીર દાખવતું ઘડેલું નાક, હોઠના છેડા પાસે આછેરા ખાડા પડે તેવા ભરાઉ ગાલ; રુવાંટી વગરનું નિર્મળ સ્વચ્છ મુખ ધરાવતો સુધીર ખરેખર રૂપાળો હતો.

પણ સુધીરને આ બધું ગમ્યું ન હતું. કશું બોલ્યા સિવાય માત્ર દુભાતી લાગણીભર્યું હસી એ બહાર આવ્યો.

'પધારજો બાપા સાહેબ!' પોતાના વર્તાવ પરના સુધીરના મૌનથી અકળાઈ પ્રવીણ ડઘાતો ભોંઠામણ અનુભવતો બોલ્યો.

'જી હાં.' દાજીના 'અન્નદાતા' સંબોધનનો મર્મ પારખતા, આગલી રાતના પ્રધાનાધ્યાપકના ઉદ્બોધનનો મુદ્દો યાદ કરતા સુધીરે લૂખો ઉત્તર દીધો.

'ઊભા રહો બાપા! આપને ખોટું તો નથી લાગ્યું ને? માફ કરજો હાં, મેં વધુપડતી છૂટ લીધી છે.'

'ખોટું તો શું લગાડવું! પણ 'સૌન્દર્ય'ની અસરમાં આવી જઈ અંતરમાં ઊઠતી ગમે તે વૃત્તિને આધીન થઈ જનારાઓને ક્ષત્રિય ન કહેવાય. વીરને એ જ કરવાનું હોય છે. બહારના દુઃશ્મનોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેર કરવા પહેલાં એને અંદરના શત્રુઓને પરાસ્ત કરવાના હોય છે. આપણી રાજપૂતોની પડતીનું આજ મુખ્ય કારણ છે' એમ રમુભાઈ કહેતા હતા તે મને સાંભરી આવે છે, સાચું લાગે છે.'

'સ્ત્રી છેવટ એક માતા છે એ ભૂલી જઈ, રાજા એક કરતાં અનેક સ્ત્રીઓ ભોગવતો ફરે અને પ્રજા પાસે નીતિનાં કડક બંધનો પળાવે એ કેવું બેહૂદું છે તે પણ સમજાય છે. આપણાથી એવા કેમ થવાય! મને એવું થયા કરે છે. ત્યારે આપ તો મારાથી મોટા છો. સમજુ છો!' કહી સુધીરે ચાલતી પકડી.

ગુનેગારી અનુભવતા પ્રવીણને એ સાંભળી લેવા સિવાય છૂટકો ન હતો. આત્મભાન અનુભવતો એ પાછો પલંગમાં પડ્યો.

ધારે તો સુધીરના કરતાંય સુંદર રીતે વિદ્વતાભર્યું પોતેય પ્રવચન કરી શકે એવું મનને આત્મવંચક મનામણું કરાવવા છતાં સુધીરનું કહેવું એનાં અંતરને ઊંડાણમાં કંઈ કોરી રહ્યું લાગ્યું. એનું મન વિચાર ચકડોળે ચડ્યું.

સ્પર્શભાવ તો સ્નેહનું અંતિમ સ્ફુરણ છે. સ્નેહની અભિપૂજા છે. એ પ્રથમ જન્મે ત્યાં સ્નેહ નહિ પણ કામવિકૃતિ છે; એ સમજતાં છતાં એને માનવ પોતા જેમ સૌન્દર્ય–વિવશ લાગ્યો. પંચેન્દ્રિયથી સૌન્દર્ય ભોગતો એવો. સૌન્દર્ય વગર એ જીવી ન શકે એટલે સૌન્દર્યથી માનવને જુદો પાડી જ ન શકાય જાણે.

રૂપ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શથી માનવે સૌન્દર્યમાં જ જીવન ગૂંથી નાખ્યું છે. પાયખાનાથી માંડીને પ્રભુનાં માનેલાં મંદિરોમાં એણે સૌન્દર્ય આંક્યું છે. ચિત્ર, શિલ્પ અને કલામાં સૌન્દર્ય સિવાય બીજું શું છે વળી!

માનવની દૃષ્ટિમાં કુદરતે જ સૌન્દર્યભાવ સીંચ્યો લાગે છે. એનામાં જાણે ઈશ્વરે અનેકવિધ નિસર્ગરચનામાં સૌન્દર્યની સર્વશ્રેષ્ટ માત્રા મૂકી ન હોય! કે પછી માનવે એની સામે મોહાભિક્રમણ, અનુસરણ કર્યું હોય જાણે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવે ધર્મ કરાવ્યો, ઘડ્યો અને ધાર્યો યે. એમાં નીતિનાં નિયમનો મૂક્યાં. એ બધી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સુંદરતા પ્રાપ્ત કરવા. જાળવવા. સારા અને નરસાનું પ્રમાણ—સત્ય પણ એક સર્વતોભદ્રી ચિર-શાશ્વત સૌન્દર્યભાવ નથી તો બીજું શું છે ?

અને છતાં સૌન્દર્યના મોહમાં માનવ મોટે ભાગે શરીરથી અપભ્રષ્ટ, મનથી ચ્યુતાસક્ત થઈ આત્માને પશુતા-પાશે બાંધી સૌન્દર્યની એ નિયામક સાત્ત્વિકતા વિસારી મૂકી સૌન્દર્યનો કેફ કરે છે. અને એ જ સૌન્દર્ય જે એના અંતરને નવપલ્લવિત, ઉલ્લાસિત કરી કો રમ્ય, ઉન્નત, સત્ત્વશુદ્ધ સ્થાને લઈ જઈ મૂકે છે તે જ સૌન્દર્યના અતિરેકતામાં ભાન ભૂલી માનવ પોતાની સત્યાનાશી વહોરી; શરીરને ગંધવતો, નિચોવતો આયુષ્ય ટૂંકવતો સુંદર માનવતાનું લિલામ કરી નાખે છે.

એ સૌન્દર્યનું લક્ષ કરી માનવે જનવ્યવહાર રચ્યો. ધર્મ, અર્થ, કામ અને મોક્ષના સમષ્ટિને લાગુ પડતા તેમ વ્યષ્ટિને કલ્યાણપ્રદ બની રહેતા જીવનઓવારા ચણવા. ચાર વર્ણના વિભાગે એણે સારા ય સંસારને ગુણકર્મ સ્વભાગવત સંપની સાંકળે સાંધ્યો.

એણે દેશનાં લોક, લક્ષ્મી અને સ્વાધીનતાના રખેવાળ જેવો રાજા સર્જ્યો. એને ખોળે માથું રાખી સહુએ જીવનની બીજી દિશાઓ સાધવા માંડી. કુદરત સાથે વિશેષ સંબંધ સાધ્યો. વૈદક જ્યોતિષ, સંગીત, સાહિત્ય તથા કલાકોવિદતાનાં અને આત્મા-પરમાત્માનાં—અધ્યાત્મભાવનાં વિજ્ઞાન અંગો ખીલવ્યાં. એ સંકલ્પ કેવી અભિજાત સુંદર માનવતાનો હશે! ખરેખર માનવજાત એક વખત સૌન્દર્યશૃંગે ચડી બેઠી હશે. માનવયોનિમાં ચોરાસી લાખ અવતાર વટાવી પ્રવેશાય એ ભલે એક ગુલબાંગ હોય પણ એવા ય ઓડકારો આજે ક્યાં ?

રાજાની એમાં રક્ષણ બાંહેધરી હતી. શાંતિરક્ષાનો કોલ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાપાર, વાણિજ્ય, હુન્નર, કૃષિ–ઉદ્યોગમાં પરોવાઈ જઈ માનવે માનવને ટેકે 'વસુધૈવ કુટુંબકમ્' ભાવે એકબીજાંને ચાહ્યાં, સેવ્યાં, પાળ્યાં, પોષ્યાં, સહકાર્યાં, સાંચવ્યાં, નવાજ્યાં.

એમાં રાજા અગ્રણી હતો.

પણ એમાં સુંદરતા તો ફાળે પડતી, શક્તિ અને મતિના સમન્વય શા પુરુષાર્થની નિષ્ઠા અને પ્રમાણિકતા યોગ્ય મળે. મોહના સાર્યા, કામનાના દોરવાયા માનવ–સહજ મૂળભૂત ત્રિગુણાત્મિકા પ્રકૃતિના અસંસ્કૃત, તામસી, દુ:શીલ અકર્મીઓને એ પોતાની કરવા, પાસે રાખવા, પહેલાં તો કોઈ ન જુવે, જાણે કે ટોકે તેમ–ચૌર્યપણે, પણ પછી તો ખુલ્લંખુલ્લા એણે સ્ત્રી, ધન અને ધરા માટે સમાજ-ત્યાગને ભોગે પણ સુંદરતા ચાહી.

રાજાએ એવા સમાજદ્રોહી–લાલચુઓને જેર કર્યા, દીન કર્યા, દફે કર્યા. પોતાનો ધર્મ અદા કર્યો. સમાજે એવા રાજાઓને પૂજ્યા, આરાધ્યા, અભિષેક્યા.

પણ આપગમતું–પોતાનું અલગ સંઘરી, સાચવી, છુપાવી રાખવાનો–પોતાનાંઓને જ આપતાં જવાનો એમાંથી રાતવુ–મમત જાગ્યો. એ વિષમાંથી માલિકીની જ્વાળા ભભૂકી. બીજાને એવું એવું પ્રાપ્ત કરી લેનાર પાસેથી તેવું પામવાની લાલચ જાગી. એવાં-ઓએ તેવાંઓને ખુશ કરવા માંડ્યાં. આવ્યાં ખુશામત અને અભિમાન.

માનનો ખોરાક કર્મકાંડ કરતાં વધારે મીઠો લાગ્યો. સંયમી-ઓએ વસ્ત્રની કુમાશથી લલચાઈ વલ્કલ ત્યાગવા માંડ્યાં, એમ એમ રાજાની જવાબદારી કથળતી રહી. એનું કામ સ્વૈર બનતું ચાલ્યું. એમના ઉપરનું વર્ચસ્વશીલ બ્રાહ્મણત્વ અંકુશ વનજંગલમાં એકલદોકલ આત્મવંચનામાં દહાડા ટૂંકાવતું રહ્યું. અને રાજાએ સેવાની વાત અભરાઈએ ચડાવી સ્વામીત્વ જમાવ્યાં. સમાજરક્ષાના સાધનોમાંથી સિંહાસન સર્જાવ્યાં. શીલના સુહાગને બદલે શિરપેચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છડાવ્યા. પેલા લાલચુઓએ એના વરણાગને મહોર મારી આપી. વિશ્વકલ્યાણની પરમ આર્યભાવનાના કેન્દ્ર શા રાજાની ઈશ્વરના અંશ તરીકેની પ્રશસ્તિઓ રચાવી. વેદઋચાઓ જન્મસિદ્ધ અધિકાર ઠરાવવામાં બંધબેસતી કરાવી.

એનું જોઈ બળિયાઓને પણ ચસકો લાગ્યો. એણે ય રાજાનું ઉપરિયામણ ફગાવી તલવારબાજી આદરી દીધી. સમાજરક્ષાર્થે સ્વીકારેલાં શસ્ત્રો સમાજનાં જ શીલ સમૃદ્ધિ અને શાંતિ લૂટી રહ્યાં.

રાજલોભ જાગ્યો. રાજા અને પ્રજા એ બે ભેદમાં જનતા વહેંચાઈ રહી. માનવ ભાગીદાર મટી નોકર બન્યો. દાસ થયો. એમાંથી શૂદ્રત્વ ફેલાયું. નીચ અને ઉચ્ચના ભેદ ફાલ્યા. મનુના અને પરાશર–યાજ્ઞવલ્કયના નામે એ પાકા કરાવી લેવાયા.

અહો, સુંદરતાના શૃંગીઓનો એ વિનિપાત જાતો અસુંદરતા-ની ગર્તામાં અટવાઈ પડ્યો. માન, મદ, મત્સર, કામ, ક્રોધના આપ-દુશ્મનો વચ્ચ માનવ અથડાઈ રહ્યો. રૂપ, રંગ, ધન, અધિકાર, બળ અને વિદ્યાની ઘોડદોડ આચરી રહ્યો.

એ અધઃપતનમાં રાજાનો મોટો હિસ્સો છે.

જમીનનો થોડો ટુકડો અને એમાં રાજાનું સ્વત્વ ભરાઈ ગયું. એને એ ટુકડા પછી બીજી જમીનના સંધાન છતી આંખે જોવાં નથી. વિસરાયેલાં ધર્મજ્ઞાનમાં માનવની સર્વશ્રેષ્ઠ રચના શા રાજા-ની કુરૂપતા હદ વળોટી બેઠી.

આવું આવું કંઈક અસ્પષ્ટ અનુભવતાં આત્મપરિતાપ વચ્ચે પ્રવીણે ખીજમાં ને ખીજમાં બધાં પોસ્ટકાર્ડ ફાડી નાખ્યાં. એની બધી કરચો જાજમ ખસેડી બાળી નાખી.

ફોટાઓ તો રાખ થઈ ગયા. તે હાથ વતી એકઠી કરતાં હાથ કાળા થયા પણ વાસનાની રાખ થતાં હૃદય તો વિશુદ્ધ–નિર્મળ બન્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ ધોઈને એ કંઈ વાંચવા કરવાનું વિચારે ત્યાં તો ખિખિયાટા કરતું ચાર–પાંચ કુમારોનું ધામસડું અંદર ધસી આવ્યું.

પ્રવીણને પોતાનાં કરતૂકો માટે હજુ હમણાં જ વૈરાગ્ય થઈ આવ્યો હતો. તેમાં એમાં સાથ દેતું આ સંગાથીઓનું આવાગમન એને ન રુચ્યું, મુશ્કેલીએ એણે પોતાનાં ક્ષોભ અને રોષ ખાળ્યાં.

'ના ના પણ ફિશિયારીની યે હદ હોય ને પ્રવીણભાઈ!' એ માંહેના એક ઊચર્યો.

'શું છે?' પ્રવીણે પૃચ્છા કરી.

'એ તો અમે વળી આજે રજા હતી એટલે પેલા–'સુધીર-સિંહને લગતી વાત હોવાનું અનુમાની પ્રવીણે એને માટે કંઈ હીણું વિશેષણ વપરાય તે પહેલાં કરડી આંખ કરતાં, બોલનારે સાચવી લીધું—'સુધીરભાઈ પાસે બેસવા ગયા હતા. ત્યાં વળી એમના એક ભાઈબંધ આવ્યા છે.'

'એ કોઈ કાછડિયો...' બ્રાહ્મણ–વાણિયા માટે સાફાએ યોજેલું વિશેષણ વાપરતા બીજા એક કુમારે પ્રવીણની નારાજ-ગીથી અજાણ રહ્યાં કહી લીધું.

બસ પ્રવીણની ધીરજ આવી રહી છતાં પોતાને સમાલી લેતાં એ બોલ્યો: 'આપ સહુ પધારો! મારે વાંચવું છે.' કહી એ બારણા પાસે ઊભો રહ્યો એટલે નછૂટકે સહુએ વિદાય લીધી. છેલ્લા કુમાર-ને એણે રોકી પાડ્યો. દરમિયાન એની જિજ્ઞાસા યે બેકાબૂ બની બેઠી હતી.

'શું હતું કનકસિંહ?'

'ઈ તો સુધીરભાઈના મહેમાન કહે કે મુસલમાન બાદશાહોની જેમ જો અંગ્રેજોને રાજપૂત કુંવરીયું વરવાના કોડ થાય તો અત્યારે કોણ માઈનો પૂત પડ્યો છે કે સામો થાય!'

'હા! તે સાચું છે, પછી?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ને વળી સુધીરભાઈનું કુળ સહુ કરતાં ઊંચું. એવું એવું તો ઘણું દાઢતા હતા.'

'હા, તે પણ એનું શું છે?' ઊકળી પડતા પ્રવીણે તાડુકતાં પૂછ્યું.

'તે બધાએ નક્કી કર્યું કે સુધીરભાઈને એમના સાચા કુળની ફોડ પાડવી. એટલે એક નનામી ચિઠ્ઠી લખીને એમના ઓરડામાં સરકાવી આવ્યા!'

'ભૂરું કર્યું તમે બધાએ!' વલોપાત કરતાં પ્રવીણ કકળી ઊઠ્યો.

'ભૂંડાવ! આપણે ક્યાં જોવા ગયા હતા. ખણખોદિયાઓની એવી વાતુમાં તમે ભોળા ફૂલને અંગાર ચાંપી આવ્યા! હં જાવ!'

એને વિદાય કરી સંતાપમાં લગભગ રડમસ જેવો થઈ પડેલો પ્રવીણ એની શરમનો માર્યો મોઢું છુપાવી વળી બિછાને પડ્યો. પણ તુરત યાદ કંઈ યાદ આવ્યું હોય તેમ ફલાંગ ભરી દોડતો ઓરડો છોડી બહાર ભાગ્યો.

: ૫ :

ગભરાયા જેવા લાગતા મુસાહેબ ધસતા હોય તેમ આવ્યા. સુધીરે સામું જોયું અને કંઈ પૂછે તે પહેલાં તેમણે તાર રજૂ કર્યો અને બોલ્યા:

'પ્રિન્સિપાલ સાહેબે મોકલાવ્યો ને રજા મંજૂર કરી છે તથા કહેવરાવ્યું છે કે ત્યાં પહોંચ્યા કેડે બાશ્રીના તબિયતના સમાચાર જણાવતા રહેશો.'

તાર વાંચી પાછો આપતાં સુધીરે ડોકું હલાવ્યું.

'ત્યારે હું ટેક્ષીનો બંદોબસ્ત કરું બાપા!' કહી મુસાહેબે રજા માગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભલે. પાછા વહેલા આવો અને તારનો જવાબ આપતા આવજો!'

'એ તો મેં કરી દીધો છે!'

'હં.'

મુસાહેબ ગયા. અંદરના ખંડમાંથી દાજી બહાર આવ્યા. એમનો ખટપટથી ખસૂસે રાંક જીવ આજ કાંઈ નવીન સાંભળવાની તૈયારી કરી બેઠો હતો. એ નવીન એમને તુરત સમજાવાયું. એટલે તેમણે પ્રવાસની ઝડપી તૈયારીમાં જીવ પરોવ્યો.

દરમિયાન થોડા વ્યગ્ર બનેલા, અર્ધાપર્ધા માંદગીના અણધાર્યા સમાચારે માતા માટે ઊપજેલી ફિકરે સુધીરનું મન તો હર્દી માતાની શુશ્રૂષામાં રોકાઈ ગયું. ટેબલના ખાનામાંથી ગીતાના પુસ્તકની એવડમાંથી એક વર્ષો જૂનો ફોટો કાઢી એણે નીરખવા માંડચો. એ છબીમાં માતાપિતા બન્ને સાથે હતાં. એટલે જ એવો જરી પુરાણો ફોટો એને ગમતો હતો. એણે દાજીને બોલાવ્યા. કહ્યું :

'જુઓ દાજી! બાસાહબને સારું થઈ જાય એ માટે ત્યાં જઈ આપણે સાહેબને બાપુસાહેબના નામની એક મોટી હોસ્પિટલ ચણાવે તેવી દરખાસ્ત કરવાની છે. મેં એવી માનતા માની એમાં કંઈ ખોટું તો ન કહેવાય ને?'

દાજીનો જવાબ અનુમાની શકાય તેવો હતો. દાજીને સલાહ-કરતાં સંમતિ આપવાની હતી.

ગત થયેલા પિતા અને દૂર રહેલાં તથા માંદગી ભોગવતાં માતાની સંમિલિત પ્રતિકૃતિ નીરખવામાં ગૂંથાઈ ગયેલા સુધીરને માવિત્રનાં વાત્સલ્યની યાદ હૈયે ચડી આવી. આખા યે દિવસમાં એકાદ બે વખત માંડ દેખાતા પિતા તો બહુ વહેલા–ફોટાની મદદથી માંડ યાદ આવે તેટલા વહેલા–ચાલી ગયેલા. માતાને રાજકારોબાર સોંપાણો એટલે ઊલટું પોતાને સાથે રાખીને જ રાજપુરુષોથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળવુંહળવું થતું. એટલે કંઈએ રાજકાજના કામમાં પોતાની હાજરી-ની જરૂર માનતાં માતાની મમતા યાદ આવતાં જળજળિયાં આવી ગયાં. અને એ માંદાં છે. માંદગીના પ્રકાર વિષે તારમાં કાંઈ ઉલ્લેખ નથી; અને ઘણી વખત રાજકર્તાઓની કહેવાતી માંદગી આખરી યે હોય છે કે મૃત્યુ પછીની યે હોય છે: તેમ ગાદીવારસ રાજધાનીથી દૂર હોય અને જ્યાં સુધી મૃત્યુ પામેલા કે માંદાની તહેનાતમાં આવી ન ચડે, ત્યાં સુધી એવાં મૃત્યુ યે માંદગી લેખાય છે એ વિચારે એની આંખ પાછી ભરાઈ આવી.

માતાના મરણ પામવા પછી પોતાનું આત્મીય સ્વજન કોણ રહ્યું? આત્મીય સ્નેહીવિહોણા રાજાની નિરાધારી ભુલાવે કેવળ પ્રજા. પણ પ્રજાથી છેટાં પડી ગયાં છે. અરજદારના રૂપમાં પાસે આવતી જતી પ્રજાનો આદર, સ્નેહ કે ભક્તિ કરતાં ગુલામીના પાશવાળો છે. એક માતાપિતા ખોઈ બેઠેલા રાજાની અનાથતાને તે કેમ સંતોષી શકશે?

આંસુથી ભરાઈ ગયેલી આંખો નિતારી એણે સ્વસ્થ થવા માંડયું. ત્યાં સામેનું બારણું ઉઘાડવા કોઈ યત્ન કરતું હોય તેમ હલતું હતું. પણ ત્યાં તો ઊઘડવાને બદલે એ પાછું જેમ હતું તેમ થઈ ગયું. બહારથી કોઈ પોતાની ચર્યા નીરખવા કરતું લાગ્યું. પણ એ મોટા બારણાંના ઉંબરમાં એક તાજું મુકાયેલું પરબીડિયું એના લક્ષમાં આવ્યું. ટપાલનો એ વખત ન હતો તેમ એ રીતે ટપાલ આવતી ન હતી એથી અજબ થતાં એણે તે લઈ લીધું અને વાંચવા માંડયું.

અત્યાર સુધી એ ઊભો હતો હવે એણે ખુરશીમાં પડતું મૂકયું. આશ્ચર્ય, રોષ, દુઃખ, ભ્રમ અને અપમાનડંખ વટાવતી સંતાપભરી આંખે અંધારાં આવતાં હોય તેમ હાથ દાબ્યા.

બહાર ટેક્ષી આવી ઊભી હતી. સામાન ગોઠવાઈ ગયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાને પહેરવાનાં કપડાં તૈયાર કરી દાજી એની સંમતિની રાહ જોઈ રહ્યા હતા, ત્યાં મુસાહેબ અંદર આવતાં બોલ્યા:

'પધારો બાપા!

બાપાએ આંખો ખોલી. એ ઉઘાડી આંખના તેજમાં મુસાહેબને પોતે અજાણ્યા હોય તેમ લાગ્યું. શૂન્ય બની ગયેલી, ત્રસ્ત લાગણીમાં આંસુ વગરની ઘૂંધવાયેલી એ આંખોનાં બળતાં પોપચાં પાછાં બીડી ગયેલા સુધીર સામું મુસાહેબ મૂંઝાતાં જોઈ રહ્યા.

'બધું તૈયાર છે ને દાજી!' મુસાહેબે આ સમજવા દાજી તરફ અર્થસૂચક આંખે પ્રશ્ન કર્યો.

'બાપાની વારેવાર છે!' અજાણ્યા દાજીએ જવાબ દીધો.

'બાપા સાહેબ!' મુસાહેબે વિનતિ કરી.

'હં.'

'પધારોને! હવે વખત ગુમાવીએ છીએ!'

'હાં...ચાલો જઈએ. મેં જ મોડું કર્યું હોય એવું તમે બોલો છો! તમને આવ્યે પૂરી બે મિનિટ તો થઈ નથી. દાજી!'

દાજીએ કપડાં પહેરાવવા માંડયાં. મુસાહેબ સુધીરની તબિયતમાં થયેલા અચાનક ફેરફારનું નિદાન કરવામાં રોકાણા.

સાફો ફગાવી ખીંટી પરથી ફેલ્ટહેટ લઈ સુધીર ઓરડામાંથી બહાર નીકળ્યો. મુસાહેબ એક નિશ્વાસ ખાઈને ઊઠયા. એમનું ટેબલ ઉપરની અર્ધી ચોળાયેલી ચિઠ્ઠી ઉપર લક્ષ ગયું. નીચે પરબીડિયું પડ્યું હતું. અક્ષરો જો પરિચિત હોય તો ચિઠ્ઠી નહિ પણ પરબીડિયું વાંચવા એ જિજ્ઞાસુ બન્યા.

અચાનક સુધીર પાછો આવ્યો. એણે ટેબલ પરની ચિઠ્ઠી જલદી ઉપાડી લીધી. પરબીડિયું પાછું પડતું મૂકી દેતા મુસાહેબ સાથે થોડો વિષાદ કટાક્ષ કરી એ બોલ્યો:

'કોરું છે. સરનામા વગરનું છે!'

મુસાહેબને બાપાથી માનહાનિનો આ પ્રથમ પ્રસંગ હતો.

૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૬ :

'આપ હવે એઓશ્રીની હાજરીમાં રહ્યા કરજો, બીજું શું!' હળવેથી દાક્તરે કહ્યું.

'હં.' દાક્તરનો અભિપ્રાય જાણવા તેની સાથે બારણા સુધી આવેલો સુધીર પાછો ફર્યો.

પાછા ફરતા સુધીરના મુખ પરની ઝાંખપને દાક્તરની તપાસનું પ્રમાણ માનતી મુક્તા જળજળિયાંવાળી આંખે છેડો દબાવતી એ ઓરડો છોડી ગઈ. એની મા અને બીજી પરિચારક સ્ત્રીઓ નીચે અને મૂંગે મુખે ઊભી હતી.

વાતાવરણ ગમગીન બનતું જતું હતું. રાજમાતા ધીમા શ્વાસ લઈ રહ્યાં હતાં.

બારણામાં મોતી ફરી દેખાઈ એની પાછળ કામદાર (રાજમાતા સાથે તેમને માવતરથી મોકલાયેલા) હતા. એ રાજવૈદ્યને તેડતા આવ્યા હતા.

વૈદરાજે એમના દર્દીની સ્થિતિ કરતાં લબ્ધપ્રતિષ્ઠ આયુર્વેદની નિદાન–ખૂબીઓ વર્ણવતાં, સુધીરને એઓ આગવો ખરખરો કરતા લાગે તેવું આશ્વાસન આપતાં, પોતે સાથે આણેલી પેટીમાંથી દવા કાઢતાં, કોઈ ખાવા કોઈ ચોળવા તો કોઈ સૂંઘવા માટે આપતાં બોલતા ગયાઃ 'આપના જેવા સુપુત્રને ખંધોલે ચડીને જવા કરતાં પછી તે એવું બીજું કયું સુખ? હા. માતા તરીકેની એઓશ્રીની વત્સલ છાયા ને રાજકર્તા તરીકેની એમની રૂડી દૂરદેશી સલાહની ખોટ ન પુરાય તેવી હશે પણ અમૃતના ય કંઈ ધરવ થોડા થાય છે! થોડું ન બોલવું જોઈએ પણ કહી લઉં. એક દિવસ વહેલો આવી ચડ્યો હોત તો વળી બેપાંચ વરસ...આયુષ્યની વાત તો શ્રીહરિને હાથ છે પણ ગુરુના આશીર્વાદથી...પણ ખેર...!' વાત કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતા વૈદરાજ પોતાની પેટીની વસ્તુ ચીજો જે તે ઠેકાણે ગોઠવતા જતા હતા. તે બોલ્યા: 'આશીર્વાદ બાપુ!'

'જી હો. પધારજો વૈદરાજજી!' અને નિયમ મુજબ સુધીરે સાથે ચાલવા માંડયું.

'એટલી દવાની અસરે કંઈ પૂછવા-ગાછવા, કહેવા-કારવવા માટે એમના ત્રણ દિવસ સાચા માનજો!' વૈદરાજથી અજાણતાં જ સુધીરનુંય નિદાન થઈ ગયું હતું.

'હાં...હં.' અને સુધીર પાછો વળ્યો.

બાજુના ખંડમાં દૂર અને નિકટનાં સગાંઓ, ભાયાતો, અમલદાર મંડળ, પ્રજાના મોટેરાઓ માસાહેબની નાદુરસ્તીના કારણે ઊચે જીવે એમના રાજા-સુધીર-ના દુ:ખમાં ભાગ લેતા એકઠા થતા રહેતા હતા. થોડી મિનિટો એ મંડળમાં ગાળી સુધીર હળવો થતો.

'મા! ઈશ્વર આપને સો વર્ષનું આયુષ્ય આપે, કહેતાં મારી જીભ કપાતી નથી પણ...કાંઈ આપવું-કરવું હોય તો, કંઈ અધુ-પૂરી ઇચ્છા રહેતી હોય તો...' વડારણ વૈદ્યની દવાએ સભાન બનેલી રાજમાતાને ભીની આંખે પૂછતી હતી.

'ના મા, સંતોષ છે!' મૃત્યુ માટે તૈયાર બની બેઠેલી ક્ષત્રિયાણીએ વાસનાનો સકેલો કરી લીધા જેવો જવાબ વાળ્યો.

ગામમાંથી રાજદરબાર સાથે સંબંધ ધરાવતાં કુટુંબોની સ્ત્રીઓનો અવરજવર રહેતો હતો. સહુની માયા-મમતા ઝીલતી માતા સદાને માટે છૂટી પડતી હોય તેમ છેલ્લું મળતી સહુનાં આભાર ક્ષમા ઉચ્ચરાવતી રહેતી હતી.

સુધીર કોચ ઉપર ઢળ્યો હતો. મીંચી આંખે કંઈ વિચાર ચોળી રહ્યો હતો એ નજરમાં આવતાં માતા બોલી:

'રાજ કરતાં ઘણું ઘણું એવું કરવાનું સૂઝતું, મળતું. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યથાશક્તિ કરતી રહી છું. નથી થયું તે ભાઈને ભળાવતી જાઉં છું. એ સમજુ છે!' થોડું રહી વળી એ બોલ્યાં:

'રાજાનો મોક્ષમાર્ગ તો પ્રજાની ઉન્નતિમાં છે. મારી પાછળ દાનપુણ્ય, યજ્ઞયાગ કરી મારા આત્માની મુક્તિ માટે ભાઈ કાંઈ કરે તો જ મારું કલ્યાણ થાય એમ હું નથી માનતી. મારું વ્યક્તિ તરીકેનું પાપનિવારણ યથાશક્તિ કરવા મથી છું. રાજા તરીકેનું નિર્વાણ પમાતું હશે કે કેમ તે તો હું જાણતી નથી. સાંભળ્યું છે કે રાજેશ્રી નર્કેશ્રી.'

'પાંચ આંગળીઓ કાંઈ થોડી સરખી હોય છે, બા!' વડારણ બોલી.

'હા, તે ખરું. પણ પોંચાની બહાર નહિ. રાજાઓ અત્યારે તો વિલાયતી વૈભવો ભોગવવામાં 'રાજા' મટી રહ્યા છે. ને ઉપરિ-યામણમાં સરકારનું ગોલાપું. વધારે ખરચવા વધારે આવક ઉપજાવવા રાખધૂળ રસ્તા ગોતે છે. પણ ખાણમાં ખાંડ નાખ્યે ઢોર વધુ દૂધ આપે તે ક્યાં સુધી? પ્રજા તે બિચારી કેટલાક કરવેરા ભરી શકે!'

'ને રાજાઓને કોઈ જાતિ યે નથી. ધર્મ નથી. એ બધા અંગ્રેજ સરકારના પહેલાં તો આ દેશના આપમેળે બની બેઠેલા કબાલીઓ–આડતિયાઓ અને હવે નજરકેદીઓ છે. પ્રજાને તો એ બેઉ વચ્ચે ત્રિશંકુ કરી મૂકી છે. એને કોઈ ગણકારતું નથી. પ્રજા યે નિષ્પ્રાણ છે. રાજા સામું જોઈ રહેતી પડી સડે છે. રાજા કે નોકરો સહુ પહેલાં પ્રજા છે એ ભુલાઈ જવાયું છે. ગુમડાં જેવા રાજનોકરો પ્રજાશરીરને નબળું બનાવી રાજાને અપજશનો પોટલો બનાવતા રહે છે. પ્રજા બિચારી દુઃખી છે. સુખ તો મેં ?વ્યું છે તેવું કલ્પનામાં ભર્યું છે; તે સારા દી'ની આશામાં બિચારી ગદર્યે જાય છે. ને જ્યાં રાજ આડે નથી આવતું ત્યાં પ્રજા બીજી જ કોઈ ધર્મ કે સામાજિક કુપ્રણાલિઓથી રિબાતી રહે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મને એ બધાનો ઉપાય કેળવણી લાગેલો પણ ભૂખ્યાં ભણાશે નહિ. એટલે રાજાએ બહુ જરૂરનું ખર્ચ રાખી બાકીનું ઉપાર્જન પ્રજાને સાચી વિદ્યા મળતી થાય તેવું કરવામાં રોકવું જોઇએ. તેમ એકલી વિદ્યાનાં ય બટકાં ભરાતાં નથી. કંઈ હુન્નર ઉદ્યોગ કે કળાકૌશલ્ય ખીલવવાં ઘટે.'

'મારી પાસે આઠ લાખના દાગીના છે તેમાં થોડા મારા માવિત્ર તરફના અને બાકીના મહારાજા સાહેબની બક્ષિશ છે. હું એ ભાઈને જ આપતી જઈ શકું. હા. મારી ઇચ્છા એવી ખરી કે મેં મારાથી પૂરી ન થઈ શકેલી બાબતો જે એક ડાયરીમાં નોંધી રાખી છે તે માટે ખર્ચાય!' વડારણની સાથે વાતો કરતી લાગતી માતાનું બહુધા પોતાને જ અનુલક્ષીને ઉપદેશતું છેલ્લું વાક્ય સુધીરને ઉત્તર દીધા વગર ન ચાલે તેવું હતું. એ બોલ્યો:

'પણ બા! મારે એ રકમને શું કરવી છે અને આપે એ મને શું કામ આપતાં જવી? મારા પિતાજી કે આપના બાપુની એ બક્ષિશ કીધેલી ખરી પણ એઓ કયાં પરિશ્રમ કરવા ગયા હતા. કદાચ એમણે રાજા તરીકે મળતાં સાલિયાણામાંથી બચાવી હોય તોપણ રાજા તરીકે એઓને મળતી ખર્ચી પ્રજાના પૈસામાંથી આવી એટલે આપ એનું જે કંઈ કરવા ધારો છો તે માટે એ અનામત રહેશે. મને એ રકમનો હક્ક પણ નથી. ન તો રાજા તરીકે ન વારસ તરીકે!'

એ ઘડીક અટકયો. પોતાના બોલ્યાની અસર ઉકેલવા. પણ એણે માન્યા પ્રમાણેની અસરથી માતા મુક્ત હતાં. આશ્ચર્ય સાથે એણે ઉમેર્યું: 'અને તેમ છતાં ય આપ કંઈ આપી જવા ચાહતાં હો તો મને એ ડાયરી જ જોઇએ!'

'વાહ ભાઇ!' પ્રસન્નપણે સગર્વ માતા એ સાંભળી બોલી ઊઠી.

સુધીર ઊભો થયો. માતાના બિછાના નજીકની ખુરશી પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠક લેતાં એણે આસપાસમાં મૂંગી રહી સાંભળતી પરિચારિકાઓને ઉદ્દેશીને કહ્યું: 'તમે સહુ થોડો વખત આરામ લ્યો, જાવ!'

સહુ બહાર ગયાં. મોતી સહુની પાછળ હળવે રહ્યાં જતી હતી તેને સંબોધીને સુધીરે કહ્યું: 'મુક્તા તમે અહીં જ રહો!'

'ભલે બાપા.' વિમાસતી મોતી પાછી ફરી.

'હું કંઈ પૂછું બા સાહેબ?' થોડું વિચારી સુધીરે પૂછ્યું.

'પૂછોને ભાઈ!' બંધ રાખેલી આંખ ખોલી માતા બોલ્યાં.

'મને દુ:ખ થાય છે કે મારે હવે એવી વાત કયાં કરવી. પણ મારાથી રહ્યું જાતું નથી. જે જાણીને મેં કદાચ સદાને માટે જીવનનો રસ ગુમાવ્યો છે તે કહીને મારો ભાર હળવો કરું. જે આપને માટે છેવટનો એકરાર થઈ પડશે. હા, ખેદની વાત છે. આપને પણ દુ:ખકર્તા થઈ પડે તેવી. છતાં એ છેવટ એક સત્ય છે જે સુખદુ:ખથી હંમેશાં પર હોય છે. એટલે...કહો! હું તમારો...!' સુધીરની લાગણી વાણીનું રૂપ પામતાં અટકી ઊભી. કહી દેવા તત્પર કીધેલું મન પાછું હઠી ગયું.

અવાક્ પુત્ર ઉપર માતાની આંખો થંભાણી. પુત્રના મુખે અને મનમાં વમળાતી પીડા, દાહતી વૃત્તિનું માપ કાઢતી માતાની વિષાદમૂર્તિ કાંઈ પણ બોલ્યા વિના જડવત્ બની ગઈ. ભાવના આવેશે માતાએ મોટા થઈ ગયેલા પુત્રને ખુરશી પરથી ખેંચી પડખે લેવા કર્યું. દર્દીમાતાએ પલંગ ઉપર લગભગ ખોળા નજીક લઈ પુત્રનું માથું પંપાળતાં પડખામાં લઈ જિજ્ઞાસા અને મમતાભર્યાં પૂછ્યું: 'કહો મારા પેટ, શું કામ અચકાવ છો? બોલો મારા વહાલા! તમે હમણાં હમણાં હું માંદી પડી ત્યારથી, કૉલેજમાંથી આવ્યા છો ત્યારથી ગમગીન રહો છો તેનું એ જ કારણ હશે કદાચ. પૂછો! મેં મન વાળ્યું હતું, એવું સમજીને કે ભાઈ હવે યુવાન થયા. યૌવને માવિત્રોના સ્નેહ ઝૂંટવી લીધા છે: બસ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું થોડું એટલા પુરતું જીવી હોત તો તમને પરણાવી મારી આંખો ઠારત. પણ મને ઈશ્વરે એટલી તક આપવા ધારી લાગતી નથી. શું છે કહો ભાઈ?'

'હું આપને ન જ પૂછત પણ જેમ જેમ હું આપનું હેત અનુભવતો જાઉં છું તેમ તેમ મને એ શંકા દઢ થયાં કરે છે... મને કહો હું આપનો સાચો પુત્ર છું?' સુધીર ઘડીક ચૂપ રહ્યો. જોયું તો માતા જિંદગીનું સરવૈયું કરતી લાગે તેટલી ગંભીર થઈ ગઈ હતી હતી. બોલ્યોઃ 'અંત સમયની આપની મારા તરફની મમતા પામી હું ઊલટો વધુ અજંપ થતો રહું છું.'

માતા શાંત રહી. એણે આંખો પાછી મીંચી લીધી. થોડી વિચાર સમાધીમાં ઉતરી ગઈ લાગતી એમની આંખો ઊઘડી ત્યારે પોપચાં હેઠળથી આંસુ પણ બહાર આવ્યાં.

કાબેલ, શાણી, વ્યવહારુ અને દક્ષ માતાનાં આંસુ ભાળવા-નો સુધીરને માટે આ પહેલો અવસર હતો. ત્રસ્ત બની એ બોલી ઊઠ્યોઃ 'હું આપની ક્ષમા માગું છું, બા!'

પુત્રના ખભાનો ટેકો લઈ રહેલા માતાના હાથ પાછળનો તકિયો તપાસી શરીરને ટેકો દઈ મોઢાને છુપાવી રહ્યા, છેવટ સ્વસ્થ થઈ નીચું જ જોઈ રાખી માતા બોલીઃ

'બહુ સારું થયું ભાઈ કે તમે મને એ પૂછ્યું! તમારે પૂછવાનું એ હશે એ પાંતીનો તો મને વહેમ ન હતો. હું તો એ ભૂલી ગઈ હતી. તે તમે યાદ કરી દીધું. માનશો? માણસ આટલું બધું ભૂલી જઈ શકે કે કેમ તેવી કદાચ તમને શંકા થશે. મારે માટે એવી શંકા ન કરશો. હું જે કાંઈ કહું તે સાચું માનજો. મરણના મોઢામાં ઊભેલીના બોલમાં હવે શ્રદ્ધા રાખજો!

'હું તમને કહું છું કે તમે મારા જ પુત્ર છો. હું તમને કેમ કરીને સમજાવું કે હું કહું છું તે સાચું જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા, જુવો! આ મોતી મારે પેટે અવતરેલી. મોતી બીતાં બીતાં આ બધું સાંભળતી હતી તે આથી વધુ શૂન્ય બની ગઈ.

'હા, પહેલાં મારે મારું માનેતીપણું સાચવવું હતું, તે પછી ભાગ્યાધીન તમારાં એ બીજાં માતા અપુત્ર ગુજરી ગયાં. મારા કામદારને દીવાન થવું હશે, એ ય ખરું. મને ય સંતાનની ભૂખ હતી. એમાં ય હું પુત્ર જ માગતી હતી.

'બેટા! એ વખતે હું ય નાદાન તો હતી જ. આવડા મોટા રાજ્યનો સ્વામી મારો પુત્ર હોય એને હું સૌભાગ્ય માનું અને એવી લાલચ કરું તેવી.

'રાજા કે કૂબો. પોતાનું માનેલું બધું–સ્થાવરજંગમ, ઘરબાર, વાડીવજીફા, ઢોરઢાંખર, માલમિલકત–બધું આપી જવા, એમને માટે પાછળ મૂકી જવા માવિત્રો સંતતિ ચાહે છે. પિત્રાઈઓ, દુશ્મનો કે પરાંયાઓને હાથ ન પડે, ચોર–લૂંટારા કે રાજને ન જાય એટલે એનો ભોગવટો કરનાર 'પોતાનું' હોય એવું.

'પોતાના અને પારકાના ભેદનું રહસ્ય કોઈ ત્યાગીને પૂછજો. મારા કરતાં એ વિશેષ સ્પષ્ટતાથી સમજાવી શકશે. સંસારી મટી સંન્યાસી બનેલાઓનું એ પ્રાથમિક જ્ઞાન હોય છે.

'હું તો તે વખતે પામર હતી. હજી ય હઈશ કદાચ. હું વૈભવમાં રાચતી માત્ર સ્ત્રી હતી ભાઈ! મને ય એક એવો 'વારસ, જોઈતો હતો. કામદારે એ ગોઠવી દીધો. હું તો ભાનમાં યે ન હતી. મેં તો ફક્ત ભાનમાં આવ્યા કેડે જાણ્યું કે મને પુત્ર અવતર્યો છે.

'હું તો મારાં બડભાગીપણાથી ફૂલાતી હતી. હું તો તમારા-માં ઘેલી બની બેઠી હતી.

'ભાઈ, એ પછી ત્રણ–ચાર મહિને ચણભણ ચણભણ વાત મારે કાને પડી. પહેલાં તો મેં એ માન્યું જ નહિ, કે અદેખાઈના માર્યાં પેલાંએ ઉડાડ્યું હશે. પણ તપાસને અંતે આ મોતીને પાછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેળવી લીધી. સાચાં–ખોટાંની મારી અજ્ઞાન માન્યતાઓમાં રહી મેં મોતીને તો પાસે જ રાખવા ચાહ્યું.

'ને થોડો વખત મને એક બીજો સાચો પુત્ર મળે તેવી વાસના રહ્યાં કરી. પણ તે થોડો જ કાળ અને તે ય તમને ખોટાને સાચા ઠરાવવાની ઠગાઈથી ઈશ્વરનો ડર લાગેલો એટલા પૂરતી. અરે ઈશ્વરને ય હું ત્યારે કેવો અલ્પ માનતી! એણે તો સાચાને મારી-પાસે મોકલી દીધો હતો. રાજા ઈશ્વરનો અંશ મનાય છે, નરાણાંચ નરાધીપમ્!

'મને થતું કે આ બ્રાહ્મણનો દીકરો રાજબીજ નથી. રાજ-લક્ષણો વગરનો એ કદાચ મારી કૂખ લજવે પણ આજે હવે સમજી છું કે હું તે વખતે મધ્યયુગમાં જીવતી હતી. ને કૂખને દોષ દઈ શકાતો હોય તો અમ ક્ષત્રાણીઓનો ગુનો ય ઓછો નથી. તેમ આપણા પ્રાંતમાં સાતથી આઠ રાજાઓના તાજા દાખલા મને જાણવા મળ્યા કે એઓ કંઈ ને કંઈ ભળતી જ હિન્દુ કોમમાંથી મેળવેલા. એટલે રાજાનો પુત્ર જ રાજા થાય કે કહેવાય એ માન્યતા કે ઈશ્વરના અંશ તરીકે ચીતરાતો હોવાની વાતમાંનું ગોપ્ય મેં તે દિવસથી જાણ્યું.

'માનવ–સમાજમાં રાજાની ઉત્પત્તિ ક્યારે, ક્યાં અને કેવા સંજોગો વચ્ચે થઈ હશે. અને સંસારને રાજા જેવા એક આદર્શની કાયમને માટે જરૂરત હોય તે બાબતો તમે તમારા અનુભવમાં જાણતા જશો. ઉડાડી મૂક્યાં પછી આપઘાત કર્યા વગર જીવતા, રાજધાનીથી હજારો કોસને અંતરે, પોતે એક વખત રાજા હતા તે સ્મૃતિથી ચ્યૂત થયેલા તમને મળી આવશે. જ્યાં હજારો વર્ષથી સૂર્ય અને ચંદ્રના વંશમાં ઊતરી આવતા રાજાઓના દોર, પરા-પૂર્વથી ચાલ્યા આવતા હતા ત્યાં અત્યારે એકાદ કમાલપાશા કે સ્ટેલિનને–હિટલર કે મૂસોલિનિને શાસનનો ભાર વહેતો જોઈ, રાજાઓની ઈશ્વરના અંશ તરીકે થતી ભાટાઈનું તથ્ય તમે સમજશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આ સૃષ્ટિમાં માનવ જ ઈશ્વરનો અંશ છે. પછી એ રાજા હો કે રંક. સ્થિતિથી રાજામાં જે કંઈ વ્યક્તિત્વ આવે છે એ બીજા માનવોથી જુદો પડી જતો એને માત્ર દેખાડે છે. કે પ્રજાના પ્રેમના અભિષેકમાંથી જન્મતું એ તેજ પણ હવે ક્યાંય નથી રહ્યું.

'હં...મેં તમને મોટા કીધા છે. તમે પહેલવહેલું બોલ્યા કે ચાલ્યા એવા પ્રસંગોએ અહા હું કેટલી ખુશી થતી! પાછું મને સ્મરણ થઈ આવે કે આ તો મારો પેટનો દીકરો નથી ને? પણ ના, હું ઈશ્વરની અપરાધી થાઉં જો હું અત્યારે ખોટું બોલતી હોઉં. સાચું બોલેલું ખોટું ગણાય એના જેવું એકેય દુર્ભાગ્ય કે પાપ નથી. અંતરનો એ ડંખ ધોઈ નાખવા હું મન મારતી કોમળ થતીથતી છેવટે એ દ્વૈતભાવ વિસરાય તેટલે દરજ્જે તમારામાં મારું પ્રતિબિંબ ભાળતી થઈ ગઈ છું.

'ને મને તમને પારકા ગણવાનો શું હક્ક હતો? અગર હું તમને સાચી માતા ન થઈ પડું તો મારી શી ગતિ? મોતીને તો મેં મેળવી લીધી, પણ તમને જ્યાંથી મેળવ્યા ત્યાં થોડી મોકલી શકી?

'મારું અંતર તમારાં બાળક—ઈશ્વરનાં રૂપ જેવાં બાળકજીવનને માટે સાચી ખોટી બાજુએ રહી પણ એક મા બનીને એ ડંખ ધોવા આતુર રહેતું. મને અવારનવાર યાદ આવી જતું અને હું માળા લઈને ઈશ્વરમાં મન પરોવતી. છેવટ વર્ષોની મનઃતપસ્યાએ હું સાચી મા બની શકી છું!

'અને તમે મોટા થતા ગયા. મને તમારા કરતાં બીજા કોઈએ સાચી સુખી બનાવી નથી. કહ્યાગરો, ડાહ્યો અને શાંત, સુશીલ, ગુણી, ને પ્રેમાળ દીકરો કઈ માને સુખી ન કરે!

'મારે એ કહેવું તો ન જોઈએ પણ પત્ની કરતાં હું મા તરીકે વધુ સંતોષ પ્રાપ્ત કરી શકી છું. તમારા પિતાએ મને કદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્યાય કર્યો નથી પણ તમને જોઈ મને શેર લોહી ચડયું છે. એમ એમ હું તમારાથી વધુ ને વધુ નિકટ આવતી ગઈ!

'હું દુનિયાને કેમ કરી જણાવું કે પેટે જણ્યું ન હોય તે પણ પેટના જણ્યાથી વિશેષ થઈ શકે છે! શરીરના સંબંધ કરતાં મનનો સંબંધ વિશેષ દૃઢ હોય છે. મારા શરીરમાં તમારું બંધારણ ભલે ન થયું: આટલું રૂપ અને સંસ્કાર હું તમને ન આપી શકી હોત, પણ મારા મનના ગર્ભાશયે તો તમને જન્મ આપ્યો છે જ. મનના સંબંધ ઉપર કીધું છે કે:

'દિલ લગા સો સગા, હાડ સગા નહિ હોય;
માતા બેઠાં મેહળા, એહ પઠંતર જોય.'

'સતિ થતી પત્નીના સ્નેહનું એમાં મહાત્મ્ય છે. શરીર સંબંધી માતા પુત્રના મૃત્યુથી જીવતી બેઠી રહે છે. અને પારકી જણી કહેવાતી પત્ની પાછળ ચાલી નીકળે છે.'

માતાનો વિચારસ્રોત અખંડ વહેતો રહ્યો. સુધીરની ગ્રાહક વૃત્તિ તથા મોતીનું મૌન એનું પૂરક બની રહ્યું હતું. થાક ચડતો ત્યાં થોડો મૌન–સહારો લઈ આગળ પ્રવાહમાં તણાતાં માતા બોલી:

'મોતીના ય સુખદુઃખના વિચારો મને આવતા. પણ હવે એવું કશું રહ્યું નથી. તે હવે તમારે જોવાનું છે. એનાં લગ્ન માટે ડાયરીમાં મેં થોડો ઉલ્લેખ કર્યો છે. તે એને એક રાજકુમારી તરીકે નહિ પણ એનાં શીલ સંસ્કાર સામું જોઈને.'

ભૌતિક કે માયિક સુખની પણ મર્યાદા છે. એ પડળ અવસ્થા પક્વ થતાં, અનુભવે ઘડાતાં આપમેળે ગળી જાય છે, ભાઈ!'

અર્ધ્ય થઈ માતાના પગ પર પડતા આંસુને ભીની આંખે સુધીર લૂછતો હતો. માતાને થાક ચડયો હતો. એ બોલતા અટકયાં. ઉધરસ આવી. મુક્તાએ પાણી ધર્યું. થોડી વારે નિશ્ચેતના વત્સલા માતાએ બળપૂર્વક ટટાર થઈ પુત્ર–પુત્રી બન્નેને જોઈ આસપાસ આંખો ફેલાવી કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મેં તમને ભાઈ, ભાવિરાજા કરતાં કોઈ સામાન્ય સ્ત્રીના દીકરા જેવા મારા રહો તેવી ઈશ્વરને પ્રાર્થના કર્યા કરી છે; તે તમને પણ કરું છું. મારો મોક્ષ ત્યારે જ થશે જ્યારે તમે અંતઃકરણપૂર્વક મને તમારી જનેતા ગણશો!'

માતા વળી મૂંગી રહી ગઈ. સુધીરની નજર આખરી કરાર લેતી લાગતી માતાની નિર્મળ મુખાકૃતિ આસપાસ આંટા લેતી રહી. મુશ્કેલીપૂર્વક એ બોલ્યો:

'મને ક્ષમા કરો! હુ આપને લાયકનો દીકરો હઈશ કે કેમ તે તો પ્રભુ જાણે પણ આવતે ભવ આપને પેટે અવતાર પામું એવું એની પાસે માગું છું આજે!'

'ભલે મારા વહાલા, મારા લાલ.' એ વધુ ન બોલી શક્યાં.

સુધીરે ખીસામાંથી પેલી ચિઠ્ઠી કાઢી. સામું જોયા સિવાય ફાડી નાખી. એની કરચો ફેંકી દેવા મુક્તા તરફ લંબાવી અને તુરત જ હાથ પાછો ખેંચી લઈ પોતે જ બહાર ફેંકવા ઊઠ્યો.

'બાપા! મારા સમ આપ એ મને આપો!'

બારીમાંથી હાથ લંબાવી કાગળનો ડૂચો બની ગયેલી એ વિષમયપત્રિકાના કટકા ફેંકી સુધીર પાછો આવી બોલ્યો:

'હવેથી મને બાપા ન કહેતાં ભાઈ કહેજો બહેન!'

માતાનું દર્દે કબજે કરેલું શરીર નિશ્ચેષ્ટ સમું છતાં સજીવતાનો ખ્યાલ આપે તેમ હાંફતું તંદ્રામાં ઘેરાઈ પડ્યું હતું.

નિદ્રા રોકતાં સુધીરનાં પોપચાંએ લાલાશ પકડી હતી. છતાં આંખમાંથી ઊંઘ ઊડી ગયા જેવો સંતોષ અનુભવતો એ દેખાતો હતો. કશા ય વિચાર વગરનું એનું હૃદય કોઈ અપાર્થિવ ભૂમિમાં ભમતું હતું.

બારી ખુલ્લી હતી. દૂર પડેલી ધૂપદાનીમાંથી પ્રસરતો સુગંધમિશ્રિત ધૂપ વાતાવરણને દૈવી બનાવી રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોઢી ઉપરના પહેરાવાળાઓની ધીમી ગુફ્તેગોને પ્રેરતું તાપણું ઠંડીની ઋતુને સહ્ય બનાવતું જાગતું હતું.

હરમ્રડી ઓઢણું સંકોરતી મુગ્ધા મોતીને ઠંડી માટે વિરોધ હોવા સંભવ ન હતો. સ્નેહની ઉષ્મામાં ઠીકરું થઈ જાય ત્યાં સુધી એને અધીર ન હતી.

સુધીર ઊભો થયો. એણે નીચાં ઢળ્યાં કંઈ વિચારતંદ્રામાં રહ્યાં લોચને માંદી માતાના ઢોલિયા ફરતાં ચક્કર લેવા માંડ્યાં.

મોતીને એનું રહસ્ય તો ન સમજાયું પણ ઊલટી ચિંતા થઈ. એટલે એ સભય બોલી:

'ભાઈ...આપ હવે પોઢવા પધારશો!'

'બહેન, બાએ હવે જ જીવવું જોઈએ!'

અને ઓરડામાં પ્રકાશ ઝળહળી ઊઠ્યો. સુધીર તથા મુક્તાએ બન્નેએ એક મોટો તારો ખરતો ભાળ્યો.

બન્ને બાઈબહેન સભય સશંક માતાના દર્દી દેહને જોઈ રહ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કળાયલ

મુગ્ધ–મધુર અમે બહાર આવ્યા. અને બારોબાર કલબમાં પહોંચ્યા, પણ તે પછી કલબના રોજિંદા ક્રમ પ્રત્યે મન નિરસ બની બેઠું.

ઉદયશંકરના નૃત્યપ્રયોગો જોવાની ઝંખના તો ઘણા વખતથી થયેલી. પશ્ચિમને નૃત્ય દ્વારા ભારતીય સંસ્કૃતિની ભુલાયેલી કલા-સૂક્ષ્મતાનો પરિચય કરાવી સ્વદેશનું એ ક્ષેત્રે બહુમાન કરી રહેલા એ નૃત્યકાર માટે પહેલેથી જ અનુરાગ ભર્યો હતો. અને એમાં એના નૃત્યે અસાધારણ ઉમેરો કરી દીધો. નૃત્યમાં અમને એવી કાંઈ લાંબી સૂઝ તો નહિ, હા, ઊંડી લાગણી અને ધીરગંભીર સદભાવ ખરાં. પણ નૃત્ય જોયા પછી થોડી સમજણે જે અનહદ આનંદથી અંતર છાઈ રહ્યું એ જીવનના બહુમૂલા સુખપ્રસંગોમાંના એક તરીકે સ્થાન પામનારામાંહેનું હતું.

એટલે અમારું ટેબલ આજે બીજની ટ્રીકસ પછવાડે મગજ રોકી શકે તેમ ન હતું. પ્રશસ્તિભરી વિવેચનામાં અમે અમારી નજીકના ટેબલવાળાઓનું ધ્યાન પણ ખેંચી શકયા હતા. એકધારા-પણા અને વૈવિધ્ય વચ્ચેની પસંદગીમાં વૈવિધ્યનું સ્થાન હરવખતમાં હરસ્થિતિમાં સદા ય બિનહરિફ રહ્યું લાગે તેમ સહુ ખુરસીઓ નજીક ખેંચી પાસે ગોઠવાણા.

'એણે જે રાસનૃત્ય કર્યું તે તેની છેલ્લામાં છેલ્લી તૈયારી-માંનું છે. અહીંયાંથી ઉદયશંકર તેના એક–બે સાથીઓ સહિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામડાંઓ ઘૂમી આવ્યા ને એ શીખતા પણ આવ્યા! વાતને હમેશાં વેગ આપવા પૂરતું શરૂશરૂમાં ભળી પછી મોટે ભાગે ચૂપ રહેતા એક શ્રી મહેતા બોલ્યા. લોકો વિષે વિગતવાર માહિતી જાણવાની સ્થિતિમાં રહેતા એ ગૃહસ્થે વળી ઉમેર્યું: 'એને માટેના શૃંગાર પણ ત્યાંથી જ ખરીદતા આવ્યા છે!'

'આભલાંવાળા ચણિયા ને કાપડાં, બોરાલાં ને રંગબેરંગી ફુમતાંવાળી નાડી, લીલી મગજી મૂકેલા લાલ ફટકા ને ચંદરવા ને ભરત ભરેલા ચાકળા ઘણું લાવ્યા છે. મોઢે માગ્યું ચૂકવીને હો!' એવી બાતમી પામવામાં બહુધા અગ્રણી અને અદ્યતન રહેનારાઓ વચ્ચે સ્પર્ધા જેવું હોઈ શકે તેવો ખ્યાલ આપતા બીજા એક શ્રી શાહ નામે ગૃહસ્થ બોલ્યા.

વાતનો ઝોક બઝારભાવ તરફ જતો રોકી મેં કહ્યું: 'એ રાસનૃત્ય આપણા ગૂજરાતીઓને કદાચ ન પણ આંજે બાકી બિન ગૂજરાતીઓમાં એ ભાર ઊંચકાય!'

'પણ ખૂબી જોઈ ને? આપણી જ વસ્તુ એને હાથે કેવી સરસ ચગી!' અમારામાં નૃત્ય વિષે જેમનો મત પ્રમાણભૂત માનવો પડે તેવા મારા એક મિત્ર શ્રી પરીખે કહ્યું.

'ખરી કમાલ તો એણે તાંડવમાં કરી!' મહેતાએ વળી વેગ આપ્યો.

'કે પછી આપણને જે ખૂબ ગમ્યું તેમાં આપણી ખૂજ ભાગ ભજવતી હોય!' મેં કહ્યું.

'એપ્રિસિએશન મોટી વાત છે બાકી સામાની પ્રવીણતા પણ ખરી. ગમે તેવો બોદ્યો પણ ઘડી થંભી રહે તેવું એના તાંડવમાં છે!' મહેતા બોલ્યા.

'કશી જ ગતાગમ વગરનાને પણ તાજુબ કરી શકે તે કળા!'

'તાંડવમાં મુખ્ય આકર્ષક તત્ત્વ મહાદેવનું ઉદ્દાત–ભવ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચરિત્ર છે.' પરીખ બોલ્યા અને ઉમેર્યું: 'આપણા પુરાણ-પિતા ભગવાન શંકરનાં વ્યક્તિત્વની એ વિશેષતા છે એવી વિશ્વવિભૂતિના આહ્લાદ અને વિષાદે એવા વિષદ્ અને વિષમ હોય. તાંડવ પછવાડે એવાં મહાન દૈવી જીવનના વિરાટ સત્વો વણાયાં છે. જગત-જીવનના વિધાયક તત્ત્વોને પ્રતિનિધતા કરુણાસિન્ધુ મહાદેવના પાપ વિમોચક કલ્યાણકામી જીવનના પ્રવાહોને મૂર્તિમાન કરવા મથતાં આ તાંડવમાં, સૃષ્ટિના અંતિમ વિનાશ તરફ ધપતા શિવના સૂત્રસંચાલનને સચોટ કરતા ઘેરા સૂરઘોષનું ઉદયશંકરનું વાદ્યઆ-યોજને જોયું ને? સંતપ્ત અને સંક્ષુબ્ધ મહાદેવના કોપશમન માટે સ્તુતિ અર્ચન કરતાં ગંગા અને પાર્વતી તથા ગણો દેવોની કરુણા પણ એને ભવ્ય બનાવી રહેતાં હતાં ને? અને એ બધાંને રૂપ વેગ અને અર્થઘન બનાવતાં આનુષંગીઓમાં સમૃદ્ધ વસ્ત્રાલંકાર, તાલ-નાદ આદિ તથા પુરાણકાલીન વાતાવરણ જમાવવામાં મદદકર્તા ઇતિહાસનું જ્ઞાન પણ એટલાં જ ભાગ ભજવી જાય છે!'

'એવા લાવ-ખરચ તો ઉદયશંકરને પોસાય ભાઈ!' પેલા શાહે પાછું સોંઘા-મોંઘાનું બઝાર સર કર્યું.

એમને જ જવાબ આપતા લાગે તેમ પરીખ બોલી ઉઠ્યા: 'પણ તેથી ગરીબોમાં નૃત્ય ભાવના નથી એવું કાંઈ નથી મિ. શાહ! સાધન અભાવે કે શાસ્ત્રીયતાના અજ્ઞાને ગરીબોની કલા હીણાય કે કૂબડી લાગે તે હશે પણ તે કલા મટતી નથી!'

હું એના સમર્થનમાં મારા જ ગામનો એક કિસ્સો કહું, ચાલો!

'કહો કહો!'

'હા હા એ ઠીક છે!'

'શરૂ કરો, ચલાવો!'

'ભઈ સાંભળો!' કહેતા બધા કુતૂહલભર્યા સાંભળવા તત્પર બન્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એક મિનિટ પ્લીઝ!' કહેતાક શાહે તાળી પાડી છોકરાને બોલાવ્યો અને ચોમેર નજર પાથરી વાતમાં રસ લેતા સહુને વિનયથી પૂછ્યું.

'આપ કોઈ કશુંક લેશો?' અને એમના પોતા માટે લેમન-સ્ક્વોશનું ફરમાવી સહુના સાભાર નકાર સ્વીકારતા વિરમ્યા. કોઈએ આ તકે સિગરેટો સળગાવી તો કોઈએ પાન બનાવવા માંડ્યા.

'સાઠેક વર્ષ પહેલાં બની ગયેલો આ કિસ્સો છે. અમારા ગામમાં આજે પણ કોળીની વસ્તી ઠીક ઠીક છે. તે દિવસોમાં પણ હતી. આજે પડખેના ગામે પીઠું ઊઘડ્યા પછી કોળીઓ ઘસાતા ચાલ્યા છે. બાકી તે દિવસોમાં સહુ સુખી હતા ને આ કિસ્સો એવા એક કોળી માટીબૈયરનો છે. જેનો કૂવો હજી ઊભો છે ને વંશવેલો ય ચાલતો છે. આપ સહુ જાણો છો કે મારે ત્યાંખાતે જમીન છે. ઘરખેડ છે. આ કોળી શંભુડો અમારું લોક હતો.' દરમિયાન મહેતાએ પરીખને એક પાન લંબાવ્યું તે મોમાં મૂકતા પરીખે આગળ ચલાવ્યું.

'મોટે ભાગે ગામ ઝાંપે કોળીઓનાં ખોરડાં છે. કેટલાકને તો સારાં ઘર છે. બાકીનાઓ તો આવા કૂબાઓમાં જિંદગી ખેંચી નાખે છે. હવે તો કદાચ નમૂના દાખલ એકાદ બે કૂબા માંડ છે. શંભુડાની થતી જુવાનીની આ વાત. એ દિવસો ઘી, દૂધના બાંધાના. રૂપાળો ય ખરો. રંગીલી તો એ આખી નાત છે. ઓડિયાં રાખે. કાંગસી ભેરવી હોય. તેલથી માથું તરબતર હોય. ધોયેલાં કપડાં અને શ્રમભારે જળવાયેલું. તંદુરસ્ત બદન. સાચાં નીરોગી શરીર વગર આપણે ન સમજી શકીએ કે નૃત્ય અને કૌવતવાન જુવાન બદનને કેવો સંબંધ છે. એની બાયડી યે ભારે રસીલી બાઈ. જુવાન જોધ. છોકરુંછૈયું કાંઈ નહિ. હજી નવતર. કોડભરી એ કોળણ અને કોળીને એના માબાપે જુદાં કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફટવી મૂકેલાં. ઈ બેઉએ નવા કૂબામાં સંસાર માંડી દીધેલો. અને એ ય હિલોળા કરતા રહે.

'આપ સહુ જાણો છો કે ગામડાંઓ જેટલાં સાચી કલાની નજીક છે તેટલાં શહેરો નથી. ગામડાંઓના ઘરગથ્થુ વાસણો અને રાચો માટે પ્રસિદ્ધ નૃત્યકાર રૂક્મણિ દેવી અરંડેલનું વ્યાખ્યાન આપણે સહુએ સાંભળ્યું હતું. તેમણે જ કહ્યું હતું કે આપણા હિન્દી ગામડાંના રસોઈનાં માટીનાં ઠામોના ઘાટ પેરિસ લંડનના ઉમરાવ ઘરોની શોભા બની બેઠાં છે તેટલાં કલાત્મક છે. તેવું સાંભળીએ ત્યારે બહુ તો આપણે દેશગૌરવ અનુભવી છૂટીએ તેટલું જ. એમાંનું આપણે પહેલ કરી ધારી શકીએ તે દિવસો હજી છેટા છે.

'એવું જ ગામડાનું રંગવિધાન. એવી એની વસ્ત્રકલા. ઘેરવાળાં કેડિયાં જે આપણા કણબીઓ પહેરે છે તે પહેરીને તો ઉદયશંકરે આપણને નૃત્યને વેગ આપતી એ વસ્ત્રકલાની દૃષ્ટિ આપી. તેમ ગામડાંઓ ઋતુના તાલ સાથે જીવે છે. એ પણ આપણા સહુના ખ્યાલની વાત છે. આપણા કેટલાક તહેવારો તો ઋતુના મહાત્મ્ય જ છે, એ બધું આ શંભુડાના વખતમાં એની પૂરી કલામાં સચવાઈ રહેલું. અને એ બધાં પ્રત્યેનો ગામડાંવાસીઓનો રસ અને સૂઝ પણ. એ પછી તો વિદેશી ચીજવસ્તુઓથી આપણાં શહેરી બજારો ઊભરાતાં ચાલ્યાં. ને હટાણે આવેલો ગામડિયો હરિકેન ફાનસથી માંડીને ચાનાં પડીકાં કે પ્રાયમસ વહોરતો થઈ ગયો. તાવડી વાજાંની બલિહારી તો મને ય યાદ છે. કારણકે મેં ય નાનપણ ગામડામાં ગાળ્યું છે.

'એટલે શંભુડાની નાડીના ફૂમકાંનો રંગ એની છડીના ફૂમકા સાથે 'મેચ' થતો હતો કે નહિ યા એના કૂબાના ઘાટ તથા પ્રમાણ એના વાડાના શાકપત્રોના વેલા, કે ફળાઉ ઝાડો કે એની પાછળની ટેકરીઓ અને ભૂખરાં આકાશની 'બૅક ગ્રાઉન્ડ હારમની' જાળવતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી કે કેમ, કે એ કૂબામાં વસનારાં આ માટીબૈયરની ઊંચાઈને છોભીલાં પાડતાં હતાં કે કેમ તે બધી વાતો જવા દઈએ. એક વાત દિવા જેવી હતી અને તે એ દિવસોનાં આપણાં ગામડિયાઓના ભર્યાં ભર્યાં જીવન. ઉલ્લાસ અને ઉત્સાહે થનગનતાં. હાથવગી જોગવાઈમાં રાચતાં, સંતોષછલ્યાં. નૃત્ય માટેની એ સ્વાભાવિકતા છે. અંતર જ્યારે હળવુંફૂલ હોય, કશાંય ભારણ વગરનું નિષ્ફીકરું મન દુન્યવી ઉપાધિઓથી મુક્ત અને વિસ્મૃત હોય તો જ અને ત્યાં જ સાચું નૃત્ય સંભવી શકે.

'આરોગ્યભરી જવાનીની તાજગી, નફિકરાઈ અને સંતુષ્ટ ગ્રામજીવન એ હાથવગાં સાધનો વચ્ચે સુખચેનભર્યું વીતે છે. એ હકીકત છે. ઉપરિયામણુમાં આ દંપતી વચ્ચે ભારે મેળ હતો. એકબીજાં એકમેક સારું મરી પડે તેવો. અરસપરસ માટે બેઉ ગાંડાં, પછી શું બાકી રહે! ઉનાળો ઊતરીને ચોમાસું બેસતું હતું. એ દિવસોમાં ગામડુંગામ કાયઢું હોય. એ તો આપણેય જાણીએ. એ તો ગામડાં આજે હવે આઠમહિના બેકાર બની ગયાં. એ દિવસોમાં એવું ન હતું. ગામડિયો નવરો જ ન ભાળો. ખુલ્લા આકાશમાં વાદળાં આંટા દેતાં ને ચોવટ કરતાં થઈ ગયાં હતાં. ગ્રીષ્મના કરાળ તાપમાં શોષાઈ ને—તપીને ધરતીથી માંડી વનસ્પતિ, પશુ પક્ષી સાથે ગામડિયાં પણ મીટ માંડીને બેઠાં હોય છે

'એ જ તો આપણાં કૃષિજીવનનો એકમાત્ર આધાર છે: તેમ પાછું એવો એમાં એમને રસ પણ હોય છે. શંભુડો ખેડુ તો ન હતો. ખેતરનાં મૂલમજૂરી, ઘાસવઢામણ અને ઊભડઓડ કામ ઉપર એનું ગુજરાન ચાલતું. એ દૂરની વાડીઓ અને ડુંગરના ઘાસની ટોપાગીરી પણ કરતો.

'એ દિવસોમાં ડુંગરવારથી એક દિ' એ ગામ તરફ ચાલ્યો આવે. ગામ સીમાડે એક વાદળું વરસીને ચાલી ગયેલું. એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂળ બેસી ગયેલી. ઝાડવાં સ્નાન–સ્વચ્છ બની ગયેલાં. પહેલવાડ વરસાદથી થોડી પલળેલી જમીનમાંથી એક મીઠી ખુશબો ફેલાઈ રહેલી. ગામતળ તરફ આવી રહેલા શંભુએ વૃક્ષો વચ્ચે ડોકાતાં ખોરડાંની ક્ષિતિજ, ગામમાં સંધ્રૂકાઈ ચૂકેલા ચૂલાઓના ધુમાડે છાઈ ગયેલી જોઈ. દિવસ આથમવાને હજુ થોડી વાર હતી. સૂરજ ડુંગરની ઓથાણે આવી ગયેલો અને પછી બારોબાર આથમી જવામાં હતો: ત્યારે એ ગામની લગોલગ પહોંચ્યો. ખીલી ઊઠેલી સંધ્યાએ જતા સૂરજના પ્રકાશ પાથરવાનું જાણે માથે લીધું હોય તેમ દિશાઓના કોટ વચ્ચે થોડો વખત પ્રકાશ રૂંધાઈ રહ્યો. હાથલા થોરની કુદરતી દીવાલવાળો રસ્તો વટાવી એ ટૂંકી કેડીએ પોતાના કૂબા તરફ વળે ત્યારે વચમાં એક વાડો આવે. એ વાડામાં સંઘરેલાં ખડની એક ગંજી હતી. છતાં રસ્તો ટૂંકાવવા લોકોએ એમાં બે છીંડાં પાડી કેડી કરી હતી. ને બાકીની વાડા ફરતી ધીંગી વાડ તો અખંડ હતી, વાડો એ કાંઈ નાનો ન કહેવાય. ખાસો નાનકડી તળાવડી જેવડો. પણ એકાકી અને એકાંતિક સ્થાન. ગંજી યે જુનવાણી હતી. એની ઉપર અને આસપાસની વાડો સહિત સુકાઈ ગયેલા વગડાઉ વેલાઓ છાઈ ગયેલા. એથી ગંજી થોડી રળિયામણી પણ સોહતી અને કાળાં પડી ગયેલાં ક્યાંક ક્યાંક નજરમાં ઠરતાં ખડનાં ધાબાં પૂરતી બિહામણી પણ. ડુંગર–ઢાળા છીંડાથી શંભુ વાડામાં પગ મૂકે તો મોર ઢેલની એક મંડલી મઝાના નાચે. મોરે કળા પૂરેલી અને આઠ દસ ઢેલડીઓ કુંડાળે પડેલી. એટલે એ છાનો ધીરો જોતો અટકી ઊભો. સૃષ્ટિના આ નાનકડા ભાગમાં નૃત્ય વાટે જીવનરસ ઉભરાવતાં આ મનોહર પક્ષીગણોના નીરવ પ્રેમોપાલંભના મૌનસમારંભે એને આકર્ષી લીધો. અને એમ ગંજીના છાયાઢળ્યાં પડખામાં નાચતા મોર અને આજુબાજુ ફરતી ઢેલો જોવામાં એ તલ્લીન બની ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંધ્યાની સુરખીમાં સોહામણાં લાગતાં આ મોરઢેલોને બરાબર એવી જ ઉલટથી ગામઢાળાના શીંડે ઊભી એની બૈયર-પા'તી પણ જોતી હતી. ધણીની રાહ જોઈ કંટાળેલી વરસાદની બીક સાથે કુંશલુ નાખી એતી સામે ચાલી નીકળેલી અને જો ઉપરવાસ વરસાદ હોય કે આવે તો ખપ પડશે ધારી, શંભુડા માટે એની જાડી છત્રી લીધેલી પણ એય અહીં જડાઈ ગયેલી. બેઉ લેરખડાં તો જોતાં ધરાત નહિ પણ એકાદ નટીને આ સ્ત્રી પ્રેક્ષકની હાજરીનો ખ્યાલ આવ્યો હશે કે પછી થાકીને, નૃત્યમંડળીએ એમનો નાચ સંકેલી લીધો કે તરત માટીબૈયરે થોરના શીંડાની તજીકના ઓથાણેથી ચાલવા માંડતાં અરસપરસને જોવાં. પહેલાં તો નૃત્યલાધી ધીર ગંભીરાઈથી અને પછી મીઠું મરકતાં હસી પડતાં. નૃત્યના અસરમાં મૂંગા મૂંગા માર્ગ કાપી ઘેર પહોંચ્યાં. પ્રથમ ઇચ્છા પ્રગટ થઈ શંભુડાને. એણે થોડું મોરનાં નટાવાનું અનુસરણ કરી લીધું. ને એની ઘરવાળી મંદ મંદ હસતી એને જોઈ રહી. ખાવાનું ખાવાને ઠેકાણે હતું અને દરમિયાન માટીબૈયર આ ચાળે ચડી ગયાં.

'શું પીટયાં રૂપાળું નાચતાં'તાં!' ઘરવાળી હજી મયૂર-નૃત્યની અસર માણતી હતી. આડીઅવળી અફળાતી બાંડી ઢેલો અને વારે વારે કરાંસતા કળા પાથરેલા મોરમાં જોવા બેસીએ તો નૃત્યને બદલે કશાં બીજાં જ તત્ત્વો મળી આવે પણ નકરા મોરઢેલની ફેરફૂદડીની એ અસર ન હતી. રૂંધેલાં માનવી-હૃદયને રાચતાં કરી મૂકનાર યંત્રીઓની સૂક્ષ્મતા બુદ્ધિગમ્ય વાત નથી. માનવીના મુગ્ધ અને ભર્યાં મનને જ્યાં નજર નાખે ત્યાં સુખ, આનંદ અને સંપત જ વસ્યાં લાગે એવા દિવસો સહુના જીવનમાં એકાદી વાર આવે છે. આને માટે પણ તેવું જ.

'તે તું યે ઊઠને! શંભુડે પા'તીને આહ્વાન કર્યું. 'રાસડા-માં તો ત્રમઝટ બોલાવસ, આંઈ તો પાણી દેખાય!'

'ઢેલ એકલી ન અરઘે! પાંચ-દસ જોઈએ, લઈ આવ્ય!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આવનારીયું તો આવે પણ તુંથી સાંખ્યું નહિ જાય પાછું!'

'એવડ હોય તો લાવ્ય ને! હાણા તારે પૂરવા પડશે મારે તો કામમાં સથવારો થાશે! બરો ન જોયો હોય!'

'લે ઊઠ ઊઠ! તું મારે એક હઝારાં છે!' કહેતા શંભુડે એને હાથ પકડીને બેઠી કરી.

'માટીબૈયરને બહુ તો નવરાત્રના દિવસોમાંની ભવાઈ કે રડીખડી કો'ક રામલીલાના સંસ્કાર ખરા. એટલે ઉત્સાહી પા'તીએ સાડલાની ગાત્રી વાળી લઈ વાંસે કડને ભાગે, ગામડામાં વપરાય છે તેવી ડાભોળિયાની સાવરણી ખોસી ઢેલની પૂંછડીની અદા ઊભી કરી શંભુડાને છક કરી દીધો. તો શંભુડે કૂબામાં પોતાને વાંસે ઊભો ઊંચો નાનેરો ખાટલો કૂબામાં પડેલો તે સીંચણિયા વડે કસકસાવીને બાંધી મોરની કળા પ્રગટાવી લીધી; ત્યારે હૈયે સંઘરેલી કોઈ ગુપ્ત અકળ અભિલાષાનાં મોતી શાં અશ્રુકણો વીણતી, ટૂંકા ટૂંકા પગ ભરતી પા'તી કૂબાની થાંભલી આસપાસ ફરવા લાગી હતી. આમ મોર ઢેલે થાંભલી આસપાસ ચકાવા લેવા શરૂ કર્યા. મોર જાણે પોતાના હૃદયની ગૂઢ અભિજાત કામનાઓ અપ્તરંગી કલા દ્વારા અભિપ્રેત કરતો ન હોય! મયૂર શા શંભુની જીવન-કલાછાયામાં સોહાગન ઢેલ શી પાર્વતી જીવનઆનંદ ન માણતી હોય!

'મૂંગાં ધીરાં મૃદુ મીઠું મરકતાં જતાં આ માટીબૈયર આલ ભાન ભૂલી બેઠાં. અન્યોન્યના તલસાટને શમાવતી, અન્યોન્યને ઘેરા અનુરાગ વડે ગૂંથતી, અન્યોન્યના ઉરપ્રવાહોને એક સાથે વહેવરાવતી; ઊર્મિઓનાં, સ્મૃતિઓનાં, ભાવિ સુખભાવોના સંલગ્ન શી એ પળની તેમની આછરેલી—સત્ત્વશુદ્ધ પ્રેમલીલાનું સંગોપન કોઈ પણ સંસ્કારી માનવીથી ઊતરવું ન હતું.

'અવગણિત જીવપ્રાણીઓથી ઊભરાતી રહેતી પૃથ્વીમાં, જીવન-ની પળેપળને સાચી ગંભીરતા વડે મૂલવી રહેલા, હૈયાઉકલત માત્રથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુવિકારોની ઉચ્ચ ભૂમિકા પર જઈ બેઠેલા એ મુક્ત અને તુષ્ટ આત્માની દીપ્તિથી કૂબાનું વાતાવરણ એવું ઉજમાળું બની ગયું હતું કે તેમાં ખૂણાની ઘંટી પાસેની લાકડાની દીવીના ચાકાં સાથે ઢેલની પૂછડી (સાવરણી) અડી જતાં સળગી ઊઠી ત્યારે જ એ બન્નેની નૃત્ય સમાધી ઊતરી–બન્ને એકી સાથે ચોંકી ઊઠયાં. પણ સાથે સાથે વળગણીનાં નીચા લટકી રહેલાં થોડાં લૂગડાં પણ આગની આંચે પકડાઈ ગયેલાં. વાતવાતમાં તો આગની જ્વાળાઓએ આગળ ખડના છાપરાંને પણ ભરખવા માંડેલું.

'બધાની જેમ ઘડીક તો બન્નેએ અરસપરસને ટીક્યા કર્યું', ત્યાં સુધીમાં કૂબો ધુમાડા વડે ભરાઈ ગયો હતો. ગૂંગળાતી ઢેલ તો એક છલાંગે કૂબાની બહાર ઠેકી પડી. ને પૂછડી જમીન સાથે ઘસી ઓલવી નાખી. ધુમાડે આવરેલા કૂબાના બારણા પાસે ઊભાં રહી, અંદર પોતાના કલાભારે બહાર નીકળવા અશક્ત મોરને કહ્યુંઃ

'કળાયલ! ખાંગો!' એટલે થોડાં વાંકાં વળી ખાટલો બારણા બહાર કાઢી લે. પણ ખાટલો ઊભો કસકસાવીને મજબૂત બાંધેલો. એના બંધ અને નીંગઠ પડી ગયેલી ગાંઠોને છોડવાનું કરતો શંભુડો ધુમાડે ગોટવાઈ ગયેલો મૂંઝાઈ રહેલો હતો.

'શરૂની લૂગડાં બળવાની ગંધે તથા તરત ધુમાડા સાથે ભડકા વચ્ચે ઘેરાઈ ગયેલા કૂબા પાસે આસપાસનાં સહુ એકઠાં તો થઈ ગયેલાં. એમ તો શંભુડાના માબાપ પણ ઊંચે જીવે આવી પહોંચેલાં. અને એમ સારું ગામેડું એકઠું થતું ચાલેલું.

'પણ એ બધી હિલચાલ પ્રત્યે બેભાન રહેલી પા'તી તો ઘેલછાભરી બોલ્યા કરતી સંભળાયાં કરી કે 'કળાયલ! ખાંગો!

'અને ભડથું થઈ જાય તે પહેલાં શંભુડાને એની કળાના બંધ સાથે લોકોએ બહાર ખેંચી કાઢયો. પણ ખૂરી તો એ થઈ કે બળી ગયેલા સાવરણીના ઠૂંઠાની લટકતી પૂંછડી સાથે પા'તી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ખાટલો બાંધેલો શંભુડો ખુલ્લાં પડી ગયાં હતાં. એ બેઉની કળાપ્રીતિને લોકોએ પોતાની રીતે બૂઝી–બિરદાવી ને જીવતી પણ રાખી. અમે જ્યારે નાના હતા, ત્યાં સુધી શંભુ જીવતો હતો, ત્યારે શંભુને તેના નામથી ગામમાં અમારી હેડીના તો કોઈ પણ ઓળખતા નહિ. રીઝમાં ' કળાયલ ' નો મીઠો ટહુકો અને ખીજમાં ' ખાંગો ' કહીને જ સહુ એને બોલાવતાં.

' એટલે સાધનના અભાવે કે શાસ્ત્રીય જ્ઞાનના બેખ્યાલે કળા અલબત્ત ગરીબ લાગે છે પણ કળા મરતી નથી ! ' કહી પરીખ બોલતા અટક્યા.

છેવટનો ઘૂંટ ગળે ઉતારી ગ્લાસ ટેબલ ઉપર ધકેલતા શાહ બોલી પડ્યા.

' બહુ કરી તમે તો પરીખ ! '

' આ તમારા ગામનો કળાયલ ' કલાપી ' પહેલાં થઈ ગયો, ખરું ? ' મહેતાએ વાતને વેગ આપવાનું કર્યું. પરીખે હકારમાં ડોકું ધુણાવ્યું.

હું બોલ્યો: ' શંભુડાને ઠેકાણે કોઈ રાજા હોત ને એને કદાચ મયૂરનૃત્યનું ઘેલું લાગ્યું હોત તો ખાસા ડઝનબંધ મોરલાઓના શિકાર થયા હોત ને ઢગલાબંધ સાચાં પીંછાં વડે એકાદ હજૂરિયો મોર અને થોડી વડારણોને ચોપગે ચાલીને ઢેલો બનવું પડ્યું હોત ! '

' કે ઉદયશંકરો, આના પાવલોવા, રાગીની, રૂક્ષ્મણી જેવા સાધનસંપન્ન અને કલાપટુ નૃત્યકારોએ મયૂરનૃત્ય વાટે પ્રેમ કારુણ્ય છલતાં માનવજીવનને રૂપ આપ્યું હોત, મૂર્તિમંત કવિતા રચી હોત, એ સવાલ જ નથી ' પરીખ બોલ્યા.

' ભઈ ! એવાઓને પોસાતી વાત છે. પહોંચતાની બલિહારી છે ! ' કહેતા શાહ ઊઠ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગત

દિવાળીની થતી સાંજ હતી. વર્ષ આખરના આવકખર્ચ અને જમા-ઉધારના સરવૈયા જેવા દેખાતા પ્રાણશંકરના હાટે આજે ભરાવો હતો.

'ધુધા! આમાં સવાશેર તે ક્યાંથું માય! એટલું તો જોવું'તું! અક્કલથી આમ ને આમ છેટાં પડી ગયાં લાગે છે. પણ ઠીક, હવે સાચવીને લઈ જાજે.'

તેલનું છલોછલ છાલિયું લઈ, ધુધો દુકાનનો ઓટલો ઊતરી આગળ ચાલ્યો.

એને એક પૌરાણિક પ્રસંગ હૈયે ચડ્યોઃ—

જનકરાજાએ પરીક્ષા કરવા શુકદેવજીને દુગ્ધપાત્ર માથોમાથ ભરીને આગળપાછળ પ્રતિહારોની ચોકી વચ્ચે નગર-પ્રદક્ષિણા કરવાની ફરજ પાડેલી. ટીપું ઢોળાય કે પ્રતિહારોને મુનિનું માથું ધડથી જુદું કરવાની રાજઆજ્ઞા અદા કરવાની.

જીવનમોહી એ મુમુક્ષુ મુનિ અદ્ધર શ્વાસે કચવાતે મને પાછા આવ્યા ત્યારે તેમનાં મુખ ઉપર પ્રગટેલાં આનંદચિહ્નોથી મર્માળું હસતાં જનકરાજે પૂછેલુંઃ

'ઋષિ! આજે પર્વણીનો દિવસ છે. ગામમાં આનંદોત્સવો થઈ રહ્યા છે. વાદ્યધ્વનિ અહીં સુધી સંભળાય છે; એ બધામાં તમને શું ગમ્યું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મેં એવું કશું જોયું-સાંભળ્યું નથી મહારાજ! મારું લક્ષ તો દુગ્ધપાત્ર ઉપર જ હતું.'

અને મહારાજ એ ઉત્તરથી આછેરું હસી પડ્યા.

હાસ્યધ્વનિ જાણે ધુઘ્ઘાને કાને અથડાયા. એણે ઊંચું જોયું તો સામેના ચોરામાં છૂટાછવાયા, રખ્ખાખબ્બા બેઠેલાઓ, ઢોળાતા તેલથી પોતાની બેભાન દશા ઉપર હસતા હતા. એમાંથી એક કોઈ બોલ્યું પણ ખરું. 'એલા ધુઘા! તેલ તો ઢોળાય છે!'

ધુઘ્ઘાએ ઉત્તર વાળવાનો ન હતો. તેલ ઢોળાતું હતું જ.

'ન ઢોળાય? સવાશેર તેલ છે. મેં ના કીધી તોય કહે ભરી આપો!' પ્રાણુશંકરથી ન રહેવાયું, તે એ પણ બોલ્યો.

'હા માળું! તાંસળી નાની પડી ખરી.' લૂખું હસી ધુઘો બોલ્યો. અને એક ડગલું આગળ ચાલ્યો ત્યાં વળી પાછું હેલે ચડેલું તેલ કપડાં ઉપર છલકાઈ ઢોળાયું.

અને ડાયરો વળી હસી પડ્યો.

ધુઘાને શુકદેવજી ડરપોક લાગ્યા. પ્રતિહારોની ખુલ્લી તલવાર-ની ધાર જેવી ડાયરાની ઉપહાસવાણી પર અવગણના જેવું અનુભવતો એ આગળ ચાલવાને બદલે ઊભો રહ્યો અને થોડુંક તેલ ઢળે તેમ છાલિયું હલાવી એ બોલ્યો: 'લે છલકા!' અને પા ભાગનું તેલ ઢોળી નાખ્યું. ઢોળાતા તેલ અને ધુઘ્ઘાના વલણના ધ્વનિ જેવો ડાયરો થોડું ખચકાતાં ખચકાતાં સરકયો.

સામે ઠાકરમંદિર હતું. બાજુમાં પ્રાણુશંકરની દુકાન, પડખે શેરી અને પાછળ ચોરો; એટલે રાહદારીઓની અવરજવર થાય-રહે તેવી એ જગ્યા હતી. નાનામોટા સૌનુ ધ્યાન ધુઘ્ઘાના હાથમાંની તાંસળી તથા એમાંના તેલ પર અખતરા કરતા તેના મોઢા પર હતું.

'હવે છલકા જોઉં!' કહેતાં તેણે તાંસળી ઊંધી વાળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘુઘાના હાસ્યમાંથી ચેલછા તથા છાલિયામાંથી તેલ બન્ને ઢળી ગયાં. ડાયરામાંથી કોઈ બોલ્યું: 'પાત્રાધારે તૈલં કિંવા તૈલાધારે પાત્રં.' અને ઘુઘો ન સાંભળે તેવાં વિશેષણો છૂટયાં: 'માળો ગાંડો!'

'મૂરખ નહિ તો!'

'ઢોર, અજડ!'

'હવે આમાં અરધો શેર આપો!' ઘુઘો પ્રાણશંકરને ફરી તેલ આપવાનું કહેતો હતો.

'એલા! એટલે થાશે?'

'નહિ થાય તો ઘોઈન્યું પણ છલકાશે તો નહિ! ઓછે પાતરે તો છલકાયને મા'રાજ!' કહેતો જોનારા–સાંભળનારાઓને ચૂંટી ખણતો એ ચાલતો થયો.

: ૨ :

'એલી! શું ગંધાય છે?' ઘેર તેલ આપી, પાછું બજારમાંથી કાંઈક ખરીદી આવતાં ઘુઘાએ કૂબામાં દાખલ થતાં જ પૂછ્યું.

વા'લી છોકરાને ધવરાવતી હતી. આસપાસમાં જોતાં જઈ, શ્વાસમાં પુરાતી હવામાં યાદ આવતા ગંધના પ્રકારો સરખાવી એ બોલી: 'ઉંદરડો મરી ગયો હશે?'

'અંહ! કાં લૂગડું ને કાં રાડું સળગતું લાગે છે!' ઘુઘો બોલ્યો.

'હં!' કરતી વા'લી બેઠી થઈ ગઈ. છોકરાને બહાર મૂકી પાછી અંદર આવી તો ઘુઘો નીચે મોઢે ધરતી ઉપર કાંઈક વાંચતો હોય તેવો દેખાયો. નજીકમાં રહી ખભે હાથ મૂકી ઘુઘાને જગાડતી હોય તેમ વા'લીએ એને હલાવીને પૂછ્યું: 'શું વિચાર કરો છો?'

'કાંઈ નંઈ.'

પણ વા'લીની બીકણ નજર ચોમેર ફરતી ઢૂંઢતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેલ ઘી ગોળ રાખવાની પેટી પાછળ, ચૂલાની બાજુમાં બહાર પવને અંદર બળતાં ટાટાંના તણુખા ઉડાડયા.

બન્ને ચમકયાં. અર્થભરી આંખે એકમેકને નીરખી રહ્યાં.

'મને તો વહેમ હતો, લે હાલ્ય બહાર નીકળી જઈએ.' ધાંઘી વા'લીના ચહેરાનું ઊડી ગયેલું નૂર જોતાં જોતાં ધુધ્ધે, એની ઘરની સમૃદ્ધિ ઉપર ફરતી આંખ નજરમાં લઈ બાવડેથી પકડી બહાર ધકેલી દીધી.

'તમે ઓલી ટંક લ્યો ત્યાં હું આ પેટી ખેંચી લઉં!' કહેતાં વા'લી અંદર આવવા પાછી બારણામાં આવી.

'લે હવે ગાંડી થા મા! તું તારો છોકરો સાંચવ એટલે બસ!' કહી ધુધ્ધે રોકી.

નાનું ઝૂપડું પવન અને અગ્નિની મૈત્રિનું રૂપ પકડતું ગયું. અંદર ધુમાડો છ હાથની લાંબીચોડી એ ઝૂંપડીનું બારણું કઈ દિશામાં આવ્યું તેનો અંદાજ ન નીકળે તેવો ઘૂંધવાઈ ગયો.

કશું લીધા વગર ધુધ્ધો પણ તરત જ બહાર નીકળી આવ્યો.

વા'લી તેના મોઢનો મેળ કાઢતી રહી. બળતા કૂબા તરફ બન્ને જોતાં ઊભાં રહ્યાં. છોકરાને કાખમાં તેડીને ધુધ્ધો ન સાંભળે, આંસુ ન પડે તેવું વા'લી રડતી હતી.

'લે કે'! લાપસી તો અંદર રહી ગઈ!' કહી અંદર જઈ લાપસીનો પાટિયો બળતાં ઝૂંપડામાંથી ઉપાડી લાવીને વા'લીને પાસે બેસાડી પોતે પણ બેઠો.

ગામ દિવાળી ઊજવતું હતું. ઘરનાં આંગણામાં છોકરાંઓ ફટાકડા ફોડતાં હતાં. બૈરાંઓએ ડેલીના ગોખલામાં દીવા પેટાવી આંધળી લક્ષ્મીને પોતાના ઘરનો રસ્તો સૂઝે તેવું બનાવી રાખ્યું હતું. મરદો ઘરમાં થયેલી, થઈ રહેલી નવી વાનીમાં જીવ રાખી, વાળુના કહેણની રાહમાં બાધાની જેમ જ્યાંત્યાં ભમતા કે બેઠા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈક જમી પરવારી પેટે હાથ ફેરવતા કે ગલોફું હલાવતા હતા. પાદરમાં પ્રવેશતા ગોકળી કે વાડી–સીમથી પાછા વળતા ખેડુ, સાથી કે શૌચ ગયેલાને દૂર રહ્યું ધુધ્ધાનું ઝૂપડું સળગતું દેખાયું હશે એટલે હાહો કરતાં, કૌતુકપ્રિય કે દિલસોજ બની સૌ આ તરફ ધસમસ્યા આવી ભેગાં થઈ ગયાં. ગામના ઘરડા જુવાન ગરાસિયાઓ, રબ્બાખજા વાણિયા–બ્રાહ્મણો અને લોકવરણનો નાનો સરખો સમૂહ એકત્ર થતો ગયો. ગ્રામજનતા આવા વખતે જે હાથોહાથ મદદ કરી કુટુંબવત્ થઈ વર્તે છે તેવું એક પણ ચિહ્ન અહીં દેખાતું ન હતું.

ધુધો અને તેની વહુ વા'લી, દાઝે નહિ તેટલાં દૂર બેસી પાટિયા-માંથી લાપસી પટકાવતાં (ખાતાં) હતાં. છોકરાને ખોળામાં બેસાડી તેને ફૂંક મારી ઠારીને કોળિયો આપતી વા'લી, ધણીની સાથે બેસીને ખાતાં, વધતા જતા માનવસમૂહની હાજરીના ખ્યાલે શરમાવા માંડી હતી.

'અરે ધુધા ! આ શું કરછ? ઠારવું નથી ?'

'ના માબાપ! બળેલું શું ઠારવું ઠાલું ! ને પહોંચતા હોય ઈ ગોખલામાં દીવા મૂકે, અમ ગરીબના કૂબામાં ઈ સંપત ક્યાંથી? આવો મોટો દીવો થીયો છે, તો પછે એના અજવાળામાં જે બે બટકાં ખવાણું ઈ !'

'માળો વાયડો! આવો ને આવો રીયો!' એક વૃદ્ધ હાજી આ નફ્ટ દંપતીની આમન્યાહીન વર્તણુંકથી ચિડાઈ ચાલવા માંડતા બબડતા ગયા.

'કૂબો તે કાંઈ થોડી હવેલી કે બંગલો છે કે ચણાવતાં અરધી જિંદગી વઈ જાય ને બંધાવતા ત્રણ પેઢીનું ભેગું થયેલું નાણું વરે? જેના ધણીનું એવું આલેશાન મકાન બળીને ખાખ થઈ જાય એવા ય સમસમીને બેસી રહે છે ત્યાં મારો આ ખોબા જેવડો કૂબો તે શું બિચારો !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ ગાંડા! એવા ઘરના કિંમત કરતાં વધુ વીમા ઊતરાવ્યા હોય. જાણીબૂઝીને દીવાસળી ચાંપનારાઓને તો ઈ નવો ધંધો થયો છે એવાની મહેલાતું જોઈ કાંઈ ઝૂંપડાં બાળવા ન બેસાય!' કોઈ બોલ્યું.

'ઈ અધરમ કરશે એનાં કરતુક એને નડશે. બાકી તો જેવી ઉપલાની મરજી. એની ઇચ્છા વિના પાંદડું ય નો હાલે. ઝાઝું એને ઝાઝી હાયવોય. ને વીમો તો મેંય ઊતરાવ્યો છે!'

'ઈ શું કહે છે ધુધા!'

'સાચું કહું છું આ બે હાથ સાબૂત છે તો આવો કૂબો તો અરધા દી'માં ઊભો કરીશ. આખી જિંદગી ગોલાપો કરી, માખીયું નિચોવી, ચોરીયું કરીકરીને ભેગુ કર્યું હોય ને એમાં બળી જાય તો એને હજી એવું બનાવવું ભારે પડે. તમતમારે બાપુ સૌ સૌને ઘીરે પધારો! એ...ને...ઈ ભલે બળતો. થોડા ઉંદરડા વધ્યા છે તે ઠેકાણે પડશે.'

હળવે હળવે સૌ વીખરાઈ ચાલ્યાં ગયાં. પાછો વિચારમાં પડી ગયેલો ધુધો ખાતાં અટકી રહેલો જોઈ વા'લી બોલીઃ

'એવા ને એવા રીયા! ખાવ ને!' સામી મીટ માંડી જોઈ રહેલા મૂંગા ધુધાનું ત્રાટક વધારે ન ઝીલી શકાતાં વા'લી સુખભર્યું હસતી નાચ્યું જોઈ રહી.

'તારું લખણું ય ખીસામાં રાખી ફરું છું હોં, વા'લી! તને ન ગમે તે દી' તું તારે તારા છોકરાને લઈ મને પૂછ્યા વિના હાલી નીકળજે! ઉંકારો કહું તો કે'જે! અને તો તો સીધો હિમાળે!

માન-ખંડિતા શી વા'લીની આંખ પચ્ચીશી વટાવી ચૂકેલા ધુધાની કાયાની નખશીખ પ્રદક્ષિણા કરતી રહી. પેટને માટે કાળી મજૂરી કરતા ધણીની સૂર્યતાપમાં અહર્નિશ સ્નાન કરતાં કાળી પડી ગયેલી છતાં જોવી ગમે તેવી ચામડીની નીરોગિતામાં સંરક્ષાયેલું એનું શરીર-સ્વાસ્થ્ય પોતાને રસવૃત્તિ જગવવા સાથે ટાઢી બનાવી દેતું લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોઢા ઉપરની પૂળો મૂછો અને ગાલ તથા કપાળમાંની રેષાઓ ધુધાને પ્રભાવશાળી બતાવતી હતી, તે એ જોઈ રહી. પોતાનો સહ્ય રોષ શાંત બનતા જતા ધુધા ઉપર એણે હલ્લો:

'મારી મેળે આવી છું. પણ માથે પડવા નહિ. તમને બોલતાં તો શરમ ન આવે પણ મારાથી એવું સાંભળ્યું જતું નથી: કાંઈ વાંકગના વગર!'

એને આગળ બોલતી અટકાવી ધુધાએ કહ્યું: 'લે રાખ્ય! હાલી બળ્ય મા—ઇ તો અઠેહી દારકાં. સંસાર છે, તે મન ખાટુંમોળું થાયે ખરું પણ આવલાં મારીને ય તર્યે છૂટકો!'

ફૂઓ, રાખ અને કાટનો ઢગલો થતો જતો હતો. ઘર મટી સ્મશાન બનતો જતો ફૂઓ, દંપતીની ચોકી કરતી આંખની સામે રૂપ બદલતો જતો હતો.

'સાધુ થઈને ય લૂગડાં વગર નહિ રહે. પેટ પણ સવારસાંજ અનાજ માગશે. હિમાળો શું કે અહીંયાં શું, મારો વાલોજી તો જળસ્થળમાં બિરાજે છે, ને મરણ થોડું કેડો મૂકવાનું છે? સંસાર ઉપર ગમે તેટલો અણગમો આવે ને એનાથી ફાવે એટલા છેટા ભાગીએ તો ય જન્મ્યા ત્યાંથી આજ દિન સુધી બોલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, ઓઢતાં-પહેરતાં ને રોટલા રળતાં સંસારમાંથી જ શિખાણું. આ પરણીએ, છોકરાં થાય અને એને પરણાવી પસ્ટાવીને એમ કરતાં મરણને મોઢે ઓરાઈએ ત્યાં સુધી જે કાંઈ કરીએ ઈ બધું એનું એ જ. ઈ જ્યાં જઈએ ત્યાં થોડું ભુલાવાનું છે! ખોળિયું કાંઈ થોડું સાપની કાંચળી છે કે ઉતારી નાખીએ!' ધુધો એકલો છતાં વા'લી સાંભળે તેમ વાતો કરતો ગયો. વા'લી એના મોઢા પર બદલાતી મનોદશાનું માપ કાઢતી રહી. એનાથી સાદર બોલી જવાયું:

'તમે તો ભગત થવા માંડ્યા!'

'એમાં કાંઈ નવું થીયું કહેવાય! આદુની થાતા આવે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બચારા. શું કરે? ગામને છેવાડે રહેવાનું, છેટેથી ચીજવસ્તુ લેવાનું, હલકાં ગણાવાનું, દયા ને તોછડાઈના ટુકડા ખાઈ નિરધન જીવવાનું, ભણેલા ભણાવે એમ ભા ભણવાનું ને આખો જન્મારો ગોલાપો કરીને છેવટ કો'કનાં ખાપણ પામવાનું. પછી બીચારા ભગત થાય. કાં ચોર, લૂંટારા, બહારવટિયા કે વટલેલ થાય. માણસમાં ઊંચ-નીચના એ'કાર રહ્યા ત્યાં તે કયાંથી મન કોળે?'

ઓવારી જવાના સ્વાર્પણભાવમાં અચેતન સ્મિતભર્યાં અને આવો અપૂર્વ, અને સંપૂર્ણ પતિ પામ્યાના હર્ષાવેશથી ઊપજેલા સંતોષના ત્રપ્તભાવમાં, વા'લી, ધુધાની વાતના તથ્યમાં વમળાતી રહી.

નિર્જન કાળી રાતમાં આછો પ્રકાશ ભરી દેતું કૂબાનું શગ બન્ને–માટી બૈયરની હિલચાલ બતાવતું રહ્યું. નજીકમાં શિયાળ અને ઘુવડ બોલી રહ્યાં. દૂરના ખેતરમાંથી રખોલિયાની ગોફણમાંથી છૂટેલા પથરાની સનસનાટી અને ટોયાં ઉડાડી મૂકતી તીણી કિકિયારી પડઘો પાડતાં શમી ગયાં. ઘડીક ઊંઘતા છોકરાને ખોળામાં સુવાડી રાખીને ઝોકાં ખાતી વા'લી સામું તો ઘડીક આકાશની અકલ્પ્ય અગાધતા સામું જોતા ધુધાના ગળામાંથી આછું ઘેરું વિષાદપૂર્ણ રુદનમિશ્રિત સ્વરગુંજન છૂટતું રહ્યું:

મારું દિલ લાગ્યું હરિ તારા નામથી
કપટી જોયો રે સંસાર
કુડિયો ભાળ્યો લોકાચાર:
મારું દિલ લાગ્યું હરિ તારા નામથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમ-યોગિની

અમે બે મિત્રો તે દિવસે એક ફિલ્મ જોઈ પાછા ફરતા હતા. ફિલ્મની વસ્તુ પરથી ચર્ચા એમાં ભારેલા સ્નેહની કોટિ તરફ વળી ગઈ હતી.

વહેલું ઘેર જવું હોત તો પણ ચાલુ વાતનો છેડો આવતાં સુધી રોકાવું પડે તેવું વાર્તાધેન ચડ્યું હતું. પણ તે દિવસ તહેવારને લીધે રજાનો હતો, એટલે ઉતાવળ ન હતી: તેથી એક હોટલમાં જઈ બેઠા. ને ચા મંગાવી.

'બદલાની બિલકુલ આશા વગર સાચો સ્નેહ હોવાની વાત વાંચી કે સાંભળી લેવા પૂરતી ખોટી નથી, કઠણ તો છે એવા ત્યાગની ભૂમિકા પર ઊભા રહેવામાં!' કહી મિત્રે હાથમાંનો ખાલી રકાબી-પ્યાલો મેજ પર મૂક્યાં.

'સાચું.' મેં હોકારો દીધો. અને ઉમેર્યું: 'જોકે બદલો એ બહુધા પ્રત્યાશા, પરિચયાકર્ષણ કે પ્રેમોપચાર હોય છે. હં!'

'જરૂર! છતાં જ્યાં સામેથી પ્રતિઘોષ કે પ્રત્યાઘાત જ ન ઊઠે, એટલે કેવળ પત્થર જેવી જડતાને પોતાની માન્યે જનારી ત્યાગવૃત્તિ તો વિરલ ખરી ને?'

'હા.' અનુમોદતાં ઝાંખી પડતી વાતાવરણની વાટને સંકોરી રાખતો મેં હોકારો પૂર્યો.

'હં, પેલી વાત પર આવું. એ પતિ-પત્ની જ હતાં. પત્ની પતિને સાચે જ ચાહતી હતી. છતાં દહાડોરાત બેઉ એકમેકથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદાં પડતાં જતાં હતાં. સાથે વસવા છતાં એટલાં ઉન્મુખ થઈ જીવવાનું હિન્દુ-દામ્પત્ય સિવાય ભાગ્યે જ સંભવિત છે!'

'સવારે ઊઠવાથી માંડીને રાતે સૂવા સુધીમાં મુકરર કામકાજો મૂંગેમૂંગા આટોપ્યે જવાં અને એવા દિવસો જીવનમાંથી સરતા જોયા કરવા સિવાય એ દંપતીમાં બીજો જીવનરસ શોધ્યો જડે તેમ નહોતો.'

'સંતાન?' મેં વચમાં પૂછ્યું.

'ન હતાં. કદાચ બન્ને અરસપરસથી છેટાં પડતાં થયાં તેનું મૂળ કારણ એ પણ હોઈ શકે હા...'

'કેમ...?' હું કાંઈ પૂછું તે પહેલાં જ વચમાંથી અટકાવી તેઓ બોલ્યા:

'સાચું કારણ જાણવા મળ્યું નથી.' અને બીડી જગવવા અટક્યા. દરમિયાન મેં પૂછી લીધું:

'કિસ્સો તો હિન્દુસંસારના ઊજળિયાત વર્ણનો લાગે છે!'

'હા.' ધુમાડા ભરેલે મોઢે સંમત થતાં તેમણે ઉમેર્યું: 'પુનર્લગ્નને અવકાશ નહિ તેવા મધ્યમ વર્ગનો. ધણીની ઉત્તરોત્તર ઘેરી બનતી જતી ઉપરામતાથી અકળાઈ ઉદાસીન બની ગયેલી સ્વમાનશીલ પત્નીએ એ રુક્ષ રસહીન સંસારમાંથી માવતર જવાને બહાને રસ્તો કાઢ્યો. ધણીને માટે બેઉ સરખું હતું. માવતર કે પોતા કને. એ સંમત થયો કે તે ચાલી નીકળી.'

'માવતરમાં...?' મેં વચ્ચે પૂછવા પ્રયાસ કર્યો.

'હા સહુ પ્રથમ ત્યાં ખાતે. પછી રાજકોટમાં ફિમેલ ટ્રેનિંગ કૉલેજમાં ભણવા માંડ્યું. અને યથાકાળે શિક્ષિકાની જગ્યા મળતાં ત્યાં જ સ્થિર થઈને રહી. અને એમ વાતવાતમાં દસ વર્ષ વીતી ગયાં.'

'તે વખતે બાઈની ઉંમર?' મેં પૂછ્યું.

'ત્રીશેક વર્ષની.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ત્યારે તેમનો ઘરસંસાર કેટલાં વર્ષ ચાલ્યો ?' વળી મેં પૂછ્યું.

'દશેક વર્ષ સુધી.'

'અને એમાં ય પાછલાં ત્રણેક વર્ષ અંતરક્લેશનાં ગણીએ !'

'નહિ. મનદુઃખ તો છ–સાત વર્ષથી. પણ ચલાવી લીધેલું.'

'સુશીલતાપૂર્વક ?' મેં શંકા કરી.

'નિશંક. મનથી પણ બાઈનો સ્નેહ તલભાર ઓછો થયો નહોતો.'

'રૂપાળી કેવીક ?' મેં બીતાં બીતાં પૂછ્યું.

'ધણીને પોતાની બધી જાતની કંગાલિયતનું સદાય ભાન કરાવે તેવી.' કહેતાં તેઓ હસી પડ્યા. પછી ઉમેર્યું: 'પોતે ધણિયાતી છે, સુવાસણ છે, એનાં માવતર કે ધણીને વિષે કોઈને પણ જાણ થવા પામે નહિ તેવું શાંત, ગંભીર અને સંયમી જીવન બાઈએ ત્યાં આગળ કેળવી લીધું.'

'બહુ કરી !' પ્રશંસાભર્યાં મેં બોલી દીધું.

'એમાં એ માંદગીમાં ઝડપાઈ ત્યારે એના એકાકી અને ગરવાં જીવને ઊભા કરેલાં પ્રશંસકોમાંના ઘણા એની સેવામાં રહી અખંડ ચાકરી કરવા માંડ્યા. 'પોતાના'ની ખોટ પૂરે તેવા શુભેચ્છુ અને સેવાભાવી સ્ત્રીપુરુષોમાં એનું પૂજ્ય સ્થાન હતું. પણ માંદગી જોર પકડતી ગઈ. અને સેવા કરનારાઓ માંહના કોઈને આગમચેતી જેવો વિચાર આવ્યો કે આપણે તો સેવા કરીએ છીએ પણ એમનું કોઈ અંગત સ્વજન હોય તો ઘણો ફેર પડે. એટલે બાઈને એવું પૂછ્યું પણ બાઈએ શાંતિથી પૂર્ણ સાવધાનીથી કીધું કે કોઈને બોલાવવાની જરૂર નથી.'

'વટનું પૂતળું !' માન અનુભવતાં મેં પ્રશંસોદ્‌ગાર કાઢ્યો.

'વૈદદાક્તરોનું કહેવું થયું કે માંદગી આખરી છે. અને આમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવા કરનારાઓની ધીરજ ખૂટી. તેઓએ બાઈ ઉપર પ્રેમભર્યું દબાણ કરી વીનવ્યા કર્યા છતાં બાઈ નિર્લેપ જ રહી. ઊલટું આશ્વાસન આપતાં એ કહેતી રહીઃ 'જેમને બોલાવવા જોઈતાં હતાં તેમની વચ્ચે તો હું છું. તેમ હું હવે થોડા વખતમાં સાજી થઈ જઈશ.' જોકે એને પૂરું ભાન હતું કે પોતે લાંબું જીવશે નહિ.'

'દરમિયાન બાઈના ધણીએ બીજું કર્યું હતું શું?' મેં થોડું પૂછી લીધું.

'લગ્ન ને? ના. એને એવું બંધન ક્યાં પાલવતું હતું.'

'તો શું બાઈ ને એના ધણીના હાલહવાલની જાણ હતી?'

'હા, બધી ખબરઅંતર એ મેળવતી રહેતી. ભાઈ ને જાણ ન થાય તેવી રીતે.'

'તો શું કાગળ–પત્રનો વ્યવહાર ખરો?'

'ના રે, બિલકુલ નહિ. આવતા–જતા ઓળખીતા–પાળખીતા અને સગાંસાઇ મારફતે કવચિત સમાચાર મળતા રહે એથી.'

'હં!' હું પાછો વાર્તાપ્રવાહમાં ડૂબકી મારી ગયો.

'પણ જેમ જેમ માંદગી લંબાતી ગઈ તેમ તેમ બાઈને ધણીના મેળાપની ઝંખના પ્રબળ થતી ગઈ. પણ મનમાં જ. બહુ થયું ત્યારે એણે સારવાર કરનારાંઓને એ લોકોની અત્યંત આજીજીઓને અંતે કહ્યું કે પોતાના મૃત્યુ પછી, આપેલા સરનામે એના ધણીને ખબર આપવા કે એની પત્ની મૃત્યુ પામી છે. પરિચારકોને ત્યારે જ એ બાઈના ગૂઢ થઈ પડેલા જીવનમાં એ સધવા હોવાની જાણ થઈ.'

વળી હું વચમાં બોલી ઊઠયોઃ 'પણ એ લોકોએ પછી તો બાઈ ને પૂછ્યા વગર તેના ધણીને તરત તાર કરી દીધો હશે, ખરું?'

'ના, ના. તાર કે કાગળ કશું નહિ. એ તો એણે મૃત્યુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથારી ઉપરના થોડા કલાકો લગભગ કહેલું. એટલે તે માટે અવકાશ પણ ન હતો. ને તાર કરે તોય જેણે જીવતાં સ્નાન કરી નાખ્યું હોય એવો અભાગિયો જીવ શે આવે! બાઈનું હૈયું સ્નેહછલોછલ હતું, પણ ભાઈને ત્યાં કાંકરા ઊડતા હતા ને! તેમ બાઈએ ગાંઠ વાળેલી કે આફરડાં થઈ–આગળ ચાલીને પોતે કાંઈ જ ન કરવું. પણ જેમ જેમ દિવસો વીતતા ચાલેલા તેમ તેમ બાઈને પતિદર્શનની તાલાવેલી વધતી ગયેલી.' એ બોલ્યા.

'જે દિવસે એ મૃત્યુ પામી એ રાતે આશરે આઠ વાગે એ બેભાન બની ગયેલી. સ્નેહીઓ ખાટલા આસપાસ મૂંઝાતાં છતાં શાંત બની મૃત્યુપળની રાહ જોતાં હતાં. જીવ ખોળિયું છોડી જાય એમ લાગતું હતું. બાઈ તો અચેત દશામાં શિથિલશ્વાસક્રિયા સહિત સૂનમૂન પડી હતી. માત્ર મોઢું ખૂબ ઉત્તેજિત અને પ્રોજ્જ્વળ લાગતું હતું. તપસ્વી સમી કાંતિ અને મેધાવાળું, અમૃત નીતરતું સોહાય.' કહી થોડું રહી આગળ ચલાવ્યું:

'મનોબળની આ વાત છે યૌગિક ચમત્કારની એક સાચી બની ગયેલી કથા છે. એટલે બુદ્ધિ વમળાય તોપણ માની લીધે છૂટકો. હં...આંહી મુંબઈમાં એનો ધણી જ્યાં નોકરી કરતો હશે ત્યાંથી સાંજે ઘેર આવી પોતાપૂરતું હાથે જ પકાવી લેતો. પછી છાપાંછૂપી વાંચે અને સૂઈ જાય. એ એનો નિત્યક્રમ.'

'મુંબઈમાં...બાઈના ગયા પછી...?' મેં પૂછ્યું.

'ના ના. મૂળ તો મુંબઈમાં જ એ લોકો રહેલાં. જે દિવસે આંહીં રાજકોટમાં બાઈ રાત્રે આઠ વાગે બેશુદ્ધ હતી તે જ ઘડીપળનો આ મુંબઈ ખાતેનો બનાવ છે. નિયમ મુજબ ભાઈ સાહેબ રસોઈ કરતા હતા. ત્યારે બારણે ટકોરા થયા.

'કોઈ પડોસી કે એવું ઓળખીતું હશે ધારી એણે બારણું ઉઘાડયું: તો બારણામાં એની પત્ની–આ બાઈને ઊભેલી જોઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના સહજીવન વેળાની બાઈની ભિરુ આંખમાં આટલાં વર્ષો પછી ધીર ગંભીર કામજિત સ્નેહઅંજન આંજ્યું હતું એવાં એ લોચનો આછાં જળઝળિયાંથી સ્નિગ્ધ બન્યાં હતાં.

'ધણીની લાયકાતને નહિ પણ પોતાનો ધર્મ યાદ કરી તે આવી હતી. સામાના દોષ-પાપને ક્ષમા આપી સામે ચાલીને; તેવી પોતાની ભૂલો, ત્રુટિઓ માટે મનોમન માફી ચાહતી જે ઘણે વર્ષે આવી ઊભી લાગી તે સહધર્મચારિણીને થોડાં આનંદ અને ક્ષોભ વચ્ચે ઝૂલતી ધણી જોઈ રહ્યો. માત્ર વિસ્મયપૂર્વક. હર્ષ, શોક કે ક્રોધ વગર જોઈ રહ્યો; તે બોલ્યો: 'આવો! આમ ઓચિંતાં ક્યાંથી?'

''રાજકોટથી.' ને જે કોઈ ટ્રેન લાગુ પડતી તેનું નામ દીધું.

''શું વળી?' આવાગમનનું કારણ સમજવા જેટલી તો ધણીમાં તે દિવસે જિજ્ઞાસા જન્મી ચૂકી હતી.

''મળવા.' બાઈએ ઉત્તર વાળ્યો.

''સારું સારું!' રસોઈમાં પાછું ધ્યાન પરોવતાં ધણીએ કહ્યું.

''લ્યો હું રાંધું.' કહી બાઈ ઊઠી. એથી કશાયે ઉત્સાહ કે સુખભાવ વગર ધણીએ તેમ કરવા દીધું.

'જે કંઈ બે-ત્રણ વાનીઓની તૈયારી હતી તે રાંધી બાઈએ થાળી પીરસી. ત્યારે ધણીએ એને પણ જમવાનો વિવેક કર્યો.

'ન આગળ-પાછળની કોઈ વાતો થઈ. ન કોઈ લડયું-ઝગડયું. ન બેમાંથી એકે કોઈ વાતનો ધોખો ધર્યો કે વાંધો કાઢ્યો. બહુ થતું ત્યારે તેમને સ્ફુરતું એવું પ્રસંગોચિત-સમયોચિત મિતાક્ષરી બોલતાં.

'ધણી વિમાસતો રહ્યો. બાઈ મુનિ જેમ આછાં-ઘેરાં થોડાં દર્દભર્યાં સ્મિતમાં સોહતી રહી. શાંતિપૂર્વક પતિદર્શનનું સુખ અનુભવ્યે ગઈ. જમી પરવારી, ઠામવાસણ માંજી બન્ને પાછાં વાતે વળગ્યાં. ચા બનાવીને પીધી, પ્યાલા-રકાબી સાફ કરી ઠેકાણે મૂક્યાં. ત્રણ સાડાત્રણ કલાક પછી બાઈ ઊઠી ઊભી થઈ બોલી: 'ત્યારે હું જાઉં હવે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

''કેમ, અત્યારે ?' આશ્ચર્ય પામતા ધણીએ પૂછ્યું.

''હા. ...ગાડીમાં પાછી ચાલી જઈશ.' કહી કાઠિયાવાડ જતી ગાડીનું નામ આપ્યું.

''ત્યારે આવ્યાં શું ? આવું મળવું...કાંઈ સમજાણું નહિ ?'

''હું સાચું જ કહું છું. હું તમને ફક્ત મળવાને જ આવી છું. ઘણાં વરસ થયાં, છેલ્લાં મન તલસતું હતું. રહેવાયું નહિ એટલે આવી. તમારાં દર્શન લીધાં, બસ હવે જઈશ !'

'એથી ધણીને અચંબો થયો, એટલું જ. એથી વિશેષ એને થાય તેમ નહોતું. એટલે પરિસ્થિતિને વશ થતાં ચુપચાપ એ દાદર સુધી વળાવવા તેની પાછળ પાછળ ચાલ્યો.

'બાઈએ છેલ્લું, પલભર મૂંગું, ભાવભીનું અમીટ સાત્ત્વિક આનંદ–પ્રફુલ્લ સ્મિત ભર્યું પતિ પ્રત્યે નિહાળી, બન્ને હાથ જોડી, મનોમન ક્ષમા માગતી અને ભવોભવ એ જ ધણી પામવા પ્રભુપ્રાર્થના કરતી લાગે તેમ છેલ્લે પગથિયે ઊભી રહી, પતિની ચરણુરજ માથે ચડાવી છૂટી પડી.

'બસ લગભગ ચાર કલાક પછી બાઈના અચેતન દેહમાં અહીં રાજકોટમાં પ્રાણ આવ્યો. હળવેથી આંખ ખોલી સહુને ભાવભર્યાં જોઈ લઈ એ ધીમેથી બોલીઃ

''બોલ્યું–ચાલ્યું માફ કરજો. સહુ ! અને હવે હું જઉં છું.' આંખમાં નમસ્કારનો ભાવ આવ્યો અને બસ આંખ ફરી ગઈ.

'સવારે એની દહનક્રિયા કરી આવ્યા પછી બાઈની ઇચ્છા પ્રમાણે એના ધણીને મુંબઈ ખાતે તાર કરી દીધો કેઃ 'અહીંનાં શિક્ષિકાબાઈ...ગઈ રાતે બાર વાગે ગુજરી ગયાં છે. આપની ઓળખાણ અને સરનામું આપી રાખેલું તે મૃત્યુ પછી સમાચાર મોકલવાની એમની છેલ્લી ઇચ્છા હતી.'

'ભાઈને તાર મળ્યો. રહેણીની એકધારી ઘરેડમાં કંટાળેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં એમાં જ ટેવાયેલા જડ-સ્થિતપ્રજ્ઞ પતિને એની પ્રલંબ પ્રેમ-શુષ્કતા ઉડાડી મૂકી ઉશ્કેરે એવો યોગ આવી મળ્યો. એને તાજુબી-નો પાર ન રહ્યો. અને પ્રથમ તો એણે માન્યું જ નહિ કે એ મૃત્યુ પામી છે. એનું સ્નાન કર્યા વગર, કદીએ અર્થ કે કારણ વગર કોઈથી વાતચીત ન કરવાની ટેવવાળા એ ભાઈએ તે દિવસે ઓળખીતા અને પાડોસીઓને તાર બતાવ્યે જઈ તેઓ કંઈ જાણતા કે જાણવા માગતા હોય તોપણ વાત કર્યા કરી કે 'હું ગાંડો નથી થઈ ગયો. પણ એ હજુ ગઈકાલે રાતે આવી, રસોઈ કરી મને જમાડીને જાય છે; એટલા વખતમાં તો એ રાજકોટ ક્યાંથી પહોંચી શકે! મને તો આમાંનો ભેદ કંઈ સમજાતો નથી!'

'પડોસીઓ પૂરા વાકેફ હતા કે વર્ષોથી એનો ઓરડો સ્ત્રી-વિહોણો હતો.'

'એ પછી ધણીને એની પત્ની માટે...' મેં વચ્ચે પૂછવા યત્ન કર્યો.

'હા. એ સીધો રાજકોટ આવ્યો. અને ખબરઅંતર કઢાવી બધી હકીકતથી વાકેફ થઈ કારજ વગેરે પતાવીને પાછો ગયો. ને પછી જીવ્યો ત્યાં લગી પત્નીને પૂજતો રહ્યો.'

'ઉત્તર જીવનમાં પગમાથા સુધી પલટાઈ જતા એવાઓને જોઈ આપણે અચંબો પામીએ છીએ પણ જો કારણ જાણવા મળે તો પાછળ કોઈ આવો ભેદ, ત્યાગ કે દુષ્કૃત્યનો પશ્ચાતાપ જ નીકળી આવે.'

બીજી બીડી સળગાવીને એ મારા સામું જોઈ રહ્યા. મારું મન તો એ અદ્ભુત પ્રેમયોગી સ્ત્રીની ભવ્ય અને મૃદુ મૂર્તિની પરિક્રમા કરતું હતું. અને પવિત્ર સ્મૃતિ વચ્ચે મીઠી છતાં રોદક લાગણી ચોળતું મારું મન એની ચર્ચા કે ટીકા માટે તૈયાર નહોતું. મૌન સિવાય એવી ભાવઝડીઓ ઝીલવાનો બીજો કયો ઉપાય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતરપટ

: ૧ :

'આ ક્યા નયન! તેં આ શું આદર્યું છે?' કહેતા જેઠજી 'પોતેશ્રી'ના ઓરડામાં ઘૂસ્યા.

મેં કાન માંડ્યા. 'પોતેશ્રી' મૂંગા રહ્યા હશે, એમ લાગ્યું; પણ જેઠજી ત્યાં કાંઇ મૌન પાળવા ગયા ન હતા. એઓ વળી ગર્જ્યા:

'એમ! સારું! ક્યાં ગઈ! અલ્યા પ્રતાપ!' નજીકમાં જ અદીઠ ઊભેલાં, રાહ જોતાં જેઠાણી બારણામાં જઈ ઊભાં, બોલ્યાં: 'આ રહી!'

'જા! આજથી રસોડું જ બંધ કરી દે! કોઈને જમવું નથી. છોકરાંઓને પણ નહિ. મોટો સત્યાગ્રહ ચલાવ્યો છે તે!'

'પણ મોટાભાઈ! આમાં સિદ્ધાંતપાલન છે. અને એ ઘરથી જ શરૂ કરવાનો હોય છે!' 'પોતેશ્રી' બોલ્યા.

'પણ ડાહ્યા! એમાં અમને તો પૂછવું'તું? સંયુક્ત કુટુંબના નિયમો પાળવાના હોય કે નહિ?'

'એ કબૂલ! પણ મારી માગણી ખોટી છે? ચાલો, આ તમને પૂછ્યું, બોલો!'

'હં. હવે ઠીક! ચાલ. અત્યારે તો હવે જમી લે, પેલી તારી પાછળ ભૂખી બેઠી છે, તેને પણ જમવા દે, પછી ભરીએ પારીવારિક સંમેલન! ચાલ, ઊઠ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે બધાં 'પોતેશ્રી'ના–અમારા ઓરડામાંથી બહાર નીકળ્યાં. જેઠજીએ હવે ડામવા માંડ્યું:

'મોટા સુધારક કાંઈ!'

'ને ઘરથી શુભ શરૂઆત કરવી હતી તો હું નજરમાં કેમ ન આવી ભાઈ!' જેઠાણીએ પોતાના દેરને લાડ કરવા માંડ્યું.

'હા, બોલ! હું એને નામથી ન બોલાવતાં છોકરાને નામે સંબોધું, કોઈ વડીલની હાજરીમાં એ લાજ કાઢે એ ચલાવ્યે જઉં, એ માટે તને સત્યાગ્રહ કેમ ન સૂઝ્યો? અને પેલી બિચ્ચારી હજી ચાલી આવતીને ભૂખે મારવા નીકળ્યો!' જેઠજીને મન 'પોતેશ્રા'-ના ઉપવાસ કરતાં મારો ભૂખમરો વિશેષ હોય તેમ બોલ્યા.

'પણ હું ક્યાં કહું છું કે એ મારી સાથે મેદાને પડે!'

પડદા–ઉચ્છેદક ભોજન સત્યાગ્રહ જાણે ઘોડદોડની શરત હોય કે છેવટ હું સમ–સ્વતંત્ર હોઉં તે વ્યક્ત કરતા 'પોતેશ્રી' કચવાટભર્યા વદ્યા. મને ઘણું થયું કે હું યે બોલું:

'હંમ સત્યાગ્રહને સત્યાગ્રહથી જવાબ અપાય તો લડત સંકેલવી પડે ને!' પણ હું આમ બોલું તો પછી લડતમાં 'પોતેશ્રી' નો વિજય થઈ જાય ને! મૂળે લડતનું કારણ જ હું હતી–મારી લાજ હતી. જેઠજી જાણે મારી વકીલાત કરતા હતા:

'પણ ધણી ભૂખ્યો રહે, ને બાયડી બેઠી મલીદા ઉડાવે એ કાંઈ સારું લાગે!'

'કેવળ શોભા સારું કે શરમના માર્યાં મેં 'પોતેશ્રી'નું અનુકરણ કર્યું ન હતું.' એવો વિરોધ કરવાનું મને થઇ આવ્યું.

'હું જમવા તૈયાર છું પણ મારી વાતને...!' પોતેશ્રીના બોલને ઢાંકી દેતા જેઠજી વચ્ચે બોલી ઊઠ્યા:

'ભાઈ, કોની ના છે! જો, તારી ભાભી મધ્યસ્થ રહેશે, આપણે દલીલો કરીશું. જે પક્ષની જીત થાય તેની વાત ઘરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પળાશે. આ જો હું હારીશ તો આ ત્રણ છોકરાંની મા થઈ છે એ મૂરખો ફગાવીને યુગસ્ત્રી થઈ જશે!'

'બોલો, પછી કાંઈ વાંધો છે?' જેઠાણીએ સંમતિનો પોતાનો અર્ધ અધિકાર ઉમેરતાં કહ્યું

મને હસવું આવ્યું–જેઠાણી જેવી પ્રગલ્ભાને બધા સામે ખુલ્લે મોઢે હરતાંફરતાં કલ્પીને. મને માવતરમાં તો લાજ કાઢવાનાં ગમ ટેવ, અવસર કે ઈચ્છા નહતાં. પણ—અહીંયાં.... .

: ૨ :

હું લગભગ દોડી, એમ કહું તો ય ખોટું નહિ. જેઠાણીને ન્યાય-પદ આપવાનું હતું તે આડે દિવસે ઘરકામમાં ભાગીદાર થતાં એ ગુણિયલ બાઈ ઠામના ઢગલા સામું જોતાં હસતાં હસતાં ઊપડી ગયાં. કહેતાં ગયાં:

'હાલોને વહુ! થશે પછી. ચાલો!'

જોકે એ વિવેક જ હતો તો ય હું તો શરમાઈ ગઈ. એ જોઈ એમણે આગ્રહ કરવો પડતો મૂકી ચાલવા માંડયું. મને એ ચર્ચામાં જેઠાણી કરતાં ઓછો રસ કે સંબંધ હતો એમ કાંઈ થોડું છે? છતાં કોણ જાણે કેમ પણ હું લજવાઈ. ઘણું થતું હતું કે હું એમની સહકારિણી બની શકું તો કેવું! પણ શરમ આવતી હતી. છતાં બહાનું હતું એટલે બોલી:

'ઠાલાં ખરેટાઈ જાય–હમણાં આવી!' જેઠાણી જતાં જતાં મને નીરખતાં ગયાં. એમનો મુખભાવ તો વિવાદ કરતાં ઠામ ઘસવાની વાતને અગત્યનો ગણતો લાગતો હતો.

મને થયું 'ચાકરો હોય તો કેવું!' પણ જેઠજીએ એ માટે પણ ખુલાસો કરી દીધો હતો, કે સ્વાશ્રયની બડાઈ ભાષણ કે પુસ્તકમાં કહેવા–લખવા કરતાં જીવનમાં આચરાવી જોઈએ તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનિવાર્ય ન હોય ત્યાં સુધી કોઈની સેવા ગ્રહણ કરવી એ સારી વાત નથી. કે તંદુરસ્ત હોઈએ, જુવાન હોઈએ ત્યાં સુધી થોડી કસરત લેખે પણ ઘરકામ કરવાનું આપણા લાભની વાત છે. આવી મતલબનો ઉપદેશ, આગ્રહ અને બચાવ કરી એમનાં–અમારાં પહોંચતાં કુટુંબની રહેણીનો ખ્યાલ આપેલો. આમ આડકતરું કામ કરતી ને પ્રોત્સાહન દઈ કદર કીધેલી.

ધંધાદારી કામવાળીની અદાથી મેં જલદી જલદી ઠામ ઝટકી નાખી, એકદમ રસોડું ધોઈ કાઢી, હાથ, પગ, મોઢું, ધોઇ કપડાં બદલી, વાદસ્થાન થઇ પડેલા અમારા ઓરડા તરફ દોટ મૂકી. ઉધરસ આવી જાય તેટલો શ્વાસ ભરાઇ આવ્યો. અનુપયોગી જેવી છેક છેલ્લી બારીના અર્ધખુલ્લા દ્વારમાંથી કબાટની ઓથાણે રહી એક અદૃશ્ય પ્રેક્ષક અને શ્રોતા બની હું સજિજ્ઞાસ ઊભી રહી, તો:

જેઠાણી ટેબલને અઢેલી કંઈ લખી લેતાં જતાં હસવું ખાળતાં બેઠાં હતાં.

અમારા પલંગની પાંગતે પહોળા થઈને જેઠજી બેઠા હતા, પ્રસંગની જરીકે અસર વગરના. કેવળ ઉપકારજનક ભાવે.

ને ખુરશીને ખાટલો કરી મૂકી 'પોતેશ્રી' પલાંઠું મારી ગંભીર બની બોલતા હતા. થોડી ક્ષણો સુધી તો મને એમનો અતિવાદ સંભળાયો નહિ કે સંભળાયો તો સમજાયો અને યાદ રહ્યો નહિ. હું એમની સાચકલાઈ ઉપર હસવું આવતું હતું તે આવવું જોઈએ કે કેમ, તે વિચારતી હતી.

જેઠજી હસતા હતા, એવું કાતિલ હસવું કે એમના હસવાની રીત કે એમાં રહેલા ટોણાથી સામો પક્ષ હાર કબૂલી લઈ મીણ કહી જાય એવું:

'ગાંડો નહિ તો! લજ્જા તો સ્ત્રીઓનો સ્વભાવ છે. સાચું સ્ત્રીત્વ છે. કે સંસ્કૃત સ્ત્રીની કુલીન મનોદશા છે. લાજને રુખસદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપો તે પહેલાં સ્ત્રીઓને જ પૂછી જોજો. એનો જવાબ પણ શરમાઈ જઈને લાજમાં–ઘૂંઘટામાં મોઢું છુપાવી લઈને સ્ત્રીઓ દેશે!' કહેતા જેઠજી જેઠાણીને નીરખી રહ્યા.

'આમ શું સામું જોઈ રહ્યા હશો, ભાભી! લખો મારા ભાઈનો મુદ્દો.' 'પોતેશ્રી' ભાભીના રમતિયાળ, તોફાનભર્યા, હસું હસું થઈ રહેલા મુખભાવોથી દાઝતા બોલી ઊઠયા.

'તું એ ખોટું કરે છે! હા. એમ મારા સામું જોનારીની ન્યાયતુલા એક પક્ષે નમી ન જાય તેટલી સાવચેત ન કહેવાય એમ કોઈ નહિ તો છેવટ હારતો પક્ષ કહી જશે!' પોતેશ્રીએ ટીકા કરી એથી તો ઊલટું બન્ને કંઈ ઊંડી સમજભર્યું નીરખતાં હસ્યાં. તેમને બન્નેને આમ છૂપું હસતાં હું જોતી હતી–પણ એ બેઉની જગ્યાએ અમને બન્નેને ગોઠવીને.

'ને તમારે મધ્યસ્થને માનથી સંબોધવું ઘટે!' 'પોતેશ્રી' ઉકળાટ અનુભવતા હતા. મર્મમાં હસતાં પાછા ગંભીર બની જઈ જેઠ બોલ્યા:

'એમ...ઠીક! ભલે...!' કહી એમણે એક નિઃશ્વાસ નાખી લીધો, અને પછી બોલ્યા:

'હા, પતિનાં દર્શન માત્રમાં ઝણઝણી ઊઠતી સ્ત્રીની લાગણીઓ એને ધાંધી, ચંચળ, વિહ્વળ કે તોફાની બનાવે, સ્થળ, સમય કે સંબંધીઓની હાજરીનો ખ્યાલ ભુલાવી દઈ તેને કોઈ અપાર્થિવ અકથ્ય સુખની દશામાં લઈ જઈ મૂકે—તે પાછી ભાનમાં આવી લાગે—ત્યારે શરમાય; તે બધા ભાવો કોઈ જોઈ જાય એ પહેલાં સ્ત્રીથી લાજ કાઢી લઈ પોતાનું મોઢું છુપાવી લેવાનો ચાળો સહસા થઈ જાય છે, એટલે...!'

'કવિતા ન કરી મૂકો!' એકદમ વચ્ચે ઝુકાવી 'પોતેશ્રી' બોલી ઊઠ્યા. જેઠજી જાણે 'પોતેશ્રી'ના વાંધાને માન આપતા હોય તેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંભીર મોઢું કરી જઈ જેઠાણીની સલજ્જતા નોંધી રહ્યા. 'પોતેશ્રી' બોલતા હતા:

'એ મોટે ભાગે નવદામ્પત્ય કે યૌવનકાળ સુધીની વાત છે!'

'ભલે હંમ, લખી લે...લખી લ્યો એનો વાંધો!'

'લોહી ઠરતાં એ આપોઆપ અદૃશ્ય થઈ જાય છે, એટલે જીવનમાં બહુ બહુ તો દશ વરસ પૂરતો એ સ્ત્રીસ્વભાવ સારાય જીવન–ઘડતરના નિર્ણય વખતે અપવાદ જેવો ગણી લેવો જોઈએ।'

'પણ ભાઈ! એ આઠ–દસ વરસની કવિતા–ભરી દશામાં તો ઉત્તરાવસ્થાનો એક માત્ર સ્મરણ–લહાવો હોય છે, એ તું શું જાણે!'

'જે પુરુષોની યાદીમાં એવાં લટુકડા ભર્યાં હોય એના દેશની દશા હિંદ જેવી હોય! એમાં–પડદામાં સાચાં પૌરુષ કે સ્ત્રીત્વ નથી. વિલાસની એ નાટકીય ચેષ્ટાઓ નકામી છે. પરધર્મીઓએ આ દેશમાં પ્રવેશીને દેશનાં સ્ત્રી, ધર્મ અને ધન પર જે લૂંટ ચલાવેલી એની એ એક કલુષિત યાદ છે. લજ્જા ભલે સ્ત્રીસ્વભાવ રહ્યો. સીતા અને દમયંતીઓએ પડદા નથી પાળ્યા, પ્રજોત્પત્તિ–સુપ્રજનન માટે જ જો સ્ત્રીસંગ કે લગ્નનો આશય હોય તો વિલાસને હદપાર કરવો જ રહ્યો. માતા તરીકે સ્ત્રીને અને સંસ્કૃત પિતા તરીકે પુરુષને માનીએ–સ્વીકારીએ, તો ત્યાં લાજની લાગણીશોધક મનોદશા, કે માત્ર મુખભાવો છુપાવતી લાજનો અંતરાય, અનિચ્છનીય છે!' પોતેશ્રી જાણે કોઈ ઊગતા વક્તાનો સભાક્ષોભ કે તાજા વકીલનું ઘરરિહર્સલ જેવું આત્મગત લાગે તેવું બોલતા હતા.

'સંસ્કૃતિ, દેશ કે સમાજધર્મ કરતાં આપણે અત્યારે કુટુંબનીતિ છણીએ છીએ! એવાં સામુદાયિક કામો આંખના પલકારે નથી થતાં! ત્યાં સુધી ગંભીર રહી બેસવું–જીવવું–કોઈને ન પાલવે!' જેઠજી બોલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દક્ષિણીઓનો દાખલો ન ભૂલો!' 'પોતેશ્રી'એ વચ્ચે કહી લીધું.

'રૂપ કે કલાના ભાવ જે સ્વાભાવિક સંસ્કૃત માનવતા છે, એ એનો ભાવ સહેજે ભજવતા રહે છે. સમજ્યો! (તને તારા પૂરતો તુંકારાનો વાંધો નહિ જ હોય!) ને દક્ષિણી સ્ત્રીઓ જ્યારે શરમાય છે, ત્યારે મોઢાને હાથથી છુપાવે છે, એ કરતાં આ ઘૂમટો વધુ કળાત્મક છે!' જેઠજી હવે કંઈક પ્રગટ રસિક બનતા જતા હતા. મારી હાજરીનો, અગર, એમને ખ્યાલ હોય તો એમનાથી આમ રસિકતા રેલાવી ન શકાત, 'અને એવું જડ ગાંભીર્ય છવાયું હોય ત્યાં વળી ઊપજી શકતો આનંદ આવો હોઈ શકે?'

'ઊભા રહો! તમે ધીરેથી બોલો! હું શોર્ટહૅન્ડ ટાઈપિસ્ટ-ગર્લ નથી, કે તમારું સંભાષણ અક્ષરશઃ નોંધી શકું!' જેઠાણી કાગળ બદલતાં ફફડ્યાં.

'સેને ટૂંકું પતાવીએ! કહે તો ખરી, તાજવું કઈ તરફ નમે છે? આપણા લોકોનો સ્વભાવ જ એવો છે કે કાર્યનો અંત પહેલેથી વિચારી કાં તો કાર્યારંભ જ ન કરવો, ને આરંભેલા કામનો અંત સમજાઈ જાય તો વહેલો અંત આવે તે ગાડે ચડી બેસવું!' જેઠજી બોલ્યા.

'એમ ન ચાલે, વાદનો અંત આજે જ આવી જવો જોઈએ. હું કાયમ તમારી આ વેઠ વેંઢારવા નવરી નથી. વહુ બિચારી ઠામણાં ઘસે છે, અહીંયાં તમે પેટ ઠાંસી પલાંઠો વાળ્યો છે. સ્ત્રી-ઓની સમાનતા સ્વીકારનારા પાછા એવું ભૂલી જાય ને!' જેઠાણીએ ટોણો માર્યો.

'હા ભાઈ, મારે વહુને એમ દુઃખ નથી દેવું!' જેઠાણીના સૂરમાં પોતીકો સૂર ઉમેરતા જેઠ બોલ્યા.

'ચાલો, બોલો તમે આગળ!' જેઠાણીએ હુકમ ફરમાવ્યો.

'હું શું બોલું, હું આના જેવડો હતો ત્યારે લગભગ આવી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂન ધરાવતો હતો. તે બધું અત્યારે યાદ ચડે છે; એટલે હું એની સામે હવે મારી નિર્બળતા નહિ ઢાંકું. દેશને જુવાનોની જરૂર છે, ઘરડાઓની નહિ. ઘરડાઓને કેવળ કલ્પનાનો–કવિતાનો સ્મરણ-લહાવો મળે તેટલા જ ખાતર સ્ત્રી–પ્રગતિની ગતિ ન અટકવી ઘટે. હું આથી વિશેષ કહેવા તૈયાર નથી!' જેઠજી સામનામાંથી સહાનુભૂતિ ઉપર આવી ગયા લાગ્યા. છતાં એમાં જોવા બેસીએ તો ગેરીલા–લડાઈની પદ્ધતિ પણ લાગે.

'હજુ મારો અર્ધો હક્ક છે ને!' જેઠાણી ઝબૂક્યાં. 'હું કહીશ. હં...દિયરજી! જુવો, પ્રથમ તો પડદાનો રિવાજ કાઢવો એ સ્ત્રીઓએ ભરી ફોડવાનો પ્રશ્ન છે. ચાર દીવાલ વચ્ચે રહીસહી સ્વતંત્રતા ભોગવતી સ્ત્રીઓના આવા નામશેષ અધિકારોમાં પુરુષોએ હાથ નહિ ઘાલવો જોઇએ. સ્ત્રીઓની સ્થિતિ સુધારવા માટે આગળપડતો ભાગ લેનાર, સ્ત્રીસન્માન, સ્ત્રીસ્વાતંત્ર્યના હિમાયતીઓ ગણાતા પુરુષો, ખરી રીતે સ્ત્રીઓની વધારેપડતી દયા ખાય છે. સ્ત્રીઓનાં સુખ માટે પુરુષોએ શું શું કરવાનું હોય એ બાજુએ રાખીએ, તોપણ હાલતુરત, આજની નામશાંતિના યુગમાં સ્ત્રી-સુખને લાજથી કશો ગેરફાયદો નથી કે લાજ ફગવી દીધે મોટો ફાયદો થઈ જનાર નથી. લાજ ટકી છે કદાચ સંયુક્ત કુટુંબપ્રથાને આધારે. સમાજનું બંધારણ કુટુંબપ્રથા ઉપર વળગી, મરવા વાંકે, જીવતું રહ્યું છે. અને સમાજ નષ્ટભ્રષ્ટ, અસ્તવ્યસ્ત હાલતમાં, ડામાડોળ સ્થિતિ ધરાવે છે. દેશના પરદેશી રાજતંત્રે, તેની ચૂસણનીતિથી તમારું ઘેન ઉતારી દીધું છે. ભૂખમરો, બેકારી અને ઉદ્યોગહીનતાની પડેલી ચિરાડો જોઈ, તમને સમાજ–ઇમલાના અસ્તિત્વ વિષે ધાસ્તી લાગી છે. પહેલાં એ ચિરાડો પૂરવી જોઇશે. તંદુરસ્ત માનસ કેળવવું પડશે કે જેના અભાવે નૈતિક શિથિલતા ફાલીફૂલી રહે છે, જે પણ પડદાને નભાવી રહી છે કદાચ. એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી આપોઆપ સ્ત્રીઓની લાજ નીકળી જશે. એવી વાતમાં ઘરથી શરૂઆત કરનારી વૃત્તિની હું કદર બૂઝું છું. પણ એ વાતને અપાયું છે તેટલું મહત્ત્વ આપવાની જરૂર જોતી નથી.

'તમારા ભાઈએ મને એમની એ ઇચ્છા જણાવેલી. હું એ કદી ભૂલી નથી. એમની એવી નજીવી માગણી મારાથી પૂરી શકાતી હોય તો વહુ દ્વારા ઘરની વડીલ સ્ત્રી તરીકે હું છૂટ આપવા તૈયાર છું. મને વાંધો નથી!' બોલતાં બોલતાં શરમ અને નિર્ભયતાની મિશ્ર લાગણીઓ વચ્ચેય જેઠાણી થોડું ધ્રૂજતાં ગયાં. ગૃહિણી તરીકે મને તેઓ નમૂનેદાર દેખાયાં હતાં, એમાં એમની ચાતુરી જોઈ હું તો સાચે જ અજબ થતી રહી. માન અનુભવતી ગઈ. પણ 'પોતેશ્રી' ક્યારના ઊકળી રહ્યા હતા.

'મને એ મંજૂર નથી. ખભેખભો મિલાવી સ્ત્રીઓએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેવો જોઈશે.'

'એવી વાતોને મોટા પ્રશ્નો સાથે જોડી દેનારા મને થોડા મૂર્ખ નહિ તો અવ્યવહારુ લાગે છે. જો સાંભળ!' જેઠજીથી ન રહેવાયું:

'હિન્દમાં સ્વાતંત્ર્યપ્રાપ્તિ કે રક્ષા અર્થે યુદ્ધો નથી થયાં એમ તો નથી ને?'

'એ ખરું, પણ આ યુદ્ધ અહિંસાનું અનોખું છે. આ યુગ જુદો છે. અત્યારની પરિસ્થિતિ જ નવી છે!' 'પોતેશ્રી' ગર્જ્યા.

'અરે! બાવા! અહિંસા કે હિંસા, શકો, હૂણો, મુગલો કે અંગ્રેજો–લડત એટલે લડત. લોહી રેડવાનું કે આંસુ સારવાનું, સહન કરવાનું કે બલિદાન આપવાનું, ફના થવાનું. કુરબાની કરવાનું સરવાળે સરખું. મારીને મરી ફીટતી હિંસા કે માર ખાઈને ટટાર રહેતી અહિંસા જે અર્થે ઝૂઝે છે તે મોટી વાત છે. જ્યારે પુરુષો હિંસાથી લડતા ત્યારે સ્ત્રીઓ તો સ્વભાવતઃ અહિંસાધારી હતી એ તું જાણે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષોની હિંસા અને સ્ત્રીઓની અહિંસા એવડાઈને લડત બનતી. ત્યારે ગાંડા ! લાજ કાઢીને કે ખુલ્લાં, મદદ મળે એટલે ગનીમત.' જેઠજીની વાક્ધારા ચાલી. પણ 'પોતેશ્રી 'ને એવી દલીલોથી ઝંપ વળે તેમ ન હતો.

'નહિ ! સ્ત્રીઓ જ્યાં સુધી વિષયભાજન રહેશે, ત્યાં સુધી પ્રમાદી, વિલાસી કે કર્તવ્યવિમુખ હશે. ત્યાં સુધી લાજની કવિતા જીવતી રહેશે ! એવા સમાજની પછાત સ્થિતિનાં કારણો મૂલવનારાઓ સ્ત્રીઓ ઉપર દોષારોપણ કરશે. ગૃહજનો, આપ્ત કુટુંબીઓની લાજ કાઢવી એ તો કુટુંબદ્રોહ જેવું છે. પારકાં બીજાં અજાણ્યાં કે...' ત્યાં તો જેઠાણી એકાએક કલમ ફગાવીને ઊઠયાં દોડ્યાં બહાર.

'એલા પ્રતાપ ! આ ગાય તારાં ફૂલઝાડ–દરવાજો કોણે ઉઘાડો મૂકયો છે...?' બહાર રહ્યાં જેઠાણી આમ પ્રલાપ કરતાં પાછાં ફર્યાં કે મને જોઈ. નજીક આવી મીઠું મરકતાં એમણે મારા માથાનો છેડો ઢળતો હતો તે સરખો ગોઠવી–મોઢું ખુલ્લું દેખાય તેમ સમારી મને ખેંચી-મૂંગું મીઠપભર્યું મર્માળું હસતાં જેઠાણી હું આજે જ જાણે પરણીને આવતી હોઉં એમ જોઈ રહ્યાં હતાં. પ્રતાપભાઈ હાથમાં ચોપડી સહિત બગીચામાં ગાય બંધ દરવાજે ક્યાંથી પ્રવેશી ને પાછી અલોપ ક્યાં થઈ તે વિચારતા વિમાસતા હતા.

હુંય એ જ નક્કી કરતી હતી. એ ઠેકાણે તો ગાય, બકરી કે ભોજિયોય નહોતો બળ્યો.

અને હું જેઠાણી દોરી વાદસ્થાન તરફ લઈ જવાઈ રહી હતી. જેઠાણી હું જ સાંભળી શકું તેમ ધીરેથી મારો ગાલ ટપલાવી બોલ્યાંઃ

'આવી રૂપાળી વહુ મને હોય તો હું લાજ મુકાવી સવારસાંજ ફરવા નીકળવા કે બહુબહુ તો બે દિવસ પિકેટીંગમાં મોકલવાને બદલે પૂતળું ઘડાવી બજાર વચ્ચે બેસારું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હેં ! બસ ! ઊંડે ઊંડે શું મારા પતિ આવો સૂક્ષ્મ રૂપગ્રહ-શંક ભાવ ધરાવતા કે અનુભવવા માગતા હશે ? જેઠાણીનો ટોણો અને ચૂંટી મને હજુ વિકલ્પતી રાખત–મોડાં સમજાતઃ પણ એમણે જ ઉમેર્યું:

'આવતાં વેંત ચોટલી હાથ કરી બાઈ! બહુ પાકી તું તો !' હું એમની સામે જોતી હસી પડી.

અમે બેઉ સ્ત્રીઓ આગળ ચાલીએ તો અમારા ઓરડામાં બેઉને પેટ પકડીને હસતા સાંભળ્યા. કાનમાંડીને સાંભળ્યું તો જેઠાણીએ મારી જુબાની વગર કામ ચલાવીને જે બાફ્યું હતું તે વાતે જેઠની રમૂજમાં 'પોતેશ્રી'યે ભળ્યા હતા.

પણ મને ઓરડામાં દોરીને–ખરું તો હડસેલીને જેઠાણીએ બન્નેને ચૂપ કરી દીધા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુકન્યા

: ૧ :

એને છુપાઈને આમ સાંભળતી કોઈ દેખે તો એ સુકન્યા છે એમ પહેલાં તો ન માને. આજે પહેલવહેલાં એ બા બાપુજીને 'ગ્રીષ્મ વિશ્રામ કુંજ' પાછળના ડુંગર-કુંડની ઓથે લપાઈ કુંડ માંહેના કમળનાં પાંદડાં પર પાણીનાં મોતી ઉપજાવી પાછું પાણી બનાવતાં સાંભળી રહી હતી.

સૃષ્ટિનાં બધાં ય સંબંધીઓને મળવા નીકળી પડેલી સંધ્યા બાગનાં ફૂલો પાસે વિદાયનું સાયં-ગીત ગાતી હતી. 'ગ્રીષ્મ-વિશ્રામ'માં ઢાળેલા આરસના સુખાસન ઉપર બાપુજીની પડખે બેઠેલાં બા દલીલ કરતાં હતાં.

'પણ બાપે મૂકેલી મિલકત ઉપર જીવતી ખાતી-પીતી, ઓઢતી-પહેરતી દીકરી સારું ય જીવન કુંવારી રહી કેમ સુખ પામશે? લગ્ન વગર એકલતા શે ભાંગે, રસ ક્યાંથી પોષાય? સૌન્દર્ય, કલા અને જ્ઞાન પુરુષનાં સહચાર વગરનાં અડવાં છે. અસ્પર્શ્ય છે!'

'એવાં જ સ્ત્રીને ખરાબે અથડાવી મારવા પૂરતાં છે!' બાપુજી હસતાં હસતાં રદીયો દેતા હતા.

'મેં તો કોઈ કુંવારી ઘરડી થઈ ભાળી નથી. તમને તમારી દીકરી નવી નવાઈની છે!'

'આજકાલ તો એવી મીરાંબાઈયું વધતી ચાલી છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મને તો એમાં વાંધો બેસતી નથી. પક્વ અવસ્થા થાય ત્યાં સુધી જવાબદારીનું ભાન ન થાય તેના કરતાં બાળલગ્ન શું ભૂંડાં? મનની અસ્થિરતામાં આ સાચું કે તે સાચું કરતાં અખતરાઓ કર્યે જઈ નીતિની લગામ ઢીલી કરી બેસે તેના કરતાં સાવિત્રીએ પુખ્ત વિચારે એમને સાચે રસ્તે શું કામ ન દોરવવાં!' બાની સરમાં કોઈ લગ્નમિમાંસક ઊતરી આવ્યો લાગ્યો.

'એમાં તું સાચી છો. સગપણ થયાં વગરની કુંવારી મોટી થઈ ગયેલી છોકરિયુંના મન ખાલી ખાલીને ભટકતાં રહે છે. પણ હવે તો એ કબૂલ થઈ ને શું!'

'પણ એના ચ્યવનનું ક્યાં ઠેકાણું છે! વધારામાં તમારી મીરાંબાઈની સરત સાંભળી એ શેનો તૈયાર થાય. લ્યો કહો, 'તમારા વારસાની લાલચ વગર પોતાને સ્વીકારે તો જ. 'ને તે ય એને જ. બાકી પોતાને કાંઈ સૂઝતું નથી 'ને ગમતું યે નથી.' ઊધડ્યાં પેલાનાં!'

પોતા પાસે મહિનાઓનાં મનામણાંને અંતે માતાએ લગ્ન માટે 'મમ' ભણાવ્યું હતું તેની આવી વિચિત્ર રજુઆતથી સુકન્યાને ય હસવું આવી ગયું. ત્યાંથી ઊઠતાં બાનો હાથ પકડી બાપુજી બોલતા ગયા:

'હં. લે, ચાલ ને એને બોલાવવા મોકલજે કોઈને, કે કાલે મારી પાસે આવી જાય!'

આકાશમાર્ગે આશ્રય વગર રખડતાં રડ્યાંખડ્યાં વાદળાંમાંની એક છૂટી વાદળી કુંડના અરીસામાં મોઢું જોતી હતી. પોતાનું મુખ અવલોકી રહેલી સુકન્યા પાછળ રહી એ વાદળી કુંડના પાણીમાં ઊઠતી એની છબીની પછીત થઈ પડતી હતી. એણે ઉપર જોયું તો વાદળીયે એને પોતા સમી લાગી.

ખાલી અંતરમાં ફૂટી નીકળેલી એક વિચાર–વાદળી વરસું વરસું થઈ રહી હતી. પણ એની અંતર લહરીને અથડાવા પ્રિયજનના વહાલસોયા હૃદયનો કાંઠો ન હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને લાગ્યું કે આજીવન બ્રહ્મચર્ય પાળવું એને માટે દોહ્યલું હતું. સારું થયું પોતે વેળાસર એ આત્મવંચના ફગાવી દીધી.

એ સચેત થઈ તો જાગ્રત મનને વળી એકલું લાગ્યું. એની એકલતા ભાંગે એ તો પત્રો-સામયિકો-પુસ્તકો ને વાદન કે ચિત્રણ આળેખણ. એમાં ય માનવસંસારની પુરુષ-સ્ત્રીની બેલડીઓનાં બ્યાન ભર્યાં હોય છે. પ્રમાણિકપણે અત્યારે એણે માન્યું કે માનવને એકલું જીવવા માટે અવતાર નથી મળતો.

નજરે એવાં કોઈને તરત ખોળવા મથામણ કર્યું. કુંડના જગતમાં કમળ એનો વિકાસક્રમ વટાવી ઊભું હતું. આથમતાં સૂર્ય-કિરણો, ધીરી અનિલ-લહરીઓ, અને શીતળ જળરાશીના સહચારમાં સોહામણું દીસતું, જીભહાથ પગની માનવ-રચના વિહોણું એ કમળ પોતાનાં વિશિષ્ટ સૌન્દર્યમાં લહેરાતું હતું. મન બોલી ઊઠ્યું:

'અહો કેટલું સુંદર.' હાથ લંબાયો, ચૂંટાયું. પોતાનું ચોકખું મુખ પ્રતિબિંબ એથી હિલોળે ચડ્યું. કુંડના શાંત પાણીમાં છપાયેલી પોતાની સ્થિર મુખછબી ઉપર પાણીની નાની લહરીઓનાં વર્તુલ ફરી વળતાં મુખને કુરૂપ બતાવતાં ચાલ્યાં. સ્થાનભ્રષ્ટ થતાં આખરી સંદેશ કહેવા ઉતાવળ કરતું કમળ જાણે કંઈ કહેતું ન હોય!

'મને શું કામ તોડ્યું?'

'સુંદર છો એટલે!'

'એમ તો તમેય સુંદર છો?'

'હેં! શું સૌન્દર્ય સ્વભોગ્ય નથી?'

કોઈને આસપાસમાં બોલતું સાંભળી એ ઊઠી. અંધારું અજવાળાને વધુ ને વધુ દબાવતું હતું. કુંડનાં પાછાં સ્થિર થઈ ગયેલાં પાણીને, આંખે નાકે ગાલે દબાવતાં હાથમાં રહ્યાં ચોળાયેલું-તુરીય દશા પામેલું કમળ ઘડીક સ્મિતભર્યાં ટીકીને સોંપતી એ ચાલી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૨ :

'ક્નુ માટે મેં તમને છ–સાત વર્ષ પહેલાં વિચારી રાખ્યા હતા. તેમ તમારા બન્ને વચ્ચેનું સખ્ય સારતું જાણું છું. પહેલાં તો એણે લગ્ન ન કરવાની જાહેરાત કરી મને ગૂંચવી નાખ્યો હતો. એનું કારણ મને જાણવા નથી મળ્યું. હશે જે હોય તે. અત્યારે હવે એનો શોચ કરવાનું કોઈ કારણ નથી.' વિજયરાય અટક્યા. એણે ચ્યવનને ઊંડા વિચારમાં ઘેરાયેલો નીરખ્યો. નિસ્તેજ થઈ ગયેલા મુખ ઉપર ફરકી રહેલી ચિંતાની ઝાંઈથી ગમગીન દેખાતો એ કંઈ મૂંઝાતો લાગ્યો.

'કેમ શા વિચારમાં છો? તમને અનુકૂળ થઈ પડે તે રીત આપણે અખત્યાર કરશું. લગ્નને નામે નાટક કરવા જેટલાં આપણે કોઈ પછાત નથી. તેમ તમારો વ્યવહાર ચાલે તેટલું તમે કમાવ છો. છતાં...જોકે ક્નુએ તમને એક સરતથી બાંધવાનું કર્યું છે એટલે પોતે વારસાથી દૂર રહેવા માગે છે તેમ તમે પણ રહો તેવું ચાહે છે,...છતાં...લગ્ન બોજો થઇ પડે તેવું મને નથી લાગતું કે તમારા દાખલામાં બને. એટલે એવું કાંઈ વિચારતા હો તો તે નકામું છે!'

'ના, બાપુજી! હું એવું કશું વિચારતો ન હતો. એ લગ્ન પછી વિચારવાની વાતો છે. હું તો લગ્નના સ્વીકારને લગતું સોચું છું. આપ કાંઈએ ઉતાવળો અભિપ્રાય ન બાંધશો. હું પુખ્ત વિચાર કરી આપને જેમ બનશે તેમ વહેલો મારો નિશ્ચય જણાવીશ!' નીચું મોઢું રાખી ચ્યવને કહ્યું.

'બરાબર છે. જવાબદારીની વાત છે!' વિજયરાય બોલ્યા. ચ્યવન તેમની હાજરીમાં વાર્તાલાપ ચલાવવા અસમર્થ હોય તેમ ભય, માન અને દર્દભર્યો લાગતો ઊઠયો. બોલ્યોઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું જઈશ ત્યારે, બાપુજી ! બનશે તો કાલે જ આવી જઈશ !'

'ભલે તને ગોઠે તેમ કર ભાઈ!' નિશ્વાસ નાખતાં ખુરશીમાં શરીરને લંબાવી વિજયરાયે કંઈક વસમાતાં એને વિદાય આપી.

ચ્યવનની આંખો જો આજના પ્રસંગે ઉપજાવેલ અસરથી મુક્ત હોત તો બારીમાંથી ઉતાવળે ખસી જતી ધાંધી સુકન્યાને જોઈ શકી હોત. તેજશૂન્ય નયને, નિરાશ ભાવે, મ્લાન ચહેરે અને અસ્થિર પગલે ચાલી ગયેલી એની વિષાદમૂર્તિની ઉર્ધ્વ પ્રાણગતિમાં ય કોઈ દૃઢ નિશ્ચયની ઝલક, એના ખિન્ન દેખાવમાંની પ્રગટ આર્દ્રતા સાથે, ઉગ્ર મનોસંતાપભર્યા ભાવિ સ્વાધીનક્રમને ઓપ આપતી હતી.

એ લગભગ ફાટક પાસે પહોંચ્યો. ત્યાં ઉતાવળી ચાલે સુકન્યાએ એને પકડી પાડ્યો. એ અટક્યો. સામે જોયું. પોતાની આંખો ઉપર સ્થિર પ્રકાશ-જ્યોત ચોંટી રહી હોય તેમ સુકન્યા એને જોઈ રહી હતી. એણે આંખો નીચે ઢાળી લેતાં જોયું તો સુકન્યા હાથમાં કંઈક ધરી લંબાવતી, તે લેવા સૂચક ભાવે ઊભી હતી. એ બોલી:

'લ્યો!' એના સ્વરમાં રોકેલાં રુદન ઉપરાંત નિશ્ચલતાના ભાર સાથે કાંઈક અકલ્પ્ય કંપ એણે અનુભવ્યો.

'હં.' કહી ચ્યવને એ લીધું તો સોંપીને મોઢું ફેરવી જઈ એ તો ચાલતી થઈ હતી. ચ્યવન સંમૂઢ બની એને જતી નીરખી રહ્યો. એના પગમાંથી ચેતન ઊડી ગયું. સુકન્યાએ સોંપેલું આલ્બમ એણે ખોલ્યું. જોયું તો પોતે કૉલેજજીવન દરમિયાન એને લખેલા કાગળોનો એ સંગ્રહ હતો. ઊઘડતાં પૂંઠાં પર પોતાની નાની સરખી છબી ચોડી હતી. આસપાસ જોતાં સુકન્યા ક્યાંય ન દેખાઈ. બહાર ન જતાં પાછાં ફરી બાગને એક એકાંત ભાગે આલ્બમમાં નજર પરોવી એણે ચાલવા માંડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક નાની સરખી છબી સાથે સુકન્યાનો પહેલો કાગળ પોતે ય કાળજીપૂર્વક કોઈની નજરે ન ચડે તેવી સાવચેતીપણે સંઘરી રાખ્યો હતો.

ઉપનિષદીય સુત્ર જેવી ગહનતા જાણે એ પત્રમાં ભરી હોય તેમ વારંવાર વાંચતાં એ અનુભવતો. આલમની કિંમતી ચીજ-વસ્તુઓના સંગ્રહમાં મોકલી આપવા જેવી એ પત્રિકા ચોળાઈ ચોળાઈને ફાટી જવા આવી હતી. એથી એણે એક સારા જાડા કાગળ ઉપર ચોડી જાળવી રાખી હતી. આલ્બમ જોઈ એને એ પત્રિકા યાદ આવી. જેમાં સુકન્યાએ એને છબી મોકલવા લખ્યું હતું. એ મોકલતાં લખેલો એનો પત્ર છબી ચોડેલા કાગળની પાછલે ભાગે હતો. ચ્યવને એ વાંચ્યું.

'મારું ચાલે તો કાગળના ટુકડા પર પાડેલી પ્રતિમાને બદલે જેને સદાય ઝંખુ છું. તે ભરી ભરી નીરખવા જીવતો જાગતો સદાને માટે નજરની સામે રહું.'

અને આમ પત્ર-લેખનનો મૂળ વિષય છબી થઈ પડેલો. અને છબી શબ્દ હેઠળ-ઉપર કરી નાખી એ વિષયક એક પુસ્તક ભરાય તેટલું બેઉ પક્ષેથી લખાયેલું. આલ્બમનાં પાનાં ફેરવ્યાં જતાં એ ત્યાં આગળ બાંધેલા હીંચકે બેઠો. પણ એકાએક કંઈ યાદ આવ્યું હોય તેમ ઊભા થઈ જઈ હીંચકાની હાલત તપાસી પછી બેઠક લીધી.

: ૩ :

બાળકો કોઈની પણ મદદ વગર બેસી શકે તેટલો હીંચકો ઢળતો રાખેલ હતો. રમતગમત વખતે બાળકોનો નાનો સરખો કાફલો ત્યાં જ પડાવ નાખતો. સહુને હીંચકવાનો વારો મળે તેવો ગંભીર નિયમ ગોઠવી, બાળકો ઘણુંખરું ત્યાં હીંચ્યા કરતાં. હીંચકા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની માગણી લક્ષમાં લઈ તે વસાવી આપ્યા પછી ગૃહપતિએ કોઈ વખત એ તરફ ધ્યાન આપ્યું હોય તેમ લાગતું ન હતું. તેમનો વ્યવસાયી જીવ કદીક એ તરફથી પસાર થાય તેમ તો બનતું પણ જીર્ણ થયેલાં દોરડાં અને લીસું થઈ ગયેલું પાટિયું, ખૂબ વપરાયાં હોવાનું સૂચક ગીત ગાતાં તે તેમને કાને અથડાતું ન હતું.

લીમડાએ યૌવનના વર્ષો વટાવ્યાં હતાં. હીંચકો બંધાયા પછી અકાળ વૃદ્ધત્વના ઓળા એના ઉપર ઊતરતા હતા. હીંચકા સાથે પરાણે ઘસડાતા–ધૂણતા લીમડાએ પોતાનાં પડોસી વૃક્ષોને કંટાળો ઉપજાવે તેવી એ દર્દકહાણી કહી કહી પોતાની કાયમી હાંસી વહોરી લીધી હતી.

લીમડાના ઘેરાવાની જગ્યામાં નળ હતો. એમ તો બારીક અવલોકન કરનારને બાગ અને બંગલા મકાનોમાં ઘણા કહી શકાય તેટલા નળ ગોઠવેલા મળી આવે તેમ હતું. એમાંના ઘણા નળની ચકલીઓ બંધ રહ્યાં રહ્યાં ઝામ થઈ ગઈ હતી. ઘણા સદાય ખુલ્લા રહેતા લાગે તેમ ચોકડી પર હકુમત વધારતી ગયેલી લીલથી માલૂમ પડતું. ઊલટું કોઈ આજ દી' સુધીના નળખર્ચ પેટે ચૂકવાયેલાં નાણાં અને બદલામાં મળેલાં પાણીમાં હાંસલ–ખોટ જોવા બેસે તો, પોતીકી વસાહતને પૂરું પડી શકે તેવડું ઘેરાવાવાળું નાનકડું તળાવ બંધાવી નળની યંત્રવ્યવસ્થા પાર પડે તેટલું રૂપાનાણું ઓગળી પાણી થઇ ગયાનું લાગે તેમ હતું. પણ હીંચી હીંચીને થાકી જઈ તૃષા છીપાવતાં બાળકો તો આ નળની બરાબર વસુલાત લેતાં અને જો ત્યાં કોઈ ટોકનારું ન હોય તો અસૂરાનું નાહીયે લેતાં. બપોર પહેલાં છોકરાંઓ શાળાએ પહોંચી જાય. બાકીનાં ભુલકાં આયા કે હાલાંને હવાલે થાય ત્યારે બાગનો એ વિભાગ શાંત બનતો.

ચ્યવન ઉનાળાની રજા અહીં ગાળતો. અતિથિગૃહની મેડીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે તે દિવસ એકલો જ હતો. બપોરે સૂવાની આદત ન હતી. વાંચવા માટે સાથે લાવેલાં પુસ્તકો સાથેનો વર્તાવ દુઃશ્મન પક્ષના પકડાઈ ગયેલા કેદીઓની સખ્ત તકેદારી ભરી ચોકી–ગણતરી જેવો થતો હતો. પલંગ ઉપરથી આરામખુરશીમાં ત્યાંથી શયનખંડના ઐતિહાસિક ચિત્રો જોવામાં ત્યાંથી પાણીની ચોકડી સુધી જઈ પ્યાલો પાણી ગળે ઉતારી જવામાં કે પછી બારીમાંથી બાગના ઊચાંઘેરાં વૃક્ષોવેલાઓની પોલાણમાંથી ગામ સીમ કે ગોંદરો ટીકવામાં પોતે અસ્વસ્થતા અને એકલતા વધારી મૂકતો હતો.

એણે ત્યાંથી સુકન્યાને હીંચકા ઉપર બેઠેલી જોઈ. બેઉ દોરડાંને આંકડા ભીડી બેઉ હાથમાં ચોપડી રહે તેમ એ વાંચતી બેઠી હતી. સાથે પગના તાલે હીંચકાને ધીમોધીમો ગતિમાન કરતી જતી હતી.

'એ નિશાળે કેમ ગઈ નહિ હોય?' એ જિજ્ઞાસા બૂઝવવા પોતે નીચે ઊતર્યો. અકસ્માત જ આવી ચડયો છે એવું દેખાડવા રસ્તે ચોપડી વાંચવી ચાલુ રાખી. સુકન્યાએ અત્યારે કોઈ વારો માગનારું કે ટોકનારું ન હતું એટલે ચોપડી નળની ચોકડી પર મૂકી નિરાંતે ધરાઈને હીંચકો ખાવા માંડયો હતો. ચ્યવન આવ્યો ત્યારે હીંચકો ચગ્યો હતો. સુકન્યાએ ચ્યવનને આવતો જોયો તેમ હીંચકો ચગાવતાં એને થાક ચડયો હતો તેથી તે બેસી ગઈ. માથા પરથી સરી જતી ચુંદડી સરખી ગોઠવી. લાંબાં હેરીયાં ખાતાં કપાતા પવનમાં ઊડતા છેડા દબાવ્યા અને આખો ચ્યવન સામેથી ખેંચી લીધી.

ઘરના દરેક જણ કરતાં પોતા સાથે કંઈક વિશિષ્ટ આદરથી વર્તતા આ યુવકમાં ન સમજાય તેવું વહાલ ઊપજતું એ અનુભવવા માંડી હતી. ભળવા ચાહતું છતાં શરમનાં માર્યાં એનાથી ભળી શકાતું નહતું. નજીક આવતાં ચ્યવને પૂછ્યું:

'આજે રજા છે કાંઈ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઠીક ને'તું તે દાક્તરે ના પાડી છે!'

'એટલા માટે તો આપણે દાક્તરનું ભણવા માગતા નથી!'

દરમિયાન ચ્યવન હથેળીનું પ્યાલું કરી નળે પાણી પીવાનું કરતો હતો. ત્યાં તો એણે દોરડું તૂટવાના અવાજ સાથે ભળી ગયેલી–દબાવાયેલી પોતે જ સાંભળી શકે તેવી સુકન્યાની વિકળ ચીસ સાંભળી. અને હજુ એ હીંચકા તરફ જોવા કરે તે પહેલાં સુકન્યા પોતાના પડખામાં અથડાઈ.

એક બાજુનું દોરડું તૂટી ગયું હતું. બીજાં દોરડાં સાથે સુકન્યાએ મડાગાંઠ વાળી હતી. ધક્કાથી પડી જતાં બચી ચ્યવને ફરીને પોતા તરફ આવતું દોરડું પકડી તેનો હાથ સાહી એને ચોકડીના સૂકા ભાગે બેસાડી.

તૂટી ગયેલાં હીંચકા સામું જોઈ રહેતાં સુકન્યાએ ભયમુક્ત થતાં શ્વાસ ખાવા માંડ્યો. ચ્યવનને ય પોતાનું પડખું કળતું લાગ્યું. તેની પોતા ઉપરની ઢીલી થયેલી નજરનો લાભ લઈ સુકન્યાએ જોયું તો એને દુઃખતું પડખું દાબતાં જોયો.

'બહુ વાગ્યું?' કહેતી સહાનુભૂતપણે એ ઊભી થઈ એની પાસે ગઈ.

'તમારા એ દાક્તર પાસે જવા જેટલું તો નહિ!' કહી એ હસી પડ્યો.

સુકન્યા હીંચકા સામું જોઈ રહી હતી. તે લક્ષમાં લઈ એણે ઉમેર્યું:

દોરડું સડી ગયેલું તેથી તૂટી ગયું. સારું થયું એક જ તૂટયું. નહિ તો હાડકાં ખોખરાં થાત!'

અચકાતી લજાતી સુકન્યા બોલી:

'ગાંઠ વાળી દઈએ તો! ચ્યવન સમજ્યો કે એ બા–બાપુના વઢવામાંથી છૂટવા માગે છે. હરકોઈ બહાને એનું સાંનિધ્ય ચાહતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચ્યવન જ નહિ પણ કામ આપતી શ્રવણેન્દ્રિય ધરાવતું હરકોઈ એની ઇચ્છાને વશ થવાનું સુખ જતું ન કરે તેવાં આકર્ષણ એ ધરાવતી હતી, પાથરતી હતી, અધિકારનો દોર, સત્તાનો તોર કે હુકમના વટ-અમલ આવાં કોઈ સત્ત્વશુદ્ધ સૌન્દર્યતત્ત્વની વિકૃતિ હશે? તે ગમે તે હોય પણ સાંજે છોકરાંઓએ ગૃહપતિને જે શોક સમાચાર ભરી ફરિયાદ પેશ કરી તે તો આ હીંચકાની દુરસ્તી માટેની હતી.

જમતી વખતે સુકન્યાને અચંબો ઉપજાવતા ચ્યવને પોતે ચોપડી વાંચતો હીંચકતો હતો ત્યારે એ તૂટી ગયાની વાત કબૂલી.

'હીંચકો તમારા જેવડાનો ભાર તે ઝીલી શકે? તમે ય છોકરું થવા માંડ્યા!' ગૃહિણી બોલ્યાં.

'પણ હીંચકાનો ય કંઈ વાંક છે। ત્રણ વરસ થયાં. એની ય હદ હોયને? તું ય શું ચ્યવનનો દોષ જોતી હોઈશ!'

ધણી-ધણીયાણીની પક્ષાપક્ષી હાર-જીતથી પર હતી. છતાં સુકન્યાને બાપુજીયે ચ્યવનનું ખેંચ્યું તે ગમ્યું હતું.

: ૪ :

ચ્યવન આ ઘરનો આશ્રિત હતો. પ્રાથમિક શિક્ષણથી માંડીને વિશ્વવિદ્યાલયનાં દ્વાર સુધી પહોંચવાની જોગવાઈ અહીંથી થઈ હતી. સંબંધીના બે ભેદ માંહે વિજયરાય દૂરના છતાં નિકટની સગાઈ સેવતા હતા. એમની જ્ઞાતિએ જ્ઞાતિ-અસ્તિત્વ ટકાવી રાખવા એમને બીજા સમુદાયમાંથી કન્યા આણવા સબબ બહિષ્કૃત કર્યા પછી એક ધરાર અગ્રણી સિવાયના બધા જ્ઞાતિબંધુઓ વારપરબ કે ભોજનના સમયે આવવાનું ન ચૂકતા. ઉનાળામાં એમનું ઘર શરબતની નાત થઈ પડતું.

તેમના નવાં પત્ની કાંતાલક્ષ્મીને સુકન્યાની માતાના ગત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવા પછી બીજાં બ્રાહ્મણુના તડમાંથી મેળવવાં પડેલાં. એમણે જતનથી સુકન્યા તથા માતાની પાછળ તરત જ ચાલી નીકળેલા પ્રદ્યોતને માની ખોટ પૂરી પાડી પોતાનું સ્થાન શોધી લીધું હતું. તેમને ચ્યવનને અપાતી આ મદદની જાણ હતી. એમ તો એઓ ચ્યવન જેવા કંઇકને મદદ મળ્યા કરતી હોવાની વાતથી વાકેફ રહેતાં હતાં.

કાંતાલક્ષ્મીનું આ ઉપરથી ઘરમાં કશું ચલણ નહતું એવું કેમ કહેવાય! ઠામવાસણોના સરંજામ અને તેની સફાઈ ઉપર, ઘરના ફરનીચર અને તે ઉપરની ધૂળ ઉપર, કપડાંલત્તાના કબાટો અને ઉંદરીયાંની મજબૂતી ઉપર, અથાણાં, સેવ, પાપડ કે મધ-મુરબ્બા અને અનાજકઠોળના કોઠાર ઉપર, ચહાસાકર કે મેવા મીઠાઈ, ફળ-ફળાદિ, દાતણપાન અને દીવાસળી, છાણાં લાકડાં કે દૂધ ઉપર, લાયબ્રેરીનાં પુસ્તકો-પેપરોનાં ચિત્રો ઉપર, બાગના ફૂલોફળો ઉપર તેઓ લગભગ સાંસ્થાનિક સ્વરાજ્ય ભોગવતાં હતાં.

એમને પ્રભુ કૃપાથી સંતાનમાં દીકરો હતો. પણ એય આયા માસ્તર અને સુકન્યા વચ્ચે વહેંચાઈ જતો. સારાય ચોવીશ કલાકમાં સવારે શિરામણ વેળા, બપોરે ભોજન સમયે, રાંઢે ચા નાસ્તો કે રાત્રિના વાળુ વખતે એની હાજરી ગણવા સિવાય છોકરા તરફ બીજું કંઇ ન થઇ શકતું હોવાની એમને એક માત્ર ઓછપ હતી.

વિજયરાયે બંગલામાં મુખ્ય મુખ્ય નોકર વર્ગ માટે એક ચાલી બંધાવી તેમને પડોસની ખોટ પૂરી પાડી હતી. છોકરાંની ભૂખ ધરાવતાં કાંતાબહેન એ પાડોસીનાં છોકરાંઓને ખાવાપીવા કે ઓઢવા પહેરવાનું આપતાં રહી પતિનું ધર્માનુસરણ કર્યું માનતાં.

કાંતાબહેન શાળા કેળવણી ન પામવામાં મગરૂમ રહી તેમના માવિત્રોને એ માટે અભિવંદાં કરતાં અને વિજયરાયે એમને લખતાં વાંચતાં કર્યાં તે માટે અભિમાન પણ લેતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધંધામાં ગૂંચવાયેલા રહેતા કંઈક અવસ્થાએ પહોંચેલા એટલે સંસાર તરફ થોડા ઉપરામ બનતા ચાલેલા વિજયરાય પાસે પોતાની યોગ્યતા સિદ્ધ કરવાની તક જવા ન દેતાં એ બોલી ઊઠતાં કેઃ

'એ તો ઠીક કે હું મળી! નહિતર આ તમારું બધું પાદર થઈ જાત. અમારે ક્યાં કિંમત કરાવવી છે એ તો અમારો ધર્મ છે તે કરવું જ જોઈએ પણ બોલાઈ જવાય છે. બીજી કરો તો ખરા કે ખબર તો પડે!'

પણ વિજયરાય ચાલીશી વટાવી ગયા હતા. એટલે રમુજ કરી લેતા કેઃ

'હવે મને કોણ બીજી આપવાનું હતું?'

'તમને નહિ તો પઈસાને પગે લાગતા દેશે!'

'અરે આપણા બ્રાહ્મણો તે કાંઈ પૈસા લે! શું બ્રાહ્મણો વિક્રય કરે!'

'ન કરે ને ક્યાં જાય? ભીખનાં હાંડલાં કાંઈ શીકે ચડે તે વરાખરાને પહોંચે, બિચારા! એટલે લોહીના વેપાર. તેમ બધાને તમારા જેવા સમજુ કે પહોંચતા જમાઈ થોડા મળે. મારા બાપાએ તો એક મડું ગોત્યું હતું. પણ તમારી લાલચમાં ગળ્યા કે પૈસાદાર જમાઈ મળે તો દીકરી ભેગા પોતે ય સુખી થાય. પણ હું એવી કાલી નથી કે ભીખારી થઈ જાઉં. એ તો છેવટ તમે રસ્તો કાઢ્યો. અને કેટલું આપ્યું! હું ના પાડતી રહી—તો ય છના ઉપર જાતાં જશને બદલે જૂતીયાં. મારા ભાઈના ભણવાના રૂપિયા બેંકમાં રખાવ્યાં. એમને બેયને વ્યાજમાં પૂરું થાય તેટલું જુદું નાણું કાઢી આપ્યું તો યે કેવાં નગણાં નીકળ્યાં કે કાગળનો વિવેક નથી સૂઝતો!'

વિજયરાય લંબાતી રાતમાં પહોળી થતી કાંતાલક્ષ્મીની ભાષણ-ગતિને રોકવા ટુંકાવતા કેઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તેઓ ન લખે તો આપણે લખી મૂકવો. ને એ ભલેને નગણ્યાં નીકળ્યાં તું મને સદ્‌ગુણી મળી એટલે ગંગા ના'યા!'

'તેમ કોઈ દિવસ આંટો આવવાનો આગ્રહ તો ઘેર રહ્યો પણ કનુ-પ્રવીણ માટે વાર-પરબે કાંઈ મોકલવાની વાતે ય ખોટી!'

'પણ આપણે ત્યાં ક્યાં ખોટ બળી છે. ઊલટું એમને જરૂર પડયે આપણે મદદ કરવી જોઈએ!'

'અંહ! આંહીં બધાં ધાડ લાવી ધામા નાખે!' વિજયરાયને સાંભળ્યા વગર પોતાની વિચારસરણીમાં અર્ધી મીંચી આંખોએ તણાતાં કાંતાલક્ષ્મી બોલ્યે જતાં હતાં.

'તું એમ બોલતી બંધ નહિ થા!' વિજયરાય છેવટનો ઉપાય કાંતાલક્ષ્મીના હોઠને પોતાનાં હાથ કે હોઠ વડે દાબી દેવાનો આચરતા ત્યારે ઓરડો શાંત બનતો.

ચ્યવન રજાના તહેવારોમાં અહીં આવે એ સહુને જેમ તેમને ય રુચતું. પ્રવીણના માસ્તર તરીકે ચ્યવનને કાંતાલક્ષ્મી તરફની આગવી નિમણૂકનું માન મળી ચૂક્યું હતું. ચ્યવન આમ સ્વભાવે ય ગરીબ હતો. તેના પિતા સારા ધનિક હતા. પાછળથી ભાગ્યના દોષે એ પોતે ગરીબ થઈ પડે એ પહેલાં સ્વયં દેહત્યાગ કરી બેઠા હતા. માતાને યાદ રાખી રહે તે પહેલાં એ પણ વળી ચૂક્યાં હતાં એટલે એનો આત્મીય સ્નેહનો સ્રોત અહીં વહેતો. એના આવવા-ની રાહ પ્રથમ બાળવર્ગને રહેતી. એ વર્ગનો એક માન્ય પ્રતિનિધિ કદીક તો ગૃહસ્વામિનીને પણ પૂછી લેવા હિંમત કરી આવતો. નોકરવર્ગને મન એ શરમાળ સગો અને મનગમતો મહેમાન હતો. બાપુજીની કચેરીના કામગારોને મન એ વિપ્લવવાદી સ્વતંત્રતા-ચાહક હિંદી નૌજવાન હતો. અને બાળકોને મન એ મોટી આકૃતિ-નો બાળક હતો.

મહેમાનો માટેનું મકાન અલાયદું હતું. વચમાં જુદાંજુદાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મકાનોની વચ્ચેની બચત રહેતી જમીન તથા રસ્તાઓ આગબાનના હસ્તક હતા. અતિથિગૃહની બારીમાંથી માંદી સુકન્યાને જોઈ ચ્યવન નીચે ઊતર્યો.

: ૫ :

તે દિવસો અજવાળિયા-પક્ષના હતા. છોકરાંઓને રાસડા, સંતાકૂકડી, અંતકડી કે બેઠી રમતો રમવાની છૂટ મળતી. જમી પરવારી ચ્યવન મહેમાન મેડી ઉપર ચાલ્યો ગયો. એને અંદરની બત્તી અગિયાર વાગતાં સુધી બાળવાની છૂટ હતી. છોકરાંઓને પણ અગિયાર વાગ્યા પછી વધુ રખડતાં જોવાનો ચોકીદારનો હક્ક ન હતો.

મહેમાન મેડી ઉપર છોકરાં એકઠાં થઈ ચ્યવનની રાહ જોતાં હતાં. કે એ એકાદ વાર્તા સંભળાવે. પણ ચ્યવનભાઈ વાંચવા માગતા હતા. એટલે એમને મુક્ત કરી બંગલી તથા ફરતી અગાસી ઉપર સંતાકુકડી રમવાની એમની અનુમતિ મેળવી લઈ ઘોંઘાટ ન થાય તેવી કાળજી રાખતાં જઈ એઓએ સંતાવું શરૂ કરી દીધું હતું.

ચ્યવનનું પુસ્તકમાં ચોંટેલું ધ્યાન વિક્ષેપાયું. પોતાના ઓરડામાં કોઈના આભાસે એણે નજર ફેલાવી તો સુકન્યા ન અંદર ન બહાર એમ એને નીરખી રહી હતી.

'હવે તો સારું છે ને કનુ બહેન?' ચોપડી બાજુમાં મૂકતાં ચ્યવને પૂછ્યું.

'ખોટું બોલ્યા ને? તમે ક્યાં હીંચકો તોડયો હતો!'

અંદર આવી ચ્યવનના પલંગની સામેની દિવાલને બેઉ હાથ ટેકવી પીઠ અઢેલી રહી થોડી સંકોચમુક્ત લાગતી એ બોલીઃ

'તેમ તમેંય સાચું કબૂલી ન શક્યાં ને!'

'પછી હું કેમ બોલી શકું? તમે ખોટા પડો તે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

''ઓટા' ઓટા પડે તેમાં શું! બેસો. હું કાલે વાંચીશ.' ખુરશી નજીક લાવી મૂકતાં ચ્યવને કહ્યું.

સુકન્યા ત્યાં સામોસામ બેસીને શરમાઈ પડવાને તૈયાર ન લાગી. એ ભળતું જ બોલીઃ

'મને બધાં કેવાં ગોતતાં હશે! અહીં તમારી પાસે અમારે કોઇએ આવવાનું નથી. છતાં ય હું આવી.' કહેતાં તેણે ચાલવાનું કર્યું. ચ્યવને સાથે ચાલી ઊમરા પર ઊભા રહ્યાં અગાસી પર નજર નાખી તો બહારની દુનિયા ચાંદનીરસી ચમકતી હતી.

'કેમ કોઈ બોલતું નથી કે બધાં સૂઇ ગયાં?' કહેતી સુકન્યા ઊમરાની બચત જગ્યાએ ચ્યવનની અડોઅડ ઊભાં રહી ડોકાતાં બોલી.

'તમને નીચે જતાં બીક લાગતી હોય તો સાથે આવું!' મઝાકમાં ચ્યવને એને પૂછ્યું.

'બીક તો નહિ પણ એકલું લાગે!' ભોળી સુકન્યાએ કબૂલી દીધું.

'અત્યારથી એકલું લાગવા માંડયું?' પોતાનો મર્મ સમજી શકવા અચતુર સુકન્યા બારસાક પકડેલા ચ્યવનની આગળ ચાલી અગાસીની પાળને ટેકાઈ ચ્યવન સામું જોઈ મરકતાં બોલીઃ

'તમને ય અહીંયાં એકલું લાગે છે ને! જુઓ, હું એકલી જ જાઉં છું!' અને બેક ડગલાં ભરી છણકો કરતાં બોલીઃ 'આવતા હો તો આવો ને વળી!' કહી દોડવા મૂઠીઓ વાળી અંગને વેગ આપે તે પહેલાં ચ્યવને એને પકડી લીધી. એને રમતમાં ઉતારી દોડાવવાની પોતાની લુચ્ચાઈ ખુલ્લી પાડતું ખિલખિલાટ હસી પડતી એ એને મુગ્ધપણે મીઠું નીરખી રહી.

ચ્યવને એના બન્ને હાથ લાંબા પકડી રાખી પાછી ખેંચી આણી. તોફાને ચડી ગયાં એ બોલીઃ

'તમારાવાળા ઓરડામાં ભૂત થાય છે, હોં!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મને ખિવડાવવો છે, એમ !' કહેતાં બાથમાં ખેંચી હડપ-ચીમાં આંગળાં ઘોચતાં મોઢું પોતા તરફ રાખી નીરખતાં ચ્યવને એને ચૂમી લીધી.

એથી ઝણઝણી ઊઠેલા ચ્યવનના અંગમાં જાણે કોઈ એવી સ્ફૂર્તિ ભરાઈ આવી, એને શરીર એવું હળવું ફૂલ બની ગયું લાગ્યું કે જો એ ધારે તો ઊંચે ચંદ્ર સુધી ઊડી શકે. અવાક્ બની ગયેલા ભાવોર્મિઓમાં ડૂબકી મારી ગયેલા ચ્યવન સામું જોઈ રહ્યાં સ્તબ્ધ સુકન્યા પણ ચુંબનની અસર ઉકેલતી લાગી.

બા–બાપુજીએ કે બીજા કોઈએ એને યાદ રહ્યું હોય ત્યાં લગી ચૂમી ન હતી. પણ નવાઈ પામવા છતાં અંતરને દલીલ વગર ગમ્યું હોય તેવી હસુંહસું થતી એ ચ્યવન સામે જોઈ રહી.

અગાસી ઉપર એ બન્ને ઉપરાંત રાત્રિ અને ચંદ્ર સિવાય બીજું જગતમાં કોઈ વસતું ન હોય તેવી શાંતિ હતી. ઉલ્લાસિત સુકન્યા અને મુગ્ધ ચ્યવન મુદિતા રાત્રિ અને લલિત ચંદ્રનાં એ ક્ષણે જાણે પ્રતીક શાં હતાં.

નીચે ચોકીદારે ઉધરસ ખાધી. ચ્યવને નીચે નજર કરી તો એના બેખ્યાલપણાનો લાભ લઈ સુકન્યા એના ગાલ ઉપર ઉતાવળે બચી ભરી નાસી ગઈ.

દિંગ્મૂઢ શો ચ્યવન ઝડપથી પત્થરનાં પગથિયાં ઊતરતી સુકન્યાને દર્શી રહ્યો. બારીક સ્વચ્છ સફેદ ચણિયો, શરીરને ચોંટી રહેલી આછી ચોળી પર નાચતો ગૂંથેલો રંગપટ્ટી બાંધેલો ચોટલો, ત્વરિત ગતિનું ચાપલ્ય અને પુલકિત મુખમુદ્રાભરી નાસતી સુકન્યાને કદી ન ભૂંસાય તેવી સ્મૃતિમાં ભરતો એ ખાટલામાં પડ્યો.

*

મુખ ઉપરની ભીનાશ લૂછતો હોય એમ ચ્યવનનો હાથ અટકતે અટકતો ફરતો હતો. સ્મૃતિ એ પ્રસંગને સાત વર્ષ વીતી ગયાનો ખ્યાલ આપતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની અગાઉ અહોરાત્ર આનંદમાં ચમકતી આંખે આજે અંધારાં આવ્યાં. આંખો હાથ-રૂમાલથી દાબી દીધી. હર્ષથી ભરાઈ જતા ગાલમાં આજે ચિંતાના ખાડા હતા. યુવાનીની તાઝગી કરતાં પહેલી દેખાતી ભગ્નોત્સાહની નિર્જીવતા હતી. યૌવનનાં સ્ફૂર્તિ, કાંતિ અને મેધા કરતાં અકાળ ગાંભીર્યની પીઢાઈ, ભારભર્યાં પોપચાં-ની વિચારતંદ્રા અને કોઈ ગુપ્ત મનોવેદના પર ઢાંકપિછોડો કરતી ભિરુવૃત્તિની જાગ્રત મનોદશા એને એકલ બતાવતાં હતાં.

એ બાગ, એનો સુઘડ માળી અને ઘાટી મેંદીની વાડ એને બદલાઈ ગયેલાં દીસતાં હતા, એ બંગલાઓ એને નાના લાગતા હતા. એ નોકરચાકરો એને નવીન થઈ પડ્યાં હતાં, એકંદર ગૃહનું આખુંય વાતાવરણ, યાદ રહ્યાથી ઊલટું થઈ પડયું હતું.

વગર તૃષાએ એણે એ નળે પાણી પીધું. વગર બેઠે એણે હીંચકો હલાવ્યા કર્યો, વગર બોલ્યે એણે લીમડા સાથે આશ્વાસન-વિનિમય કર્યાં કર્યો, વગર ખ્યાલે એણે એ જગ્યા-જ્યાંથી એને જીવન અજવાળતા વીજ-ઝબકારાથી અંજાઈ. આંખ મીંચી ઘોર અંધકારમાં ગોથાં મારવામાં જીવનની ગતિને રૂંધી બેઠેલી વિષમતા વળગી હતી; ત્યાં-શકુન્તલાની ભ્રાંતી-સૌહાર્દની સૌમ્ય સંજીવની ઝૂલતી આત્મીયતાની ઝાંખી અનુભવી. એ કમબખ્ત સાત વર્ષોનો ગાળો એને એકાદ દુઃસ્વપ્ન કરતાં જાણે કાંઈ જ ન હતો. સાત સાત વર્ષોનાં એનાં એક સામટાં સંતાપ-વેદનાને ભુલાવી, એને માતાનું ધાવણ અને બહેનનાં હાલરડાંનાં મીઠાં સુખ ઘેને આજે ઘેરી લીધો જાણે. તિર્થસ્થાનેથી પાછા વળતા પતિતનો ઉલ્લાસ, આંસુ-ઊનું પાંગરતું-પુનઃકોળતું પુણ્ય ભળ્યાં જાણે.

એને વિજયરાયનું કહેવું યાદ આવ્યું કે સુકન્યા મુશ્કેલીએ કબૂલ થઈ હતી. પણ એક દિવસની મહેતલ માગી પોતાનો નિશ્ચય જાહેર કરનારા એના અવ્યવહારુ વિવેકમાં-બહાવરા બોલમાં સુકન્યાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનું સ્થાન ન દેખાયું કે પછી એ એક દિવસના વિચારમંથન-માં યાદ રાખવાના સુચનરૂપે એણે આ આશ્રમ સોંપી પોતાનો પક્ષ રજૂ કરી લીધો એ ચ્યવનથી નક્કી ન થઈ શક્યું.

પણ એનું મન સુકન્યાની આ રીતથી ઘવાયું, દુભાયું. તેવું જ એની અનન્ય નિષ્ઠા યાદ કરતું કૃતઘ્ન બની રહ્યું. એનાં એવાં વિરોધી પરિતાપી મનને એ આશ્રમ સુકન્યાના પ્રતીક લેખે હૈયે ચાંપી નિશ્વાસ નાખી લૂખું હસી છૂટવા સિવાય બીજો કયો સહારો હતો.

જાગ્રત બનેલા, ભૂતકાળના જીવન-સ્મરણોમાંથી પાછા ફરેલા ચ્યવને ઘડિયાળમાં જોયું તો નમતા બપોરનો સમય થઈ ચૂક્યો હતો. એ લૂખું હસ્યો. ઊઠયો. પત્રમંજુષા રૂમાલમાં લપેટી ચાલવા માંડયું.

પોતાના અભ્યાસખંડની અર્ધખુલ્લી બારીમાંથી ચ્યવનની ચર્યા નીરખતી સુકન્યા એ નિશ્વાસ-આંદોલનો શે અટકાવી શકે. કળી ન શકાય તેવાં કોઈ છૂપા દુઃખમાં દીન બનેલા ચ્યવન પ્રત્યેનું સ્નેહવહેણ, માનાપમાનના કાંટા વચ્ચેથી સુવાસ સાથે ખીલી આવતાં પુષ્પ જેમ, બહાર આવતાં આંસુ-મોતીને પાણી બનતાં રોકવા ત્યાંથી ખસી ગઈ. રુદનના એ આવિર્ભાવને ખાળવા એણે સિતાર લીધો.

: ૬ :

ચ્યવન બહાર નીકળ્યો. એનું નિસ્તેજ છતાં વિચારશીલ મુખ નીરખતી જતી સુકન્યા એની સાથે બહાર આવી.

દરવાજા તરફ મૂંગા મૂંગા જઈ રહેલા ચ્યવનનો માર્ગ રોકી સુકન્યા પોતાની બેઠકવાળા ઓરડા તરફ દોરતાં બોલી:

'આપે સત્કાર જેવું કંઈ સ્વીકારવાનું છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભલે.' આસપાસમાં કોઈ જ ન હતું. છતાં ધીરેથી એ કબૂલ કરતો બોલ્યો.

'આપને અનુકૂળતા તો છે ને?'

'હા.'

સુકન્યાએ પિતાની મદદથી તાજેતરમાં એક કન્યા છાત્રાલય ખોલ્યું હતું. પોતાના જૂના નિશ્ચયને વળગી રહેવામાં એને આવી સમાજ–સેવા પુરસ્કર્તા થઈ પડી હતી. દરમિયાન ચ્યવને શિક્ષણ ક્ષેત્રે એકાદ અધિકારી દરજ્જાની નોકરી કરવા માંડી હતી. એને એ પોતાની સંસ્થાની મુલાકાત લેવા નોતરી લાવી હતી. પણ ચ્યવન તો એનો એ ચ્યવન થઈ રહી એને યંત્રવત તાબે થતો પોતાની અકળામણ વધાર્યે જતો હતો. ચ્યવનની એક દિવસની મહેતલને ય ત્રણ વરસ થવા આવ્યાં હતાં.

ગોઠવણ મુજબ સરંજામ આવ્યો. ચાહ તૈયાર કરી પ્યાલો ધરતાં સાથે ખાવાનું ચીંધી સુકન્યાએ પૂછ્યું:

'આમાનું કંઈ લેશો?'

ચાહનો પ્યાલો લઈ નકારમાં ડોકું ધુણાવી એણે મૂંગા મૂંગા એ પૂરી કરવા માંડી.

વાતાવરણ શાંત હતું. બન્નેના હૃદય–ધબકારા સંભળાય તેવું. મુખવાસ લીધા પછી વિદાયની રાહ જોતો ચ્યવન ખુરશીમાં સળવળી રહ્યો. આવી એકાંત માટે જાણે એ તૈયાર ન હતો. છોભીલી પડતી આંખે રૂમાલ દાબી આંખોનું સ્વાસ્થ્ય મેળવતા ચ્યવનની વિહ્વળતા સુકન્યાની જાણ બહાર ન હતી. એની વીલી પડી જતી આંખનો મર્મ સમજવા મથતી એ સમસમી રહી હતી. પીડાભર્યાં એનાથી સહસા કહી લેવાયું: 'ચ્યવન!'

'હં.' ઊંડાણમાંથી હોંકારો દેતો હોય તેમ ચ્યવન સચેત થઈ રહ્યો. નિરધારેલા નિશ્ચયને પળતી સુકન્યા બોલી:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ચ્યવન તમે મારાથી અતડા કાં રહો છો, બદલાઈ ગયા કેમ લાગો છો! મને કહો, મારો સંશય મિટાવો, મને શું કામ વિસારી બેઠા છો? મારામાં તમને કંઈ ઓછપ લાગી? નહિ હું ઓછપોથી ભરેલી છું, પણ જેવીતેવી મને તમે વિશ્વાસથી બાંધી છે. તમને મારા માટે અંતરમાં જે કંઈ હોય તે કહી દો! મારા લાંબા હૃદયદુઃખનો છેડો આણો! મને વધુ ન છૂંદો! મને વધુ રિબાતી બચાવો, ચ્યવન! કહી એણે ડૂસકું દબાવ્યું.

ચ્યવને રૂમાલથી મોઢું ઢાંકી દીધું હતું.

'હું નાદાન નથી. હું છેવટ તમને બીજા કોઈના થતા જોવા પણ તલસી છું પણ તેવું યે કંઈ લાગતું નથી. મેં બહુ ફાંફાં માર્યાં પણ તમને સમજી શકી નથી. અરે તમે આટલા ઊંડા ન હતા!'

ચ્યવનને આંખો રૂમાલવતી લૂછતાં જોઈ ચોંકી ઊઠતી એ કકળી રહી:

'તમે રડો છો! હેં...ચાલો હું નહિ બોલું! બસ. તમારા અંતરમાંથી સાવ ભૂંસાઈ નથી ગઈ.' આંખ મીંચી ગયેલી સુકન્યા ક્ષમાભર્યા અવાજે ડસડસી મૂંગી રહી. લાંબા વખતની અમંગળતાઓના ભારમાં દબાયેલું એનું હૃદય રુદનનો સહારો પામી ગયું હતું. મોકળે મને એણે રડવા માંડ્યું. ચ્યવને સમવેદના પૂર્વક એ જોયા કર્યું. એને હવે છૂટકો ન હતો. એ બોલ્યોઃ

'મને ક્ષમા કરો સુકન્યા! હું ગુનેગાર છું. ક્ષમા ન આપી શકાય તેવો. તમારી સામે ઊભા રહેવા જેટલી ય લાયકાત વગરનો. તમે તો વર્ષો સુધી મારી બેવફાઈ મન ઉપર લીધા વગર મને ચાહ્યા કરો છો પણ હું એને પાત્ર રહ્યો નથી સુકન્યા! હું કયે મોઢે તમારા દૈવી પ્રેમનો પુણ્યભાગી થાઉં?'

'પણ તમે હજુ મને ચાહો છો ને? અત્યાર સુધી ઊંચે જીવે સાંભળી લીધા પછી કંઈક ભયમુક્ત થતાં સુકન્યા બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઊલટું એક ક્ષણનો યે વિયોગ સહી શકતો નથી! હું ઝૂરું છું. ઝલું યે છું. પાણી વગરનાં માછલાંની વિષમ દશામાં તરફડું છું. પણ હું પતિત છું. હું તમારા જેવી સ્નેહાળ આર્યાના સ્વાંમીની યોગ્યતા ખોઈ બેઠો છું. જીવનમાં કોણ જાણે કયું પુણ્ય હજુ સચવાયું છે કે એવા પરિતાપ વચ્ચે પણ હું હજી જીવું છું!'

ભીની આંખે પશ્ચાતાપિક ભાવે લાગણી વિવશ બની ગયેલા ચ્યવનને આશ્વાસતાં સુકન્યા નજીક આવતાં બોલીઃ

'પુણ્ય સમજનારને ય પાપના છાંટા ઊડે. પુણ્યાચરણ કરવા જતાં પાપભાગી બનાં બેસાય એ બધું દૈવાધીન છે. સંજોગ કે સ્થિતિ સંગતિનું પરિણામ છે!'

'પણ સુકન્યા...'

'હશે, ગઈ તથ્ય હવે ન વાંચશો. પ્રભુ સહુ સારાં વાનાં કરશે!' ચારિત્ર્ય પ્રત્યેનાં આંખ–મિંચામણામાં સુધારાનો અવકાશ સ્થાપતી એ બોલી.

'પણ મારી એ વાતની તમને માહિતી નથી. મને એ કબૂલી લેવા દો તમને અજાણ રાખવાં મને પાલવે...'

સુકન્યા એનાં ભારેલા રહસ્યથી બીતી એને જોઈ રહી. ચ્યવનની બધી તૈયારી ડગમગી ગઈ. એ થોડું ધ્રૂજી ઊઠ્યો. એની વાણી એનાથી રૂઠી જાણે. સુકન્યાએ એનો હાથ સાહી જણાવ્યુંઃ

'ચ્યવન! બીજું બધું ગમે તે બોલો. તમે બોલો તે માટે તો મેં માનતાઓ માની છે. ભવોભવ તમને સાંભળ્યા કરીશ, ચ્યવન! મારે અત્યારે સુખની ઘડી છે. પણ જોજો, મારી પહેલી ને છેલ્લી આશા ન ભાંગશો, ભલા થઈને મારો ત્યાગ ન કરશો!' કહેતી એ ખુરશી પર ફસડાઈ પડી, પાલવમાં મુખ રાખી રડતી એને, ચિર–કૃતજ્ઞતાની લાગણીભીનાં જોઈ રહ્યાં અચકાતે અચકાતે ચ્યવન બોલ્યોઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હવે બીજું તો કાંઈ નથી રહ્યું. પણ રોગદોષનાં માર્યાં હું થોડી જાતીય-નબળાઈ અનુભવું છું, સુકન્યા! તમારા વહેલાં સહ-જીવનની લાલસામાં હું સંયમ ખોઈ ન કરવાનું કરતો થઈ ગયો હતો છતાં તમારી સુશીલતા વિચારી તમારે માટે મને અયોગ્ય માની હૃદયની સામે ચાલીને પણ મેં આપણો સ્નેહ ભૂંસવા કર્યું. મારું ચાલત તો અંતરથી પૂજ્યાં કરી, દૂર રહ્યાં, તમને બીજે કશે સુખી જોઈ, હું જીવી લેત!'

'કહી રહ્યા!' મર્મમાં હસતી સુકન્યા બોલી. 'બસ, વાત તો આટલી જ હતી ને, મને નાહક બિવરાવી. કોઈના ધણી રોગી નહિ હોતા હોય? તમને વિધવાઓ પણ યાદ ન આવી? અરે...અરે... તમે મને કેવું ફોગટનું દુઃખ દીધું!' થોડું રહી ખોટું ગંભીર બનતાં એણે ઉમેર્યું:

'શરીરને ભોગનું રમકડું કર્યું પાલવે એમ નથી. છતાં વાસના એનો ભાગ ભજવશે તો હું સુકન્યા છું ને! અશ્વિનિકુમારને આરાધીશ!' ગંભીર રહી બોલી તો ગઈ પણ તરત શરમાઈ રહી. થોડું રહી વમળાતી-વિચારતી વિષાદ ચહેરે બોલી:-

'ઇન્દ્રિય-નિગ્રહ, થોડું ઔષધી-સેવન અને બાકી સંયમી પત્નીની સેવા એવી ઓછપો પૂરવા બસ થઈ પડશે, ચાલો: બહારનાઓને કૌતુક લાગે તેટલું અહીં બેઠાં છીએ!'

સુકન્યાએ ચ્યવનની ભરાઈ આવેલી આંખમાંના આંસુ લૂછતાં, ગળગળાં બની જઈ એના દેહને ઊંચકવાનું કરી એને ઊભો કર્યો.

'હું 'અલ્પ'થી 'તમારો' બન્યાનું સુખ શે સહેવાશે? સુકન્યા, તમે અપૂર્વ છો!'

'સારું. વખાણ નહિ કરો તોય હું હવે છટકી નહિ જાઉં! હસતાં હસતાં ચ્યવનના મોઢા ઉપર હાથ મૂકી તેને આગળ બોલતો અટકાવતાં એ બોલી. નિશ્વાસ નાખતો ચ્યવન ચાલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'રડેલી આંખે કેવા દયામણા લાગો છો! એના સોજા ઉપર મારે એક ચૂમી ભરવી છે. ઊભા રહો તો, લઉંને?' નીચે મોઢે ઊભેલા ચ્યવનની કોટે વળગી પડી, હર્ષમાં ઘેલી બનેલી સુખનાં અશ્રુએ રડતી સુકન્યાએ એને ચૂમ્યો.

ચ્યવન ભૂતકાળની એક ચાંદની રાતની યાદે ઝણઝણી ઊઠયો. બાલિકા સુકન્યાનું તે દિવસનું અને આજનું સૌજન્ય એને અવસ્થાનાં ભેળાણ સિવાય અણબદલ્યું લાગ્યું.

ઓરડા બહાર જગતના તાપ ચૂસતો મેઘ, વર્ષાના સાહચર્યે પૃથ્વી પલાળી વાયુની સંગાથે બીજે ક્યાંઈક જતો હતો. દેડકાં તમરાંનું વિદાય–ગીત ચાલુ હતું. મેઘના પુનરાગમનને વધાવતો વૃક્ષ પરથી ઊંચે મેઘના કાને અથડાતો મયૂરનો આલાપ દિશાઓને ભરી દેતો કાને પડ્યો.

નઠોર પતિની બેદરકારીને છણકા કરતી–ખીજતી વાદળીઓ વસ્ત્ર–અલંકારો ફગવતી ખૂણામાં, ફળીમાં કે ચોગાનમાં ચાલી જતી રીસ ઠાલવતી હતી.

બન્ને ચ્યવન–સુકન્યા બહાર નીકળતાં સંકેત મુજબ, થોડા વરસાદે ભીની બનેલી આશ્રમની ફળીની રેતીમાં પુણ્ય–પગલીઓનાં નૃત્ય છાપતોં બાલિકાઓનો રાસડો ઊપડ્યો:

દેજે વરસીને સંદેશ
વાદળી જાજે પિયુને પ્રદેશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરવૈયું

ચોપડી હાથમાં લઉં છું ને ન્હાનાલાલ કવિનું 'વાયુ બાંધવો અને મન શોધવું સરખાં' અનુભવું છું.

ભોળાનાથ માને છે હું ખૂબ વાંચું છું. ને ભોળાનાથ તો દેવોનાં આયુધો જેમ હાથમાં પુસ્તક વગર કલ્પવો મુશ્કેલ છે.

એ સામે જ બેઠો છે. ચોપડી વાંચતો, કે કંઈ જુદું રટતો તે હું તો જાણું છું. પણ એને મન હું તો ચોપડીમાં લીન થઈ ગયો લાગતો હોઈશ. આવા બોધાઓથી પાનાં પડ્યાં ત્યાં તે ક્યાંથી ભણાય. બાપાઓ મોટે ઉપાડે ભણવા મોકલે છે. ભણનારાઓ શું ભણે છે તે જાણતો એકમાત્ર ભગવાન સારું છે બાપાઓને જણાવી દેતો નથી. ભલા! આ કંઈ ભણવાના લક્ષણ નથી.

'લે બોલ્ય! ચાલ્યા બહાર. કંઈજ પડી છે. લે પૂછું: કઈ તરફ?'

'શું? બહાર ધાંધલ થયું છે! અહો, આપને માટે તો રૂમની દીવાલો ય બિલોરી કાચની થઈ પડી છે ને શું ભોળાનાથ!'

'લ્યો સિધાવી ગયા. છે કંઈ પરવા!'

થોડી કે સામાન્ય સમજણ અને સમભાવ હોત તો એમને સમજાત કે એમનુ એ પગલું મારો યે વાચનરસ શોષી જશે...પણ એવું એવું હોત તો...ખાટલે પરથમ પાયો હોત. ચાલો ત્યારે જોઈએ કે શું બન્યું છે. હા ભાઈ! આપણાથી જિજ્ઞાસાને કાળા નાગ જેમ નાથી શકાતી હોત તો શું જોત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હાઆ...ખોલો આ એમ છે! અપાસરે ઢોકળાંવાળી વાત થઈ. ઓહો ને...વું રૂપિયાની ચોરી? બેટો પાક્યો છે ને ખાપરો-કોડિયો કોઈ. ચાલો આપણને અગમચેતીનો બોધપાઠ મળ્યો. હા પણ, શું કામે બધામાં સાર-દૃષ્ટિ ન રાખવી?

'હા ભાઈ, ભોળાનાથ! ચેતતા નર સદાય સુખી. તમારી વાત મુદ્દાની છે. સગા ભાઈનો ય વિશ્વાસ કરવા જેવું નથી. એ તો ઠીક પણ ક્યાં તૈયારી કરી વળી? ભલે ભલે સુખે સિધાવો.'

લ્યો ટળ્યા. હતા ત્યાં સુધી એટલા માટે વંચાતું નં હતુ કે એમના સંબંધી વિચારો મગજમાં સળવળવા માંડતા. હવે તેઓશ્રી હંકારી ગયા ત્યારે વાંચવા માટે બારણું ખુલ્લાં થયાં. ચાલો વાંચીએ.

'જો ઘડી જાય પઢાઈમેં જીવનકા ફલ સોય' જોયું! મન કેવું પ્રીત-કવિતામાં લપસી પડે છે? અને વાંચવા માટે અખાડા કરે છે. ગલ્લાંતલ્લાં કરે છે. આ એમ છે!

'ઓહો, પધારો પધારો! કંઈ અસૂરા. એકાએક. ના રે ના તસ્દી કેવી વળી! ભોળાનાથ ન હોય એટલે તમારે આવ્યા છો ત્યારે શું કામે ચાલ્યા જવું! બેસો બેસો. હું દૂધનો જોગ કરી લાવું. કેમ, નથી પીવી? અરે ભલા! એમ તે ચાલે? હા હા તમારા માટે ખાસ કરવાપણું છે જ નહિ. હા. હા. બેસજો, હમણાં આવ્યો!'

બેસાર્યા છે તો ખરા પણ...ના ના એ ભાઈ એવા ચોરાટ તો લાગતા નથી. પણ જો કંઇ બને...અરે એવું તે બને કાંઈ... પણ બને તો ચીજવસ્તુ ગુમાવવાની, અને ઉપરિયામણમાં ભોળા-નાથના ઠપકાના ભોગ...એવાં તે મોળાં ઓસાણ શું આવતાં હશે. આ એમ છે, ઓલા લબાડો કેવો નકામો દાખલો બેસાડતા રહે છે! પછી કોઈ સજ્જન સૂઝતું નથી. હા, પોતાની જાત સિવાય. હંઅ બેઠા તો છે જેમ હતા તેમ. જો સખણા રહ્યા હોય તો.

'હા, બરાબર. બહુ સારું થયું, ત્રણ વરસો ને? ઠેઠ લખનૌ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોંગ્રેસથી. બહુ કરી હોદ્દા–સ્વીકારે તો! ઈ ખેર કોણ છે વળી? વડો પ્રધાન? ઠીક તે નરીમાનને અન્યાય મળ્યો એમ ને! હં હં મુનશીજી. હાહા–થોડો પ્રાયમસ ધીરો પાડું એમને? હા માળું! એ તો ખરું પૂરી વાતચીત સંભળાતી ન હતી.

'અલબત નરીમાન તો એક બહાનું કહેવાય. હાવેં કેસ તો મુંબઈના શેઠિયાઓએ જિતાવ્યો. બરાબર! એમાં એની વળી કઈ બહાદૂરી?...ને ખેર એવો શરતી છૂટકારો શું કામે પસંદ કરે! પિતાનો આખરી મેળાપ જતો કર્યો? શાબાશ. મુનશીની કમિટિમાં મંત્રી તરીકે?—ક્યારે બારડોલી સત્યાગ્રહ વેળા! હાઆ... વલ્લભભાઈ એવું કરે એ મનાય જ કેમ! હં બરાબર. ગાંધીજીનું હૃદય કહેવામાં વલ્લભભાઈને ન્યાય જ છે. મુનશી કે નરીમાન ગરાસ વેચવા બેસે ત્યારે વલ્લભાઈ એવું શું ચલાવી લે, નહિ જ. મહાસભાને તો સેવાના ભેખધારીઓ જોઈએ છે. અલબત ત્યાં કાક–મંજરી–વેડા ન ચાલે! એ ઠીક જ થયું. ખેરની સેવા મૂંગી છે. પણ તે જ સાચી સેવા કહેવાય ને!–ભલે આવીશ! જરૂર પધારજો!'

ચાલો ટળ્યા. ઓચિંતું લપ આવી ટપક્યું. તું છૂટયા. હવે હા...જોઈએ શોધીએ...આ તો ડાયરી જણાય છે. હંઅ...

તા. ૩ જી

'મેં નીચે પડી ગયેલો રૂમાલ આપ્યો તે મરકતાં લઈ 'આભાર' કહેતી સરી ગઈ'

ઓહો આ તો સતી–મહાત્મ્ય લાગે છે ને શું? હંઅ...

તા. ૪ થી

'મેં નોટ્સ માગી કહે ઘેર આવી લઈ જજો'

હં લાઈન કલીયર મળી.

તા. ૫ મી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'લગ્ન પહેલાં એવી દૈહિકસ્પર્શ–છૂટમાં પાપ છે. એ બીકે પાણી માગ્યું તે પોતે ન આપ્યું–મોકલાવ્યું.'

માટે 'છેટા છેટા રે નંદજીના છોકરા રે' ને એ પાણી લોટા–પ્યાલામાં લાવી શકાય તેવું આપને ક્યાં પરવડતું હતું. નહિતર જરૂર આપત બાપલા! દેવી વટક્યાં ત્યારે.

અને આ છઠ્ઠી તારીખે આપણાં ભાવિ–માતુશ્રી ('મિત્ર પત્નિ તથૈવચ...પંચૈવ માતરસ્મૃતા')ને લખજો 'કાગળિયો રે પ્રેમનો' માં ડામાડોળ દશામાં વીતાવ્યો લાગે છે.

હાઆં......

તા. ૭ મી

'પ્રિયાનો પ્રથમ પત્ર પામવામાં અહો કેવું સુખ અનુભવ્યું. તૃપ્તિનો અપાર્થિવ ઉલ્લાસ. અખૂટ અતુલ સૌભાગ્યની અવધિ'

બહુ કરી. વાત તો ખૂબ વણસી લાગે છે હા...આમાં તે શે વાંચવામાં મન વળગે. સાળું શું સંતાપ છે! માળે ભોળાનાથે તો ખૂબ કરી. ઈ યે આશકનું તડપતું દિલ ધરાવે છે ને શું! ને 'સત્સંગતિઃ કથય કિમ્ ન કરોતિ પુંસાંમ્'

હોસ્ટેલની રૂમને ગોકુળ કરી મૂકનારાની બલિહારી છે ભાઈ. મૅથેમેટિક્સના દાખલાને બદલે 'રાત કટે ગિન ગિનકે તારે' શું આપદા છે. ચાલો મૂકો એની ડાયરીને ભોળાનાથના ટેબલ–દિલમાં. ઠાલું:

દિલનું ખાબોચિયું છે મહિષીનું માંદણું
ડોબી–રાણીને ડચકારશો મા "
હૈયાં–તાળે કૂંચી લાગુ પાડશો મા

હં પગલાં તો ભોળાનાથનાં. 'ઓહો! ભોળાનાથ! કુશળ તો ખરા! હોવે પીધી. બીજું તો કોઈ નહિ પણ પેલા નેતા આવ્યા હતા. તે પણ એમાં અદેખાઈ કરવાની જરૂર નથી. તમારો એક કપ ઢાંકી રાખ્યો છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હાઆ...એણે તો ભારે કરી. હં...પછી...પ્રિન્સિપાલે ! અરરરર...પણ તે...વું રૂપિયા પદરના ભરી દીધાં ! હંઅ...પણ એથી તો ચોરીને આકકતરું ઉત્તેજન મળે છે. અજી જાવ ! એમાં કૉલેજની પ્રેસ્ટીજને શું લાગેવળગે ! કેમ, અલબત્ત, પોલીસને સોંપણી કરવી ઘટે. હાસ્તો છેવટ દાખલો તો બેસે. એમ બને જ નહિ, પ્રિન્સિપાલ એવી રીતે કદી આપે જ નહિ. ગપ્પું ઊડયું છે કાંઈ ! હં હં છોડો લપ...

'ચિંતા ? વાહ મનુષ્ય છીએ કે વાતું ! બીજું તે શું હોય ! બાપાજી ખર્ચની તપસીલ મગાવે છે. તે આ સિગારેટના ડબ્બા-ઓનો શેમાં સમાવેશ કરવો એટલી થોડી ચિંતા છે. હાઆ...એ તો છેવટ છે જ. પણ ચોરી માટે બીજી વખત સાવચેત રહેવાનું ત્યાંથી લખાઈ આવશે. તેમ હાલતાં ને ચાલતાં ચોરીનાં બહાનાં ન ચાલે બાબા ! ચાલો છોડો, જવા દો. ક્યાં તારમાં જવાબ વાળવાનો છે તે પીડા !'

'હું કેમ ધ્રુજું છું તે પૂછો છો ભોળાનાથ ? કોઈ ગોપીજન મારા ગજવાને ટપાલની પેટી સમજી–આઈમીન–ઓધવજી માની કાગળ નાખીને હલાવે છે, એવું મને લાગ્યું. હા. હું આંદોલનોમાં માનું છું. હા હા–વાંચો વાંચો ભોળાનાથ.'

'ચોપડીમાં નજર પરોવવાથી હૈયે જડાઈ જતું હોત તો શું જોત ? ગ્રામોફોનની રેકર્ડ કે પુસ્તકનાં પાનાંઓ જેમ એક વખત ખોટુંસાચું વાંચેલું છપાઈ–જળવાઈ રહેતું હોત તો શું જોત !

'બોલો એમાં અચકાવ છો શું કામે ! ભોળાનાથ. એવો નિરર્થક અંદેશ શું રાખતા હશો મારા રૂમસખા ! કે'દી વળી ? ક્યા ભાઈએ ? મેં નથી જોયા એમને તે શું કાંડું પકડયું ? હા ...પાજી ક્યાંઇનો. પણ બાઈ સતી નીકળી ને શું ! ?'

બોલો કોણ કહે છે કે પાણીવાળીને પતિવ્રતા ન માનવી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હા...પણ પછી...ભગો થયો, બહુ થયું ભોળાનાથ! ગજબ થયો. તે સારું થયું. પ્રેમના મામલામાં પંચાતનામાં ન શોભે! હં હં તો તો ઠીક. હં. ચાલો વાંચો કંઈ!'

'પણ આ બધું બને છે કયારે? આપણા રાસને કેમ કંઈ ખબર પડતી નથી? નહિ નહિ ભોળાનાથ! એ અટકચાળું ન કહેવાય. જુલિયેટ કે શકુન્તલાની જાતિની તો ખરી ને! ઈશ્વર? ઈશ્વર તે શું સન્મતિ આપવાનો હતો. ઈશ્વર કરતાં પ્રિન્સિપાલના અધિકારની એ વાત છે. ભોળાનાથ, મૂકો આવી કુથલી ને કંઈ વાંચો!'

'ઓહો આવો આવો બિરાદરો! હાજી સમજ્યા. ખુશીથી આપને જ આપશું. અજી માગી માગીને તો વોટ માગો છો ને! હા હા. ગળે આવી ગયા છીએ પૂરા જાણીએ છીએ એ મંત્રી-વર્યને! હાજી. ખુશીથી, એમાં શું? પોતાના છાજિયામાં બહેનને ભલામણ કરવાની હોય ભાઈ!

'ગયું ભોળાનાથ. મતભિક્ષુ મંડળ સિધાવી ગયું. આમ વંચાઇ રહ્યું. આપણે દ્વાર વાસો ભોળાનાથ!'

'કેમ રે, મૂછમાં શું હસો છો ભોળાનાથ? એમાં માનસ-શાસ્ત્રને શીદ ભાંડો છો? તે હશે. પહેલાં સંધ્યા–પૂજા કરનારો સાદો–બિનખર્ચાળ, મિતભાષી, મિતાહારી, મિતમતિ બધું હશે પણ સેક્રેટરી થયા પછી બદલાઈ ગયો એમ જ ને? લૅકચર ઍટેન્ડ કરવાને બદલે રૅસ્ટોરામાં પડ્યો–પાથર્યો રહે છે, તે તેમાં તમારું શું લૂંટાઈ જાય છે ભોળાનાથ! ધાલમેલ? શેમાં હિસાબમાં? રામ રામ રામ ભોળાનાથ, આવું રંક હૃદય તમે અહીં ધરાવી રહ્યા છો, હજી! હં હં છોડો લપ હં વાંચો!'

કોણ છે? બાર ખટખટાવો નહિ. હા. વાસેલું છે. ખાસ કામ ન હોય તો વાંચીએ છીએ દિલગીર છીએ! કોણ કપિંજલ ભાઈ! અહોહો, આવો આવો. શી ખબર તમે હશો! ચા જોઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને ! વાહ ખુશીથી. જુવોને ભાઈ ભોળાનાથ ! થોડી ચાની ભૂકી આપોને આ ભાઈને. બસ ખૂટી ગઈ ? તેમાં શોચ શું કરો છો ! સંગ્રહ ત્યાગ તો સમાજવાદનું હાર્દ છે. પશુઓ ચરે છે. પંખીઓ ચણે છે. એઓમાં સંગ્રહ જોયો ક્યાંય ? સવારની ચિંતા શું વળી ! જોયું જશે. જે તમારી પાસેથી અત્યારે તળિયાની ચા લઈ જાય છે તે ભેગાભેગું એટલું સમજીને પણ જાય છે કે સવારની ચા પણ આ લોકોએ આપી દીધી છે. એ ભાઈઓ અત્યારે જેમ ચા મેળવી શક્યા તેમ સવારે પણ મેળવી શકશે. ઇચ્છીએ કે સવારે આપણી પણ જોગવાઈ કરે !'

'હં આવજો હો ભાઈઓ ! અરે એ તો અમરતું. અરે વાહ ખુશીથી. ચાલો બારણું વાસો ભોળાનાથ ! માગ્યાં મુક્તાફળ મળે છે તે ન ભૂલશો ! પણ રહો બીડી ખલાસ છે. પેદા કરો ક્યાંઈકથી. રેસ્ટોરાં ? પૈસા લેતા જાવ ! તો ભલે આપણને હજી એવો ખાસ ભેદભાવ નથી. પછી જોયું જશે પદરની કમાણી વખતે !'

હં. દાદરો તો ઊતર્યા. હવે આવતાં સહેજે પા કલાક થશે.

હં જોઈએ ભોળાનાથનું જીવન-વૃત્તાંત. ક્યાં ગઈ એની વાસરિકા. હાઆ...ઓ તારીની...બેટમજીએ ભારે કરી છે ને શું ? લે, રબરથી ચેકી ભૂંસીને ડાયરીને તો પાછી કોરી કડાક કરી મુકી છે ને શું ? હં. વહેમાયો હશે. સાળું આપણો હાથ પણ જામેલો નહિ. એટલે ખાનું વીંખતાં ચીજો વસ્તુઓ આડીઅવળી થઈ હશે. વહેમાયો ખરો જુવાન, ભારે ચેતક નીકળ્યો.

'બીડી જલદી લંબાવો ભોળાનાથ ! હં વિયોગ ભાંગો !'

નામનું સ્થાન જીવનમાં જેવુંતેવું નથી. નામ ચારિત્રને ઘડે છે. પોતે ભોળા છે એટલું ભોળાનાથોને સાબિત કરવાનું હોય છે જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૩ :

અચાનક આવી ગયા. શી ખબર કે ભોળાનાથ ઉપર તે લોકોનો ડોળો છે. આપણે ભોળાનાથનાં વખાણ કરવામાં લોભ રાખ્યો નથી. હા પણ કોલેજના આંગણા સુધી આવીને વિદ્યાર્થીની ચકાસણી કરી લેવા જેટલા દરકારવાળા 'દયાળુ દીકરીવાળા' પ્રત્યે આપણને માન છે ને બિચારાનું ઘર બંધાતું હોય તો જીભનો જશ લેવામાં કયો ઘસારો! છોકરીનું પણ વલણ છે. માનો એમાં પ્રગટ મત છે. માતા બાપાની કે બાપા માતાની પૂછડીએ અરસપરસ બંધાયાં જ હશે. મોટી દીકરીનો ધણી પણ સંમત છે. ભોળાનાથનો ભાવી સાઢુ ભારે ખેલાડી લાગ્યો. સાસર-ઘરમાં બધે એનું ચલણ છે. પોતાથી દબાય તેવો છોકરો સાળી માટે એને જરૂરનો છે. ભોળાનાથ છે ગરીબ સ્થિતિનો, સ્વભાવનો ય. છોકરી બનેવીને ઘેર ભણવા રહી છે. પોતાને ગામ કોલેજ નથી. ભોળાનાથ પણ તેમના જ ગામનો છે. ભાઈ સાહેબને ખબર નથી કે મેં તેમના પરાક્રમને સાંગોપાંગ જાણવા પૂરા એક પખવાડિયા સુધી પીછો લીધો હતો. એટલા સમયનો હોમ કીધો હતો.

બૂરી થઈ છે. ભોળાનાથ દિવસમાં બે ત્રણ કલાક તો ત્યાં હાજરી આપતો રહે છે. છોકરીની મોટી બહેન નાની બહેનનાં પ્રેમલગ્નને અભિમાનપૂર્વક પ્રોત્સાહી રહી છે. એમાં ભોળાનાથને વાંચવું કે પાસ થવું 'શ્રી હરિને હાથ' છે.

આપણા રામને એક નવું શાકુન્તલ રચવાની પ્રેરણા લાધી છે. બાપાજીને સમજાવી લેશું કે કારકુનો પેદા કરનારું ભણતરે ય કાલિદાસો જન્માવી જાય છે. પરીક્ષા તો સહુ ઉત્તીર્ણ કરે.

બીડીનો ખર્ચ બંધ કર્યા વગર હવે નહિ ચાલે. બિચારાને સ્કોલરશીપ ન મળી. એવાને ભણવા પ્રત્યે આટલો અનુરાગ સંભવે છે, તે જ મારે મન કોયડો છે. ને સ્કોલરશીપની જેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદાચ સાચી અગત્ય નથી હોતી તેવાઓ જ લઈ જાય છે...બિચારો કેવો મળગળો થઈ ગયો. ચાલુ ખોરાકની યે ચિંતા છે; થોડા આના સિવાય ખીસું ખાલી છે. પાંચ રૂપિયા આપી આશ્વાસન દીધું તો છે. હવે એક માસ સુધી બીડી છોડયા વગર એ ખાડો પુરાય તેમ નથી.

ચાહ–સિગારેટની બદી વિષે ખૂબ સાંભળ્યું છે. પાકી ગયું ત્યાં સુધી. ચાહને એક હાજત તરીકે જીવનમાં અપનાવી લેવાને લગતું અને તેના તરફ નાકનાં ટીચકાં ચડાવનારને, નફરત કરનાર અને ઉપદેશ આપવા માંડનારને શિક્ષા ફરમાવતું એક બીલ વડી ધારાસભામાં સત્યમૂર્તિ પેશ કરે તો કેવું સારું.

'મોડા ઊઠવા વિષે આર્યવૈદક શાસ્ત્રોમાંથી કોઈ શોધી કાઢે કે મોડા ઊઠવાથી આયુષ્ય, કાંતિ, સ્મૃતિ–શક્તિ અને મેધા વધે છે. તો કેવું સારું. વહેલું ઊઠી શકાતું નથી. હૃદયને–સુષુપ્ત આર્ય સંસ્કારવાળા હૃદયને વહેલું ઊઠવાનું મમત્વ પણ રહે છે. અને આમ પેટ બળે છે. ઊલટાનું ઉષાકાળના આવાગમન સુધી વાંચીને અભ્યાસ સાથે તાલ જાળવતી શ્રાપિત આંખનાં નૂર બરાબર બ્રાહ્મમુહૂર્ત વખતે જ ટૂંકાવા માંડે છે.

'કેમ રે કેમ કંઈ દેખાતા નથી? રૂમ ન મળી શકી? હા એનો ખરખરો ન હોય. એ તો કરવી પડે. લાચારીથી માંડીને લાગ-વગ સુધીના માર્ગો તો રૂમ મેળવવા માટેનો વ્યવહાર છે ને! એમાં લાંછના કેવી મારા ભાઈ! હં હં ગામમાં તો ગામમાં. ભણવાનું તો ગમે તે હિસાબે છે જ. અરધા ગામમાંથી, અરધા અહીં જંગલ-માં જાળવેલા મળી ભણી નાખવું છે ને મારા ભાઈ! ના રે ના. મને અફસોસ થતો હોય તો બસો ઓરડીઓની વ્યવસ્થા કરવા-માં અર્ધ ગાંડા બનાવી નાખવામાં આવતાં હૉસ્ટેલ સુપ્રિન્ટેન્ડેન્ટ માટે.

'તુમાખી? ના ના. બિચારા જીવની દયા ખાવા જેવું છે. એમને બીજું કાંઈ નહિ તો આર્યાવર્તની યાત્રાએ આવેલા હ્યુએન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંગે વિદર્ભ, કૌશામ્બી કે પાટલીપુત્રના ગુરુકુલોમાં ચાલીશ ચાલીશ હઝાર વિદ્યાર્થીઓ ભણુતા જોયા હતા તેની યાદ આપવી જોઇએ. પછી બસો વિદ્યાર્થીઓની પાછળ પાગલ બની જનારાની દયા ન આવે તો બીજું શું વળી!'

કાઢી મૂક્યો? હા...આ ઠીક. 'ઇશ્વરેચ્છા–બલિયસી' એવા સહાધ્યાયીના સિધાવવા તરફ આપણી ભાવાંજલિ. ઘણે બે અશ્રુ ટપકાવવાથી માંડી વાસ નાખવા સુધીની પૂજાભાવના હૃદયમાં ધખે છે છતાં અતિવાચનને કારણે જે કહેવાય તે આંસુને અવકાશ નથી. ધોલાં જેવી બની ગયેલી આંખોમાંથી સગો બાપ સ્વર્ગે સંચરે તો ય નથી લાગતું આંસુ સ્રવે!

'ફટાકડા ફોડવા માટે આ તે કંઈ યથાયોગ્ય સ્થાન છે! તેમ પ્રિન્સિપાલનું એ પગલું સ્તુત્ય નથી તેમાં શંકા શી? રવીન્દ્ર જેવા બંગાલીઓ શું પ્રિન્સિપાલોથી વિસરાય છે? આજે ફડાકડા તો કાલે બોમ્બ. આજે કૉલેજ તો કાલે ગેલેરી. આજે ખાલી હવામાં તો કાલે ઍન્ડર્સનો ઉપર.

બરાબર થયું. ઠીક જ થયું. એ માટે સમગ્ર વિદ્યાર્થીમંડળે કુલપતિને અભિનંદવા ઘટે.

'......એમાં સહશિક્ષણુને દોષ દેવાની જરીકે જરૂર નથી ભોળાનાથ! કચ–દેવયાનીથી માંડીને સદેવંત–સાવળિંગા સુધીનાં દૃષ્ટાંતોથી ખદબદતો એ પ્રશ્ન બહુ ગહન છે. હા–હા. ગીતાની ગૂઢતા તો એની કિસ ગિનતીમાં.'

'તે વાજબી જ કીધું છે. એમાં કુલપતિને કૃપણુ માનવાની ધૃષ્ટતા તમારામાં કેમ કરતાં જન્મે છે ભોળાનાથ?'

'ખરાબ–બિલકુલ ખરાબ. એ સારા વિદ્યાર્થીનાં લક્ષણ ન કહેવાય. અલબત લોભી પ્રેમ કરવા માટે નથી જ. નહિ, તમે અંગત ગમે તેટલી સંયમની કડકાઈ પાળો પણુ વાણીમાં કાર્યુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન ચાલે......તે મોટો મીર માર્યો ભાઈ! છેલ્લે બાંકડે બેસવાથી તમે સહશિક્ષણના સપાટામાંથી મુક્ત થઈ ગયા બસ! વાહ ભોળાનાથ, વાહ તમારી અક્કલ! સહશિક્ષણ ક્યાં જઈ ઊભું રહે તે પૂછો છો ને ભાઇ ભોળાનાથ? કદાચ એનો અંત સહશયનમાં પરિણમે એ શ્રેષ્ઠ છે. અને સહમૃત્યુમાં એ અતિશ્રેષ્ઠ તથા સહકારાગ્રહ વાસ એ મધ્યમ. અને સહનાસભાગ એ કનિષ્ટ અને સહગુપ્તવાસ એ અતિ કનિષ્ટ ગણાય!'

—ઠીક...બહુ કરી થનાર સાઢૂજીએ, પણ એ ક્યાંથી જાણ્યું કે એમના પત્ની બે જ વર્ષમાં મરી જવાનાં છે. કોણ જોશી? એટલે ત્યાં સુધી એ સાળીનું પાટે ચડવા નહિ દે, એમજ ને? બહુ કરી બનેવીજીએ ત્યારે; પણ બીબીનો રાજીપો બસ નથી? બીબી બારખડી બહારનો અક્ષર નીકળી ત્યારે! ભોગ એ બિચ્ચારીના, નસીબની ફૂટલના, નહિતર તારા જેવો ભવોભવ માગ્યો મળે, વગર તેડાવ્યો હાજર થાય તેવો ભરથાર આમ ખૂવે ખરી?'

શું થાય—મામાનો કાગળ? શું લખે છે! તારું વેવિશાળ કરી નાખ્યું. કન્યા વિષે શું...? નામઠામનો ઉલ્લેખ નથી કરતા, એમને? પણ લગ્ન તિથિનો તો ઉલ્લેખ છે ને ગાંડા! વાહ ગોળથી ગળ્યું શું.

આ પ્રેમ? તે ક્યાં એ પ્રેમ કમી થવાનો છે! લગ્નથી આગલો પ્રેમ વણસી જવાનું તને કોણે કહ્યું ભાઈ ભોળાનાથ! ભલા દેહ છે તે દિલ તો હોય જ ને. દિલ વગરનાં લગ્ન એટલે બંધન? એ ક્યાંથી શીખી લાવ્યા વળી? લગ્ન એટલે લગ્ન ભોળાનાથ. એથી વધારે એનો કશો અર્થ ઘટતો નથી. એમ નિરાશ ન થાઓ, ચાલ્યા કરે એ તો...

હં...એમ છે. પ્રેમીનું તડપતું દિલ અત્યારે તો ઝંપી ગયું છે. ને તું—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંચ્યે જા! વાંચ્યે જા! પ્યારા ભાવિપ્રજ્ઞાચક્ષુ વાંચ્યે જા!
ચશ્માં લૂછી વાંચ્ય, પાણી છાંટી વાંચ્ય,
ચા–બીડી પીને પણ બસ તું વાંચ્ય!

ઊઠી જા, ચાલ્યો જા પહેલવહેલો પૂછ્યાગાછ્યા વિણ તું ઊઠી જા!
યાદ ન રહેતું હોય પરવડતું ના હોય
પાસ થવાતું ન હોય બેપરવા થઈ જા!

શિક્ષણક્રમનો શત્રુ થઈને સ્વદેશ સેવક થા!
ખાદી પહેરી લે!

હાથે કાંતી હરિજનવાસે આંટા દેતો થા!
જલદી ચાલ્યો જા!

અર્ધા આયુનું સુખ લેવા બખુશ રંપુ થા!
પરણી પિતા થા!

પોસાણ હો તો પુસ્તક કરતાં પ્રમદાસેવી થા!
ભેરૂ ભાગી જા!

ફાવે તો ફાની દુનિયામાં સરફરોશ તું થા!
અથવા સખા! સહિષ્ણુ થા
બ્રહ્મ સત્ય ને જગ મિથ્યા ગણી ખૂબ વાંચ્યે જા!
વાંચ્યે જા અનંત શ્રદ્ધા ચિરવિશ્વાસે
ફ્યુસ તણી મર્યાદા તક તું ખસૂસ વાંચ્યે જા!

કેટલા વાગ્યાનું પૂછો છો ભોળાનાથ? જુવો ઉષાની લાલી ઓસરતી ચાલી છે. તસ્યાં જાગર્તિ સંયમી!

વા'ણલાં ભલે વા'તાં. સૂઈ જાવ ભોળાનાથ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક મુલાકાત

ગાડી અટકી ત્યારે ય હું તો ભડકેલો. લત્તો પણ હું જાણતો હતો. તેવું એ ઘર પણ. જો કે તે માંહેના વસનારાં-ઓના અવારનવાર જોવા મળતા ઓળખીતા થઈ પડેલા ચહેરા સિવાય મને એ વિષે લાંબી માહેતી તો ન હતી.

મારા સ્વભાવ મુજબ હું તો બહાર ઘોડાગાડીમાં જ બેસી રહ્યો અને મારા મહેમાન–મિત્રના સંબંધીઓ વિષે કશાક વિચારો ચોળતો હતો. આજે બહારગામના–થોડા દૂરના એ રસિયા મહેમાનની તેમના સ્નેહી સંબંધીઓ સાથેની મુલાકાતો પાછળ ઘસડાતો ફરતો એવી કોઈ મુલાકાતમાંથી થોડો પંડે પણ લાભ પામતો હતો. અહીં પણ તેમજ બન્યું. મહેમાન મિત્ર સાથે તે બહેનને મને લેવા બહાર આવતાં જોઈ હું ગાડીમાંથી ઊતરી પડ્યો. ખોલેલા ફાટકમાંથી પ્રવેશી તેમણે લંબાવેલા હાથથી હાથ ન મેળવતાં બન્ને હાથ જોડી નમસ્તે કહી મળ્યોઃ ત્યારે આ ન રોકી શકાય તેવી મુલાકાત માટે મારે મનને તૈયાર કરવું પડ્યું.

સ્ત્રી–સન્માનની ભાવના કે એનો ચાળો વ્યક્ત થતાં ઘટે તેવાં વર્ગનાં એ બહેનને મારી બે હાથ જોડવાની રીતે જરા સંકોચ તો થયો પણ મને તે ગમ્યો.

મારે વિષે ઓળખાણુ મળી ચૂકી છે અને એથી પોતે ખુશી થયાં છે. તેમ જ હું આ શહેરનો છું તો કયારે કદી ખુશીથી આવીને આનંદ આપું વગેરે હૈયે રહી ગયેલાં ટૂંકાં ટૂંકાં પદો દ્વારા તેણે સત્કારભાવ દર્શાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળતો જવાબ વાળવામાં પહેલી ચીડ તો મેં હિન્દીમાં બોલીને વાળી. ટકોર કરી કે એંશી એંશી વરસથી અહીં વસતા છતાં ગુજરાતીને માતૃભાષા તરીકે સ્વીકારવાની તો આ મૂઈ પણ ખપજોગી બોલતાં તો શીખી લેવી હતી.

તો જવાબ મળ્યો તે ભાષા ઢેઢહિન્દી કહી શકાય. મારી ફરીયાદ માન્ય રાખતાં તે બહેને પોતાની આવી નપાવટ ભાષા માટે ગર્વ લેતાં જણાવ્યું કે તેઓ બધાં એમના મેતર કોમના અભણ હિન્દુ નોકરો સાથે આ જ ભાષામાં વાત કરે છે.

મને સંસ્કૃત નાટકોમાં સ્ત્રી વિટ ચેટાદિ પાત્રો માટે માગધીનું વાહન રાખનારા આપણા ભાસ કાલિદાસાદિ ઉપર ભારે અણગમો થઈ આવ્યો.

પણ આ બાઈની 'હિન્દી'યે વિદેશી માર્કાની હતી. આમ તો પોતે 'ત'નો ઉચ્ચાર સ્પષ્ટ કરી શકતી હતી. પરંતુ 'ત'નો લવો વાળી ન શકે તેવા તાજા વિલાયતી જેમ 'ટ' ઉચ્ચારે અલંકૃત કરીને એ બોલતી હતી. મેતર નોકરો પાસે મેમસાબ રજૂ કરતી એમની આ ભાષા લાંબી સાંખી જાય તેવી ન હતી. શુદ્ધિ તથા સન્માન જળવવા માગતો આપણો ભાષા–પ્રેમ આવે વખતે ધવાય છે. પછી 'જૈસે સે તૈસા' જેટલું માણુસ પડતું મૂકે છે. મારે પણ એ ટૂંકી મુલાકાત તેની જ રાજ તથા ધર્મભાષામાં પૂરી કરવી પડી.

દરમિયાન ચા આવી. આભડછેટના મારા ખ્યાલો હિન્દી દાક્તરોનું અનુસરણ કરતા રહ્યા છે. એટલે એ બહેનનો બનાવીને લંબાયલો પ્યાલો ગળે ઢાલવ્યો. મારા સન્મિત્ર આમ મિતભાષીમાં ગણાવી શકાય તેવા જીવ. એટલે રસભર્યા શ્રોતા બની બેઠા હતા. એમના રસની હડફેટે આ બાઈ કે આ બાઈ ને એ ભાઈ કેટ–કેટલામાં ભટકાતાં હશે, તે એ બેઉની અવસ્થા પરથી નક્કી કરવા બેસનાર ગફલત કરે તેવું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓલાદે હિન્દુસ્થાની હોવા છતાં થોડી પેઢીઓથી વિધર્મી બની તથા માની બેઠેલા વર્ગનાં એ ખ્રિસ્તી બહેનને તો હું જોવા પામ્યો ન હતો. પણ જે ઘરમાં હું મુલાકાત પામી રહ્યો હતો તે જ ઘરમાં રહેતી એક બીજી યુવાન-નાજનીને એ ઘરને પતંગિયાં-ફૂદાં પડતું ફાનસ કરી મૂક્યું હતું. તે જોતો રહેતો. એથી અમારી એક ટોળકીમાં અમે એને 'જ્યોતિ' કહીને ઓળખતા. સિનેમા-નાટક અને ફરવાહરવાનાં ઠેકાણાંઓ ઉપર એ જ્યોતિ એનાં પતંગિયાં-ફૂદાં સાથે જોવા મળતી. અમારા નાનકા શહેરના જે આઠદસ કુટુંબોને હું અવારનવાર જોઈ જોઈને જ ઓળખતો થયેલો તેમાં આ ઘર સુખી અને પહોંચતું હતું. બીજા પણ કેટલાક છૂટા ખ્રિસ્તીઓ બબરચી, મિસ્ત્રી, બેંડ વગાડનાર કે કામગર તરીકે દેખાયા કરતા. તેમની ટૂંકી આવકમાં સાલ્વેશન આર્મિવાળાઓનો કદાચ થોડો ફાળો મળતો હોય, સ્થાનિક ચર્ચની બાંધેલી મદદ કે બીજા ફંડફાળાઓમાંથી થોડું ઉમેરાયેલું મળી માંડ ગુજારો થતો લાગે એવી એક છાપ ઊભી કરતા તેમના ચહેરામોરા ભૂલ્યા જાય તેવી વસ્તુ નથી. છતાં તેવી કંગાલ આવક સામે જોતાં તેમાંના કેટલાકનું, સુઘડ, આનંદી, મનોહર અને વ્યવસ્થાશીલ લાગતું જીવન અસંભવ લાગે. એ જ વાત હોય છે. કાં તો એ બધાં ગીલેટ હોય કે પછી મારા જેવાના વહેમ માંહ્યલો અનાચાર. હા, ત્રીજો એક અપવાદ હું સ્વીકારું છું અને હિન્દી ખ્રિસ્તીઓને લાગુ પાડવા હું તો ઉદાર થઈ જઉં પણ બંધબેસતો ભાગ્યે જ થાય: તે છે ઉગ્ર ધર્મશ્રદ્ધા. જે નવતર ખ્રિસ્તપૂજકો માટે ખૂબ સ્વાભાવિક હોવાનું મેં વાંચ્યું છે. જોકે અમુક અવસ્થાના નાનેથી ધર્મપ્રત્યે આદર ધરાવતા એવા મુગ્ધ જિજ્ઞાસુ સત્યપ્રિય અને શ્રદ્ધાન્વિત જીવો હરધર્મમાં મળી આવે. છતાં પૂરતી આવક વગર જીવનકલા એ ભાવ સદાય સંસ્કારી રહે છે તે તો નક્કી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્કટ શ્રદ્ધાભરપૂર પૂજાભાવના આવેશમાં–વિલાયતના કોઈ સાધ્વીઓના મઠમાં જીવન ગાળતી કુમારિકાઓમાંની એકના આંગળામાંથી લોહીની શેઓ ફૂટતી હકીકત, છબી સાથે જોયા વાંચ્યાનું મને ય યાદ આવે છે. અંતઃકરણની પરમ પવિત્ર ભાવનાઓમાં પ્રમાણિક એવા જીવને, વધસ્થંભે હાથ ઉપર ખીલા જડાતાં ઈસુને જે દુઃખ સહેવું પડયું તેનો તાદૃશ્ય ભાસ થાય અને એવાં દુઃખની કલ્પના–તેમને પોતે એ સ્થિતિમાં મુકાવાના સહાનુભૂત અનુમાને, કે ઈસુની અલાબલા પોતાને આવે તેવા ભક્તિભાવે આવા ચમત્કારિક કરી મૂકે એ એક રીતે સ્વાભાવિક લાગે; પણ એકંદર તો સત્યશીલ ધર્મભાવના સિવાય, સંતોષ વડે રેલાતાં સુખભર્યાં જીવન માણસ નથી ઘડી શકતાં કે પામતાં. હા, સાચાં સુખની સૂઝ કે ધગશ જન્મી ચૂકી હોય તો. નહિતર તો દુનિયાં વિશાળ છે. એવી પંચાત પછવાડે નરી લમણાઝીક કરવા કોઈ નવરું હોતું નથી.

આ કુટુંબ આ દિવસોમાં અઢીસો–ત્રણસો રૂપિયાની અને એ પહેલાં પચાસેક વરસ લગી તેથી પણ થોડી આમદાની પામતું જાણવા મળ્યું. વાણિયા કે અત્યંત પછાત કોમના હિન્દુ સિવાયનાઓમાં આટલી આવક ભભકી ઊઠે છે, પણ તેવું અહીં કશું ન જોયું. સિવાય કે સાદું હા, અંગ્રેજી ધોરણે બંધાવેલું ઘર. ખપ પૂરતું પણ સોઘું રાચ. ને એક ટચુકડી મોટર ગાડી.

ચા પૂરી થયા પછી તરત આવી ઊભતી બીજી હાજતના માર્યાં મે મિત્રને પૂછ્યું: 'આ ઓરડામાં દૂર ઊભા ચાલ બીડીઓ ફૂંકીએ!' મને એમ કે થોડી આગળ પાછળની માહિતી યે પુછાશે.

પાછળ હાથ પસારી ચડપ કરતોક 'થ્રી કેસલ' નો ડબ્બો ઉઘાડીને ધરતાં યજમાન બહેને ત્યાં બેઠાં ફૂંકવાની સંમતિ યે આપી દીધી પણ કાજીદૂબળો જીવ કેમે કર્યો રહી ન શક્યો:

'મિજમાનો માટે જ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જી, હા.'

'મેં એક બીજો વિકલ્પ પણ કરેલ!' સમજી લેતાં એ બોલ્યાં:

'હાજી. થોડાં વર્ષો પહેલાં શોખ થઈ આવેલો ને કરી ય લીધેલો, હવે તો તબિયતને માફક પણ નથી. ને ગમતી પણ નથી.'

તબિયતની વાતે સન્મિત્રે થોડો ફોડ પાડી યજમાન બહેનની વર્તમાન તબિયતની નાજુકાઈથી દર્દીને ખોટું લાગે છતાં ગમે તેવી ઢબે, મને માહેતગાર કર્યો એટલે મારે પણ આશ્વાસન આપવું પડ્યું. મારું આશ્વાસન તેમણે તરત ઉધરસ ખાઈ સાબિત કર્યું. તેથી બીડીના ધુમાડાથી તેમને બચાવી રહ્યો હોઉં તેવો દેખાવ કરી મેં દીવાલ છબીઓ જોવા માંડી. દીવાલની છબીઓ પ્રત્યેનું આકર્ષણ પણ એમણે ઊભાં કરેલાં આકર્ષણો માંહેનું હતું એટલે કરોળિયા જેમ જાળામાં કોઈપણ દિશાએ કોઈ સપડાય કે હાજર થઈ જવાની ઉપકારક ટેવનાં માર્યાં તે મારી મદદે આવી ઊભાં.

શરીર-સૌન્દર્યથી જ્યાં પાછી પડે છે ત્યાં સ્ત્રીઓ સેવાની જરૂર જુવે છે; પણ એમાંની આ એકાદને કેમ સમજાવવું કે એ બેઉ પણ ક્યાંક પાછાં ઠેલાય છે. અને ત્રીજાની તેનામાં ત્રેવડ હોતી નથી. આ યજમાન બહેનમાં એવું કશું ન હતું કે આપણે થોડી મિનિટો સુંદરી પાસે બેઠા હોવાનો સંતોષ મનાવી શકીએ. આછા આછા બહાર ડોકાતા ઉપલા બે દાંતને બન્ને હોઠથી આચ્છાદતાં રહેલાં એ બહેને ગાલના ઢોચાવાળા તેટલા મોઢાના ભાગને કસરત આપી હોય તો તે લાભ તેમને રહ્યો, મારે ભાગે તો છૂપો અણગમો ઉપજાવી દીધો હતો. હોય તે કરતાં વધારે સુંદર દેખાવા પછવાડે દુનિયાનું સ્ત્રીત્વ કાંઈ આજકાલનું નથી લાગ્યું. પણ જે વસ્તુ છૂપાવી ન શકાય તે છુપાવવાની મથામણ બાલિશ નથી તો શું છે બીજું! કાં તો એ બેઉ દાંત ખેંચાવી ત્યાં નવા જડાવી વાતનો ઉકેલ લાવી શકાય પણ મેં કીધું ને...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉગમણી દિશાની દીવાલે 'મેરી'ની મઝાની મઢાઈવાળી છબી હતી. એ તો હું ઓળખું. બીજી દીવાલે ઊંચે એક મોટો ખ્રિસ્તનો એન્લાર્જ લટકાવ્યો હતો. પ્રખ્યાત યુરોપિય ચિત્રકારોનાં ચિત્રપોથીમાંના બે-ત્રણ બીજા ઐતિહાસિક પ્રસંગોવાળાં ચિત્રો મઢાવીને વચ્ચે ગોઠવ્યાં હતાં. પલંગની પાંગત તરફના ભાગે ઊઠતાંવેંત નજરે પડે તેવી રીતે કોઈ ખ્રિસ્તી મહાત્માની નાનેરી છબી હતી. બનતાં સુધી સેંટ પૉલની. થોડું લળીને તેમને જોયા પછી ઓળખાણ માગી લીધું. બાકીના તો સહકુટુંબ કે કોઈ વ્યક્તિના ફોટાઓ હતા. તે જોયા પછી પાછો બેસતાં તે બહેને બહુ શ્રદ્ધા અને ભાવથી એક ચમત્કાર-અનુભવ ગાયો. વાત એમના કુટુંબને જ લગતી હતી.

માનવમાત્રમાં પોતાની માન્યતાઓની સચ્ચાઈ, ઉત્તમતા, મહત્ત્વ વગેરે માટે પક્ષપાત હોય છે, તેમ આ બહેને પણ એ પ્રસંગ વર્ણવ્યો.

ચમત્કારપ્રિય હિન્દુ-મુસલમાનને મન એવા બનાવો સાધારણ થઈ પડે, એટલે વિગતમાં ઊતરતો નથી. પણ દૂબળા હૈયાનો કોઈ દુઃખિયો કદાચ પોતાને અનગમતો લાભ થાય તો એ બહેનના હાજરાહજૂર મહાત્માની માનતા માનવા જેટલો તૈયાર થઈ જાય તેટલું બળ અને અસર મૂકે તેવાં ભભક તથા ઉત્સાહથી તેણે વાત કહી. દુઃખ સાથે સહન કરવાનું આવી ઘેલી માનતાઓમાં પણ ઈશ્વર કેવું બળ મૂકી દે છે તે તો પોતાના જ અનુભવની વાત એટલે મક્કમપણે એ બોલ્યે ગયાં. અસાધ્ય રોગમાંથી એ માનતા પછી પોતાને એકાએક આરામ થઈ ગયા કેડે, પોતાને લઈને બધું કુટુંબ, કલકત્તા તરફ પોઢેલા એ મહાત્માની સમાધિના દર્શને જઈ આવ્યું હતું. તેનુ વિસ્તૃત વર્ણન કર્યું: ત્યારે પણ એવી ઘેલછામાં સન્મિત્રને રસદર્શનમાં રાચતા હું જોઈ શકતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા જેવા આખાબોલા માણસથી મુગ્ધ કે ધર્મિષ્ઠ જીવોના અજ્ઞાનને તો ચલાવી લેવાતું નથી. આડીઅવળી વાતના વહેણમાં મેં કીધું:

'ધર્મ-પુસ્તક તરીકે બાઈબલ તથા ધર્મ-સત્તા તરીકે દેશ-દેશનાં દેવળો અને વેટીકનના પોપ પ્રત્યેનું જર્મન સમાજવાદી રાષ્ટ્રીય દળનું વલણ મને તો ગમ્યું છે. તેમ સ્વાભાવિક લાગ્યું છે. રાષ્ટ્ર કે સમાજજીવનને કે જ્ઞાનમાર્ગને જ્યારે ધર્મ ગૂંગળાવવા જેટલો ઘાતક કે જડ થઈ બેસે ત્યારે એ ધર્મ રહેતો નથી ને સૂકા પાંદડા જેમ રાષ્ટ્ર-વૃક્ષ પરથી એ ખરી જાય છે. ખ્રિસ્તના અંગત ભોગ, પરોપજીવી તથા સંસારદુઃખે દુઃખી જીવન પ્રત્યે તો હર સમજુ માણસને માનભાવ જાગે: જેમ હું પણ અનુભવું છું. જેના બલિદાને યુરોપને ન્યાયના સામાજિક નિયમો અને સંગઠનની ભાવના આપ્યાં. પ્રાણની બીક રાખ્યા વગર સત્યનું અમૃત ઢાલવે જની એવી પ્રભુપ્યારી વિભૂતિ પ્રત્યેનાં આદર તથા પૂજ્ય ભાવના જ્યારે મૂર્તિ-પૂજાની ઘેલછામાં પરિણમે છે ત્યારે ભારે હાસ્યાસ્પદ બની જાય છે.' હું અટક્યો.

'તમારા શિવ અને રામ કૃષ્ણે પૂજાય છે ને?' આજકાલ કોમો કોમો વચ્ચેની એકતા માટે જોવાતા થયેલા સમદોષભાવે યજમાન બહેન બોલ્યાં.

'ત્યાં અમારા તમારાનો ભેદ નીકળી જશે. પ્રજાઓનાં જીવન તો એવાં જ હોય. પ્રજાને કોઈ ને કોઈ મહાન વાત કે વ્યક્તિ જોઈએ જ. પછી એને એ પૂજે કાં નિંદે! લાખો વર્ષોથી એ એ જ રસ્તે વહેતાં આવ્યાં છે. એવી પૂજાની પાર્થિવ, સ્થૂલ, પત્યાશી, લાલચુ અંધશ્રદ્ધા તથા અજ્ઞાનભરેલી વિધિમાં મારે ખ્રિસ્ત જેમ રામ કૃષ્ણે સરખા છે!' મેં કહ્યું અને તેને રસપૂર્વક સાંભળતાં જોઈને ઉમેર્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પ્રજાજીવન જે હરકોઈ રાષ્ટ્રીય બીબામાં રહ્યું વીતે છે તેના સંસ્કાર અને પ્રગતિ તમે કેવી રીતે મૂલવી શકો?' બોલી હું કશાક જવાબની આશામાં જાણે મૂંગો રહ્યો. બન્ને મૂંગા રહ્યા એટલે મેં જ તેમના વતી જવાબમાં કહ્યું:

'કૃતજ્ઞતાથી. અભિપૂજાથી. રાષ્ટ્રજીવન પ્રણાલિના અનુપાલનથી. જે ખ્રિસ્ત જેવાના બલિદાનમાત્રથી પશ્ચિમમાં પૂજાવૃત્તિ જાગ્રત થઈ બેઠી ને થોડાં હજારો વર્ષ દરમિયાન હિન્દુ પૂજા જેવી જ બની બેઠી છે. પણ એનું ઉગમસ્થાન તો સર્વસામાન્યપણે સ્નેહ અને સેવામાં ભાર્યું છે. સદાચાર અને સંસ્કાર પ્રત્યે વાળતાં બળાબળમાં છે.' પણ પશ્ચિમના તથા આ દેશમાંના ખ્રિસ્તાનુયાયીઓની તથા હિન્દુઓની પૂજા વચ્ચે મોટો ભેદ છે. હિન્દુ પૂજા એ તેની સાંસ્કારિકતાના પ્રતીક જેવી છે. એમાં પૂજનારાની તે તે પૂજાતા દેવ ગણાતા ગત ભારતવીરો દ્વારા સુખચાહના થોડી છે તે ખરું પણ તે ઉપરાંત બીજું પણ છે.

'આજે પણ કેટલાંક એવાં સ્ત્રી–પુરુષો તમે જોવા પામશો જેઓ દુનિયાની સર્વશ્રેષ્ટ વસ્તુ પોતે લેવા, સંઘરવા, વસાવવા ચાહે છે, એવા માણસો સર્વશ્રેષ્ટ ચિત્રો, મૂર્તિઓ, સિક્કાઓ, ટિકિટો, મટોડી કે વૃક્ષવેલિઓના ફૂલોનું અજાયબઘર ધરાવે છે: કેવળ થોડા સોહજાર મહેમાન–મુલાકાતીઓને પોતાના ઘરની સર્વમયતાનો ખ્યાલ આપવા માટે જ ને? અલબત્ત એવી વસ્તુઓ પાછળ ઇતિહાસ અને ભૂગોળ, શિલ્પ તથા ચિત્ર, સાહિત્ય અને સંગીત કલાઓ પ્રત્યેનો જેટલો પ્રેમ હોય છે તેટલાં રસ તથા સમજ બધાંને તો નથી હોતાં કે પરવડતાં. થોડા એવા કરોડપતિઓ, રાજા–મહારાજા કે સમ્રાટોને એ પાલવે. છતાં યથાશક્તિ એ માહેતું ધરાવવા સહુ સમજદાર માણસ કરે એ માનવ–સ્વભાવ માટે સર્વસાધારણ વાત છે. મેરી, પૉલ જીસસ એન્થની, કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત જોનનાં પાંચ ચિત્રો ને નાનીમોટી મૂર્તિઓ વૈભવી દીવાલો કે શોભીતી ઘોડીઓ ઉપર સદાકાળ એક કુટુંબમાં ટકયે આવતી નથી. કુટુંબ પણ ચડતી–પડતી તથા વિભક્તતાને આધીન છે. હવે તમે સમજી શકશો કે હર હિન્દુ પહોંચતા કુટુંબ, ઘરમાં, લાકડા કે ધાતુનું નાનું પાલખ કબાટ કે ગોખલામાં રહ્યું, પેલાં અજાયબઘરમાંનું અકેક નાનું અજાયબઘર ધરાવે છે. જીસસ અને તેના અનુષંગી મહાત્માઓ જેમ અમારે રામપંચાયતનની છબીઓ હશે. આવાં રંક કે માતબર અજાયબઘરો અને તેનાં રાચો ધાર્મિક ઈતિહાસનું ઘરનાં બાળકોને ગૃહશિક્ષણ થઈ પડે છે. એટલી તેની અગત્ય આપણે પણ સ્વીકારી આગળ ચાલીએ છતાં પણ પ્રજાના સંસ્કાર માટે તો તમારે તેના મહાપુરુષો–સંતો, શૂરાઓ, શાસ્ત્રીઓ, સેવકો–સામે જોવું રહે '

'જુઓ, ખ્રિસ્તને બે હજારમાં ૫૬ ઓછાં છે, તે એ સમય પૂર્વે આ દુનિયામાં હતા, તે તો નિઃશંક વાત છે. તેમના જેમ આ દુનિયામાં ખ્રિસ્ત પહેલાં પાંચસેહ વર્ષો પૂર્વે ગૌતમ બુદ્ધ થઈ ગયા. પશ્ચિમ અને પૂર્વની પ્રજા વચ્ચે પાંચસો વર્ષોના ફાંસલે થઈ ગયેલા એ બેઉ મહાત્માઓએ દુનિયાના શ્રેયમાં પોતાનું શ્રેય સાધ્યું હતુંઃ અને બન્નેએ અલગ અલગ રીતે–પોતપોતાની રીતે તેમ અનુભવ્યું પણ હતું. દુનિયામાં અત્યારે ખ્રિસ્ત કરતાં બુદ્ધમાર્ગી જનસંખ્યા વિશેષ છે, તે તમે જાણતાં હશો. ઘણા દેશો એ બન્ને મહાત્માઓનું અનુયાયીપણું કે અનુસરણ કરે છે તેમ આપણે માનવું પડે છે. પણ આપણે તો એ બન્નેના અંત સામું જોઈ પેલા પૂજાયેલા લોકમાનસને આલોચી શકીશું.'

'એક પ્રજા–પશ્ચિમ, જીવતા ખ્રિસ્તના જીવનને અવગણે છે. અને એટલું તો બળ્યું તેનો ક્રૂર અંત માગે છે. બીજી પ્રજા બુદ્ધનો તેની હયાતીમાં જ જ્ઞાનબોધ ઝીલે છે. પચાવે છે, અને મર્યા પછી તેને પકડી રાખે છે.' ને કૃત્રિમ જણાતાં ત્યાગી દે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સામાજિક અસમાનતા, ઉચ્ચ-નીચની અનૈતિક ભેદભાવના, રાજ અને મૂડીદારો-વણિકોનાં આર્થિક શોષણો અને એ ઉપરાંત હડહડતા અજ્ઞાનને પનારે પડેલી પ્રજાઓને કોઈ ત્રાતાઓની સદાય ઝંખના રહી છે. પણ ભારતી પ્રજાએ જીવનની અસુવિધાથી ત્રાસી બળવાઓ જગાવ્યા નથી. દુઃખો અગવડો માટે પોતાનાં પૂર્વકર્મોને જવાબદાર ગણીને એણે મુસીબતો, હાડમારીઓ, અપમાનો યુરોપિય પ્રજાનાં કોટ-પાટલુન, હેટ-ટાઈ જેમ વળગાડી જિંદગી ખર્ચી નાખી છે. સુખને અર્થે એ નવું કર્મ, નવું બંધન અને નવાં દુઃખો સરજવા તૈયાર નથી. જે છે તે ભોગવી-ખર્ચી છૂટે છે જાણે. આ છે ભારતી પ્રજાની પ્રકૃતિ. એ પણ હવે ડહોળાઈ છે. નહિતર જો ખ્રિસ્ત ધર્મના રહસ્યની તમારા કોઈ વડવાને ગમ પણ ન હતી તે પોતાનો ધર્મ ત્યાગી ન શકત. પણ મીઠાબોલા પાદરીઓનાં આશ્વાસન અને મદદ તથા હિન્દુ આચારની નબળાઈઓ માટેની દલીલો તેમને બસ થઈ પડી. આખર તો માણસ સુખભર્યું જીવવા જ માગે છે ને! જીવનની જરૂરતોની અગવડોમાં અટવાઈ પડેલા માનવોનો પ્રથમ ધર્મ તેવું બધું પ્રાપ્ત કરવાનો છે ને! રાજસત્તા જે ધર્મની વાહક હોય છે તેની એ ફરજ જ છે. તેવી અગવડો પૂરવાનું તો અંગ્રેજ સત્તાએ કર્યું પણ પોતાનો ધર્મ સ્વીકારનારાઓ પૂરતું જ. પણ એને માત્ર દોઢસેંહ વર્ષો જ થયાં છે ત્યાં આંખ ઊઘડી ગઈ સહુની. કે તમારા ધર્મનેતાઓ વટાળ પ્રવૃત્તિ માટે લાખોના ફંડફાળાઓ ધરાવે છે. તમારી રાજસત્તા એને વેગ આપે છે.'

'એકબાજુ ચૂસણનીતિથી બેકારી અને ઉદ્યોગહીનતાની ભીંસમાં આ દેશનાં કરોડો લોકોને એના ધર્મ અને ભગવાન માથેથી સદાનો વિશ્વાસ ઊઠી જાય તેટલાં દીનહીન કરી મૂકી વટાળ પ્રવૃત્તિનું ક્ષેત્ર તમારી સરકારે ભારે વ્યાપક કરી મૂક્યું છે.'

'સગવડ પૂર્વક જરૂરતો પામી જીવવાનો સંસ્કાર રેડવા સિવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખ્રિસ્તધર્મે તમને વટલેલાં હિન્દુઓમાંનાઓને બીજું શું શીખવ્યું ? અને તેટલો સંસ્કાર માન્ય કરવા, માથે ચડાવવા જેવો છે. છતાં તેવી રીતે જીવવા માટે ન કરવાનું કરવામાં પાછી પાની ન કરવા સુધી અનાચાર આદિમાં ધસડાવા છતાં પોતાને સારાં ઊંચા અને ધર્મિષ્ટ માનવા જેટલો દંભ કરવાની તાલીમ આપવા સિવાય બીજું એ સંસ્કારે શું આપ્યું ? એનો જવાબ આપણી પાસે નથી. તમને હિન્દી મિટાવી દેવાનો, તમારામાંના દેશપ્રેમને ઇંગ્લેડ કે યુરોપના ખંડ પ્રત્યે વાળી લેવાનો, તમારા દેશવાસી ભાઈઓના સુખ સંસ્કારની મઝાકથી માંડી અદેખાઈ કરવાનો દ્રોહી મનોભાવ દાખલ કરી આપી તે સંસ્કારે તમારું તો ઠીક પણ અમારું–આપણું સત્યાનાશ વહોરી આપ્યું છે. તે જાણવા ભોગવવાનું હજુ ચાલ્યું આવે છે. 'આગે.આગે ગોરખ જાગે' અને ઉપસંહારનું એક છેલ્લું વાક્ય ઉમેરી હું ઉઠ્યો.

'આતિથ્ય અને આવી ગ્રાહકતા માટે તમને ધન્યવાદ !'

'ફરી આવવાની મારી વિનતિ યાદ રાખશો !' કહી એણે વળતો વિવેક કર્યો અને જિંદગીમાં હજી ફરી ન ખેવડાયેલી એ મુલાકાતનો અંત આવ્યો.

દાદર તરફ ચાલ્યા તો રવેસમાં ઉત્સુક ચહેરે પેલાં 'જ્યોતિ' ટહેલતાં હતાં. નક્કી થયું કે એ નાની બહેન છે. મિત્રવર્યને થોડી મિનિટો તેમનાથી ગાળતા મૂકી હું દાદર ઊતરી ગાડીમાં ગોઠવાઈ બેઠો.

કોરેલાં ભવાં અને પફપાવડર છતાં ચામડીની રૂક્ષતા તથા શ્યામતા ઊપસી આવતા એ 'જ્યોતિર્મયી'ના ચહેરામાં અબખો ઉપજાવતું શું હતું, તે હું ખોળતો હતો. ટૂંકી અવસ્થાની સાચી તંદુરસ્તી તથા મુગ્ધતા બન્ને વટાવાઈ ગયાં હતાં. અરે...

એ આવાસનું નાનું ઉદ્યાન વટાવી મિત્રવર્ય ફાટક બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકળી ગાડીમાં બેઠા. કાચમેન સિનેમા તરફ લેવાની સૂચના સાંભળી ગાડી ચલાવે તે પહેલાં એક બંધ મોટર એ બંગલામાં પ્રવેશી અને રવેસમાં ટહેલતા પેલા હાડપિંજરમાં દિવેલ પુરાયું. ફિલ્મી અદાથી આગંતુકને વધાવતી એ વામાને જોતા મને મિત્ર-વર્યે પૂછ્યું:

'કોણ છે એ ગૃહસ્થ?'

'તમારા માંહ્યલા જ તો! પડદાબીબી ઘરવાળીઓથી કંટાળી, આવા મુક્ત જીવો વચ્ચે વિહરી થોડો વૈભવ માણી રહ્યા છે. હાં પણ જિંદગીમાં બીજું બળ્યું છે યે શું?'

મિત્રવર્ય મારા કટાક્ષે હસતા હસતા બોલ્યા:

'તમે ભાવનાના જીવો વાસ્તવ જીવનને છબતા થાવ છો ત્યારે ભારે થઈ પડો છો!'

'હજી તો પગે મૂકયો નથી તમારી વાસ્તવિકતા પર, ત્યાં! કહો તો ખરા, ઓળખાણ કયાં થયું?'

'હાં,...દરબાર સાથે રહી. ત્યાં આવીયુંનો તોટો નથી!' મિત્રે હું સમજી જાઉં તેવી અદા, મુદ્રા તથા સનસથી પૂર્વાપર વાતોના આધારે એટલામાં તો મને સમજાવી દીધો. મેં પૂછ્યું:

'પણ એમાં એવું શું ભાળ્યું?'

થોડું વમળાઈ મિત્રે–જેઓ મુસાફરીમાં પૂરા 'સાહેબ' બની રહેતા હતા–કહ્યું: 'પાચ વરસ પછી પણ કદાચ તમને રસ નહિ તો સૂઝ તો આવશે જ: એટલે કહું છું, નહિતર તો દીવાનામાં ગણી કાઢો તેવો મારો ખુલાસો છે...પણ કહું છું શું ભાળ્યું તે... 'યુરોપિયન સ્ત્રી પોષાક' એથી વિશેષ કશું જ નહિ. ઊતરશે ગળે? લાગશે પ્રમાણિક!' મિત્ર અટકયા. હું વમળાઈ રહ્યો.

હિન્દુ જીવનમાંના અધ્યાત્મને અંગે ઓછી થઈ ગયેલી, ખાલી પડેલી, ખોટકાઈ ગયેલી કેટલીક વૈભવી મનોદશાને મોગલો જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજોએ પણ ઉશ્કેરી છે. તંગ કીધી છે. તાણ આપ્યું છે. નવા અથાણા કે ચટણી જેવી રસપૂર્તિથી માણસ બે બટકાં વધુ ખાઈ શકે. એવી અસર જાણે. એ આકર્ષણ પ્રત્યે પ્રયોગાત્મક રસવૃત્તિ ધારી બેઠેલો જ્યારે એમાં સપડાઈ એને વ્યસન કરી મૂકે ત્યારે નુકસાનીનો પાર રહેતો નથી.

રસાકર્ષણ લેખે મોગલ પોષાકનું–ખોરાકનું–ભાષાનું લલિત કલાસેવનનું ગાંડપણ હિન્દુઓને ઓછું સ્પર્શ્યું ન હતું. ઉત્તેજનભર્યાં મોગલચિત્રો એની સાહેદી છે અને મને કેટલીય ઝીણીજાડી ટેવો, રુચિઓ, વૃત્તિઓ, વિકારોની વાતો હૈયે ચડતી ગઈ. પોતાની બૈરાં-ઓને મુસલમાનો–હિન્દુઓનો, હિન્દુઓ મુસલમાનોનો, વોરાઓ–ખોજાઓના પોષાક પહેરાવતા હોવાના–વગેરે વાતો મને યાદ આવતી ગઈ. પણ એ બધું છતાં હું બોલ્યો:

‘એ સાચું. પણ એ સાથે એટલું પણ સ્વીકારો કે એ એક ચોકખું વેશ્યાગમન છે!’

ગાડી અટકી. અમે સિનેમામાં ગોઠવાણા, તો પડોશમાં ‘જ્યોતિર્મયી’ પેલા ગૃહસ્થ સાથે ગોઠવાઈ બેઠાં હતાં. મેં મિત્રવર્ગ પ્રત્યે જોયું તો ત્યાં કેળવાયેલો ‘વિરાગ’ હતો. ધંધાર્થે ભટકતા ‘ઘરછોડી’ આથડતા મારા ભેરુ જેવાઓમાં હું ‘વેશ્યોત્પત્તિ’ જોતો માંડ ફિલ્મમાં મન પરોવી શક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતા

: ૧ :

'કેમ ભાઈ કોનું કામ છે?' બારણું અર્ધ-ખુલ્લું રાખી ચોકીદારે પૂછ્યું.

'લેડી સુપ્રિન્ટેન્ડેન્ટને આ ચિઠ્ઠી પહોંચાડો!' ચિઠ્ઠી આપતાં આવનારે કહ્યું.

'હાજી, લાવો! કાગળ લેવા હાથ લંબાવી ચોકીદારે આવનારને નીરખીને જોયો.

'હું અહીં જ ઊભો છું! બારણું બંધ કરવા ઉતાવળા ચોકીદારને કહી આગંતુકે મોઢું સરિયામ રસ્તા તરફ ફેરવ્યું.

'જી, ભલે!' બંધ થતાં બારણાના અવાજમાં ભળી જતો ચોકીદારનો બોલ સંભળાયો.

આવનારની તેજ-શૂન્ય નજર દરવાજાની એક બાજુની દીવાલમાંની આરસની ચગદીમાં કોતરેલા નામ પર ચોંટી હતી. નજરને અનુસરતા હોઠ એ લખાણનો ઉચ્ચાર કર્યા કરતા હતા. છતાં બીજે કશે રોકાયેલા મનને એનો અર્થ હજુ સ્પર્શ્યો ન હતો.

'વનિતા વિશ્રામ!'

આવનારે મોઢું પાછળ ફેરવી જોયું તો એ નિર્જન જેવે રસ્તે બે યુવકો ધીરે ધીરે પસાર થઈ રહ્યા હતા. જેમાંના એકની નજર ચગદી પરથી ખસીને પોતાને જોતાં નીચી નમતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જોયું એ તો હવે! બીજો યુવક પહેલા તરફ કાંઈ અર્થ-ભર્યું સૂચન કરતો બોલ્યો.

'એમ જ ચાલે. જવા દે, કોઠી ધોયે કાદવ જ નીકળે! પહેલા યુવકે આગંતુકને નખશિખ નીરખતાં વાતને ટૂંકાવવા કર્યું.

'એ તો 'જેનાં કર્યાં તે ભોગવે' પણ દેખવું અને દાઝવું તે આનું નામ. દેવદાસીઓની નવી આવૃત્તિ સમજ્યોને!' અણગમો ઉડાડતો પહેલો યુવક ભાષણશાહી અવાજે આગંતુકને સંભળાવતો બરાડતો ગયો.

'ને આવા મજનૂઓનું આ લયલાખાનું!' અવાજ ધીરે ધીરે દૂર થતો જતો હતો. આવનાર એથી વધુ સાંભળી શક્યો નહિ.

એણે એ શાંત રસ્તાના બન્ને છેડા જોઈ લઈ દૂરના રસ્તા પરની રાહદારીઓ તથા વાહનોની ધમાલ તરફ આંખ ઠેરવી. એ અવિશ્રાંત શહેરી વ્યવહારની હરોળથી છૂટું, સંસ્થાનું મકાન એને એવા સમાજથી યે દૂર લાગ્યું. ભિન્ન ભાસ્યું.

તેણે ફરી વખત તખતી વાંચી. ત્યાં બારણું ફરી ખૂલ્યું. દ્વારપાળે આવકારતી આંખે જોતાં કહ્યું: 'પધારો!'

'ચાલો. કહી આવનારે નાની ગડકાબારામાંથી પ્રવેશ કર્યો. અંદર જઈ બારણેથી હાથ છોડતાં બહાર રસ્તા પર થોડેક દૂરના ત્રિકોણ બાગની મેંદી પાછળ પેલા બે યુવકો જાસૂસી કરી રહ્યા હતા. હસી પડતાં એણે બારી બંધ કરી દીધી.

ચોકીદાર સાથે કોઈ અજાણ્યા યુવકને આવતો જોઈ આજુ-બાજુ હરતી-ફરતી, લાંબી પડસાળમાં ચોપડી કે ગૂંથણ સહિત ટહેલતી, બેઠેલી અભ્યાસિનીઓ એ મોટા ઓરડા આસપાસ એકઠી થવા માંડી હતી.

આવનારની ધીરી ચાલ, ચોમેર નીરખતી આંખો અને સભ્ય છટા, અંગને બંધબેસતાં દીપી નીકળતાં સ્વચ્છ વસ્ત્રોમાંના દેહના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘાટીલા અવયવોનું સપ્રમાણ સૌન્દર્ય પાથરતો તથા એ બધું ઝીણવટથી અવલોકાતું અનુભવતો એ સંસ્થાની વ્યવસ્થામાં અંજાતો આવ્યો.

બહુધા પુરુષના અસ્તિત્વ વગરના આ સ્થાનનું વાતાવરણ જાણે એકલી, અટૂલી, અદ્ધર ટિંગાવી રાખેલી અવાવરુ સારંગી કોઈ વાદ્યકારને હાથ પડ્યા જેવું રચાણું.

ખુરશીમાં પડ્યાં ટેબલ પરના કાગળોમાં માથું ઘાલી બેઠેલાં આધેડ ઉમરનાં તેજસ્વી ચહેરાવાળાં આશ્રમનાં સંચાલિકા કાંઈ વિચારમાં ગૂંથાયાં દીસતાં હતાં. આવનારે હાથ જોડી માથું નમાવી નમન કર્યું.

'આવો સુમનભાઈ! ખુરશી ચીંધતાં એ બોલ્યાં. સુમનને ચંપલ બહાર ઉતારવાની વેતરણમાં જોઈ તેમણે ઉમેર્યું:

'રહેવા દો! ચાલશે.'

'જી' કહેતાં આવનારે ખુરશી પર બેઠક લીધી.

'આજેજ આવ્યા?'

'અત્યારની જ ગાડીમાં ઊતર્યો. સામાન મામાને ત્યાં મુકાવી સીધો અહિંયા આવ્યો!'

'હાલ ક્યાં છો?'

'પૂના છું!'

'તમારો કાગળ તો અમદાવાદથી હતો તે વચમાં ત્યાં ઊતર્યા હશો!'

'હાજી. મારા એક સગા અને સ્નેહીને મળવા ઊતરી પડયો હતો. તેમણે જ અહીંની ભાળ આપી બાકી મને તો કશી માહિતી ન હતી.'

'પૂનામાં શું પ્રવૃત્તિ કરો છો?' મૌખિક પરીક્ષક જેમ વડાં બહેન પૂછ્યે જતાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારો ત્યાં મૉટર-સ્ટોર છે.'

'સારું ચાલે છે ને?'

'હાજી. વડીલોને પ્રતાપે રોટલો મળી રહે છે.'

'હા જ તો! ધંધામાંય આજકાલ કસ રહ્યો નથી. અગાઉ જેવું વળતર મળતું નથી નિર્વાહ જેવું માંડ બચત રહે છે.' કયાસ કાઢતાં લાગતાં વડાં બહેન બોલ્યાં.

'ખરું, પણ આ ધંધો હજુ ખીલતો છે એટલે હજી સુધી તો સારું એવું મળતું રહે છે!'

'તો શું મહિને દહાડે બસો-અઢીસો પડે ખરા?' કર્તા અવ્યાહત રાખી વડાં બહેને પૂછ્યું.

'એટલી રકમ તો માણસો લઈ જાય છે!'

'એમ! ત્યારે તો મોટું ખાતું ચાલે છે ને શું! સારું સારું. ખુશી થવા જેવું ભલા. પરિશ્રમી છો. બીજું કાંઈ નહિ તો પગ ઉપર ઊભા રહેવા જેટલી પહોંચ અત્યારે માનને પાત્ર છે!'

'ખરું છે. આજની બેકારી વધાર્યે જતી કેળવણીનાં દાઝ્યાં આપ એ બોલો છો. પણ પછી અમારા લોકોએ જિંદગીમાં કાંઈ કરવાપણું રહેતું નથી એમ થોડું છે! ધંધાદારી એ ધંધાદારી. આવી સમાજ સેવાની તોલે અમે ખૂબ પછાત છીએ.'

'તમારા જેવાઓ ઉપર જ આવી સંસ્થાઓ ગદરે છે ને ભાઈ!' કહી ગંગાબહેને હવે અતિથિધર્મ સંભાર્યો:

'આજે સુમનભાઈને અહીં જમવાનું છે. રસોડામાં ગોઠવણ રાખે એમ કહી આવ ને!' પાસે ઊભેલી અને આ સંવાદ સાંભળી રહેલી યુવતીઓ માંહેની એકને અનુલક્ષીને એઓ બોલ્યાં.

'અરે ના રે! અહીં તે હું કેમ પોસાઉં!' ચોંકી ઊઠતાં સુમને વિશેષ સંકોચ નકાર્યો.

'કેમ રે! આ તે કોઈ ધુતારપુર છે?' એક ચબરાક યુવતી મૌનનું અકળામણ ખોલતાં બોલી પડી. બધાં હસી પડ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા, સુમનભાઈ! છેવટ અત્યારે એક ટંક માટે અહીંયાં રાખો. અમને કશી જ અડચણુ નથી. ઊલટું બધાં ખુશી થશે!' ગંગાબહેને તોડ કાઢયો.

સુમનની દૃષ્ટિ અત્યાર સુધીના વાર્તાલાપ દરમિયાન પણુ આજુબાજુ છાનગપતિયાં કરી રહી હતી. એની ઉત્સુક આંખોમાં કોઇ જૂનું સંભારણું ખટકતું દેખાતું હતું. ચકોર અને અનુભવી ગંગાબહેને માત્ર એ જ પૂછ્યા વગર મૂકયું હતું.

'ચાલો, તમે બધી હવે સહુસહુને કામે લાગી જાવ!' ટોળે મળેલી વિશ્રામ-વાસિનીઓ આ સાંભળી વેરણુછેરણુ થઈ ગઈ.

'અરે પ્રભા! બેટા, અહીં આવ તો?' ગંગાબહેને સોળેક વર્ષની એક કુમારિકાને બૂમ પાડતાં તે આવી. આજ્ઞા સાંભળી ઝીલવાની આજ્ઞાંકિતતા બાદ કરીએ તોપણુ એનામાં ગંગાબહેન સાથે મળતાપણું જણાતાં સુમને અનુમાન કર્યું.

'આ બહેન આપનાં પુત્રી લાગે છે.'

'હા ભાઈ. એ મારી દીકરી છે. ભલા મારે તો આ બધી દીકરીઓ જેવી જ છે. મને તો એ બધીએ આ પ્રભા જેવી વહાલી લાગવા માંડી છે.' પ્રભાને વાંસે હાથ ફેરવતાં ગંગાબહેને કહ્યું. અને પૂછ્યું.

'ગીતા તો આજે રસોડામાં છે ને?'

'હાજી, બહેન!' પ્રભાએ જવાબ આપ્યો.

'એને બદલે તું કામ ઉપાડી લે ને તેને મારી પાસે મોકલ, બહેન!'

'જી, બહેન!' જિજ્ઞાસુ પ્રભા સુમનની ઊલટનો મેળ કાઢતી રસોડા તરફ ચાલી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૨ :

'હેં ગીતાબહેન! તમારા વરનું નામ શું?' રસોડામાં આવી, ગીતાની સોડમાં લપાવા જેમ ગોઠવાઈ પ્રભાએ ધીરેથી પૂછ્યું. ગીતા ઓસરી તરફ મોઢું રાખી પાટલા ઉપર પલાંઠી વાળીને ચોપડી વાંચતી બેઠી હતી. બીજી સહકાર્યકરો રસોઈના કામમાં ગૂંથાઈ હતી.

દરરોજ ચાર વિદ્યાર્થિનીઓથી રસોડાનું કામ લેવાતું. ફરજિયાત. રાંધણનું શિક્ષણ તથા રસોઇયણોના ખર્ચ-બચાવ જેવી આ વ્યવસ્થા સહુને ભાવતી હતી.

ગીતાને તો આ પ્રશ્ન નવો તથા અણધાર્યો થઈ પડ્યો. આજ દિવસ સુધી તેને કોઈએ આમ પૂછવા હિંમત ધરી ન હતી. એ ચમકી ઊઠી. વગર દુર્દિને વીજ પડે તેવા આ અચિંતા પ્રશ્ને અને પ્રશ્ન કરનારીની હસુંહસું થઈ રહેલી છતાં ભોળી લાગતી આંખે એને ચમકાવી મૂકી હતી. ચોપડી બંધ કરી બાજુમાં મૂકી ઊભાં થઈ જઈ પ્રભાને બેઉ ખભે હાથ મૂકી આંખનાં ત્રાટક કરી એ હસવું ખાળતી બોલીઃ

'હું તો હજી કુંવારી છું. વર હોય તો નામ હોય ને!'

'સારું. તમારી મરજી.' નરમ પડી જતાં પ્રભા બબડી.

'ના ના, પ્રથમ એ તો કહે કે તને આજે અને અત્યારે જ પૂછવાનું શું પ્રયોજન?'

'એ અમે ન કહેત એમ નહિ પણ તમે આવાં નીકળ્યાં તે જાણ્યાં.' ઓછું લગાડતી પ્રભા બોલી.

'જો બહેન! તું તો પાછી રિસાળ ભારે!' એને પટાવતી હોય તેમ ગીતા પ્રભાના ગાલ ઉપર ટાપલી મારી હડપચી ઊંચી કરી મીઠાશથી જોઈ રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ કહો તો ખરાં. એમાં પાપ નહિ લાગે. હવે તો બધાં વરનું નામ લે છે!' ઘેલી પ્રભા પોતાની શોધના આંકડા મેળવવા મથતી હતી.

જવાબ ગળી જઈ, ગંભીર બની જઈ ગીતા પાછી પાટલા પર બેસી ગઈ. પ્રભાની સામું જોયા સિવાય જ એણે ચોપડીમાં પરોવાઈ જવાનું કર્યું. નવાઈ પામતી પ્રભા બાલિશ મૂઢતામાં થોડી રસ–ભગ્નતામાં ગીતાને જોઈ રહી. આજે એને લાગ્યું કે ગીતાનું જીવન રહસ્યભર્યું છે. આજ દિવસ સુધી પોતે એનાથી કેવી અજાણ હતી. એની આંખ સામે અંતરમાં ઠસેલું ગીતાનું વ્યક્તિત્વ ખડું થયું; એમાં:

ગીતા આશ્રમની બધી અભ્યાસિનીઓમાં માનમૂર્તિ શી હતી. એના લાક્ષણિક વ્યક્તિત્વમાં લપેટાઈ, કુદરતી આકર્ષક નિર્મળ સૌન્દર્યમાં ખેંચાઈ બધી વિદ્યાર્થિનીઓ ગીતા પ્રત્યે ઢળતી. એનો સાથ પસંદ કરતી. નિકટ સહવાસ શોધતી. એમાં: ગીતા, વર્તમાન ગુજરાતની સ્ત્રી–મૂર્તિ શી હતી. સ્ત્રી–પ્રગતિ વિષે અદ્યતન માહિતગારી ગીતા પાસેથી મળે. સાચા સ્ત્રીત્વ માટે નીડરપણે સુધારાની હિમાયતમાં પોતીકો સૂર પૂરવામાં ગીતા પહેલ કરે. પોતાને ગમતું સાચું લાગતું કંઈપણ કરવામાં ગીતા પાછીપાની ન કરે. નિયમિત રેંટિયો કાંતી હાથવણાટની જાડી ખાદીનાં વસ્ત્રો ધારણ કર્યાનો મૂંગો આગ્રહ સેવી, વર્તમાન રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય–પ્રવૃત્તિમાં પોતાનો ફાળો હોવાનો સંતોષ ગીતા માણે.

ગાંધીજીની કારાવાસ તિથિએ ઉપવાસ ખેંચે તો ગીતા. કેદખાના માંહેની જવાહરની નાદુરસ્તી માટે બંદગી કરે તો ગીતા. વિઠ્ઠલભાઈના વિદેશ પ્રવચનો બધાંને હર્ષભેર વંચાવી નિરાંત વાળે તો ગીતા.

રાજકારણ, ધર્મ, સમાજ, અર્થ અને વિજ્ઞાનની વિચારણાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોળી, જીવનની બધી રસભાવનાઓને તે રસ્તે વાળી લઈ સાચું યુગજીવન જીવવાના કોડ ભરી નવગુજરાતણુ શી ગીતા આશ્રમની લાડીલી હતી.

એવી ગીતામાં આજે કંઈ ભેદીપણું ઉમેરવું કે નહિ તેનો વિચાર કરતી પ્રભા પળેક ગીતાને નીરખી રહી. તો ગીતા શાંતિથી વાંચતી હતી. કે એવો ડોળ કરતી હતી. એનાં એવાં વર્તનથી મૂંઝાઈ પ્રભાએ મોટાં બહેનની આજ્ઞા બજાવી લીધી.

'મોટાં બહેન તમને યાદ કરે છે!' ને રસોડામાં પ્રવેશી.

પ્રભાનો છેડો પકડી તેને રાંધણિયામાંથી બહાર ખેંચી લાચાર બની જતાં ગીતાએ પૂછ્યું.

'ભઈસાબ, કાંઈક તો કહે! શું છે?'

'મને ખબર પડતી હોય તો હું શું કામ પૂછું! કોઈ ભાઈ આવ્યા છે. અત્યારે અહીં જમવાના છે. મને તો તમારે બદલે રસોડું સંભાળવાનું છે!'

'જો, એમ રિસાઇએ નહિ ભાઈ! અણસમજુ અવસ્થામાં માબાપે મને પરણાવી મારી છે. દુનિયાદારીની લગીરે ગમ ન હતી ત્યારે ગળામાં વરનું હાંડલું વળગાડી મને 'વહુ'ની છાપ ચોડી હતી, સમજી! હવે જો તું એને મારો પતિ ગણે તો એનું નામ તો સુમન હતું. બોલ હવે કાંઈ બીજું પૂછવું છે?' મમતાળ પ્રભાને ઓછું આવ્યું જોઇ ગીતાએ ખુલાસો કર્યો. પછી વિશેષ જાણવાની લાલચે હસવાનું કરતાં થોડી સમજાવટ કરી:

'અને એ ભાઈ સાહેબનો આજે નવ વર્ષથી પત્તો નથી. મારા તેમ એના માબાપ અમારે પૂંછડે ગાંઠ વાળી કડકડિયામાં ગુજરી ગયાં ત્યારે મામા—એમને તો તું ઓળખે છે. તેમણે અમને બન્ને નબાપાંને આશરો દીધો. ત્યાં અમે સાથે જમતાં—રમતાં હરતાં—ફરતાં ઊછર્યાં. બોલાવ્યા સિવાય બોલે નહિ, હસે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બસ, એકલાં બેસીને હાથની રેખાઓ નીરખ્યા કરે, ભૂખ લાગી હોય તો ય માને નહિ તેવો સ્વભાવ અને મૂંગું છાનું રડે એવાં ભાઈનાં લક્ષણ હતાં. એમાં એક દિવસ એકાએક ક્યાંઈક ચાલી નીકળ્યા. નાસી ગયા, સમજી? તે આજની ઘડી ને કાલનો દિવસ. મામાએ ચાર–પાંચ વરસ સુધી રાહ જોઈ પણ એ મારા ખાવિંદનો પત્તો ન ખાતાં છેવટ મને અહીં ધકેલી કે રખે છોકરી નધણિયાતી થઈ પડે તો ખાય–પીએ શું? આ કંઈક શીખે ભણે તો માસ્તરાણી થઈ રોટલો તો પરબારો કાઢે!'

પ્રભા મૂંગી રહી અજબ થતી સાંભળતી હતી. બોલતી બંધ થયેલી ગીતા પાછું કંઈ બોલવા કરે ત્યાં એના મોઢા આડો હાથ મૂકી એણે એને આગળ બોલતી અટકાવી. સામેથી મોટાં બહેન આવતાં હતાં. તેઓ દૂર રહ્યાં બોલ્યાં:

'કેમ ગીતા! ચાલને બહેન!'

'આ આવી મોટાં બહેન!' કહેતી ગીતા ઝડપથી ઊઠતી ગઈ. એને પોતાની માતા સાથે બહારના છેડાના દાદર ચડતી જોઈ રહ્યાં પ્રભાથી એક નિઃશ્વાસ નખાઈ ગયો.

'લે! પ્રથમ આ બેઉ કાગળો વાંચતી થા ત્યાં હું આ આવી.' કહેતાં મોટાં બહેન ગીતાની ઓરડી છોડી નીચે ગયાં.

: ૩ :

માળ ઉપર હારબંધ ઓરડીઓ હતી. દરેક ઓરડીમાં એકેકને રહેવાની સગવડ કરેલી હતી. ઓરડીની વચલી બારીને અડતી પાથરી પડેલી પથારી, ખૂણા તરફનું ચોકડીની નાની દીવાલ પરનું પાણીનું માટલું તથા કળશો–પ્યાલો; બીજા ખૂણામાં કાંતણ-સાહિત્ય, પડખે ભીંતમાં જડેલો પુસ્તકો માટેનો કબાટ, પથારીની બાજુમાં પડેલી કપડાંની પેટી, એ ઓરડી માંહેનું રાચરચીલું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશદ્વારની પાછળ ખીંટીએ લટકતો નાનો કાચ તથા દાંતિયો અને તેલની શીશી મુલાકાત લેનારની આંખ બહાર રહી જાય તેમ હતાં.

ઓરડીમાં પ્રવેશતાં બરાબર સામે ગાંધીજીની એક નાની શી છબી સૂતરનો હાર પહેરાવેલી એ આખી ઓરડીની ચિત્ર–શોભા હતી.

અર્ધ પથારી દબાવી ઓશીકું કોણી તળે ગોઠવી ગીતાએ અધીરાઈથી કાગળ વાંચવા માંડ્યો.

અમદાવાદ

પુજય બહેન, સોમવાર

વિશ્રામનાં એક અભ્યાસિની મારાં પત્ની શ્રી. ગીતાને, બેએક દિવસમાં હું એ તરફ આવી રહ્યો છું ત્યારે મળવા દેવાનો યોગ્ય જણાય તો અનુકૂળતા કરી આપવા આથી આપને આગવું વિનવવા રજા લઉ છું.

અલબત્ત અમારું લગ્ન બાળલગ્ન જ હતું. અને ઉપરાંત કશી ખબર–અંતર વગરનાં ઘણાં વર્ષોને ગાળે મને આમ જીવતો ફૂટી નીકળતો ને પેલો જરી પુરાણો પતિનો હક–દાવો આગળ કરતો શ્રી. ગીતા પસંદ ન પણ કરે છતાં એટલું નક્કી કરવા વગર એવું માની બેસવાનું મારી પાસે હજુ સુધી તો કારણ નથી.

લિ. સેવક સુમનના
વંદેમાતરમ્

બીજી પત્રિકા તો ચોકીદાર મારફત મોકલાવેલી હતી. તેમાં કાગળના એક ભાગે લખ્યું હતું કેઃ

પૂજ્ય બ્હેન,

આપને અમદાવાદથી એક પત્ર લખેલો. તે મળ્યો હશે એમાં આપને વીનવ્યા મુજબ આપને ત્યાંના અનુકૂળ સમયથી વાકેફ કરવા તસ્દી લેશો. સે. સુમન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્રિકા પૂરી વંચાઈ રહી. પણ આંખો તો રૂપાળા અક્ષરો ઉપર આંટા લેતી રહી. અંતરચક્ષુઓએ ભૂતકાળનાં કોતરોમાં ભટકવા માંડ્યું. સ્મૃતિપટમાં છપાઈ રહેલું અખંડ જળવાયેલું એક ચિત્ર ખડું થયું. સામે આવ્યું. ઝાંખી પણ સ્પષ્ટ રેખાઓમાંના ભૂંસાતા રંગના લપેડાઓ હજુ ચોંટ્યા હતા. અને એ કઢંગા ચિત્રને બહુ ચીવટથી ખંતપૂર્વક જાળવી રાખતા હતા. જીવનનો એક વખતનો એ બહુમાનપ્રસંગ હતો. હતું તે વખતે તો એ સ્મૃતિનું અમૂલું રત્ન હતું. હૃદયના ઓરડામાં ટિંગાતી એ કૃતિમાં એણે પોતાનું ય સ્થાન જોયું.

પોતે બાજોઠ ઉપર બેઠી છે. ઘૂંઘટમાંથી આંખોનાં તેજ લંબાવી કોઈને નીરખી રહી છે. કૌમાર્યની મૃદુતા નીતરતો એ રૂપાળો નમણો કિશોર પોતાનો હાથ સાહી નીચા મુખે વેદમંત્રોના રહસ્ય ઉકેલતા ભાવે ધુમાડાથી ઊભરાતી વેદિ તરફ ટીકી રહ્યો છે. પોતાનો હાથ પોચો પોચો ગ્રહી રાખી ક્યારેક ઘૂંઘટમાં છુપાયેલી પોતાની મુખ-છબી નક્કી કરી રહ્યો છે. અને ન સમાય તેવા હૈયા-છલકતા અનિર્વચનીય આનંદના ઊભરાને ઝીલતી પોતે બાળમગ્ન સ્નેહતંદ્રા અનુભવી રહી છે.

હવે પોતાને વરવહુની રમત રમવી નહિ પડે. અને ખરો વર મળ્યો એટલે એનાથી સાચી લાજ કાઢી શકાશે અને આખી જિંદગી એ સુંદર હૃદયંગમ રમત લંબાશે. એની સાથે હરાશેફરાશે. વાતોચીતો થશે. બધી મનગમતી ચીજ-વસ્તુઓ એ લાવશે, મેળવી આપશે. અને પોતે સુખ પામશે. મોટાંઓની પેઠે એ એક જુદા ઘરમાં રહેશે, પોતે ઘર વાળીચોળી સુઘડ અને સુંદર રાખશે, એને રાંધીને જમાડશે-જુઠાડશે, એને ગમતી સેવા કરી એને ખુશી રાખશે. એનાં કપડાં ધોશે. એનાં થાકેલાં શરીરને દાબશે, તેલ ચોળશે, નવરાવશે. એમને સાચાં છોકરાં થશે. પારણામાં એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝુલાવશે, હાલરડાં ગાશે. અને એવા એવા તરંગોમાં એ સાતમે આસમાને ચડી ગઈ છે.

દશ્યના હૂબહૂ રંગો ઉપર કાળ–ચાલનની પીંછી કાંઈ મિશ્રણ કર્યે જાય છે. પોતાની પાલક મામીની કઠોર મુખમુદ્રા ખડી થાય છે. એક પ્રસંગ એને હૈયે તરવરી રહે છે.

આઠ–નવ વર્ષ પહેલાંનો એટલે કે પોતાની અગિયાર વરસની વય વખતનો. પાંચ વરસથી પોતે આશ્રમમાં ભણે છે. ચાર વર્ષ મામાને ત્યાં ગાળ્યાં એ પહેલાનો. તે વખતે સુમન મામાને ત્યાં પોતા જેમ ખાતો–પીતો હતો. પોતા જેમ શાળામાં ભણતો હતો. એક વખત મામીના હાથનો માર ખાઈ એ ફળિયામાં ખાટલે બેઠો ચોપડી વાંચતો જંપી ગયો હતો. પોતાને માર પડશે એ બીકે પોતે નાસી ગયેલી તે પાછી બધું શાંત થયે ચોરપગલે બીતી બીતી ઘરનું બારણું ઉઘાડે છે. સુમનની રડી–રડીને સૂઝી ગયેલી આંખો પાછી ચમકી ઊઠે છે. બીકાળી નજરે એ બારણામાં તાકે છે. પોતે નજીક જઈ તેનો હાથ પકડી બહાર ખેંચી જઈ એને આશ્વાસન આપે છે. એ સાંત્વનથી સુમન ઊલટું પાછો ગળગળો બની ધૂંધવાય છે રુદનને રોકતો એ કિશોર કંઈ શ્લોક જેવું બબડે છે. અને સ્વસ્થ થાય છે. તેના સુંવાળા હાથનો સ્પર્શ પોતાને અત્યારે ય યાદ આવ્યો. કુમળા ગાલનો મૂછ વગરનો એ કિશોર સુમન કહે છે:

'મામી મારે ને મામા એમને કાંઈ કહે નહિ, ગીતા ! વગર વાંકે આમ મારે એ મારા બા–બાપુ નથી એટલે ને ! ઘરનું જે તે કામ કરાવે પછી ક્યાંથી ભણાય !' અને સહાનુભૂતપણે સાંભળી રહી પોતે સમસમી રહેલી.

'હું બીજે ક્યાંક–બહારગામ જાઉં ગીતા ?' સુમને લાંબા વખતથી ઘોળાતો પોતાનો ઈરાદો કહી દીધો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા, જાવ ને! ભણી–ગણી પૈસા કમાઈ લાવો તો પછી આપણે જુદાં રહીએ. મામી તમને મારે એ મારાથી યે જોઈ શકાતું નથી. જાણે ધરમાદાનું ખવરાવતાં હોય નહિ! મોઈ હું! હું તો છોકરી છું તે ઘરકામમાં કંઈ શરમ નહિ. ઘેર ગયું ભણવું. પણ તમને... તમે વહેલા વહેલા ભણી–ગણીને કમાવા લાગો તો હુંય આ પાપમાંથી છૂટું!' એવા ભાવાર્થનું પોતે કંઈ સુમનને સમજાવેલું.

આથી તેના દુઃખમાં સહભાગીદાર થતી પોતાની મમતા ઝીલતો પાછો વિચારમાં ગૂંથાઈ ગયેલો. પોતાને ઘરકામમાં જોઈ રહેતો અને ચાર આંખો મળવાની થાય ત્યારે નીચું ઘાલી શરમ છુપાવી દેતો.

અને બસ, બાર વરસની નાની વયે સુમને એક રાતે પોતે સૂતી હતી ત્યારે ઘર ત્યાગ્યું. તે આજ સુધી અલોપ રહીને.

આજે એક વખતનાં અપ્રતિમ માનેલાં ચિત્રની સ્મૃતિ જાણે તાજી થઈ ગઈ.

'કેમ બહેન! કાગળો વાચી કાઢ્યા ને?' પૂછતાં મોટાં બહેન પાછાં અંદર આવ્યાં.

'હાજી.' ચટાઈ ઉપરથી ખસીને બેસવાનો માર્ગ કરતી ગીતા બોલી.

'બોલ, તારો શું વિચાર છે? દાબ્યા–દૂબ્યા વિના અંતરમાં જે હોય તે કહેજે!'

'બીજો શો વિચાર હોય! એ લગ્નને તો હું લગ્ન માનતી જ નથી!'

જે સંસ્થામાં રહી પોતે સ્વતંત્ર વિચારસરણી મેળવી છે, તે સંસ્થાની સંસ્કારદાતા સંચાલિકાને એણે એવું જણાવી દીધું કે જૂની લગ્નપ્રથાનો તમારી વિદ્યાર્થિની પડકાર કરી શકે છે. ડોસીએ આવી જ કંઈ આશા રાખેલી એટલે પોતે તૈયાર થઈ આવ્યાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એમ આકળી થા મા બાપુ! જો જાણે લગ્ન ભલે માવિત્રોએ બાલ્યાવસ્થામાં કરી નાખ્યાં હોય પણ એથી બાળલગ્નથી થતી ખરાબીના ઝપાટામાં આવી જવાયું નથી તેમ ધણી કાણો–કૂબડો કે નાલાયક નથી. સ્વાશ્રયી ને સ્નેહી લાગે છે. થઈશ તો સુખી. બીજું ઠેકાણું પાર પડે ન પડે, નવું દીસે, એના કરતાં આ ખોટું નથી. પછી તારી ઇચ્છા બહેન. જે રખાવટની ધારણા બાળપણના હાથ ગ્રહનાર પાસેથી રખાય તે આજના પસંદ કરેલામાં ન યે હોય કદાચ. મારું કહ્યું તો તું સમજે છે ને! તારા ભૂંડામાં તો હું રાજી ન હોઉં ને! બહુ વિચારપૂર્વક જવાબ દેજે, હું તો એને ઉપર જ મોકલું છું. મોકળે મને ટૂંકમાં ખુલાસો કરજે!' કહેતાં લગ્નસંસ્થાના અનેક રંગોના જાણકાર વૃદ્ધ અને રીઢાં સંચાલિકા નીચે ઊતર્યાં તો ત્યાં ગીતાના મામાને વાતો કરતા ભાળ્યા.

'ઓહો રસિકલાલ! તમે ક્યાંથી, કેમ છો?'

'આ સુમનલાલના આવ્યાના સમાચારે થોડું ઘેર બેસી રહી શકાય? આજ તો હળવો ફૂલ થઈ ને આવ્યો છું. ઘણા દિવસ સાપનો ભારો વેંઢાર્યા કર્યો છે, પછી તો મારો વાલોજી સામું જુવે ને? મારી તો જાણે પનોતી ઊતરી. હતી ય સાડસતી!'

'ખુશી થવા જેવું ભલા!' ગંગાબહેન સંમત થયાં.

'ગીતાને વળાવી રાજી થવાનું ટાણું આવે અને ખુશ ન થાઉં તો ભોગ મારા!'

ગીતાના મામાનું આડસર કવખતનું થઈ પડ્યું. પણ ચતુર ગંગાબહેન એ કળાત્રા દે તેવાં ભોટ ન હતાં. એમાંથી છૂટવા ભારે મોઢું રાખી કંઈ તરકીબ શોધતાં મોટાં બહેન મામાની વાત સાંભળતાં હોય તેમ મોઢું હલાવ્યે જતાં હતાં.

'હાસ્તો. વળી સુમનભાઈએ ય તરવાર મારી છે. આપકમેં અચ્છી જમાવટ કરી છે.માવિત્રની પુન્યાઈ ફળી ખરી!' ગંગા બહેને પ્રશંસા કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઘેરથી તમારી ભાભી તો ગાંડી-ઘેલી થઈ ગઈ છે. કહે 'જમવાનો વખત થયો તો ઝટ તેડતા આવો' ત્યાં અહીં તો તમે અત્યારનું નોતરું દઈ દીધેલ છે. ઠીક ભલા! એક ટંક તમારે ત્યાં જમી ખાય.' સામાનું ગ્રહણ લંબાયું.

'અહીં યે તમારું સૌનું જ છે ને. અરે સુમનભાઈ! તમારું નાહવાનું ઉપર ગોઠવ્યું છે. ધોતિયું-ટુવાલ ઉપર જ છે ચાલો બતાવું!' ગંગાબહેને તોડ કાઢ્યો. ઊભાં થતાં સુમન સાથે દાદર તરફ ચાલ્યાં, કહેતાં ગયાં:

'બેસજો રસિકભાઈ! આ આવી!'

'બેઠો છું ને મઝેથી!'

ગંગાબહેન ગીતાની ઓરડીને બારણેથી પાછા ફર્યાં. સુમન ગીતાના અંતરમાં ડોકિયું કરતો ઊભો. ગીતાએ કોઈનો ઓળો ઊભો હોય તેમ જણાતાં ઊંચે જોયું અને બન્નેની આંખ મળી. ભૂતકાલીન સ્મરણ-ચિત્રમાંનો કિશોર-શરીરી, બાળક શી માર્દવતા-ભર્યો કુમાર સુમન આજે યૌવનની ધીર-ગંભીરતા ધારી રહ્યો હતો. કદાવર પુષ્ટ દેહ અને અંતરની સભ્ય સંસ્કારિતામાંની શાંત બુદ્ધિ પ્રભા-ભર્યો ઊભો હતો. ગીતાથી સહસા બોલી જવાયું:

'આવો.' અને બીજી જ પળે વર્ષો સુધી ભાવ ન પૂછનાર અને છેવટે પોતાનાં સંમતિ કે વિરોધ જાણવાની દરકાર વગર પતિ દાવો આગળ ધરવાના ગુનેગારને નમતું અપાઈ ગયાનો ખ્યાલ આવતાં મોઢું ફેરવી જઈ ચૂપ બની નીચું જોઈ રહી.

'બેસું ને?' એનાં વલણનો મર્મ પારખી ગયા લાગતા અને ગુનેગારીનાં સ્મિતભર્યા સુમને પૂછ્યું.

'બેસો.' સામું જોયા વગર જ સંમત થતાં ગીતા બોલી. બેસતાં એ બોલ્યો:

'ઘણા લાંબા ગાળા પછીની મારી હયાતી તમે કદાચ એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે પસંદ નહિ કરો તેમ છેલ્લે છેલ્લે હમણાં મને થયા કરતું હતું. લગભગ ભુલાઈ જવા આવ્યા પછી આમ ફૂટી નીકળવું મનેય પસંદ નહોતું આવતું! પણ આપણો સંબંધ મને અહીં ખેંચી લાવ્યો છે!'

ગીતાએ એકાએક કંઈ કહેવા મોઢું ઊંચું કરી સુમનની સામે તો જોયું. પણ એ બોલી ન શકી. સુમને ઉમેર્યું:

'મારી હયાતી તમને વિધવાનું સ્વાતંત્ર્ય પણ નથી આપતી. નથી કુમારિકાની પંક્તિમાં મૂકતી. આપણે એ લગનના સાક્ષી જેવા સમાજ વચ્ચે છીએ ત્યાં સુધી તેની રિવાજખોરીને ખોરાક થઈ પડવાનાં. મારે તો દૂર પડ્યાં હવે એ નજીવું છે. તમે શું સાંખો છો એ જાણવાની લાલચ ખરી!' ગીતા પરની પોતાના બોલ્યાંની અસર ઉકેલતાં જતાં સુમન બોલતો ગયો.

'એવી બીક કાંઈ પ્રગતિના પ્રવાહને થોડી રોકી રાખશે!' ગીતા બોલી.

'હં. એવા થોડા હિત-શત્રુઓનો વિક્ષેપ છેવટ તો નકામો નીવડે છે છતાં પ્રભુ તમને સહનશીલ બનાવો!' પોતાની આશા સમેટી લેતાં સુમને કહ્યું.

'હું એવાં અલકમલકીઆંઓથી નથી બીતી!' રોષભરી ગીતા દૂકી.

'એટલી હિંમત માટે તમને ધન્યવાદ!' કહેતાં સુમને ઊઠવાનું કર્યું.

'સારું. પણ હું હવે તમારી થઈ શકતી નથી. બસ! હવે તમારે જે કંઈ કહેવું હોય તે કહો! મને તમારા તરફ અનુરાગ ઊપજે તેવું દિલ મેં ખોયું છે. અત્યારે હું હવે એ ઢીંગલી રહી નથી કે જેની સંગાથે તમારો હસ્તમેળાપ કરાવી મને પત્નીની છાપ મારવામાં આવી હતી. સત્ય પ્રકાશ પેખ્યા પછી હું હાથે કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ અંધાર-કૂવામાં હડસેલાવા તૈયાર નથી. જ્યાં જે બઝારમાં નારીજાતિનાં પૈસા કે પ્રતિષ્ઠાના બદલામાં વટ કે હુકમને હિસાબે લિલામ થતાં હોય, અર્ધાંગનાનાં ઓઠાં હેઠળ ચાકરડીઓ કરતાં ય બદતર વેઠ કરાવવામાં આવતી હોય એ ઘરનાં ગુલામી જેવા ગૃહિણી-પદ મને અમાન્ય છે. વિલાસની પૂતળી કે વૈભવસમૃદ્ધિની નિર્જીવ શોભા બનવા જેવું કાળજું હું ક્યાંથી કાઢું!' ગીતા ભાષણની છટાથી પ્રચ્છન્નપણે બોલી.

પોતે બોલી એ માંહેનું એક પણ અનિષ્ટ સુમનના સહચારમાં સંભવવાની એની પાસે ખાતરી ન હતી. છતાં તે બધાં દૂષણોનું આરોપણ કરનારી ગીતા જે આદર્શની ધૂનના માદક આવિર્ભાવમાં તણાતી હતી એવાં બધાં અનિષ્ટોથી ભરેલા સમાજ વતી પોતે સાંભળે છે એમ ધારતો સુમન એને સાંભળી રહ્યો.

અનિમિષ, સ્થિર નયને સાંભળતાં ટીકી રહેલો સુમન, ગીતા-ના સૌન્દર્યમાં એક વિશિષ્ટ તરવરાટ જેવું લાલિત્ય નિહાળી રહ્યો.

'આટઆટલું પછી યે હું તમને જે કહેવાનો છું તે માટે મને જરીકે સંકોચ થતો નથી. તમારી ખુલ્લી 'ના' સાંભળ્યા પછી યે કોણ જાણે કેમ હું તમારામાં મારા પ્રત્યેની સદ્‌ભાવના ઢંકાઈ પડી જોઉં છું. કારણકે મામીના માર ખાધા કરતાં મામાના આશરામાં ઘરની વેઠ કરતાં જે ખાવાપીવા કે ભણવાનું સાંપડત તેથી ચલાવી લેત. કેમકે હું તમને તો ગમતો હતો. પણ હું પૈસા કમાઉં તો સહુને ગમું એવું હું અહીંથી નાસી ગયો તેને આગલે દહાડે તમે કહેલું. ગમે તેમ પણ તમારી...અરે સ્ત્રીઓની પ્રેરણા-થી જ્યાં મહાભારત ને રામ-રાવણ યુદ્ધોનાં બળ ઊપજ્યાં છે ત્યાં મારા પૂરતું તમારું પ્રોત્સાહન મને સારી સ્થિતિમાં આણે એ કોઈ નવાઈ નથી.'

'ક્લીનરમાંથી મોટર ડ્રાઈવર બન્યો. શેઠની કૃપાથી તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂડી રોકી આજનો 'સ્ટોર' ખોલાવી આપતાં શેઠ બન્યો. પણ તેવા એવા બનવાની પ્રેરણા આપનાર તમને ભૂલી શકચો નથી. અને કેમ કરીને ભૂલું? જ્યારથી જીવનની જવાબદારી જેવું સમજતો થયો છું, માનવતાના સાચા રંગે રંગાવાની ખેવના કરી રહ્યો છું ત્યારથી તો તમારામાં વધુ ને વધુ જડાતો ગયો છું.

'પૈસા મળ્યા પણ એની છાયા જેવા છંદોથી છેટો રહી શક્યો કેવળ પેલી પવિત્ર સ્મૃતિથી, કે આવડા વિશાળ જગતમાં પોતાનાં મન, વચન અને કાયા મારામાં જોડી બેઠેલો એક જીવ મને 'પોતાનો' ગણી મારી નિષ્ઠાના વિશ્વાસે દોહ્યલા દહાડા વિતાવી રહ્યો હશે.

'પણ ખેર! એ બધી યે તમારી ઉપજાવેલી રચના હતી. તેની ભાંગફોડ તમે કરી શકો છો!' આંખમાં ઊભરાતાં આંસુને રોકી સુમને ગીતા સામું જોયા વગર બહાર નીકળવા કર્યું.

બારણામાં રસીકલાલ ઊભા હતા. કોપેલા, કથળેલા, બદલેલા, વિફરેલી આંખે ભાળતા. આ બધું ક્યાં સુધી ચાલે છે તેની ઉત્કંઠામાં પરાણે જડાઈ–ડલાઈ ગયેલા. એમણે સુમનની આંખે આવતાં અંધારાં ભાળી એને રસ્તો દીધો. તેમની પાછળ ગંગાબહેનનો પાલવ હવામાં ઊડતો હતો.

'કેમ સુમનલાલ! એને નાતરે જવાની રજાચિઠ્ઠી આપી દીધી?' રસિકલાલે હવે સભ્યતાને રજા દીધી અને ગીતા તરફ ફરી એઓ તાડુક્યા.

'ચાલો દૂર થાવ!' ખીજમાં ને ખીજમાં બાંય ચડાવી આગળ થયા.

'હં...હં મામા! આ શું છોકરમત માંડી છે વળી?' સુમન બોલી ઊઠ્યો.

'ઈ છોકરમત ન કહેવાય. છોકરમત તો ઈ નકટીની. લે! રાંડને ધણી ગમતો નથી મોટી સુધારાવાળાની જણી થઈ ગઈ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે! ફાટીને ધૂંવાડાઈ ગઈ એમ? કુલટાને સ્નેહલગ્નના ચાળા ચાવવા છે!' સુમને મામાને થોભ્યા હતા આથી કે ગમે તેમ પણ મામા ત્રાડતા–ગર્જતા ચાલ્યા:

'અવળચંડીને આવો સુલક્ષણો સ્ત્રી–પૂજક ભાયડો ગમતો નથી ને વ્યભિચારના અખાડા જામવા દીએ તેવો બાયલો માંડવો છે! હું જોઉં તો ખરો, સ્ત્રી–હત્યાથી ભલે મને કોઢ નીકળે બાકી ઈ જો જીવતી રહે તો મારો બાપ બ્રાહ્મણ નહિ!!' ચોટલી છોડ્યા વગર મામાએ ચાણાક્ય–પ્રતિજ્ઞા ઉદ્‌ઘોષી લીધી.

'હશે રસિકલાલ! જવા દો, હજી એ બાળક ગણાય એને અક્કલ...' ગંગાબ્હેન આગળ બોલી શકે તેમ ન હતું.

'એને તો ઠીક પણ આ સુમનલાલને કેદી તાણુ પડી તે ફારગતી દેવા હાલી નીકળ્યાં છે? ઈ તો ઘોકે નાર પાંસરી, બચ-કારા કર્યે પાર આવતા હશે!'

રસિકલાલે એમનાં અખંડ સૌભાગ્યવતી માટે કોઈ દિવસ એ શસ્ત્રનો ઉપયોગ કર્યાનો દાખલો ન હતો. ઊલટું એમણે તેમની અર્ધાંગનાના ચરણ પંકજની રજનો કદીક પોતાની આંખ કે પાઘડી પવિત્ર કરવામાં ઉપયોગ કર્યાનાં ગીતા–સુમન સાક્ષી હતાં. છતાં અત્યારે તો તેમણે સ્ત્રી-સન્માનનાં પુરાણ–શસ્ત્રની આરાધના કરી લીધી.

મામાથી બીતી–ધ્રૂજતી ગીતા તેમને પકડી ઊભેલા સુમનની સહાનુભૂતિ અનુભવતી હતી. એમાં ઉમેરો કરતો સુમન બોલ્યો:

'મામા! મારે સારું ઘર સાચવી રહે તેવી પ્રસન્ન ને સહ-ધર્માનુચારિણી જોઈએ છે, છૂપી દુશ્મન કે વેઠિયણ નહિ! બળ-જબરીથી કે કાયદાને ઓથે લાચાર થઈ પુરાઈ રહેલી બેદિલ ગુલામડી નહિ! મારે બાળકોને સાચી મા થઈ પડનારી જનેતાની જરૂર છે. મારે મારો કે બીજાનો ભવ બાળવો નથી. તમે એમને મારે માટે કાંઈ કહેશો નહિ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જોયું એ તો હવે! એવીયું તો અંધારી ખોલીમાં પડી સડે અને ઉપર લાવીએ બીજી. એવી સાવળિંગાઉંને મચક આપી સંસાર વંઠાડી મૂકવો નથી. એની મા ને દાદીયું ને જીવ ન હતા એમ નહિ, હા! આ વનિતા-વિશ્રામ તો ત્રણ દીથી થયું તે પહેલાં દુનિયા ઉજડ ન હતી. લ્યો! ત્રણ વેંતની કહે છે: 'હું નથી ચાહી શકતી.' કૂતરીને બોલતાં ય શરમ આવે છે, હત્ત તારીની!'

'સાચી વાતમાં શરમ શેની! હું મારા હિતને સમજી શકું તેટલી ઉમર-લાયક છું.' ગીતામાં હવે જાણે જીવ-સંચાર થયો હોય તેમ એ બોલી.

મામાએ ભાણેજ પાસેથી આવા જવાબની આશા કદી ન રાખી હોય. એમને મન કલિયુગ બહુ વહેલો, વનિતા-વિશ્રામને રસ્તે થઈને આવી ગયો લાગ્યો. ફાટી આંખે ભાવિનાં અજવાળાં ભાળતા હોય તેમ તેઓ ગીતા સામું જોઈ રહ્યા. સારીયે આલમને બાળીને ભસ્મ કરતી શ્રાપવાણી ઉચ્ચારતી તેમની પુણ્ય પ્રકોપિની જીભ કોઈ મંત્ર ભણતી હોય તેમ ટૂંકાઈ જતી ચાલી.

'મોટાં બહેન! તમારી હાજરીમાં વિશ્રામની અભ્યાસિનીને આમ કોઈ અણછાજતાં વેણ કાઢી જાય એમાં એમની ને આશ્રમની શોભા નથી! આપે આમને શું કામ અંદર દાખલ થવા દીધા?'

ગંગાબહેનની ભલમનસાઈનો સહુ કોઈ લાભ લેતું લાગ્યું. મામા આ બધું આલમની કોઈ અજાયબી ભાળતા હોય તેમ જોતા-સાંભળતા હતા. સુમન પણ આવા ભવાડા માટે તૈયાર ન હતો. ગીતાને આશ્વાસતો એ બોલ્યો:

'તમારે ગભરાવાનું કોઈ કારણ નથી. તમારી ઇચ્છા આડે કોઈ આવવાનું નથી. તમારાં ભવિષ્યનાં સુખ-સગવડ માટે તમે સ્વાધીન છો, છતાં હુંય કાળજી રાખીશ!'

'એને તમે ઉત્તેજન આપો મા, સુમનલાલ!' મામાથી આ સહન થતું ન હોય તેમ પીડાભર્યા તેઓ બોલી ઊઠ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઉત્તેજન નથી. ઉપાય જ બતાવું છું. હું તમને પણ એમની આડે ન આવવા સૂચવું છું.' સુમને મામાની અજાયબીમાં ઉમેરો કરતાં એમને બારણા તરફ દોરતાં ઉમેર્યું: 'ચાલો બધાં. મૂકો આ માથાઝીંક!'

ગંગાબ્હેન સમો ભણતાં ભળ્યાં: 'હા...હા. અત્યારે ઠાલો તંત મૂકી દો રસિકભાઈ! થઈ રહેશે જે નિર્માણ હશે તે.'

'નિર્માણ હશે પથરા! નિર્માણ શું વળી? ચોટલો પકડી આગળ કરું તેટલી તેવડ છે પણ આ સુમનલાલ...' રસિકલાલે વલોપાત કર્યો.

'ઓહોહો, મામા! તમે તો નિર્માણનેય પડકારતા થઈ ગયા છો ને શું?' હસતો હસતો સુમન નીચે ઊતરી ગયો.

: ૪ :

સંધ્યા વસ્ત્રો ધારતી હતી. એના અભિસારની નાની આવૃત્તિ જેવી પ્રભા સંસ્થાના નાના ચોગાનમાંના બટુકડા બાગમાં ફરતી હતી. પોતાને નીરખતાં આજે એને એ નિર્જન સ્થાન માંહે પણ શરમ–ઔત્સુક્ય, રસ–અકળામણ અને લજ્જાભાવ ઊપજતાં હતાં.

નાની પુષ્પલતાથી ઢંકાયેલી એક કુંજમાં આડે પડખે થયેલા સુમનની હાજરીને કારણે એને એવું એવું થતું હતું. પણ 'છાશ લેવા જવું ને દોણી સંતાડવાનું' પડતું મૂકી એ નજીક આવી.

આંખો મીંચી કંઈ ચિંતવી રહેલો સુમન જાગ્યો. ઊભો થયો. એવા માનથી અણટેવાયેલી પ્રભા પાછી શરમમાં ઘેરાઈ પડી.

'કેમ કોઈ બોલાવે છે?' નમ્રતાથી પૂછી સુમને વાતાવરણ ક્ષુબ્ધ થતું અટકાવ્યું.

'નહિ.' પ્રભા બબડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુમન મૂંગો રહ્યો. એ ઊભો જ હતો. ઊભા થવાના વિવેકીને હવે બેસવા કહેવાનો વિનય કરવાનો રહેતો હતો. પ્રભાને એ દેખાયું:

'તમે તમારે બેસો ને! હું તો અમસ્તી...' આગળ બોલતાં પહેલાં 'અમસ્તી'ના અર્થનો ખ્યાલ કરતી પ્રભા અટકી. એને લાગ્યું કે પોતે હમણાં જૂઠું બોલી નાખત.

'હા.' કહેતો સુમન બેઠો. પ્રભા પણ બેસવાનો આગ્રહ રાખતી હતી. સુમને એ વિવેક કરવા જેટલો હિન્દુ-સમાજ પ્રગતિમાન માન્યો ન હતો.

'કાંઈ કહેવું હોય તો અચકાવાનું કોઈ કારણ નથી!' સુમને અકળાઈ ફરી પૂછ્યું.

મૂંગી ઊભેલી પ્રભા શરમની રેખાઓમાં વધુ સુંદર લાગતી હતી પણ એનું સૌન્દર્ય ટીકવા કે એના અંતરને ઉકેલવા જેટલો સુમન જાગ્રત કે મહાત્મા ન હતો. મનોમન સાક્ષી ન્યાય થોડો સહવાસ માગી લે છે. એકમેકના સ્વભાવ-પ્રકૃતિના પરિચય વગર સામાના અંતરની વાત જાણવા જેવી કોઈ બીજી સાધના જેવું હોય તો સુમન તેથી અજાણ હતો.

આ મૂક સમારંભ ક્યાં સુધી લંબાત તે તો કોણ જાણે પણ સુભાગ્યે દૂરથી પોતાના નામની બૂમે પ્રભા હોશિયાર બની સાદ કરનાર અને પોતા વચ્ચેનું અંતર માપતી બોલી:

'તમે આજે જ જવાને બદલે થોડું રોકાઈ શકો તો...'

'એવું કોઈ ખાસ કારણ મને તો નથી લાગતું. રોકાયે શું લાભ, ઊલટું ગીતા નારાજ થશે!'

'કોણ જાણે કેમ પણ ગીતાબહેન એ છુપાવે છે અને ખરી હકીકત તમને કહી શકતાં નથી. તમારા મિત્રે મેળવેલા પેલા ફોટાઓ આપી મોટાં બહેને મને તેમની પાસે મોકલી હતી. એ ફોટા તથા તમે આપેલો ચેક જ્યારે મેં તેમની પાસે મૂક્યાં અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે સાંજે જ ચાલી જનાર છો એમ કહ્યું એ સાંભળી પોતે રડવા માંડેલાં. હું તેમને ત્યાં રડતાં મૂકી સીધી તમને શોધતી અહીં આવી. એટલે તમે થોડું રોકાવ તો સારું છતાં તમે જાવ એ પહેલાં મારે...'

બીજી બૂમ નજીકમાં પડી. પ્રભા ચપળતાથી તે તરફ ગઈ. સુમન ગીતાના હિત તથા સુખ માટે ચિંતા કરતી પ્રભામાં પોતા તરફનું નજીકના સગાના સ્નેહ જેવું જોઈ અજબ થતો રહ્યો.

સામેથી કોઇ છોકરો આવતો હતો.

'કેમ?' તે કંઈ બોલે એ પહેલાં સુમને પૂછ્યું.

'ગીતાબહેનને આ ચિઠ્ઠી આપવી છે તે આવ્યો છું!'

'લાવ હું મોકલાવી દઈશ!'

ખીસામાંથી ચિઠ્ઠી કાઢી તે આપીને છોકરે આસપાસમાં જોતાં જતાં ચાલવા માંડ્યું.

હાથ માંહેની ચિઠ્ઠીને નીરખતો સુમન ગીતાની ખાનગી પત્રિકા પોતાથી વંચાય કે ન વંચાય તે અધિકાર તપાસતો હતો. ટેવાયેલા હાથે મનની અસ્થિરતાનો લાભ લઈ કાગળને ઘડી-મુક્ત કરી રાખ્યો હતો. અને આંખે પોતીકું કામ સમાલી લીધું હતું.

'બહેન ગીતા

તમારા પતિ આવ્યા છે તેમ તમારા મામા તેમની સાથે તમને વળાવવા માગે છે તથા મોટાં બહેન એમાં સહાનુભૂત છે એટલે આપણે નાસી છૂટવાનું મને જ લખવામાં તમે શું ટેવો છો તે હું સમજી શકતો નથી.

તમે બેજીવ છો જાણી સંતાપ થાય છે એ કુકર્મમાં મને સંડોવવાનું કરો છો તે જાણ્યા પછી પણ તમને જવાબ આપવાની માનહાનિ વહોરી રહું છું.

આશ્રમમાં સંગીત શીખવવા આવવાની ભૂલ કરતો તમે મને વેળાસર અટકાવ્યો છે તે માટે આભાર માનું બીજું શું. વધુ તો શું લખું.

શુ. કાંતિ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ર પૂરો કરી સુમને એના વાહકની શોધમાં નજર લંબાવી તો એ બીતો બીતો ગુલાબનું ખીસું ભરી રહ્યો હતો. એને પાછો બોલાવી સુમને પત્ર સોંપી કહ્યું:

'ઉપર જઈને તું જ જરા આપી આવ ને! મારું નક્કી નહિ હું તો મોડો યે ઊઠું!'

હાથ માંહેનાં ગુલાબની પાંદડીઓ ખરી ન પડે તેવી સાવચેતીપૂર્વક ખીસામાં પધરાવતો એ ફૂલચોર ગયો.

: ૫ :

'કેમ, સુમનરાય, મોળા પડી ગયા છો? એમાં નિરાશ બની જવા જેવું શું છે તે આમ મૂંઝાઈ જાવ છો?' સુમનના ઊતરી ગયેલા મુખની ઝાંખપને ધ્યાનમાં લેતાં ગંગાબહેન બોલ્યાં.

બેઠકના ઓરડામાં વર્તમાનપત્ર વાંચતાં વાંચતાં વચ્ચે તંદ્રામાં પડી ગયેલા સુમને ગંગાબહેનના આશ્વાસનમાં વિવેક ઉપરાંત બીજું કંઈ તત્ત્વ ભાયું અનુભવ્યું. એમની સામે જિજ્ઞાસુ બની એ જોઈ રહ્યો.

સૂંઘણીની ચપટી નાકમાં ગોઠવતાં ગંગાબહેન પણ કંઈ વિચાર-ભારમાં હતાં. અંતરમાં ઘોળાતાં દર્દ ઉપજાવતાં દુઃખને સાંભળવા તત્પર પાસે ઠલવવાનું સુખ ઝડપતાં સુમને કહ્યું:

'હા કંઈક એવું છે ખરું. ગીતાના વલણથી આઘાત થયો છે. મેં લાંબા સમયથી દૂર બેઠાં એને ચાહ્યાં કરી છે. મારું વિચાર-સ્થાન તેના વગરનું એક પણ દિવસ ખાલી રહ્યું નથી. ગંગાબહેન! હું આજે સુખી છું. એ સુખ પ્રાપ્ત કરવામાં જે બળ, ઉત્સાહ અને ધીરજ મારામાં હતાં તે એની સાથેના મારા ભાવિ સહજીવનનાં સ્વપ્નોને આધારે પોષાયેલાં ચાહનાં તત્ત્વો જ હતાં!'

'આ સંસ્થામાં સંસ્કાર-શિક્ષણ પામી ગીતાએ જેવું જીવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગ્યું છે તે એક રીતે તો મને ગમે છે, હું તો ગુજરાતમાં ઘેર ઘેર એવી સ્ત્રીઓ જોવાની આંખો ધરાવતો માણસ છું. તેનામાં જે નૈતિક હિંમત જે નૂતન વિચારપ્રવાહ છે તે મને આંજે છે. પોતે માન્યા સત્યમાં જીવવાની તેને જે હોંસ છે તે પ્રશંસનીય છે. હું તો સ્ત્રીઓના આવા નિર્ભય માનસનો પૂજારી છું. પોતાને રુચતી રીત પ્રમાણે જીવન જોગવવા–મથવાના કોડભરી યુવતીઓનું ગીતા જાણે એક ચિત્ર છે. છતાં કોણ જાણે કેમ પણ મારા સંબંધે એનું વલણ મને ખટકે છે. અસ્વાભાવિક લાગે છે. હા. મારા કશા ખબર–અંતર ન આપવામાં મેં મોટી ભૂલ કરી છે. પણ એને ત્યાં સારી રીતે રાખી શકું–કંઈક થાળે પડું ત્યારે લખીશ કરતાં કરતાં તે વાત વધતી ચાલી. તેમ મને કામને આડે ગંગાબહેન, એવી ફુરસદ કે યોગ્ય ઘડી તો હવે હમણાં મળ્યાં. આજે મને લાગે છે કે ઘણાં વર્ષો વીતી ગયાં છે. ને અહીં મારી એ ભૂલની શિક્ષા એના જેટલી જ ભગવાને તૈયાર રાખી છે!'

ઓસરીના બારણામાં આ સાંભળતી હોય તેમ પ્રભા તથા ગીતા ઊભાં હતાં. સુમનની નજર અચાનક પ્રભા તરફ પડી. એણે પ્રભાને એકલીને જ જોઈ. ગીતા તેની દૃષ્ટિમર્યાદામાં ન સમાય તેમ દાદરને અઢેલી ઊભી હતી. પ્રભાને આમ સાંભળતી જોઈને સુમનને વડીલ જેવાં ગંગાબહેન પાસે પોતાથી એવું એવું ન બોલાય તેનું સ્મરણ થઈ આવ્યું. પણ યુવક–યુવતીઓની વર્તમાન પ્રેમઘેલછાથી ટેવાયેલાં ગંગાબહેન એ રીતે આગળપડતાં હતાં. સુમનનો સંકોચ પારખી લઈ એમણે કહ્યું:

'થોડું મારું પણ સાંભળો, જુવો! મારો તો એ અનુભવ છે. તમે મોટા થશો ત્યારે તમનેય એવું અનુભવવાનું મળશે. એક જ વ્યક્તિ તરફની ઉત્કટ અને અપૂર્વ છતાં આંધળી ચાહના એ એકદેશીપણું છે. કુટુંબ, સમાજ, ધર્મ કે દેશ પ્રત્યેની ફરજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢીલી કરી મૂકી એક સ્ત્રીએ પુરુષમાં અને પુરુષે સ્ત્રીમાં ગાંડા બનવું એ મારે મન તો મૂર્ખાઈ છે.

'સૌન્દર્ય કે કળાની લલિતતામાં અંજાઈ–ટાપટીપથી ઉશ્કેરાઈ, તમારી ઉમરનાં યુવક-યુવતીઓ, લયલા–મજનૂ કે શીરીં–ફરહાદની માટીમાંથી પોતે ઘડાયાં માની જીવનની કર્મણ્યતાથી દૂર રહી બરબાદી વહોરી બેસે છે. આળસુઓ થઈ સ્વપ્નાંઓ ઘડતાં ઘરડાં થવા આવે છે. જિંદગી આખી નિસાસા કે હાય નાખતાં ઝખ મારતાં ફરે છે. એ નરી ઈન્દ્રિય–લોલુપતા છે.

'પ્રેમ તો જેટલી હવાનું પૃથ્વીમાં પ્રમાણ છે તેટલો વ્યાપક અને સચરાચર છે; જીવમાત્રના જીવનનો પ્રકાશ કે આધાર સમો. સારા યે વિશ્વને પ્રભુનું રૂપ ગણી, પ્રેમપૂર્વક સેવી મુક્ત થવાનો આપણો આદર્શ છે. ત્યારે એક પુરુષ એક સ્ત્રીને ભલે મન, વચન અને કાયાથી ભજે છે પણ પેલી દુન્યવી ફરજોથી દૂર રહીને. સ્ત્રીને પોતાનો ધણી સુવાંગ જોઈએ છે. પતિને માતા, બહેન કે દીકરીના સંબંધે પણ એ બીજી સ્ત્રી સાથે ભેળાતો એનાથી સાંખ્યો જાતો નથી. આમાં તો પ્રેમને બંધિયાર બનાવી મૂકવાની, પ્રેમનો ઈજારો રાખવાની નરી સોદાગીરી અને ઘરમૂળનું અજ્ઞાન છે.

'જીવમાત્ર ચેતન કે અચેતન પદાર્થ પ્રાણીઓ પ્રતિ પ્રેમ જન્મે એને જ વિશ્વની સુંદરતા સમજાય. જગતના અનુભવીઓએ એ ગાયું છે.

'બાકી આ તો જીવનના એક પાસા જેવાં દામ્પત્યનો જ સવાલ છે. સૃષ્ટિભરનાં યુગલોના સહચારનું તારતમ્ય કાઢીએ તો એમાં તમારાં યુવક–યુવતીઓની હવાઈ કલ્પનાને સ્થાન કે અવકાશ નથી. પોતાનાં પતિ કે પત્ની કરતાં બીજા પુરુષ કે સ્ત્રી સારાં છે, પોતે તેની પત્ની કે પતિ હોત તો વધુ સુખી હોત, પૂછજો કેટલાં એ લાલસાથી દૂર રહ્યાં છે? અને પેલા આનંદભક્ષી વિક્ષેપથી બચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયાં છે ? એકમેકથી વિખૂટાં કે દૂર થવા ઇચ્છયા કરતાં ય પેલી અસમાનતા ગળી જઈ, સહન કરી નભાવ્યા કરી જીવ્યે જાય છે!

'એ તો હરકોઈને ચાહવા માંડી એની સેવા કરી એને પોતાનું કરી શકીએ. આશક-માશુકનું પણ આમ જ. માશુકને જ્યારે એમ ખબર પડે કે પેલો પોતા પાછળ ગાંડો બન્યો છે, એની જ માળા જપે છે, એનું જ અહોરાત્ર રટણ કરે છે ત્યારે તે સહસા તેના તરફ ઢળે છે. માણસ આખર તો પ્રેમી શોધે છે. પોતાને જગતમાં અંતરના સાચા ઉમળકાથી ચાહનારું વસે છે એવી ખાતરીથી એને આત્મસંતોષ થાય છે. એ જ સુખ. અલબત્ત કોઈ ઠેકાણે કોઈ સંતોષ વાસવાનું કૃત્રિમ ક્ષણિક રૂપ-છળ હોય છે એટલે એ વળી બીજી ડાળે ઊડી બેસવા કરે છે. એમ તરંગોમાં ગોથાં ખાતો માયાતીત પરબ્રહ્મને જ્યારે એ જાણે છે ત્યારે આત્મકલ્યાણ-નું ભાથું એને હાથ ચડે છે. લાલસારહિત નિષ્કામ પ્રેમ એ જ મોક્ષ!

'તમને એ નવાઈ લાગશે પણ હું તો કહેવાની છું કે જો ગીતા ખરેખર બગડી બેસશે—જોકે એમ બનવા મને સંભવ જણાતો નથી—તો હું મારી પ્રભાનો સ્વીકાર કરવાનું તમને વીનવીશ. સગપણ કરવાની આ રીત કે વખત નથી પણ તમારા જેવા યુવકને, દીકરીને સુખી જોવા ચાહતી કોઈ મા જતા કરવા તૈયાર ન થાય. હું...'

'થોડું...માફ કરજો...હું વચમાં કહી લઉં!' સુમન ગંગાબહેનના ભવ્ય, ઉદ્દાત અને અભિજાત પ્રેમના મર્મ જેવી આ દરખાસ્તથી કકળી ઊઠતો બોલી પડ્યો.

તેણે શરમાતી-લજાતી પોતા તરફ એક મીઠી નજર નાખતી પ્રભાને ત્યાંથી નાસી જતી જોઈ. તરત પાછળ જળજળિયાંભર્યાં લોચને ગીતાને પોતાના ખંડ તરફ દાદર ચડતી નિહાળી. એને બીક લાગી કે રખે એ છોકરી પોતાને ચાહવાનું કરે. કારણકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આતાનું એમાં પ્રોત્સાહન ભળતું હતું. જોકે ગંગાબહેનને તેમના વાંસા પાછળ પ્રભા ત્યાં ઊભી હતી તેનો ખ્યાલ ન હતો. સુમનને અચાનક કાંઈ સાંભરી આવ્યું.

પોતાને પરણુતો જોવા ઉત્સુક એવા એના એક અમદાવાદ-વાળા સ્નેહીએ સ્વજ્ઞાતીય કુમારિકાનો ફોટો તથા અર્ધઅનુમતિ જેવી માવિત્રની સંમતિ મેળવી પોતાની ઇચ્છા જણાવવા દબાણ કર્યું હતું. તે એને યાદ આવ્યું. ખીસામાંથી એ સાહિત્ય કાઢી એણે ગંગાબહેનને ધર્યાં અને કહ્યું:

'એવું કાંઈ બોલો એ પહેલાં આ કાગળ વાંચી જાવ! તમારી ભલી લાગણી માટે હું તમારો આભાર માનું છું. પણ ગીતાને બદલે બીજી સ્ત્રી કરવા જેટલો હું હજુ તૈયાર નથી. તેમ હમણામાં થઈ શકું તેની ય મને તો શંકા છે. બહુ તો સાંજની ગાડીમાં ચાલ્યો જઉં તે પહેલાં ફરી વાર એને મળવાનું કરી છૂટીશ!'

દાદર ઉપર ચડતાં અટકેલાં ગીતાનાં પગલાં હવે દાદર વટાવી ચૂક્યાં હતાં પત્રને અંગે સુમને ગંગાબહેનને થોડી માહિતી આપતાં કહ્યું:

'એ ભાઈને મેં હજુ સુધી અંધારામાં રાખ્યા છે. અહીંથી ગીતાની સાથે એકાએક તેને ત્યાં ટપકી પડી ચમકાવવા માટે!' કહી સોંપેલ પત્રોમાં માથું નાખી સાંભળતાં ગંગાબહેનને એકાંત આપતો એ બહાર નીકળ્યો.

પ્રભાનો સંબંધ પોતાથી જોડવાની સદ્ભાવનાથી તો ઊલટું એ વધુ દિલગીર થયો. એને આ વાતાવરણમાંથી જલદી ખસી જવાનું મન થઈ આવ્યું. એ ત્યાંથી બાગની નાનકડી કુંજમાં જઈ બેઠો. જ્યાં પ્રભા આવી એને થોડું વધુ રોકાવાનું વીનવી ગઈ. ત્યાં કાંતિનો પત્ર વાંચવા પામી એના ક્ષોભની મર્યાદા આવી રહી. તેટલું જ અંતરની કોઈ અજાણ વૃત્તિઓનાં પડ ઉખેળતી પ્રભાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવોર્મિઓ રૂપ પકડે તે પહેલાં એને કોઈએ બોલાવી લીધાથી હળવો બન્યો.

: ૬ :

'હું આવું ગીતા!' બારણામાં ઊભાં સુમને પૂછ્યું.

ગીતા કોઈ કાગળ ચોળતી વિચારતંદ્રામાં ઊંડી ઊતરી ગઈ હતી. સુમનના બોલે એ સચેત થઈ.

'હું જાણું છું કે હવે મારે તમને ફરી ફરી કોચવવાં ન જોઈએ. પણ હું શું કરું–મારાથી રહ્યું ગયું નહિ. ફરી એકવાર તમને આંખભરી નીરખી લેવા, અણગમો ઊપજે તોય હૃદય ખાલી કરવા ધૃષ્ટ થઈને આવ્યો છું.' બોલતાં અટકતાં સુમને ગીતા સામું જોયું.

આંસુને માર્ગ આપતાં પોપચાંના દરવાજા ખૂલતા હતા. નીચે મુખે બેઠેલી ગીતા હમણાં જાણે હીબકાં ખાશે એવું સુમનને લાગ્યું. હતાશ થઈ સુમને ચાલવા કર્યું. એને જતો દેખાડતી–એની છાયાકૃતિને અનુલક્ષી રહેલી ગીતાએ રડીને સૂઝી ગયેલી અને પાછી આંસુના પડદામાં ઢંકાઈ ગયેલી આંખે તથા ડૂમાભર્યા અવાજે મુશ્કેલીપૂર્વક કહ્યું.

'સુમનરાય...!'

સુમન પાછો દેખાયો. દ્વારને પકડીને ઊભો.

'અંદર આવો ને!' ગીતા ઊભી થઈ. સુમન માટે ચટાઈ સરખી ગોઠવી. અંદર આવીને ય એ ઊભો જ રહ્યો. પાલવ વતી આંસુ લૂછતી, મૂંગાં સુમન સામું આંખ ન મળે તેમ એ જોઈ રહી. સુમન એના મુખભાવે ઘેરાતી દર્દ, ડંખ, ચાહના અને કૃતજ્ઞતાની એકસામટી રેખાઓ જોઈ રહ્યો.

'હું મારો અંતરભાર હવે વધારે વાર વેંઢારી શકું તેટલી ધીરજવાન નથી, તેમ કૂડી યે નથી. સુમન! તમે થોડા વહેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી ચડયા હોત...તો આજે...હું તમારા તરફના સમાચાર મેળવવા જેવી વલવલતી રહી છું તે મારો અંતર્યામી જ જાણે છે...હવે મારે શું કરવું તે મને સૂઝતું નથી. હું કોને કહું...ક્યાં જાઉં ? તમારી પાસે મારું હૃદય કેમ કરીને ખોલું...હું તમને કેમ કરીને કહું કે...હું તમારે લાયક રહી નથી!'

એનું ધૈર્ય ડગ્યું. સંયમ ખોઈ એણે ડૂસકાં રોકતાં છતાં ય રડી દીધું. એ હથેલી વચ્ચે કાગળ સહિત મોઢું છુપાવી એ નીચે બેસી ગઈ.

'એટલાં મારાં દુર્ભાગ્ય કે એવી ખાતરી થાય તેવું મારામાં તમને કંઈ ન દેખાયું!' સુમન કહેતો હતો.

'ના ના, એમ નહિ! હું મારે વિષે કહું છું. તમારી યોગ્યતા જોયા પછી જ હું એ માટે અયોગ્ય હોઉં એમ!' ગીતા રડતાં રડતાં બોલી.

'એ જ મારું કહેવું છે કે મેં તમારી યોગ્યતાનુ પ્રમાણપત્ર નથી માગ્યું. મને આવી જ ગીતા જોઈએ. હું દેવ નથી!'

'તો મારે ખાતર કૃપા કરીને મને ભૂલી જાવ. હું...ઘરમાં સંઘરવા જેટલી વિશુદ્ધ નથી રહી. લ્યો વાંચો આ કાગળ. ક્યાં સુધી તમને અજાણ રાખી છેતર્યા કરીશ!' કાગળ લંબાવી ગીતાએ પાલવથી મનોવેદના છુપાવી.

'ઊભા રહો, હમણાં ન વાંચશો. એ વાંચી રહ્યા પછી મારાથી તમારી સામે ઊભું રહ્યું નહિ જાય. ક્યાંઈક એકાંતમાં વાંચજો અને પછી ફાડી નાખજો!' અંતરનો ભાર ઓછો થયો હોય તેમ થોડી શાંત બનતી ગીતા જડવત્ શૂન્ય છતાં નિશ્ચલ દેખાતી હતી.

'લ્યો, મેં વાંચ્યો છે!' સુમને કાગળ તેની વસ્ત્રપેટી પર મૂકી કહ્યું. ગીતા આશ્ચર્ય પામતી મૂઢ બની એને જોઈ રહી. સુમનને વાંચી રહી. તેના મૂક મુખ પરના પ્રશ્નો સુમને પરખ્યા.

૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ક્યારે વાંચ્યો, કોણે આપ્યો એ ન પૂછશો. એ કાગળ પછી પણ મને તરછોડી કાઢવા જેવો કોઈ વાંધો હોય તો એ મને નથી સમજાતું!'

'હોય તો ય શું અર્થનો! કૂવો–તળાવ વાંધો નહિ લે એટલું ઘણું છે!'

'એ જ ખૂરું છે ને! પોતાને પતિત, ભ્રષ્ટ અને કલંકિત માની કેટલી ય સ્ત્રીઓએ કૂવા, તળાવ કે સ્ટવ–ફાંસા'નો માર્ગ અખત્યાર કર્યા કર્યો છે તેમાં તમારો એકનો વૃથા ઉમેરો થશે. ઊલટું પેલા હિચકારાઓને ખસી મારગ દઈ એમનાં પાપોની બદબો ઉપર ઢાંકપિછોડો કરવાના પાપમાં વધારો થશે!

'તમે તમારા અંતરને ન છેતરશો, બોલો! સાચું કહો. તમે તમને નિર્દોષ નથી માનતા? સ્ત્રીઓ જ પવિત્રતાની–નીતિની વિશુદ્ધિની આદર્શ ભાવનાને વળગી રહે, પુરુષો એમને એ સ્થિતિમાં હડસેલે છતાં સ્ત્રીઓને એનું બલિદાન બનાવી મૂકે? એમાં પુરુષે તો પુરુષત્વ ક્યારનું ખોયું છે. અને સ્ત્રીત્વ આમ કૂવા–તળાવમાં ખર્ચાયું છે!

'અનુભવને રસ્તે ઠેસ વાગે કે યાત્રા અધૂરી મૂકી ચાલી નીકળવું એ બરાબર નથી. સ્ત્રીની ભૂલ એને માતૃત્વમાં ખેંચી જાય છે. પણ પુરુષને તો સંસ્કૃતિ–નાશ તરફ. પેલાનો કાગળ વાંચ્યા પછી તો હવે તમારા ઉપર મારો હક વધુ દૃઢ થાય છે!'

ખરતે આંસુએ સુમનના બોલ વીણતી ગીતા સાંભળી રહી.

'હવે પુરુષ સમજતો થયો છે. એને એવી ભૂલોમાં ભાગીદાર બનવા દો! પ્રાયશ્ચિતના યજ્ઞમાં હવિ બનતી સ્ત્રી સાથે ખાક બનતી વેદિ સાથે, જ્યોતિરૂપ જલતી સ્ત્રી સાથે હોતાનો મેળ સાધવા દો!

'તમારા જીવનને આટલા ઉપરથી કદી ય પતિત કે ભ્રષ્ટ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ધારશો. શરીર મનનું પ્રતિબિંબ રહ્યું છે. તમારી અત્યારની મનો-વિશુદ્ધિ એવાં હજારો કોઢિયાં કે પતિયા શરીરોમાં નવું લોહી બક્ષનારી છે. તમારી પ્રાયશ્ચિતના તાપમાં તવાતી પશ્ચાતાપિક વૃત્તિઓની નિર્મળતા પૂજ્ય છે.

'વિશ્વાસપૂર્વક તમે એક પુરુષને પોતાનો ગણ્યો. અને એ કુટિલ નીકળ્યો. વિશ્વાસુ હોવું એ પાપ નથી જ. તમને છેહ આપનાર એક તરકટી, અપ્રમાણિક, હવસખોર પુરુષની તમને જ્યારે સાચી ઓળખ થાય ત્યારે તમારે જીવ કાઢી નાખવો?

'જીવનરથનું બીજું ચક્ર શોધતાં, ઊર્મિઓની બીજી પાંખ ચાહતાં, જીવનપથની યાત્રામાં ચિર–સાથી ઢૂંઢતાં એકનિષ્ઠ પુરુષ કે સ્ત્રી ભ્રમણામાં ગોટવાય, પરીક્ષામાં ભૂલે એ વાતાવરણ કે સંગદોષનું પરિણામ છે. એવાંઓની અપક્વતા, અજ્ઞાનતા કે અપરીક્ષિતતા સમાજનાં વિદ્યાસંસ્કાર કે શિક્ષણની ખામી સૂચક છે.

'વ્યક્તિની ભૂલ એ ઘણી વખત એના સમાજની હીન વ્યવસ્થા કે મનોદશાનો પડઘો છે. સમાજની અવનતિભરી સ્થિતિ સમજતાં છતાં સહન કરી લેવામાં નબળાઈ તો છે પણ સમાજદ્રોહે છે. સ્ત્રીને તે ગર્ભ દ્વારા સોસવું પડે એના ગરવા માતૃત્વની રક્ષા કે સ્વીકાર ન થાય એના જેવું આત્મઘાતકપણું બીજું શું હોઈ શકે?

'વિશાળ સંસારમાં સ્ત્રી–પુરુષોના મેળામાં આપગમ્યું શોધવા જતી વ્યક્તિ, સાચુંખોટું પારખી શકવા પૂરતી યુક્ત ન હોય એ તે સમાજની ઉન્નતિનું મર્યાદા–દર્શન છે. એ સ્ત્રીનું માનસિક વલણ પોતાની ભૂલ સમજ્યા પછી ચારિત્ર્યનાં મૂલ્ય આંકી શક્યું હોય તો ઘણું છે.'

'એણે બાળકના પિતા થવું જ ઘટે ! વ્યક્તિની વ્યાપક ફરજ સ્વીકારી હું એને સ્થાને ઊભો રહું એમાં માનવધર્મ કરતાં બીજું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કશું ઉપકારકાર્ય કે દૈવત્વ નથી.' સુમન બારી બહાર ખુલ્લા આકાશની વિરાટતામાં નજર સાંધી બોલ્યે ગયો.

ગીતા સુમનને બોલતો જોતી સાંભળી રહી એણે સુમનની આંખોનાં અમી પીધાં કર્યાં. રક્ષણનું મમત્વ તો દેવો યે ચાહે છે. ઓઓએ તો એવા નિશ્ચિંત આશ્રયમાં જ જીવન પૂરું કર્યા કીધું છે.

થોડીક પળો ઊભય મૌન રહ્યાં. જાણે વિચાર–આંદોલનો ઓરડીમાં પથરાઈ રહ્યાં. હવાની લહરીઓ સુમનનાં આછાં ઝુલ્ફાં પર પ્રકાશની કણિકાઓ સાથે રમતી હતી.

પાસેથી કોઈનાં પગલાંનો ધસારો પસાર થઈ ગયો. સુમન અને ગીતાએ શૂન્ય બની ગયેલી પ્રભાને ત્યાંથી વહી જતી જોઈ. અને બેઉએ એકમેકની સામે જોયું. પ્રભાની મૂંગી મુખમુદ્રા ઉપર દેખાતી નિરાશાની ઝાંખીનો અર્થ બેઉના ધ્યાનમાં ઊતર્યો હોય એ બેઉને સમજાયું લાગ્યું.

બારીની ચોકડીના આકાશ–આયનામાં એક નાની ધોળી વાદળી દેખાણી. વિશાળ આકાશમાં એ કોઈના આધાર વગર હીંચતી હતી. પવનની રસપજવણીથી અંગ સંકોરતી એ તેની સાથે દોરાતી હતી. સુમન અચાનક બોલ્યો:

'તમને યોગ્ય લાગે તો, ગમે ત્યારે તમારા ગણી રાખેલા ઘેર નિઃશંક ચાલ્યાં આવજો. હું રાહ જોતો રહીશ.' અને તેણે ચાલવા માંડયું.

'ઊભા રહો, સુમન ! મને સાથે લઈ ચાલો.' ગીતાએ સુમનને પકડી પાડયો. અને એને વીંટળાતી એના પગને ભીંજવી રહી.

પાસેના મંદિરમાં આરતીની ઝાલરો વાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દત્તક

'યુરોપીય દેશોમાં ભીખ એ ગુનો ગણાય છે!'

'હા! પણ એથી કંઈ ભીખ જેવું સદંતર નાબૂદ થઈ ગયું નથી. ઊલટું ભિખારીઓ નવી નવી કિસમની સિફતથી એ ધંધો ખીલવી રહ્યા છે ને કેટલાયને એ ખોટ અને મૂડી વગરના ધંધા તરફ આકર્ષી-દોરવી રહ્યા છે!'

'ભીખ માગવામાં પણ કળા હોવી જરૂરની છે!'

'હાસ્તો! આવડત વગર ભીખે નથી મળતી!'

'હા. માણસની દયાવૃત્તિને જગવવી એ કળા તો ખરી જ ને!'

'પણ ભીખ માગવાની ફરજ પડે તેનું શું કરવું? કળાને ખાતર ભીખ મગાય, એ સમાજ ભિખારી ન જ હોય. બેકાર, લાચાર, અકિંચન, ગરીબ-લાઈલાજ ન હોય. એ તો આપણે સહુ કબૂલીશું કે ભીખ માગવામાં નાનપ, લજ્જા, શરમ બધું છે જ. કોઈને ભીખ માગવાનો શોખ થતો હોય તેવું મોટે ભાગે તો ન જ બને! જ્યારે સંજોગ કે રહેણીથી માણસ લાચાર બની બેસે, કંગાલ થઈ જાય, ત્યારે નછૂટકે એને ભીખનો આશ્રય શોધવો પડે. ઘણાને ભીખ અનિવાર્ય થઈ પડે છે!'

'હા. તે અસહાય, અનાથ કે નિરાધાર થઈ પડે ત્યારે શું કરે?'

'પણ આળસુ-પ્રમાદી થઈ કંઈ પુરુષાર્થ...!'

'પાછા?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હં...હા ! જો પુરુષ ભિખારી હોય તો...નહિ તો 'ઓ-આર્થ' કર્યા વગર કોઈની દયા કે દાનવૃત્તિનો દુરુપયોગ કરે એ તો નહિ સારું !'

'પણુ દાની અને દયાવાનોને ય સારા, પુણ્યશાળી દેખાવા, કીર્તિશાળી બનવા આવા ભિખારીઓની જરૂર પડે છે !'

'હા. મારું ખરી રીતે એ લોકો જ આવા ભિખારીઓ ઉપજાવનારા હોય છે !'

'ના ના ! એ લોકો તો આવા રખડી પડેલાઓને આધાર થઈ પડે છે !'

'તો પછી સમાજ–નિયમોમાંથી 'શ્રીમંત-ગરીબ' જેવાં વર્ગીકરણ થાય છે !'

'નહિ સમાજ ઉપર એ શું કામ ઢોળવું જોઈએ, એ થઈ રાજતંત્રની ખામી!'

'કેવી રીતે ?'

'અરે બાવા ! એ તો થયો આર્થિક પ્રશ્ન !'

'હા–તો પછી પૈસા સંબંધી જેની પાસે સત્તા છે; એવું રાજતંત્ર 'ભીખ' માટે જવાબદાર છે !'

'અરેરે ! રાજાઓ કે એના અધિકારીઓ આ પાપ કેમ અટકાવતા નથી !'

'કારણુ કે એને ભિખારીઓની સ્થિતિનું ભાન નથી. અથવા છે તો રસ્તો સૂઝતો નથી, રસ્તો સૂઝે કે ચીંધાય છે તો તે અવ્યવહારુ હોય કે લાગે છે. અથવા ભિખારીઓમાં સંપ નથી. કે એઓ રાજતંત્ર સુધી પોતાની બેહાલીનાં બ્યાન ગાઈ કંઈ ઉપાય યોજે ! ઊલટું રાજતંત્રે તો ભીખમાં ગુનો માન્ય કર્યો છે !'

'ભીખનાં કારણુ શોધવામાં આવે તો એમાં ગુના જેવી, સમજપૂર્વકની, જાણીબૂઝીને થયેલી સમાજદ્રોહી પાપવૃત્તિ ન નીકળે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ખરું! એ તો હવે સહુ સમજતું થઈ ગયું છે કે પૂર્વભવના પુણ્ય–પાપના ફળરૂપે માણસને ગરીબી–અમીરી સાંપડે છે; તે મહાન ગપ, તૂત છે!'

'અરે હવેની તો પાપ–પુણ્યની વ્યાખ્યા ય સાંભળવા જેવી હોય છે!'

'અરેરે...ગરીબી...!'

અને દૂરથી અવાજ આવ્યો:

'સુખી થાવ! પરવાર વધો! બાની જે' થાવ!'

અમારાં ત્રણ માટી–બૈયર :અને મિત્ર વચ્ચેનો વાર્તાલાપ કોઈ બીજી દિશા તરફ ઢળે, અટકે કે આગળ વધે તે પહેલાં બાહેરથી આગળથી જમી પરવારી બેઠેલો ગતુ દોડતો આવ્યો અને દિગ્મૂઢ બની ઊભો રહ્યો.

એને કાંઈ કહેવું હતું. તે વાત અમને બન્ને ધુવડોને તો નહિ પણ ઘરવાળીને સમજાઈ લાગી:

'કેમ બોલને, શું જોઈએ?'

'પૈસો?'

'શું કરવો છે?'

'ડોસીમાને આપવો છે.'

'કઈ, પેલી ભિખારણ ડોસીની વાત કરે છે!'

'હા!'

'અહોહો! છોકરામાં તારી ઉદારતાના બધા અંશો ઊતરી આવ્યા લાગે છે ને શું!' મિત્રે મશ્કરી કરી.

'તું જરાક મૂંગો રહે તો કેવું! કેવો અન્યાય કરી બેસે છે તે તું જાણે છે?' સાન કરી ઘરવાળીને ઉદ્દેશી હું બોલ્યો.

એણે બારીમાંથી દેખાય તેમ, પણ દૂર બેઠેલી ડોસી આસપાસ છ સાત નાનાં–મોટાં છોકરાંઓ, એકાદ આધેડ બાઈ, અને બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણચાર જુવાન પડોશણ વહુ-દીકરીઓ, ચોટલાઈ વળી સાંભળી રહ્યાં હતાં તે જોયું.

'મારા બાબુ તે ભાઈને ઢોકળું રે ભાવે !'

ડોસી ગાતી હતી.

'સાંભળ્યું ? આ ગનુને એ કવિતામાં પોતાનું નામ સંડોવાય તેવું સાંભળવું છે! અને એ માટે એક પૈસો જોઈએ !'

'હાઆઆ-બરાબર. નામ રહંતાં...!'

'લે રાખ્ય ભાટાઈ કરતો...!'

'પણ એમાં ખોટું ય શું છે, આપો ને એક પૈસો ભલા! એ કેવો ખુશી થાય છે!'

'તે ક્યાં ના છે! જરા નજીક આવે એટલે કહું છું. પૈસો કાંઈ થોડી નવી નવાઈનો આપવો પડે છે!'

'ત્યાં કેવો મિયાંની મીંદડી થઈ ગયો!' મિત્રે વળી સોગઠી મારી.

'સારું...!'

'ડોસીને પૈસો મળો કે ન મળો: એને તો બદલામાં માત્ર બાળકોની મીઠી નજર, અને વહાલભર્યું હાસ્ય જોઈએ! એ ડોસી કંઈક ગરીબનાં બાળકોને નામ લઈ ગાઈ ખુશી કરે છે, તેમ ગનુ એનું ઋણ ચડાવતો નથી. એટલી તો એની શાખ છે!'

'પેટીમાં કટકો 'ને
લીલાબા કરે છે મટકો.
મારાં લટકાળાં બાને ઢોકળું રે ભાવે!'

વાર્તાલાપમાં રહી જતા ખચકામાં તૂટક તૂટક સંભળાતું હતું. અને એ શામળી છોકરીનું મલકાતું મોઢું જોઈ, રહીસહી દૃષ્ટિ લંબાવતી વૃદ્ધા ભિખારણ પણ પ્રસન્ન સોહતી ગાયે જતી હતી.

'આણે શહેરનાં લગભગ તમામ બાળકોને સ્વનામના મિષ્ટ ઉચ્ચારની મીઠાઈ વહેંચ્યા કીધી છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બાલમંદિરોમાં મોકલાતાં બાળકો ય કંઈ થોડાં બિલકુલ મફત શિક્ષણ પામે છે? તેમ બાલમંદિરો સુધી પહોંચી ન શકે તેવાં પાંગળાં–આંધળાં નહિ પણ ગરીબ બાળકોનું આ ડોસી સંસ્કાર–ધન છે!'

'હા. ભાઈ, હા. તું ક્યાંક ડોસીને અમર કરી મૂકીશ. કે એનું બાવલું ખુલ્લું મુકાવીશ!'

'એ તો છોકરાને મસે–વાળી વાત છે. પોતે ય છોકરું થઈ જશે જોજો ને!' ગૃહિણીએ મમરો મૂક્યો.

'એ શું છે વળી?'

'કાંઈ ખાનગી નથી! લે ને હું કહી દઉં. ડોસી ભજન બહુ મીઠાં ગાય છે. તે હું ય સાંભળી લઉં છું।'

દરમિયાન ડોસી ફળિયામાં બેસી ગઈ હતી. ફાટલતૂટલ અને સાંધેલા વસ્ત્રોને ઢાંકી દે તેવો કાળો સાડલો પહેરેલી એ બાઈ, બીજા એક ધોળા લૂગડામાં, મળતી ભીખ સંઘરતી હતી.

નકરી કરચલીઓનું જાળું હોય તેવું એનું મોઢું હતું. થોડી અવસ્થાને અંગે વાંકી વળી ગઈ હતી. દાંત વગરની હડપચી, ડોસીને, બેસી ગયેલા ગાલના ખાડામાં કુરૂપતાભરી છતાં બાલિશ દેખાડતી હતી.

'હા. બદલામાં માન–મરતબો, યશ અને પૂજાની આશા સેવતા એવા બાલ–સેવકો કરતાં આ ડોસીની સેવા વધુ કિંમતી છે, એ શક વગરની વાત છે!'

'નિયત કપડાંની ચાપચીપ ન હોય, કે શરીર અસ્વચ્છ હોય તો, ચિડાઈ પડતા એ સેવકોમાં માતાની વત્સલ ભાવના ન જ સંભવે. એઓની પાસે સ્વચ્છ. સુંદર અને સુઘડ બાળક મુકાવું જોઈએ, એ બાળકોને માટે બને તો નોકર–ચાકર રહેવો જોઈએ, અને એવું ફુલફુલિયું, સોહામણું બાળક ન હોય તો એમની બાલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્રોત બહાર ન આવે! એમની સોડાવૉટરના ઊભરા જેવી, નાટકના નટ જેવી માતૃત્વ-ભાવના છૂંદાઈ જાય!'

'તો પછી આ ડોસીને ત્યાં ગનુને મુકવો હતો ને! ઊલટું બાલમંદિરમાં તો મોકલો છો! અહોહો! કાંઈ ખારખેધ! ડોસી બહુ બહુ તો પાંચદસ મિનિટ આવું નામ લઈ ગાઈ ને છોકરાંને ખુશ કરે! પણ કાંઈ સંસ્કાર રેડી બાળકને શિક્ષણ થોડું આપી શકે? ગમે તેવા પણ બાલ-સેવકો ખપના તો છે, હા. સાવ ઊંધું-એકતરફી નહિ ખતવો.' છોકરાની મા બોલ્યાં.

'લે દે જવાબ!' મિત્રની ભેળ ભળી.

'બાલ-ઉછેર એ માતાઓની અંગત મત્તા છે, માતૃત્વ છે, સ્ત્રી-સ્વભાવ છે; એમ કહીએ તો ય ચાલે. ભાડૂતી કે દયાભાવે એ કામમાં હાથ નાખનારાઓ તરફ મને માન નથી. મારો ગનુ બાલ-મંદિરે જાય એમાં એટલું બીજાઓને જાણવું બસ છે કે એની માતા આ વિશ્વમાંની પ્રથમ માતા છે. એને બાળક નવી નવાઇનો અવતર્યો છે. બીજું શું! હં. હાં, અરે આ ડોસી વિષે ઘણી વખત તો...!'

'સાંભળ્યું ને ભાભી? આની કાઢવાણી!'

'હા. હા, બોલવા દો એટલેથી ઊકલતું હોય તો!'

'...એવું સાંભળ્યું છે, હા, કાનને દોષ છે કે છોકરાંઓ એની કનેથી ધૂતીને ખાઈ જાય છે! એટલે ચારપાંચ આનાના પૈસા જે કંઈ એને મળતુ હશે, તેમાંથી અર્ધો ભાગ તો એ કંઈક છોકરાંઓને વહેંચતી ફરે છે!'

'હાઆઆ...! લખેસરીની દીકરી ન હોય જાણે!'

'એમ નહિ, એની જરા સરખામણી કરી જો. પેલા બાલ-સેવકોના છાપાનાં જો પૂરતાં ગ્રાહકો ન થાય તો ઉપકાર કરતા, મા-બાપોને વઢતા, હિંદમાં આટલું બાળપ્રમાણ હોવા છતાં પોતાનાં છાપાં નભતાં નથી એવી ફરિયાદ રજૂ કરતાં, બંધ કરી દેશે, ભાઈ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા. ભઈ, હા,'......'

'મારી હરિ ભજ્યાની કંઠી'

ભજન શરૂ કરી દઈ ડોસીએ વાતચીતનો સફળ અંત આણી દીધો હતો ડોસીના ગળામાં માધુર્ય કરતાં ભાવ-નિમગ્નતા વિશેષ હતી.

રાધા-કૃષ્ણનો એ સંવાદ ગાતાં, વચ્ચે શરમાઈ જતી ડોસી આટલી અવસ્થા સુધી કંઠ જાળવી શકી હતી, તેનું ભાન કરાવતી હતી—

કંઠી મારી સાવ સોનાની,
હીરા-માણેકથી જડી રે,
રાજા અમારી કંઠી;
કંઠી આલોને મહારાજ!
કઠી આપોને અધિનાથ
મારી હરિ ભજ્યાની કંઠી.

'આ ભીખ ન કહેવાય! કોઈને ખુશી કરીને મેળવવું એ તો આવડત થઈ. સેવા ગણાય!'

'પણ મને તો બધી વાતમાં ભીખનાં તત્ત્વો, જોવા બેસીએ; તો મળી આવે એવું લાગે છે!

'જો આ નોકરી! તો એમાં લાગવગ અને ભલામણની ભીખ માગી, છેવટ ઉપરી-અધિકારીઓની કૃપા કાયમ ભીખતાં રહેવાથી મળે છે અને જારી રહે છે!

'આ વેપાર! તો એમાં ગ્રાહકોની મહેરબાની, આડતી-આઓ-દલાલોની સહાનુભૂતિ સહકાર અને રાજતંત્રની રહમની ભીખ વગર ચાલતો નથી!

'અરે ઉત્તમ ગણાતા ખેતી જેવા રોજગારમાં ય આજના તંત્રમાં વેપારીઓ, અને રાજભર્ત્યોની મહેરબાનીની ભીખ પ્રથમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂરની છે. અહા! એક યા બીજા રૂપે, સ્થિતિમાં કે પ્રકારે, ભીખ સિવાય બીજું શું દેખાય છે?'

'ના ભાઈ! આપણે એ માનવા તૈયાર નથી! પદવી ભીખ માગી નથી મેળવી! એમાં રીતસર સગજનો છૂંદો કરી નાખવો પડે છે, ઉપરાંત આ લડાઈમાં શરીરની વીમાને સોંપણી કરી ગુજર પામવું પડે છે ત્યાં કંઈ એ ભીખનું તત્ત્વ નથી ભઈસિબ? આ તો ભીખ જો ધંધો થઈ પડે તો બીજા ધંધા-ધાપાની સરખામણીમાં બિલકુલ ઊતરતો ન ગણાવો જોઈએ એવું કહે તો હજી કંઈક ઠીક!'

'સો છોકરાની મા થાજે બાપ!'

'લે સાંભળ! ડોસી તને આશીર્વાદ આપે છે!'

રસોડામાંથી ફારગ થયેલી ગૃહિણી પોતાનું એક ઊતરી ગયેલું છાયલ આપીને, કરણ દાનેશ્વરીના પાઠની અદામાં, છતાં, પાછળ મળેલા આશીર્વાદની ભયંકરતાથી શરમમાં, એવી માતા થવા પ્રતિની તિરસ્કૃત ઉપહાસ્યભરી અવહેલનામાં, છળી ગયેલી સોહતી હતી.

'અરે ડોસીમા! આ તો શાપ આપ્યો કહેવાય! એટલાં છોકરાં ક્યાં સમાડવાં! ખવરાવવું શું? પહેરાવવું-ઓઢાડવું, અરે સવારે નવરાવવાનું પાણી કેટલું જોઈએ! ઘરને તે શું ગોદામ કરી મૂકવું છે?'

'અરે માડી! છોકરાં છોકરાંવનું ભાગ્ય લઈને આવે છે આપણે એને પાળનાર તે કેં દીનાં! એનો ઉજેરનાર-જિવાડનાર તો ઉપલો છે ભાઈ, આપણે તો કારણમાત્ર છીએ!'

'માજી! અંદર આવો!'

'ના ભાઈ! અહીં બેઠી છું ઈ ઠીક છે!'

'ના ના! અંદર આવો અંદર!' ડોસીએ કંઈ હલનચલન ન કર્યું. પણ અતિ આગ્રહે છેવટ નમતું અપાવ્યું, અને ડોસી ઘરમાં બેઠાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'માજી! તમને સંતાનમાં શું છે?'

'મારે તો બધાં આ મારાં જ ફરજંદ છે! એક દીકરી હતી તે બીચારી પાછી થઈ! એટલું વળી સુખ મૂકતી ગઈ છે તે એના છોકરાને જોઈ દા'ડા પૂરા કરું છું ભાઈ!'

'તે છોકરીનો ધણી એ છોકરાને નથી સાચવતો?'

ડોસી મૂંગી રહી. જાણે એને ભીખના ધંધામાં ગ્રાહકો સાથે ભજન-કીર્તન ગાવાની સેવા સિવાય બીજી બહારની કે અંગત વાતોથી સંબંધ હોય નહિ કે ગમતો ન હોય.

'હં તમે એને વીનવીને માગી લીધો હશે ખરું?'

પણ વાચાળ જિજ્ઞાસુવૃત્તિ ડોસીની નામરજી-નાપસંદગી તપાસવા ક્યાં નવરી હતી.

તો ય ડોસીએ મૂંગાં રહી સાંભળી લીધું. પણ લાગણીએ જોર કરી એની એ નિર્બળતા અશ્રુ વાટે સાક્ષીભૂત કરી દીધી.

'માડી, તમને દુઃખ થતું હોય તો મારે કાંઈ નથી સાંભળવું! આ તો તમારી હકીકત સાંભળી લેવાનું મન થઈ આવ્યુંઃ ડોસીમા!

'આ જમાનામાં બધાય ભિખારીઓ ગરીબ નથી હોતા! મારા કરતાં હજારગણું નાણું એવા ધણાયની પાસે છે એવું મેં સાંભળ્યું છે. જોયું યે છે. ગાંડા કાઢે કે લઘરવઘર ચીંથરેહાલ થઈ નીકળે કે લાંબા રાગડા કાઢી ખોટું અને પાછળથી સાચું થઈ જાય તેવું કકળીને માગે; એથી એવા બધાને આપવું એવું કાંઈ નથી.

'એકાદ પૈસો, કૂતરાંને બટકુ નાખે તેમ ફેંકી ઉતાવળે ઉતાવળે હાલ્યા જવું મને નથી ગમતું. એથી તો ભીખના ધંધાર્થીઓ વધારવાનું પાપ થાય છે, આપણે કાં તો દેતા નથી અને છતાં યે જો ઇચ્છા થઈ આવે તો એવાઓ માંહેના એકાદની સાચી સ્થિતિની તપાસ કર્યા વગર તો નહિ જઃ તમને ઓછું આવ્યું હોય તો માફ કરજો, માડી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ના રે ભાઇ! અમને વળી ઓછાં કેવાં, ઊલટું અમારી કથણીમાં તે શું હોય તે સંભળાવીએ! તેમ તમ જેવા દિલ દઈને સાંભળવા કોઈ તૈયાર હોય નહિ.

'છોકરીનું નાનપણમાં લગન તો કરી નાખ્યું'તું ને આણું વાળવા જેવડી થઈ ત્યાં જ બીચારી પાછી થઈ, એટલું સંભારણું મૂકતી ગઈ છે તે મારે દી કાઢવા દોહ્યલા નથી થઈ પડતા!'

'તે પણ છોકરું કેમ કરતાં...!'

'હા ભાઇ! ઈ જ વાત કરું છું ને! છોકરી હતી તો બીચારી ચૌદ–પંદર વરસની; પણ દેવના ચક્કર જેવી. અને ગજું કરી ગયેલ. આ ઓલી ગામ બા'ર સંન્યાસીને માટે ધર્મશાળા છે ને? ત્યાં ઇ બારખલ્લું કામ કરતી. પગાર શેઠ દેતા.

'મહિને છ રૂપિયા. હા. ધર્મશાળાવાળા શેઠ. તે કોઈ મા'રાજ ચોમાસું કરવા રોકાયેલા. આમ તો પાંચ–છ મૂરતિ હંમેશાં હોય છે જ. પણ કો'ક વખતે આવું એકલું–દુકલું ય હોય તો ખરું જ. મતલબ કે સાવ ખાલી ન હોય. એમાં આ મા'રાજ...હા જુવાન હજી મૂછનો દોરો માંડ ફૂટયો'તો, કોઈ ગર્ભશ્રીમંત હશે: સુંવાળા બહુ. પાસે પૈસા ય ખરા, ચીજવસ્તુ પણ સામટી રાખતા. તે છોડીને અને એને પ્રીત બંધાણી. ભાઇ! એકાંત છે ને! મા'રાજ ચળ્યા. રૂપ છે ને. છોડીની આવતી જુવાની. છોડીને મહિના રહ્યા; ત્યારે તો મા'રાજ એકાએક ભાગી નીકળ્યા. આ છોકરાને જનમ દઈને બાઈને બહુ વસમું લાગ્યું, કે આઈખું આવી રીયું તે ભાઇ! ઇ યે હાલી નીકળી!'

'સાધુ અસંયમી નીકળ્યો!'

'ઈ શું ભાઇ?' ડોસી ન સમજ્યાં.

'માડી! અસંયમી એટલે માંયલાને માર્યો નહિ એમ! ઇન્દ્રિયો પર કાબૂ ન રાખી શક્યો એવું, સમજ્યાં?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અરે ભાઈ! એવા વાછકાછના સાચા રે'નારા, વસ્તી વચ્ચે ન હોય. એવા તો હેમાચળ સેવતા હોય. આ તો બિચારા વાસનાના કીડાઃ આપણે સહુ એવા છીએ બાપ! ગૃહસ્થીને ય ધરમ પાળવા જોઈએ. ઈ ક્યાં પાળીએ છીએ! આ છોકરાંની વાત કેતા'તા ને? પણ આગળ માણસ છોકરાં માગતાં ઈ કાંઈ પૈસોટકો મૂકી જઈએ એ ખાવા સારુ નહિ, પણ પાછળ પિંડ મૂકે, ધર્મને સારુ માથાં વઢાવે, ઈ માટે, આજકાલ છોકરાં બીચારાં અણુખપતાં જન્મે છે. હવસનાં પૂતળાં ભાઈ!'

'છોકરો કેવડોક મોટો થયો છે?'

'આપણા ગનુભાઈ જેવડો!'

'હા...! તે એને એકલો કોની પાસે રાખો છો? સાથે લેતાં હો તો!'

'ના રે બાપા! ઈ બાળરાજાને સાથે શું ફેરવવો ઠાલો! મારે જાણું ફરવું રીયું, ને ઈ તો બિચારો થાકી જાય. તેમ હુંથી ઊપડે નહિ, ને ઇશ્વર એને આ રસ્તો ન બતાવે!'

'કાં કેમ?'

'કાં બાપુ, કાંઈ ભીખમાં જન્મારો થોડો જાય! વરવું, પરણવું, ઈ ખર્ચા થોડા નીકળે, ને આવા કઠણ કાળમાં ભાઈ દયા ઓછી થવા માંડી છે. દાનધર્મમાં કોઈ સમજતું નથી! ને ભીખમાં હરામનાં હાડકાં થઈ જાય, ભાગ્ય વેચીને તે માણસ ક્યાંથું સુખી થાય!'

'પણ ડોસીમા! કદીક આ તરફ છોકરાને દેખાડવા તો લાવજો!'

'ભલે મારી મા! મારે હવે એટલી જ ચિંતા છે. આ કદીક ઓચિંતાની આંખ મીંચાણી ત્યારે છોકરાનું કોણ?'

'કેમ તમારે કોઈ નજીકનું સગુંસાઈ નથી?'...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જે કહું તે ઈશ્વર છે!'

'માડી લાવજો એને કોક દી!'

*

થોડા દિવસો પછી એક દિવસ હું જ્યારે ગામમાંથી મોડો થયેલો એટલે ઝડપભેર ચાલી ઘેર આવ્યો અને અંદર પ્રવેશું ત્યાં, ધારી રાખ્યા પ્રમાણે રીસભર્યું મોઢું કરી શ્રીમતીએ ઠપકો આપવા માંડ્યો:

'બહુ મોડા! સન્મુખભાઈ, તમારી ક્યારના રાહ જોતા બેઠા છે! એટલા જ ખાતર ભાઈડાઓએ વહેલા ઘેર ટળવું જોઈએ સમજ્યા! વખત થાય ત્યારે ઢોરે ય ખીલા ભેળું થઈ જાય છે!'

'હં હશે!' કહેતો હું બેઠકમાં પ્રવેશું તો સન્મુખ અને બીજા એક સંન્યાસી મને પ્રવેશતો જોઈ વાત અટકાવી મને ટીકી રહ્યા હતા.

નિર્દોષ બાળક જેવો રમતિયાળ છતાં ક્યારેક ગંભીર બની જતો, વહાલ કરવું ગમે–ઊપજે–તેવો હસમુખો ચહેરો ધરાવતા સાધુના સૌમ્ય દર્શને ખરે જ માન ઉપજાવ્યું.

બિલકુલ નિઃસંકોચ વર્તવાનું મન થાય, બેધડક રહી, કોઈ ગુપ્ત વાત કહી દેવાનું, એના અંતરમાં સાચુ માન પામવાનું મન થાય તેવું આ સાધુનું વત્સલ ભાવવાહી ઉચ્ચારણ હતું.

અને અરધી કલાકમાં મેં જાણ્યું કે એ સંન્યાસી પેલી ભીખારણે વર્ણવ્યા હતા તે. ચાર વર્ષના સતત સંતાપમાં ઠેર ઠેર ફરીને ય એમણે શાંતિ નહોતી મેળવી.

'અને એ ચાર વર્ષના સતત વિચાર–ડંખમાં રહ્યાં, આખરે મેં નિર્ણય કર્યો, અને તે આ છોકરાના પિતા તરીકે જાહેર થઈ પાછું ગૃહસ્થી બની જવાનો!

'અહીં આવી જે સાંભળ્યું, ત્યાં મારો રહ્યો–સહ્યો ઉત્સાહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નષ્ટ થઈ ગયો છે. એ બિચારી પ્રસૂતિ-કાળમાં જ મૃત્યુ પામી. અને બાળકને ડોસીએ સન્મુખ ભાઈને હવાલે કરેલ; જે એમને પાળતા-પોષતા ઊછેરી રહ્યા છે! મારું તો હૃદય ભાંગી ગયું છે, મારા પશ્ચાતાપ કરતા આતુર મનની ઉમીદ બર ન આવી!'

'આપનો પૂર્વાશ્રમ મહારાજ?'

'એનો જવાબ ન આપું તો!'

'મારાં હઠ કે હક નથી!'

'મહારાજજી! આપે એ ગભરુ નિર્દોષ કન્યાની અવસ્થા પણ વિચારી નહિ, એ આપના જેવા સમજદાર માટે વધારેપડતું છે! બીજું તો ઠીક!' સન્મુખે પૂછ્યું.

વિવેકની ખાંડ વગરનું સત્ય બોલી શકનારાઓ પાછળથી કદાચ હજુ વગોવાતા હશે, પણ સાંનિધ્યમાં એવાઓ પ્રસંગનાં મુખ્ય પાત્રો થઈ પડતાં હોય છે. એની આણ સહુને સ્વીકાર્ય હોય છે. સાચાખોટા જવાબ વાળવાની સહુને એવાઓના પ્રશ્નો સાંભળી અગત્ય પડે છે.

ઘડીભર તો મહારાજ શાંત રહ્યા. પણ પછી બોલ્યાઃ

'મને હજી હું નિર્દોષ લાગ્યો છુંઃ એટલે કે મેં સમજપૂર્વકની મૂર્ખાઈ, કે જાણીબૂઝીને આચરેલું પાપ; એમાં માન્યાં નથી. જુઓ હું અહર્નિશ જાગ્રત છું. તે વખતે ય હતો. મારે સાવચેત રહેવાનું, મારી જાતથી પણ અવિશ્વાસુ થવાનું હોય તો માત્ર ઇન્દ્રિયોની નિરંકુશતાના સંબંધમાં. એ હું સમજું છું જ!

'બીજી સર્વ સામાન્ય સ્ત્રીઓની-કુમારીઓની કક્ષામાં મુકાય તેવી એ નહોતી!

'એ વાત્સલ્યની અમોઘ મૂર્તિ હતી. એ વખતે હું એકલો જ હતો, સવારથી માંડીને સાંજ સુધી. મારી જરૂરિયાતો, ટેવો, રુચિ, અને ખાસિયતો એ જાણતી. મને ગમતું બધુંય એને માફક હોય તેમ એ પૂર્ણપ્રેમ છલકતાં કરતી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભાઈ! હું સન્યાસી થયો ખરો. પણ પ્રેમ, સ્નેહ કે સેવાને તરછોડી શકું તેટલો ક્રૂર, નિષ્ઠુર કે અમાનુષી તો નહિ જ. એ કાળે હું પ્રેમ–અસ્પર્શ્યતા ભોગવતો હતો. સંન્યાસીઓએ એવું રહેવાનું હોય છે તેમ માની લીધું છે. સમાજ એવા પ્રેમ–અસ્પર્શ્ય સંન્યાસીને માનથી જુવે છે. સંન્યાસીઓએ અંતરના ઉચ્ચારણથી વિરુદ્ધ એવું વર્તન કેવળ સમાજ–હૃદયમાં માન પામવા જારી રાખ્યું છે. એટલે પછી એવા માનેલા ઈશ્વરને શોધી રહેલાં મારાં જ્ઞાન–ભિખ્ખુ હૃદયનો પ્રવાહ બદલાયો. અને મને મારી સાધનાનો જવાબ મળતો હોય, તેમ હું જુદી જ મનોકામનામાં તણાવા લાગ્યો. આત્મ–સાક્ષાત્કારની મારી ઉગ્ર, ઉત્કટ, ચાહનામાં પ્રભુદર્શન સમું આ પ્રેમદર્શન મને આકર્ષવા લાગ્યું!

'ગમે તેમ પણ હું ત્યાં સુધી તો બીતો ભાગતો રહેતો!

'સવારે શૌચ–સ્નાન, ઘણી વખત તો નદી ઉપર જ કરતો. ત્યાંથી આવું એટલે હોમ–હવન કરવાનાં દ્રવ્યો તૈયાર રાખી, મારી રાહ જોતી એ હવનમાં ઘીની આહુતિ આપતાં મારા મનને અસ્થિર કરી મૂકતી. એ ખંતથી બધું ટીકયાં કરતી. સવારમાં હું દૂધ અને ફળ જ લઉં છું. શેઠને ત્યાંથી એ લઈ આવતી. ઓરડો સાફ કરી, છાપાં–પુસ્તકો સરખાં ગોઠવી, ધૂળ ઝાપટી આસપાસનું વાતાવરણ રમ્ય શુદ્ધ અને ઉલ્લાસભર્યું કરી મૂકતી. મારા કપડાં પણ એ બગીચાના નળે ધોઈ આવી, વળગણીએ સફાઈ બંધ સૂકવી, સુકાઈ ગયા પછી ઘડી વાળી નિયત સ્થાને સુંદર રીતે મૂકી છાંડતી!

'મને સાંજે ફરી આવીને થાકેલો ભાળી એ કાયમ પૂછતીઃ

''આપના પગ ચાંપુ, સ્વામીજી?'

હું કહું કેઃ

''ના કાશી! અમારે સંન્યાસીને સ્ત્રીની એવી સેવા ન સ્વીકારાય!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કદીક નાદુરસ્તી કે આળસ થઈ આવે અને ગરમ પાણીથી મને નાહવાનું મન થાય કે તુરત એ મને નાહવા બહાર ન જતો, કે ઢીલ કરતો જોઈ પૂછેઃ

''મેં પાણી ગરમ કર્યું છે હો સ્વામીજી!'

'એ મને નાહતો નીરખી રહી હોય. એમાં અણઆવડત લાગે કે ગમે તેમ પણ એ વળી ફરી પૂછેઃ'

''સ્વામીજી! આપનું શરીર ચોળી દઉં?'

''ના કાશી!'

'સાંજે વ્યાખ્યાનમાં પણ એ અચૂક હાજર હોય. સાથે એની ડોસીને ય તેડતી–ખેંચતી આવી હોય!

'વ્યાખ્યાન પૂરું થઈ રહ્યા પછી, બધું મંડળ વીખરાયા પછી પોતે સહુની જેમ મારે પગે અડે, આંખે અડકાવે, અને ભીની આંખે ગદગદિત બની ઘેર જાય!

'સવારે કદીક હું મોડો ઊઠું: ઘેરું વિચારઘેન ધરાવતાં એનાં ચક્ષુ મારી ચોકી કરતાં હોય.

'ભાઈ! એક દિવસ જ્યારે હું લાંબું ચક્કર મારી, ફરીને ખૂબ થાકી ગયેલો; તેથી મોડે સુધી સૂઈ રહેલ. એટલે મોડો ઊઠ્યો. ઊઠ્યો નહિ પણ એણે જગાડ્યો.

'એ એના ખોળામાં મારા પગ રાખીને બેઠી હતી. હું હજુ અર્ધ જાગા નિદ્રા–તંદ્રામાં હઈશ, તે વખતે મારા પગને ઉન્મત્ત થઈ, પ્રલંબ ચૂમતી હોય તેવો મને ભાસ થયેલો. હું જાગ્યો. પગ વાળી લઈ આશ્ચર્યવિમૂઢ બની મેં એને ઠપકો આપવા માંડ્યોઃ

''કાશી! મને ન અડકાય હો! હું સંન્યાસી છું. એમાં પાપ લાગે બાપુ!

'એણે ખાળી રાખેલું હતું, તે બધું સામટું રડી નાખ્યું. પછી શાંત થઈ એણે મને એટલું જ કહ્યું હતું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

''સ્વામીજી! મને કંઈક હૃદયમાં એવું એવું થાય છે કે હું આપને અડકું! મારાથી આપના વિના રહેવાતું નથી. મને ઘેર બિલકુલ ગોઠતું નથી. હું શું કરું!'

'દયા કહો કે સ્નેહ-પ્રાદુર્ભાવ કહો પણ હું મારો મટી ગયો!

'મેં એને વહાલભર્યું આલિંગી, ચૂમી, શાંત પાડી આશ્વાસન આપ્યું. બસ! એ પછી અમારો સહવાસ દહાડે દિવસે ઘેરો બનતો ગયો. હા. તમે અવસ્થાનું પૂછ્યું હતું. ખરું?' આસપાસમાં જોઈ લઈ એમણે ફરી ચાલુ રાખ્યું: 'એનું શરીર એ અવસ્થામાં પણ એક સ્ત્રીનાં સંપૂર્ણ અંગઉપાંગો જેટલું જ પકવ હતું. ભરેલું ગોળ મુખ એને મુગ્ધા બતાવતું હતું. એની મોટી ચોકખી આંખો બન્ને ભવાંની કમાન નીચેથી બાલિશતા વટાવી ગયાનો ખ્યાલ આપતી હતી. ઊંડી સમજદારી દાખવતી હતી. આછી ઝીણી ઉપસા હોઠ પરની ભીંભર એને પ્રૌઢ દેખાડતી હતી. છતાં મને એ કાર્ય માટે પશ્ચાતાપ થયો, એ હું એને છોડી, વગોવણીના ડરથી ચાલી ગયો તેનો હતો. મારે માટે કુદરતે સંન્યસ્ત જ નિર્માણ કર્યું છે. સન્મુખભાઈએ એ બાળકના ઉછેરનો ભાર લીધો છે એટલે હવે એ બાબતથી પણ હું નિશ્ચિંત છું. મુક્ત છું.'

પછી થોડાં ફળ દૂધ લઈ એ ચાલી ગયા, વાતાવરણ ગમગીન કરી મૂકીને.

'અરેરે!'

'કાં ભઈ! કેમ નિસાસા ખાવ છો?' મિત્રે પૂછ્યું.

'મેં એ બધુ સાંભળ્યું!' ગૃહિણી બોલ્યાં.

'તેમાં શું, ઈશ્વરે તમને તે માટે કાન આપ્યા છે!'

'પણ તેં એ સાંભળ્યું તે—એના છોકરાને સન્મુખે ખોળે લીધો!'

'એ તો સાથે ય લેતા આવ્યા છે. ક્યાંક ગનુ સાથે રમતો ફરે છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા ! બોલાવ ને એને !'

'આવશે એ તો ! તમતમારે બેસો ભાભી !'

'શું બેસું ! તમે ક્યાં બેસવા જેવું રાખ્યું છે, બેસનારું લાવોને એટલે હું નિરાંતે બેસું !'

'હવે તો એ પણ નક્કી કરી નાખ્યું હો ! જાણે પ્રજોત્પત્તિ માટે પરણવાનું. આપણે આ છોકરો પાળશું. પોતાનો માનશું. એટલે લગ્નના બંધનથી ઊગર્યા. બીજું શું. હા આ છોકરાને પોતાનો ગણે તેવું કોઈ મળે તો જીવનસાથી મેળવવા આપણને હજુ લોભ તો છે. તેમ સ્વામીજી છોકરાને નામે મને ય વારસો આપતા ગયા છે તે બેઠા ખાઈશું !'

'એ શું વળી ! વારસો કેવો ?'

'કાં બેંકમાંથી એમની મૂકેલી બારહજારની મૂડી એમણે છોકરાના નામે બદલાવી આપી છે અને ડોસીએ હજાર રૂપિયા મરતાં મરતાં મને આપ્યા હતા, છોકરાની ઉછેરાઈના કરીને !'

આ પરોપકારપ્રિયતામાં અમે બન્ને સાટી-બૈયર માનભર્યાં મૂંગાં રહ્યાં, એને ટીકતાં ઊભાં. ત્યાં ગનુ સાથે એ છોકરો પ્રવેશ્યો. મને જોઈ કંઈક ખચકાયો. અને પછી ધીરે ધીરે એ સન્મુખ પાસે એના ખોળામાં અરધો લપાઈ ઊભો.

એનું શરીર, શુદ્ધ કાશ્મીરી ગૌરવર્ણનું હતું, એનો ભોળો ભાવિક અને વહાલ ઉપજાવે તેવો હસતો બીતો ચહેરો હું જોઈ રહ્યો. સ્વામીજીની એ નાની મૂર્તિ હતી.

અંદર જઈ શ્રીમતીએ ગ્રામોફોન પર એની માનીતી ચૂડી ચડાવી. એ પેલી ભીખારણે ગાયેલી 'કંઠી 'ના ભજનની હતી. મેં એક ગાયકમિત્રને વીનવી એ રેકર્ડમાં ભરી હતી.

રેકર્ડ વાગતી હતીઃ

'કંઠી મારી જુનાગઢમાં, આણંદ સોનીએ ઘડી રે
રાજ અમારી કંઠી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાને ડોસીની સ્મૃતિ થઈ આવી. એ સહુના સામું જોતો શરમ છુપાવતો હતો. મેં સન્મુખ સામે જોયું તો એની આંખ આંસુથી ભરાઈ ગઈ હતી.

ઓરડામાં ગતુને બાઝી પડેલી એની બા એને ચુમીઓ વડે નવરાવતી રડતી હતી. અને ગતુ દિગ્મૂઢ બની અણસમજણમાં અર્ધું હસતો અને એની માને રડતી ભાળી અર્ધું રડતો હતો.

અને રેકર્ડ ગાતી જ હતી:

'તેલ મગાવે, તાવડા મગાવે રાજા
સમ ખવરાવે સાચા, રાજા અમારી કંઠી.'

ડોસીનું રાધાના ભાવભર્યું શરમાતું મુગ્ધ મોઢું ખડું થયું. અને કૃષ્ણનાં બહાનાં ચાલુ હતાં:

'લઈ ગયાં હશે આડોસી-પાડોસી રાધા!
ઢાલી નાખો મા તમે ચોરી;
રાજા અમારી કંઠી. કંઠી આલોને મા'રાજ!
કંઠી આપો દીનાનાથ!
મારી હરિ ભજ્યાની કંઠી.'

એ ખળ કૃષ્ણને આજીજી કરી વીનવતી રાધા 'કૃષ્ણ-સ્મરણ' શી 'કંઠી' પાછી માગી કૃષ્ણને વધારેપડતું મહત્વ-નમતું આપી દે છે, જાણે.

અને જ્યારે જ્યારે સન્મુખ મારે ત્યાં આવી ચડે છે, ત્યારે જ એ રેકર્ડ અમે વગાડીએ છીએ. કારણકે મને એવો વહેમ છે કે, રામાયણના કથાવાચન-સ્થળમાંની શ્રી હનુમાનજીની અચૂક હાજરી જેમ ડોસીની હાજરી અમારા ઓરડામાં તે વખતે હોય છે.

અરે રેકર્ડના કૃત્રિમ અવાજ સાથે મને તો ડોસીનો સૂર ભળેલો લાગે છે. અને બારણાના ટોડલા ઉપરના 'રાધા-કૃષ્ણ'ના ચિત્રમાં રાધાની જગ્યાએ હું એ ડોસીને ભાળી છળી ઊઠું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિ–કામના

☆

સહુને હું ભાવું, સહુ ય મુજને હો પ્રિય પ્રભુ!
નિહાળું સૌમાં ત્હું, મુજમહિં સહુ, સર્વ તુજમાં,
સદા દર્શું સ્પર્શું જીવનજીવને સિંચિત રહે
ચહે મ્હારી વૃત્તિ મતિ ગતિ વહે ત્હું પ્રતિ વિભુ!

યથા હુંથી વાધે મુદિત મહિમા, તો તવ કરે
પૂરે જો ત્હું ત્હારે મધુર રવ મ્હારે ઉર ભરે
અનાદિ વિશ્વાસે પ્રગટ થઈ ભાસે પ્રતિ–ઉરે
રહું હું આલાપી ચર–અચર ભર વ્યાપી તવ સુરે.

ચળી થાકી ભૂલી છળી છકી કરી ચાતરી મરી
અધૂરી રહે મ્હારી વણવિરમી મુસાફરી વળી
છતાં ત્યાં ત્યાં તેવે કવન મુજ એવે ય લસજે,
વિભૂતિથી મ્હારે જીવતર ભવાંભોધિ વસજે.

સહુનાં પ્રેયે હો મુજ પ્રિય ગણીને સરવદા
શકું જો કૈં સૌનું લવ પ્રિય કરી હો તવ કૃપા.

●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઘરકૂકડી' માટે અભિપ્રાય

●

પાશ્ચાત્ય સંસ્કૃતિના સંપર્કે, મૂલ્યાંકનની આપણી દૃષ્ટિમાં નવો ક્ષોભ આણ્યો છે. અને એથી ચંચળ બનેલાં મૂલ્યોમાં સહુથી કૂટ સમસ્યા કદાચ લગ્નની છે. લેખકે એ સમસ્યાને બરાબર એના મર્મસ્થાનેથી પકડીને કટાક્ષાત્મક નિરૂપણ દ્વારા એના સામસ્યિક સ્વરૂપને સરળ કરી આપ્યું છે...પાત્ર-રચના પાછળ નિશ્ચિત માનસશાસ્ત્રીય ભૂમિકા રહેલી હોઇને સઘળાં પાત્રો લેખકનાં નહિ પણ પોતાના જ સ્વભાવ પ્રમાણે વર્તે છે. એ એક કુશળ નાટ્યલેખક તરીકે લેખકની કદાચ મોટામાં મોટી સિદ્ધિ છે. નાટકનું પુરઃસંધાન અકળ રહેવા દઈને અનુસંધાનમાં તેનો કલાયુક્ત ઉકેલ આણયે જવાનું વિન્યાસચાતુર્ય પણ નાટ્યશક્તિને જેમ આપે છે.

વાસ્તવિકતાની ભોંય પર આ પાત્રોની એમણે સાધેલી વિડંબના એમની નાટ્યસિદ્ધિની નહિ પણ સામાજિક ચિંતનની યે સૂચક છે.

પ્રજાબન્ધુ (સાપ્તાહિક)

જેટલું આકર્ષક અને મૌલિક નાટ્યવસ્તુ છે તેટલું જ કુશળતાપૂર્વક યોજાયેલું સુસંકલિત નાટ્યવિધાન છે.

એક જ સ્થાન ઉપર રજૂ થતાં જુદાં જુદાં દૃશ્યો પણ એકસુત્રતાના દોર પરથી લગીરે ય ખસતાં નથી. સહજ પણ વિષયાંતર કે આડ વાતે ચડ્યા વિના, મૂળ ક્રિયાપ્રવાહ તેના અંત તરફ દોરીછંટ માર્ગે ને એકધારી જ ગતિએ વહ્યો જાય છે.

નાટકની બોલી પણ તેના કાર્યપ્રવાહ જેટલી જ વસ્તુને વફાદાર રહી છે. એનું કારણ એ છે કે નાટકનાં પાત્રો કોઈ હવાઈ અંતરિયાળ દુનિયાના નહિ પણ નક્કર ધરતી ઉપર હરતાંફરતાં વાસ્તવિક દુનિયામાં અનેક વખત હડફેટે ચડતાં જીવતાં માનવો જ છે.

નાટ્યકારે આ નાટકમાં એ બધા જ વર્ગોના પ્રતિનિધિ પાત્રોને ધર્મશાળામાં ભેગાં કરી દરેક લગ્નપ્રકારની તુલનાત્મક રજૂઆત કરી છે.

નવસૌરાષ્ટ્ર (સાપ્તાહિક)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકો અને કિશોરોની કલ્પનાને પાંખો આપતી,
રસવૃત્તિને કેળવતી ને જીવનઘડતરમાં સાથ દેતી
❀ પરીકથાઓની નવી જ શ્રેણી ❀

• • • કહાણી કહું કૈયા • • •

લેખક : શ્રી મથુર

પુસ્તક ૧ લું	દેડકકુમારી	૦-૧૨-૦
પુસ્તક ૨ જું	જંગલનો રાજા	૦-૧૨-૦
પુસ્તક ૩ જું	ફૂલમણી	૦-૧૨-૦

કલ્પનાશક્તિ એ તો બાળકને વારસામાં મળેલી અનેક શક્તિઓ, જેવી કે સ્મરણશક્તિ, તર્કશક્તિ, દયા, રસ, ટેવ ઈત્યાદિ શક્તિઓમાંની એક છે. આ શક્તિઓ તો જ્ઞાન સંપાદન કરવાનાં સાધનો છે. એ સાધન જેટલાં વિશેષ વપરાય તેટલું વધારે સારું. બાળકો આ શક્તિઓનો યોગ્ય રીતે પ્રમાણસર ઉપયોગ કરે એ બાળવિકાસ માટે જરૂરનું છે. લાકડાનો કટકો તે ખંગડો નથી, પૂતળીમાં જીવ નથી, દેડકાની કાંઈ રાજકુમારી થઈ શકે નહિ. દરિયાને તળિયે મહેલ સંભવે નહિ. એવું એવું બાળકને કહીને, કુદરતે તેને બક્ષેલ કલ્પનાસૃષ્ટિનો આનંદ ઝૂંટવી લેવાનો આપણને કશો હક નથી. બાળકો તેમની કલ્પનાજન્ય પરીસૃષ્ટિમાં આનંદથી વિહરે એ જ બરાબર છે.

પરિચયમાંથી]

—શ્રી ગજાનન ઉ. ભટ્ટ

—પ્રાપ્તિસ્થાનો—

સરસ્વતી પ્રકાશન મંદિર

પુસ્તક-પ્રકાશક અને વિક્રેતા — હાણુપીઠ : ભાવનગર

❀

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

ભીમરાજ બિલ્ડીંગ, બીજે માળે · ફરનાન્ડિઝ પુલ નીચે · કાઠીપોળ સામે
કાલબાદેવી : મુંબઈ-૨ ગાંધીમાર્ગ : અમદાવાદ રાવપુરા વડોદરા

Sarasvati Press. Bhavnagar

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar